# બાઇબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ ભાગ-૨



રેવ.ડૉ જયાનંદ આઇ ચૌહાન

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

84.
16BGB2

# બાઈબલનો
# વિવેચનપૂર્ણ
# માહિતીકોશ

## ભાગ-૨

રેવ. જયાનંદ આઈ. ચૌહાન

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ, અંમદાવાદ-૩૮૦ ૦૦૮.

◆ **બાઈબલનો વિવેચનપૂર્ણ**
**માહિતીકોશ**
**ભાગ-૨**

◆ *લેખક :*
રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન
*એમ.એ. (જર્નાલિઝમ) યુ.એસ.એ.*

◆ *પ્રકાશક :*
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન,
ગુજરાત કોલેજ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

◆ *પ્રકાશન સમય :*
પ્રથમ આવૃત્તિ : ૧૯૮૯
બીજી આવૃત્તિ : જુલાઈ ૨૦૦૨

◆ *પ્રત :* ૧૦૦૦ નકલ

◆ **કિંમત : રૂા. ૬૦-૦૦**

◆ *મુદ્રક :*
જેન્સન કોમ્પ્યુટર્સ
એ/૪, બેથલેહેમ ફલેટ, પટેલવાડી,
ખોખરા મ્યુ. સ્નાનાગાર સામે, મણિનગર (પૂર્વ),
અમદાવાદ-૮. ફોન : ૨૧૬૨૪૪૧

## આ પુસ્તકના પ્રકાશન માટે


## કુલ રૂ. ૬૦,૬૦૦/-

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને નીચે જણાવ્યા પ્રમાણેના દાતાઓ તરફથી દાન પ્રાપ્ત થયેલ છે.

આ માટે સર્વ દાતા મિત્રોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી. મધુભાઈ પી. પેરી<br>સ્વ. માતા એલીસાબેતબહેનના<br>સ્મરણાર્થે. | રૂ. | ૧૨,૫૦૦ |
| ૨. | શ્રી. મધુભાઈ પી. પેરી<br>સ્વ. જેનબહેન પી. પેરીની<br>પ્રેમભરી યાદમાં. | રૂ. | ૧૦,૦૦૦ |
| ૩. | શાલોમ મેથોડીસ્ટ ચર્ચ | રૂ. | ૫,૦૦૦ |
| ૪. | શ્રી. કિરીટભાઈ પી. ફ્રેન્ક<br>સ્વ. માતાપિતાના સ્મરણાર્થે. | રૂ. | ૧૦,૫૦૦ |
| ૫. | કુ.કલેરાબેન કે. ક્રિશ્ચિયન | રૂ. | ૯,૦૦૦ |
| ૬. | શ્રીમતી વિદ્યાગૌરીબહેન<br>આર. બોરસદા | રૂ. | ૫,૦૦૦ |
| ૭. | શ્રીમતી તારાબેન ટી. ગોહિલ | રૂ. | ૨,૦૦૦ |
| ૮. | રેવ. જે. બી. સીંગ | રૂ. | ૩,૦૦૦ |
| ૯. | શ્રીમતી નેન્સીબેન જે.બી.સીંગ | રૂ. | ૩,૬૦૦ |
| | કુલ | રૂ. | ૬૦,૬૦૦ |

# અર્પણ



સ્વ. શ્રીમતી એલીસાબેતબહેન પોલ પેરી

શ્રી મધુભાઈ પી. પેરી તરફથી તેમનાં વ્હાલા
માતા શ્રીમતી એલીસાબેતબહેન પૉલ પેરીની
સ્નેહસ્મૃતિમાં રૂ. ૧૨,૫૦૦/-
આ પુસ્તકના પ્રકાશન માટે
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને
ભેટ આપવામાં આવ્યા છે.
તેથી તેમનો આભાર માનવામાં આવે છે.

# અર્પણ



શ્રીમતી જેનબહેન મધુસુદન પેરી

જન્મ તા. ૧૪-૨-૧૯૩૦ ● મૃત્યુ તા. ૩૦-૭-૧૯૮૧

સ્વર્ગસ્થ શ્રીમતિ જેન઼બહેન મધુસુદન પેરીની
પ્રેમભરી યાદમાં તેમના પતિ શ્રી મધુસુદન પી. પેરીએ
આ પુસ્તકના પ્રકાશન પેટે રૂ. ૧૦,૦૦૦/- (દસ હજાર)
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીને ભેટ આપ્યા છે.
આ માટે અત્રે તેમનો આભાર માનીએ છીએ.

# શાલોમ મેથોડિસ્ટ ચર્ચ



અમદાવાદ શહેરમાં શરૂઆતમાં ફક્ત બે જ મેથોડિસ્ટ મંડળીઓ અસ્તિત્વમાં હતી. એક રાયખડ મંડળી અને બીજી મિલ એરિયા મેથોડિસ્ટ મંડળી. ઈ.સ. ૧૯૪૦માં મર્હુમ રેવ. વાલજીભાઈ ખાનદાસ સાહેબે મિલ એરિયા માટે પાકા બાંધેલા પ્રભુમંદિરનું સ્વપ્ન લોકો સમક્ષ મૂક્યું. આ સ્વપ્ન સાકાર કરવા આનંદ વિભોર બની લોકોએ દાનનો પ્રવાહ શરૂ કર્યો.

ઈ.સ. ૧૯૫૯માં પાળકગૃહ અને પ્રાર્થનાહોલ બનાવી શક્યા. ધીમે ધીમે મંડળીના સંખ્યાબળમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. પ્રાર્થનાહોલ હવે નાનો પડવા લાગ્યો. તા. ૩જી એપ્રિલ ૧૯૬૬ના રોજ પામ સન્ડેએ નવા પ્રભુમંદિરનો ભૂમિખનનવિધિ કરવામાં આવ્યો. રેવ. ડી. કે. ખાનકર તથા રેવ. સેમ્યુલ ગામડિયા સાહેબે ચર્ચના બાંધકામનું કાર્ય આગળ ધપાવ્યું. અને તા. ૧૫-૮-૭૦ના રોજ નવા પ્રભુમંદિરનું ઉદ્‌ઘાટન બિશપ આર. ડી. જોષી સાહેબના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. પ્રભુનાં સેવકોએ આ મંડળીમાં પોતાની બહુમૂલ્ય સેવાઓ આપીને આ મંડળીને પ્રભુમાં દોરી છે.

ઈ.સ. ૧૯૭૮માં અમદાવાદ ડિસ્ટ્રીક્ટના અમૃત મહોત્સવ

પ્રસંગે આ મંડળીમાંથી ત્રણ મંડળીઓને અલગ કરવામાં આવી - જૈતુન જ્યુબિલિ મેથોડિસ્ટ મંડળી, બેથાની જ્યુબિલિ મેથોડિસ્ટ મંડળી અને ઈમાનુએલ જ્યુબિલિ મેથોડિસ્ટ મંડળી.

નવા પ્રભુમંદિરમાં નવી નવી આત્મિક પ્રવૃત્તિઓ પણ વૃદ્ધિ પામતી ગઈ. હવે મંડળીને શાલોમ મેથોડિસ્ટ મંડળી નામ પણ આપવામાં આવ્યું. જ્યાંથી શાલોમ મિશનેરી મુવમેન્ટની શરૂઆત થઈ અને ઉત્તર ગુજરાતના પોશીનામાં મિશનેરીઓ મૂકવામાં આવ્યાં. આજે મિશનકાર્યની આ જ્યોત ગુજરાત રીજીનલ કોન્ફરન્સમાં સળગી રહી છે અને આશરે ૩૧ જેટલા મિશનેરીઓ પોતાની સેવા આપી રહ્યાં છે.

હાલમાં મંડળીમાં આશરે ૪૫૦ કુટુંબો છે. મંડળીમાં મહિલા સંગત, યુવા સંગત, ક્વાયર તેમજ સન્ડે સ્કૂલ ઉપરાંત વિસ્તારો પ્રમાણે અઠવાડિક સંગતો પણ ચાલે છે. મેથોડિસ્ટ ચર્ચ ઈન ઈન્ડીયાના પ્રથમ દિક્ષિત મહિલા પાળક રેવ. સ્મિતા રોઝિયા પાળક તરીકે સેવા આપે છે. મંડળીમાં પાંચ લે ઉપદેશકો છે. મંડળી દ્વારા એક બાલમંદિર પણ ચલાવવામાં આવે છે. અને સાવરકુંડલા પાસેના ઓળીયા ગામમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ ચર્ચ પ્લાન્ટીંગ કમિટી દ્વારા મૂકવામાં આવેલ મિશનેરીને શાલોમ મંડળી સ્પોન્સર કરે છે.

મંડળીમાં બંધ મિલોના ઘણાં કામદારો આર્થિક ભીંસ અનુભવી રહ્યાં છે. આવા જરૂરિયાતમંદ કુટુંબોને બાળકો માટે શિષ્યવૃત્તિ તેમજ મેડીકલ સહાય જેવા પ્રોજેક્ટ પણ મંડળી પાસે છે. આમ ભૂતકાળમાં સેવા આપી ગયેલ પ્રભુનાં સેવકો સમક્ષ મૂકાયેલ દર્શનને આજે વિશાળ દર્શનના રૂપમાં સ્વીકારીને મંડળી પ્રભુના રાજ્ય માટે આગેકૂચ કરી રહી છે. પ્રભુજી તમારા પુત્રના આગમન સુધી મંડળીને વિશ્વાસુ રાખી તમારી સેવા માટે તમારા પરાક્રમથી ભરી ઉપયોગમાં લેજો એજ હૃદયની પ્રાર્થના છે.

# અર્પણ



**સ્વ. શ્રી ફિલીપભાઈ ડબલ્યુ. ફ્રેન્ક**

જન્મ તારીખ ૧૩-૩-૧૦

મરણ તારીખ ૧૭-૮-૧૯૯૫

**સ્વ. શ્રીમતી નાઓમીબેન પી. ફ્રેન્ક**

જન્મ તારીખ ૧-૧-૧૫

મરણ તારીખ ૮-૧૨-૧૯૯૦


જન્મ ભીલેશ્વર નામે ગામના ભાલેજ પાસેનું બાર્કીલીપુર પરામાં મોટા થયેલ વિલ્યમભાઈ કુબરેભાઈના સુપુત્ર, માતા કસનબેનના લાડલા સૌથી નાના પુત્ર. એક બહેન અને મોટાભાઈના લાડકા ભાઈ નાની ઊંમરે પિતાની છાયા ગુમાવી. માતા કસનબેન સાથે ૮ વર્ષની ઊંમરે અમદાવાદ શહેરમાં

આવ્યા. ને સ્થાયી થયા. દરજીકામમાં નિપુણ. કાવ્ય રચૈયતા ને અમદાવાદ રાયખડ સી.એન.આઈ. મંડળીના વડીલ સુધી પહોંચીને પ્રભુની સેવામાં જીવન યાત્રા પૂર્ણ કરનાર રાયખડ એકતા સમિતીની રચનામાં મુખ્ય ભાગ આપનાર એવા અમારા બાપુજી હતા. નાઓમીબેન જેકબભાઈ સાથેના લગ્નજીવન દ્વારા ચાર પુત્રોના વારસદાર. મોટા દીકરાના દેહાંત બાદ હાલમાં ત્રણ પુત્ર, પુત્રવધુઓ, અને પૌત્ર, પૌત્રીઓના બહોળા કુટુંબના તેઓ આદરણીય પિતાજીને દાદાજી હતા.

પ્રભુ કૃપાએ મધ્ય પુત્ર કીરીટકુમાર પી. ફ્રેન્ક અને ફેમીલી હાલ કોલોરાડોમાં સ્થાયી થયા છે. માતાપિતાના આદર્શો સાથે તેઓ પણ પ્રભુસેવામાં કાર્ય કરે છે.

આ પુસ્તકના પ્રકાશન માટે
શ્રી કીરીટભાઈ પી. ફ્રેન્ક તરફથી તેમના
સ્વ. માતાપિતાના સ્મરણાર્થે
રૂ. ૧૦,૫૦૦/- ભેટ આપવામાં આવ્યાં છે.
પરીવારનો આભાર માનીએ છીએ.

# અર્પણ



**સ્વ. રેઉએલભાઈ સિલાસભાઈ બોરસદા**

**જન્મ તા. ૭-૬-૧૯૧૩ મૃત્યુ તા. ૩૦-૮-૧૯૯૮**

રેઉએલભાઈનો જન્મ ધાર્મિક માતાપિતાને ત્યાં થયો હતો. અભ્યાસ પૂરો કરી લેબોરેટરી ટેકનીશીયન તરીકે અમદાવાદમાં વિ.એસ. હોસ્પિટલમાં જોડાયા હતા. પોતાની નોકરીમાં તેઓએ વિશ્વાસુપણે ફરજ બજાવી હતી. તેઓના લગ્ન કેરીપૂરના વડીલ રામાભાઈની દીકરી વિદ્યાગૌરીબહેન સાથે થયા હતા. પોતાના મોટા દીકરા જોનાથાનભાઈ સાથે અમેરિકામાં રહેતા હતા. પરંતુ ત્યારબાદ મૃત્યુ પામ્યા ત્યાં સુધી બ્રુકલીનમાં રહેતા નાના દીકરી સ્ટીવનભાઈના ત્યાં રહ્યા.

રેઉએલભાઈ સ્વભાવે શાંત, ક્ષમાશીલ અને ઉદાર હતા. તેમના બાળકો અમેરિકામાં રહી બીજાઓને ઉપયોગી જીવન જીવે છે.

આ પુસ્તકના પ્રકાશનમાં તેમના ધર્મપત્નિ વિદ્યાગૌરીબહેન તથા પરીવાર તરફથી રૂ. ૫,૦૦૦/-નું દાન મળ્યું છે. આભાર.

# બે બોલ...

પુસ્તકનું શિર્ષક જ પુસ્તકમાંની વિગતો વિશે સમજણ આપે છે. બાઈબલ એક વિશાળ પુસ્તક છે. ૬૬ પુસ્તકના આ એક પુસ્તક પર અસંખ્ય પુસ્તકો અત્યાર સુધી લખાયા છે અને લખાઈ રહ્યા છે. છતાં દરેક પુસ્તક અધુરુ જ લાગ્યા કરે છે. જો કે દરેક લેખક હંમેશાં શ્રેષ્ઠ લખાણ આપવાનો પ્રયાસ કરે છે.

"બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતી કોશ" રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાણ સાહેબની શ્રેષ્ઠ કૃતિ છે. પોતે બાઈબલના શિક્ષક, ઉપદેશક અને વિવેચક રહ્યા છે. લેખકની હંમેશની ટેવ મુજબ, કોઈપણ વિષયને પૂરો ન્યાય આપ્યા વગર છોડવાનો નહિ. તેવી જ રીતે આ પુસ્તકમાં લેખકે જે જે વિષયો પસંદ કરીને તેના પર વિવરણ કર્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. પુસ્તકને વાંચતા જણાય છે કે લેખકે નવી કેટલીયે માહિતી જુદા જુદા વિષયમાં ઉમેરવા પ્રયાસ કર્યો છે.

ગુજરાતીમાં આપણી પાસે આ પ્રકારના જુજ પુસ્તકો છે. જે રીતે લેખકે વિષયોની ગોઠવણી તેના ક્રમમાં કરી છે તે પણ સુંદર છે. આ પુસ્તકમાં તેમણે નવા કરારને તેના તમામ પાસાઓમાં સ્પર્શ્યો છે. નવા કરારની ખાસ કરીને પ્રભુ ઈસુના જીવનની આસપાસની તમામ વાતોને આ પુસ્તકમાં સમાવી છે. એટલે કે વિષયો ઉપર જણાવ્યા પ્રમાણે છે. પરંતુ તેના આધારે અપાયેલી માહિતીને કોઈ મર્યાદા નથી.

રેવ. ડૉ. જયાનંદ ચૌહાણ સાહેબનું આ પુસ્તક બીજીવાર છપાઈને ગુજરાતી ખ્રિસ્તી સમાજના હાથમાં મૂકાય છે. ત્યારે આ પુસ્તક તમામને માટે લાભકર્તા બની રહેશે પરંતુ વિશેષ જેઓ બાઈબલના ઊંડા અભ્યાસી છે તેઓને માટે સવિશેષ વધુ મદદગાર બની રહેશે.

આ મહત્વના પુસ્તક માટે આનંદ થાય છે. પરંતુ વિશેષ ઈશ્વરનો આ માટે આભાર માનું છું. મારી આશા તથા પ્રાર્થના છે, પ્રભુ તમને આ પુસ્તકના વાંચનથી અવશ્ય આશીર્વાદ આપશે.

રેવ. હેમંતકુમાર જે. પરમાર

ઓગષ્ટ, ૨૦૦૨

*સેક્રેટરી,*

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી.

## થોડોક ખુલાસો કરી લઉં ?

ગુજરાતી વાચકવર્ગ પાસે બાઇબલની માહિતીનો કોઈ ગ્રંથ નથી, એટલે વિવેચનપૂર્ણ માહિતીગ્રંથ તો હોય જ ક્યાંથી ? આ અને એવી બીજી ઘણી ખોટ સાલ્યા કરતી હતી. એટલે, બીજાં પુસ્તકો લખવાનું જરા પાછું ઠેલીને, ઈશ્વરપિતાની સહાયથી આ **'બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતિકોશ'** બે ભાગમાં લખ્યો. હજી તો બીજી ઘણી માહિતી મૂકી શકાય, પણ પછી ત્રીજો ભાગ કરવો પડે ! એટલે હાલ તો આટલું બસ લાગે છે. કોઈ કોઈ માહિતી કે ખુલાસો અન્ય સ્થળેથી લીધો હશે તો ત્યાં તેનો ઋણભાર દર્શાવ્યો હશે.

મારાં પુસ્તકો આપ સહુએ ખૂબ જ ઉમંગથી અપનાવ્યાં છે, તેથી આભારી હૃદયે રોમાંચ અનુભવું છું. વળી આપ અમારે માટે પ્રાર્થના કરતા રહો છો તેથી ઈશ્વરપિતામાં તમારો આભારી છું. આપના પત્રો અને પ્રેમ માટે પણ આભાર.

પરમ કૃપાળુ પરમેશ્વરની આ પુસ્તકથી કોઈનેયે લાભ થશે તો તેનો મારે મન અનેરો આનંદ ઊમટશે. અને ઈશ્વરપિતામાં સાર્થકતા અનુભવીશ.

નવેમ્બર ૮, ૧૯૮૭ — જયાનંદ આઈ. ચૌહાણ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| I. | નવા કરારના પુસ્તકો ક્યારે લખાયાં | ૧ |
| II. | નવા કરારનાં પુસ્તકોની પુસ્તકવાર પ્રસ્તાવના અને રૂપરેખા | ૩ |
| III. | યહૂદીઓના કેટલાક પંથો/પક્ષો | ૬૯ |
| | ફરોશીઓ | ૬૯ |
| | સાદુકીઓ | ૭૦ |
| | એસેનીઓ | ૭૧ |
| | શાસ્ત્રીઓ | ૭૧ |
| | હેરોદીઓ | ૭૨ |
| | આસ્થાવાદી (ઝેલોત્સ) | ૭૨ |
| | ગાલીલીઓ | ૭૩ |
| | નાઝીરીઓ | ૭૩ |
| | દાણીઓ | ૭૩ |
| IV. | નવા કરારના સમયના રાજકીય સત્તાધારીઓ | ૭૪ |
| | ૧. નવા કરારના સમયના રોમન બાદશાહો | ૭૪ |
| | ૨. નવા કરારના સમયના યહૂદિયા અને પાલેસ્તાઈનના હાકેમો (ગવર્નરો) | ૭૫ |
| | ૩. નવા કરારના સમયના હેરોદ કુટુંબના સત્તાધારીઓ | ૭૬ |
| V. | હેરોદવંશી કુટુંબનો ઓળખ-તક્તો | ૭૭ |
| VI. | પ્રભુ ઈસુની વંશાવળી | ૮૩ |
| VII. | પ્રભુ ઈસુનાં નામ | ૮૯ |
| VIII. | પ્રભુ ઈસુના દાવા | ૯૦ |
| IX. | "હું છું" | ૯૨ |
| X. | "તે ઈશ્વરનો દીકરો છે," એવું કોણે કોણે કહ્યું ? | ૯૩ |

XI. ખ્રિસ્ત... છે ૯૪

XII. પ્રભુ ઈસુના પ્રવચનો અને સંભાષણો (કાળક્રમ પ્રમાણે ગોઠવેલાં) (ઈસુનાં દૃષ્ટાંતો અને ચમત્કારો માટે જુઓ ભાગ ૨) ૯૫

XIII. અન્યાયપણાના દ્રવ્યથી મિત્રો કરી લેવા એટલે શું ? ૯૭

XIV. આકાશના રાજ્યના મર્મો દર્શાવતાં દૃષ્ટાંતોના ખુલાસા (માથ્થી ૧૩) ૧૦૦

XV. નવા કરારમાં આપેલી ૬ મરિયમનો, અને પ્રભુ ઈસુને તેલ ચોળતી સ્ત્રીઓના પરિચય ૧૧૮

૧. પ્રભુ ઈસુનાં મા મરિયમ ૧૧૮
રોમન કેથલિક માન્યતાઓ/દુર્મતો :

क. પાપરહિત મરિયમ

ख. મરિયમ સશરીરે સ્વર્ગે ચઢી ગયાં.

ग. મરિયમને ઈસુ સિવાય બીજું કોઈ સંતાન નહોતું અને તેઓ આજીવન કુંવારાં હતાં.

घ. માણસ અને પ્રભુ ઈસુ વચ્ચે મરિયમ મધ્યસ્થ છે. એટલે મરિયમની મારફતે પ્રાર્થના કરવી જોઈએ.

૨. માગદાલાની મરિયમ (મરિયમ માગ્દાલેણ) ૧૨૪

क. એનું નામ

ख. મરિયમનું જીવન

I. એનામાંથી સાત ભૂત કાઢ્યાં હતાં !

II. મરિયમ 'પાપી સ્ત્રી' અથવા 'પાપણી' હતી ?

ग. મરિયમ "પતિતા" સંભવી જ ન શકે એની ત્રણ સાબિતી.

घ. આભારી હૃદયે મરિયમે કરેલી પ્રેમભરી સેવા.

૩. બેથાનિયાની મરિયમ (માર્થા અને લાજરસની બહેન) ૧૩૦

૪. ક્લોપાસની પત્ની મરિયમ ૧૩૩
૫. માર્કની મા મરિયમ ૧૩૫
૬. રોમ શહેરની એક ખ્રિસ્તી સ્ત્રી, મરિયમ ૧૩૬
૭. પ્રભુ ઈસુને અત્તર ચોળનારી સ્ત્રીઓ ૧૩૬
क. પાપણી સ્ત્રીએ ઈસુને અત્તર ચોળ્યું (લૂક ૭:૩૬-૫૦) ૧૩૬
ख. બેથાનિયાનાં માર્થા અને લાજરસની બહેન મરિયમે ઈસુને અત્તર ચોળ્યું (યોહા.૧૨:૧-૮ઈ) માથ્થી ૨૬:૬-૧૩, માર્ક ૧૪:૩-૯. ૧૩૭
I. ગામ : બેથાનિયા
II. કોના ઘેર જમણ ?
III. જમનારાં કોણ કોણ ?
IV. સમય ?
V. બંને બનાવોના બીજા વધુ તફાવતો.
VI. તારણ
VII. એક પ્રશ્ન : પાપી સ્ત્રી કોણ હતી ?
XVI. સાન્હેદ્રિન, યહૂદી કાયદા, અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત ૧૪૩
૧. સાન્હેદ્રિન
૨. યહૂદી કાયદા
૩. માનવતાભર્યા યહૂદી કાયદા
૪. ઈસુ ઉપર ઓઢાડેલા આરોપો
૫. વડા પુરોહિતોનો ચુકાદો
XVII. ગેથસેમાનેમાં લોહીનાં ટીપા ૧૫૨
XVIII. ક્રૂસની સજા વિશે માહિતી ૧૫૫
XIX. પ્રભુ ઈસુના દુઃખસહન સપ્તાહની વિગત ૧૫૮
XX. ક્રૂસ પરના બનાવોનો ક્રમ ૧૬૨

XXI. ઈસુના મૃત્યુનું કારણ ૧૬૫
XXII. પ્રભુ ઈસુના પુનરુત્થાનને પુરવાર કરતાં પ્રમાણો ૧૬૯
૧. પ્રમાણો
૨. પ્રભુ ઈસુએ પુનરુત્થાન પછી કોને કોને દર્શન આપ્યાં.
XXIII. પ્રભુ ઈસુ વિશેની ભવિષ્યવાણીઓ અને તેઓનું પૂર્ણ થવું. ૧૭૪
XXIV. સુવાર્તાઓની સંવાદિતા ૧૯૯
XXV. શુભ શુક્રવાર (પાસ્ખાપર્વ) અને ઈસ્ટર કઈ તારીખોએ આવે ? ૨૪૨
XXVI. બાઈબલમાં પ્રાર્થના વિષે શિક્ષણ, માર્ગદર્શન અને નમૂનાઓ ૨૪૪
૧. પ્રાર્થનાનો પ્રથમ ઉલ્લેખ
૨. પ્રાર્થનાની સાર્વત્રિક જરૂર
૩. પરિણામદાયી પ્રાર્થનાની શરતો
૪. પ્રાર્થનાનો જવાબ મળશે તેની ખાતરીનું વચન
૫. ખરી પ્રાર્થનાઓ સંભળાય છે.
૬. જવાબ મળ્યા હોય તેવી પ્રાર્થનાઓ
૭. પવિત્ર આત્મા પ્રાર્થના કરવામાં સહાય કરે છે.
૮. સંતોની પ્રાર્થના પ્રભુને પ્યારી અને કીમતી છે.
૯. સંતોની પ્રાર્થનાઓ ઈશ્વરની આગળ ધૂપરૂપ ચડે છે
૧૦. નિષ્ફળ જતી પ્રાર્થનાઓનાં કારણો
૧૧. જો ઈશ્વર ના કહે પણ માણસ માગ્યા જ કરે તો ઈશ્વર માણસની મરજી મુજબ આપે, પણ તેને આધ્યાત્મિક નુકસાન થાય.
૧૨. બિન-ડહાપણ (કે ડહાપણ રહિત) પ્રાર્થનાઓના નમૂના
૧૩. બાઈબલની નોંધપાત્ર પ્રાર્થનાઓના નમૂના

૧૪. ખાસ કરેલી વિનંતીઓ
૧૫. પ્રાર્થના ટૂંકી કરવા આદેશ
૧૬. ટૂંકી પ્રાર્થનાઓની યાદી
૧૭. કેટલીક ખાનગી પ્રાર્થનાઓ
૧૮. પ્રભુ ઈસુનો એ માટેનો આદેશ
૧૯. આજીજી અને આગ્રહભરી પ્રાર્થનાઓના નમૂના
૨૦. જુદી જુદી બાબતો માટેની કેટલીક પ્રાર્થના
૨૧. પ્રાર્થના માટે વિનંતી
૨૨. પ્રાર્થના કરવા બાઈબલ આદેશ આપે છે.
૨૩. પ્રાર્થનામાં શરીરનાં આસનો કે શરીર-ભંગિ
૨૪. પ્રભુ ઈસુની પ્રાર્થનાઓ
૨૫. પ્રભુ ઈસુની ખાનગી પ્રાર્થનાઓ
૨૬. પ્રભુ ઈસુની જાહેર પ્રાર્થનાઓ

XXVII. "જગતનો પાયો નાખ્યા અગાઉ" શું શું તૈયાર કરેલું છે ? ૨૭૧

XXVIII. ખ્રિસ્તવિરોધી ૨૭૨

XXIX. પુનરુત્થાનો અને ન્યાયકાળો ૨૭૬

પુનરુત્થાનો ૨૭૬

૧. પ્રથમ ખ્રિસ્તનું પુનરુત્થાન (પ્રથમ ફળ)
૨. વિશ્વાસીઓનું પુનરુત્થાન (લણણી)
૩. વિપત્તિકાળના શહીદોનું પુનરુત્થાન (સળો)
૪. પાપીઓનું પુનરુત્થાન

ન્યાયકાળો ૨૭૮

૧. વિશ્વાસ કરનારાંનો ન્યાયકાળ
૨. વિશ્વાસ કરનારાંનાં કૃત્યોનો ન્યાયકાળ
૩. વિશ્વાસ કરનારાં પોતપોતાનો ન્યાય કરે છે
૪. પ્રજાઓનો ન્યાય

૫. ઇઝરાયલનો - એટલે કે યહૂદીઓનો ન્યાય

૬. પતિત દૂતોનો ન્યાય

૭. દુષ્ટોનો ન્યાય

XXX. નરક ૨૮૨

તાર્તારિસ, હાડેસ, શેઓલ, પારાદૈસ, ગેહેન્ના

XXXI. પાઉલનું જીવન તથા સેવા ૨૮૮

શરૂઆતનું જીવન

પ્રથમ મુસાફરી

બીજી મુસાફરી

ત્રીજી મુસાફરી

કેદી અને મૃત્યુ

XXXII. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું એક હજાર વર્ષનું રાજ્ય ૨૯૧

૧. તારું રાજ્ય આવો.

૨. આ રાજ્યમાં કોણ કોણ હશે ?

૩. તેઓને રહેઠાણ માટે વિશાળ પ્રદેશ મળશે.

૪. આ સહસ્ત્રાબ્દી રાજ્ય દરમિયાન પૃથ્વી ઉપર કેવા કેવા ફેરફાર થયા હશે ?

क. શેતાનને એક હજાર વર્ષ સુધી બાંધી રાખવામાં આવશે.

ख. ભૂમિને આપેલો શાપ દૂર કરાશે, પૃથ્વી પોતાનું ફળ આપશે.

ग. ઇઝરાયલ દેશ ફરી દૂધમધની રેલમછેલવાળો દેશ બની જશે.

घ. સૂર્ય સાત ગણો પ્રકાશશે.

च. સહસ્ત્રાબ્દી રાજ્યમાં યુદ્ધ નહિ થાય.

छ. હિંસક પશુઓની પ્રકૃતિ બદલાશે અને પશુઓ કે

માણસો એકબીજાથી ડરશે નહિ.

ज. માનવી જીવનની વયમર્યાદા ફરી પાછી બહુ લાંબી થશે.

झ આપણે (વિશ્વાસીઓ) ખ્રિસ્ત સાથે રાજ્ય કરીશું.

ट.. યરુશાલેમ શહેર તેમજ મંદિર ફરીથી મહિમાવંતાં બંધાશે.

૫. પ્રજાઓના રાજાઓ પ્રભુ ઈસુને નમવા વર્ષોવર્ષ યરુશાલેમ આવશે.

XXXIII. નવું યરુશાલેમ (આકાશથી ઊતરતું) ૩૦૦

૧. નવા યરુશાલેમમાં લઈ જવાનું પ્રભુ ઈસુનું વચન

૨. જૂના કરારના સંતો નવા યરુશાલેમને ઝંખતા હતા

૩. સત્યનગર

૪. ઈશ્વરનું નગર

૫. નગરનો મહિમા

क. સૂર્ય અને ચંદ્રનાં પ્રકાશની જરૂર નહિ

ख. "ફરીથી રાત પડશે નહિ."

૬. નગરના દરવાજા કદી બંધ રહેશે નહિ

क. દરવાજા કદી બંધ રહેશે નહિ

ख. વિદેશીઓનું દ્રવ્ય માંહે આવશે

૭. નગરનું સૌંદર્ય અને મહાકીમતીપણું

क. નગરના કોટના પાયા કીમતી પથ્થરોના

ख. બાર દરવાજા બાર મોતીના

ग. નગરનો કોટ યાસપીસનો

घ. નગરના રસ્તા ચોખ્ખા સોનાના

૮. નગરનું માપ

૯. આ શહેર ક્યાંથી આવ્યું ?

૧૦. નવા યરુશાલેમના રહેવાસીઓ
૧૧. એમાં કોણ પ્રવેશ નહિ પામે ?
૧૨. "જીવનના પાણીની નદી" અને "જીવનનું વૃક્ષ"
XXXIV. "એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ." ૩૦૫

★

I

# નવા કરારનાં પુસ્તકો ક્યારે લખાયાં

| ક્રમ | પુસ્તક | લેખક | ક્યારે લખાયું |
|---|---|---|---|
| ૧. | માથ્થી | પ્રેરિત માથ્થી | ઈ.સ. ૬૦-૬૫ |
| ૨. | માર્ક | માર્ક | ઈ.સ. ૬૦-૬૫ |
| ૩. | લૂક | ડૉ. લૂક | ઈ.સ. ૫૮-૬૫ |
| ૪. | યોહાન | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૦-૧૦૦ |
| ૫. | પ્રેરિતોનાં કૃત્ય | ડૉ. લૂક | ઈ.સ. ૫૮-૬૫ |
| ૬. | રોમનોને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૮ |
| ૭. | કોરિંથીઓને પહેલો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૭ |
| ૮. | કોરિંથીઓને બીજો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૭ |
| ૯. | ગલાતીઓને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૬ |
| ૧૦. | એફેસીઓને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૨-૬૩ |
| ૧૧. | ફિલિપીઓને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૮-૬૦ |
| ૧૨. | કોલોસ્સીઓને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૧-૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | થેસ્સાલોનિકીઓને પહેલો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૨ |
| ૧૪. | થેસ્સાલોનિકીઓને બીજો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૩ |
| ૧૫. | તિમોથીને પહેલો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૨-૬૫ |
| ૧૬. | તિમોથીને બીજો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૫-૬૬ |
| ૧૭. | તિતસને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૫ |
| ૧૮. | ફિલેમોનને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૫ |
| ૧૯. | હિબ્રૂઓને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૩-૬૪ |
| ૨૦. | યાકોબનો પત્ર | ઈસુનો ભાઈ યાકોબ | ઈ.સ. ૬૩-૬૪ |
| ૨૧. | પિતરનો પહેલો પત્ર | પ્રેરિત પિતર | ઈ.સ. ૬૪ |
| ૨૨. | પિતરનો બીજો પત્ર | પ્રેરિત પિતર | ઈ.સ. ૬૫ |
| ૨૩. | યોહાનનો પહેલો પત્ર | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૦-૧૦૦ |
| ૨૪. | યોહાનનો બીજો પત્ર | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૦-૧૦૦ |
| ૨૫. | યોહાનનો ત્રીજો પત્ર | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૦-૧૦૦ |
| ૨૬. | યહૂદાનો પત્ર | ઈસુનો ભાઈ યહૂદા | ઈ.સ. ૬૬-૮૦ |
| ૨૭. | પ્રકટીકરણ | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૬-૯૮ |

# II નવા કરારનાં પુસ્તકોની પુસ્તકવાર પ્રસ્તાવના અને રૂપરેખા

## માથ્થીની સુવાર્તા

### પ્રસ્તાવના

માથ્થીની સુવાર્તાનો લેખક માથ્થી દાણી હતો. એ લેવી તરીકે પણ ઓળખાતો હતો. એ કદાચ એનું બીજું નામ હશે કે અટક હશે. પ્રભુ ઈસુના બાર શિષ્યોમાંનો તે એક હતો. અગાઉ તે રોમન સરકાર વતી દાણ અથવા જકાત ઉઘરાવતો હતો. એટલે તે 'માથ્થી દાણી' (માર્ક ૨:૧૪) તરીકે પણ ઓળખાય છે. (માથ્થી ૯:૯). બધા યહૂદીઓ દાણીઓને ધિક્કારતા હતા. માથ્થી પ્રભુ ઈસુનો શિષ્ય બન્યો, એ પછી એણે ઈસુ અને તેમના શિષ્યોને તથા અન્ય દાણીઓને જમણ આપ્યું, જેથી બીજાદાણી મિત્રો ઈસુને ઓળખે અને સ્વીકારે. એ પછી માથ્થીનું નામ શિષ્યોની યાદીમાં (માથ્થી ૧૦:૩ અને પ્રે.કૃ. ૧:૧૩) સિવાય બીજે જોવા મળતું નથી.

મૂળમાં માથ્થીએ આ સુવાર્તા યહૂદીઓ માટે લખી. આ સુવાર્તામાં ઈસુને રાજા તરીકે બતાવ્યા છે, એટલે એમને અબ્રાહમના અને દાવિદના પુત્ર તરીકે દર્શાવ્યા છે, અને છેક દાવિદ રાજા સુધી એમની વંશાવળી આપી છે. વળી દાવિદના વતન બેથલેહેમ પર અન્ય સુવાર્તાઓ કરતાં ભાર દેવાયો છે. આ સુવાર્તામાં ઈસુને સાત વખત દાવિદપુત્ર તરીકે નોંધ્યા છે, ઈસુ રાજા વિષેની સુવાર્તા છે, એટલે એમાં 'રાજ્ય' ઉપર બહુ ભાર મૂકવામાં આવ્યો છે, અને ૫૦થી વધુ વખત એ શબ્દ વાપર્યો છે. બીજું કે "આકાશનું રાજ્ય" એ શબ્દો ફક્ત આ સુવાર્તામાં જ વપરાયા છે, અને તેયે ૩૦ વખત. "આકાશનું રાજ્ય"એ વારસામાં લીધેલું કે લડાઈ જીતીને લીધેલું રાજ્ય નહિ, પણ ઈશ્વર (અથવા

આકાશ) તરફથી સોંપેલું રાજ્ય. પ્રભુ ઈસુ એક હજાર વર્ષનું (સહસ્ત્રાબ્દી) રાજ્ય સ્થાપવાના છે તે વિશેનો એ ઉલ્લેખ છે.

આ સુવાર્તા સામાન્ય રીતે યહૂદીઓ માટે લખવામાં આવી છે, એટલે માથ્થી જૂના કરારની ભવિષ્યવાણીઓનો ઉલ્લેખ કરી કરીને, સાબિત કરે છે કે એ જ 'ખ્રિસ્ત' અથવા આવનાર 'મસીહ' છે (દાખલા તરીકે ૧:૨૨, ૨:૧૫, ૧૭, ૨૩, ૪:૧૪, ૧૨:૧૭, ૧૩:૧૪, ૨૧:૪, ૨૬:૫૪, ૫૬, ૨૭:૯, ૩૫ ઈ.). તેરમો અધ્યાય તો "આકાશના રાજ્ય"ને દૃષ્ટાંતો કે ઉપમાઓથી સમજાવે છે. આ સુવાર્તામાં જણાવેલું "આકાશનું રાજ્ય" અને અન્ય સુવાર્તાઓમાં જણાવેલું "ઈશ્વરનું (દેવનું) રાજ્ય" એ તદ્દન અલગ અલગ બાબતો છે.

**સુવાર્તા ક્યારે લખાઈ ?**

કેટલાક માને છે કે ઈ.સ. ૮૦ કે ૯૦માં લખવામાં આવી. પણ માથ્થી ૨૪માં તો યરુશાલેમ શહેર અને મંદિરનો નાશ ભવિષ્યમાં બનનાર વાત છે. શહેર અને મંદિર ઈ.સ. ૭૦માં તિતસને હાથે નાશ પામ્યાં, એટલે આ સુવાર્તા ઈ.સ. ૭૦ પહેલાં લખાઈ હશે, એટલે કે ઈ.સ. ૫૦માં લખાઈ હશે.

**સુવાર્તામાં જાણીતાં વચનો :**

આ સુવાર્તામાં 'ગિરિપ્રવચન' (પહાડ પરનું ભાષણ) વિશ્વવિખ્યાત પ્રવચન છે (અધ્યાય ૫ થી ૭), અને 'ધન્યતાઓ'એ એનો એક ભાગ છે. (૫:૩-૧૨), 'પ્રભુ શીખવિત પ્રાર્થના' પણ એનો ભાગ છે (૬:૯-૧૩) 'આકાશના રાજ્યનાં દૃષ્ટાંતો' (૧૩મો અધ્યાય): અને ભવિષ્યમાં બનનાર બાબતો સંબંધીના સંભાષણને "જૈતૂન પહાડના સંભાષણ" તરીકે ઓળખવામાં આવે છે, તે ૨૪માં અને ૨૫માં અધ્યાયમાં છે.

**રૂપરેખા**

I. રાજા ઈસુ, દાવિદપુત્ર (૧:૧-૨૫:૪૬)

क. એમની વંશાવળી, જન્મ, અને બાળપણ. ૧:૧ - ૨:૨૩.

ख. રાજા અને રાજ્ય જાહેર કરવામાં આવ્યાં, પણ બંનેનો નકાર કરવામાં આવ્યો. ૩:૧ - ૧૧:૨૭

ग. રાજાનો નવો સંદેશો. ૧૧:૨૮ - ૧૨:૫૦

घ. રાજ્યના મર્મો દૃષ્ટાંતોમાં. ૧૩:૧ - ૫૮.

च. નકારાયેલા રાજાની સેવા. ૧૪:૧ - ૨૩:૩૯.

छ. રાજા ફરી પાછા સામર્થ્ય અને મહિમામાં આવશે. ૨૪:૧ - ૨૫:૪૬.

II. ઈસુ - અબ્રાહમપુત્ર ઈસહાક જેમ હલવાનનું બલિદાન. ૨૬:૧ - ૨૭:૬૬.

III. ઈસુ, - ઈશ્વરપુત્ર. ૨૮:૧-૨૦.

क. પ્રભુનું પુનરુત્થાન. ૨૮:૧-૮.

ख. "હું સદા તમારી સાથે છું." ૨૮:૯-૨૦.

## માર્કની સુવાર્તા

**પ્રસ્તાવના**

**લેખક :** માર્કની સુવાર્તાનો લેખક યોહાન માર્ક હતો. એના પિતા વિશે આપણે કંઈ જ જાણતા નથી, પણ એની મા યરુશાલેમની વતની અને પૈસાપાત્ર સ્ત્રી હતી. (પ્રે.કૃ. ૧૨:૧૨). એમનું મકાન કિદ્રોન નાળા પાસેના યરુશાલેમના કોટની રાંગે હતું. એમ માનવામાં આવે છે કે ખ્રિસ્તીઓ ત્યાં જ ભેગા મળતા. પુનરુત્થાન પછી ઈસુએ શિષ્યોને એ મેડી ઉપર દર્શન દીધું; પવિત્ર આત્મા પણ અહીં જ ઊતર્યો.

જોન માર્ક બાર્નાબાસનો પિત્રાઈ ભાઈ થતો હતો (કલોસી. ૪:૧૦).

સંત પિતર સાથે માર્કને મીઠો સંબંધ હતો, અને કેટલાક માને છે કે માર્કના બદલાણનું કારણ પિતર હતો. પિતર માર્કને પોતાના પુત્ર તરીકે સંબોધે છે (૧ પિત. ૫:૧૩). માર્ક ઈસુના શિષ્યમંડળમાં નહોતો. પ્રભુ ઈસુ વિશે ઘણું બધું પિતરે માર્કને જણાવ્યું હશે. જોન માર્કનું નામ સુવાર્તાઓમાં આવતું નથી, પણ પ્રેરિતોના કૃત્યોમાં આવે છે. પાઉલ અને બાર્નાબાસ સાથે, પાઉલની પહેલી મિશનેરી મુસાફરીમાં માર્ક ગયો હતો, પણ અધવચથી પાછો આવતો રહ્યો, એટલે બીજી મુસાફરી વખતે એને સાથે લેવો કે કેમ તે બાબતે પાઉલ અને બાર્નાબાસને તકરાર પડી. પાઉલ અને બાર્નાબાસ છૂટા પડી ગયા, અને માર્ક બાર્નાબાસ સાથે ગયો (પ્રે.કૃ. ૧૫:૩૮-૪૦). પણ પાઉલનાં પાછલાં વર્ષોમાં માર્ક પાઉલની સાથે રહ્યો હતો (કલો. ૪:૧૦. ફિલેમોન ૨૪), અને ખૂબ ઉપયોગી બન્યો હતો. પાઉલના શહીદ થયા અગાઉ પાઉલે માર્કને પોતાની પાસે બોલાવ્યો હતો (૨ તિમો. ૪:૧૧). એના જીવન પરથી એક સંદેશ મળે છે કે 'એક વખત નિષ્ફળ નીવડેલો માણસ કાયમ નિષ્ફળ રહેતો નથી.'

**કોને માટે લખી ?**

માર્કે વિદેશીઓને, અને ખાસ કરીને રોમનોને ધ્યાનમાં રાખીને આ સુવાર્તા લખી. ખરું પૂછો તો પવિત્ર આત્માએ એ રીતે લખાવી, એટલે તો ઈસુની વંશાવળી આપી નથી, કેમ કે વિદેશીઓને એમાં શી સમજણ પડે ? 'ગિરિપ્રવચન' પણ વિદેશીઓને સમજણરૂપ બને નહિ, તેથી તેય આપ્યું નથી.

જૂના કરારનાં ઝાઝાં ભવિષ્યકથનો પણ માર્કે ટાંક્યાં નથી. માથ્થીએ યહૂદીઓ માટે લખ્યું, એટલે એણે ૧૨૮ ભવિષ્યકથનો જૂના કરારમાંથી વાપર્યાં છે, અને લૂકે લગભગ ૧૦૦ જેટલાં વાપર્યાં છે, જ્યારે માર્કે માત્ર ૬૩ જેટલાં જ વાપર્યાં છે, અને તે યે અછડતી રીતે. વળી માથ્થી-લૂકમાં યહૂદી પંથો (ફરોશીઓ, સાદુકીઓ, ઇ.) વિશે પ્રભુ ઈસુ કાઢેલી

ઝાટકણી આ સુવાર્તામાં નથી આપી, કારણ, વિદેશીઓ માટે એ સમજપૂર્વકનું વાચન બની રહે નહિ. યહૂદીઓની તે જમાનાની ભાષા અરામી હતી, એટલે વિદેશીઓને લખતાં માર્ક અરામી શબ્દો સમજાવે છે (દાત. ૫:૪૦, ૭:૩૪, ૧૫:૨૨). વળી બીજી સુવાર્તાઓમાં નહિ મળતા એવા રોમન શબ્દો માર્ક વાપરે છે ('મારા'ને બદલે સિપાઈ ૬:૨૭; 'બે દમડી એટલે એક અધેલો' ૧૨:૪૨).

**માર્કની ખાસિયત :**

માથ્થીમાં ઈસુને રાજા તરીકે બતાવ્યા છે, જ્યારે માર્કમાં 'સેવક' તરીકે દર્શાવ્યા છે. ઈસુએ શું શું કહ્યું તેને ઝાઝું સ્થાન આપ્યું નથી, પણ 'સેવક' તરીકે તેમણે શું શું કર્યું છે તેને વધારે સ્થાન આપવામાં આવ્યું છે. એટલે તો "તરત" શબ્દ આ સુવાર્તામાં વારે ઘડીએ એટલે કે લગભગ ૪૦ વખત વાપર્યો છે.

**ક્યારે લખાઈ ?**

માર્ક ૧૩:૨માં યરુશાલેમ અને મંદિરના વિનાશની ભવિષ્યવાણી આપવામાં આવી છે, અને એ વિનાશ ઈ.સ. ૭૦માં બન્યો, એટલે આ સુવાર્તા ઈ.સ. ૭૦ અગાઉ લખાઈ હોવી જોઈએ. પ્રેરિતોના કૃત્યોને ૬૧ની સાલ અપાય છે, અને એની સાથેના લૂકને એકાદ બે વર્ષ અગાઉ લખેલી ગણવામાં આવે છે. એ આધારે માર્કની સુવાર્તા ઈ.સ. ૫૦થી ૫૭ની વચ્ચે લખેલી ગણી શકાય. કેટલાક અભ્યાસીઓ એમ માને છે કે સંત પિતર જે ઈ.સ. ૬૭ કે એ અરસામાં મરી ગયો, તેના મૃત્યુ પછી એટલે કે ઈ.સ. ૬૭ થી ૭૦માં લખાઈ. પણ એ માન્યતાને ખાસ પુષ્ટિ મળતી નથી.

**રૂપરેખા**

I. પ્રાસ્તાવિક શબ્દો. ૧:૧-૧૩.

II. પૂર્વ ગાલીલમાં પ્રભુ ઈસુની સેવા. ૧:૧૪-૭:૨૩.

III. ઉત્તર ગાલીલમાં પ્રભુ ઈસુની સેવા. ૭:૨૪-૯:૫૦.

IV. પેરિયામાં પ્રભુ ઈસુની સેવા. ૧૦:૧-૩૧.

V. પ્રભુ ઈસુની યરુશાલેમની આખરી યાત્રા અને તેમનું મૃત્યુ. ૧૦:૩૨-૧૫:૪૭.

VI. પ્રભુ ઈસુનું સજીવન થવું અને સ્વાર્ગારોહણ. ૧૬:૧-૨૦.

## લૂકની સુવાર્તા

**લેખક :**

"વહાલો વૈદ્ય લૂક"ના પ્રેમભર્યા નામથી ઓળખાતો ડૉ. લૂક આ સુવાર્તાનો લેખક હતો (કલો. ૪:૧૪). તે પાઉલનો સાથીદાર અને સાથી સેવક પણ હતો (ફિલેમોન ૨૪). એનો ધંધો દાકતરનો હતો, પણ તે હૃદયથી સુવાર્તિક હતો. એના આગલા જીવન વિશે કંઈ જાણવા મળતું નથી, તેમ જ પાઉલના મૃત્યુ પછીના લૂકના પાછલા જીવન વિશે પણ કંઈ જાણવા મળતું નથી. કેટલાક માને છે કે તે ગ્રીક હતો, જ્યારે કેટલાક માને છે કે તે યહૂદી હતો.

**ક્યારે લખાઈ ?**

યોહાન સિવાયની ત્રણેય સુવાર્તા યરુશાલેમના પતન (ઈ.સ. ૭૦) પહેલાં લખવામાં આવી (સરખાવો : લૂક ૧:૧૩, પ્રે.કૃ. ૧:૧) ઈ.સ. ૬૦ કે ૬૧માં આ સુવાર્તા લખવામાં આવી હશે. નેક-નામદાર થીઓફિલસ નામના કોઈ અમલદારને ઉલ્લેખીને આ સુવાર્તા તેમ જ 'પ્રેરિતોનાં કૃત્યો' લખવામાં આવ્યાં હતાં. આ સુવાર્તા ગ્રીકોને અને અન્ય વિધર્મીઓને ધ્યાનમાં રાખીને લખવામાં આવી છે. કદાચ પાઉલ કાઈસારિયાની જેલમાં બે વર્ષ સુધી હતો ત્યારે આ સુવાર્તા લખવામાં આવી (પ્રે.કૃ. ૨૪:૨૭).

કેટલાક આધુનિક મતવાળા એમ માને છે કે માર્ક કોઈ 'Q' (ક્યુ)

નામના મૂળ લખાણ ઉપરથી ઉતારવામાં આવી છે. અને માથ્થીએ તથા લૂકે માર્કની સુવાર્તા પરથી ઉતારા કર્યા છે. પણ એ માન્યતા ભ્રામક છે. લૂકે પવિત્ર આત્મા દ્વારા પોતાનું લખાણ મેળવ્યું છે.

**લૂકની સુવાર્તાનાં ખાસ લક્ષણ :**

આ સુવાર્તામાં પ્રભુ ઈસુને 'માણસના દીકરા' તરીકે પ્રધાનપદે દર્શાવ્યા છે. લૂકે પ્રભુ ઈસુને માટે આ ખિતાબ વારંવાર વાપર્યો છે. એટલે જ લેખકે પ્રભુ ઈસુની વંશાવળી છેક આદમથી આપી છે. પ્રભુ ઈસુ સંપૂર્ણ માણસ હતા એ લેખકે દર્શાવ્યું છે. સાથે સાથે પ્રભુ ઈસુના ચમત્કારો ચોટદાર રીતે આપીને તે સંપૂર્ણ ઈશ્વર હતા એમ પણ આપ્યું છે. મરિયમ કુંવારી પેટે જન્મની વાતથી માંડીને ઈસુનું બાળપણ તે મરિયમના દૃષ્ટિકોણથી આપ્યું છે. માથ્થીમાંની વંશાવળી દાવિદથી યોસેફ સુધી આપી છે, જ્યારે લૂકમાંની વંશાવળી આદમથી મરિયમ સુધી આપી છે. લૂકમાં ૩:૨૩માં "જે હેલીનો [દીકરો]" આપ્યું છે તેમાં વાપરેલો કૌંસ અને અંદરનો શબ્દ માત્ર અર્થ આપવા માટે વાપર્યા છે. મૂળ ભાષામાં નથી મરિયમ હેલીની દીકરી હતી, અને યોસેફ (માથ્થી પ્રમાણે) યાકોબનો પુત્ર હતો. "પ્રભુ ઈસુની વંશાવળી" નામનો મારો લેખ આ પુસ્તકમાં છે તે જોવાથી એ બરાબર સમજાશે.

લૂક જાતે ડૉક્ટર હોવાથી દાક્તરી બાબતોમાં ઝીણવટભર્યો રસ આ સુવાર્તામાં દર્શાવ્યો છે, જેમ કે ૪:૩૮, ૭:૧૫, ૮:૫૫, ૧૪:૨, ૧૮:૧૫, ૨૨:૫૦, ઇત્યાદિ. પ્રભુ ઈસુના જન્મ આસપાસના બનાવો પ્રત્યે વધુ લક્ષ આપવામાં આવ્યું છે, જેમ કે ઝખાર્યાને અને મરિયમને દૂતે સંદેશા આપ્યા તે આ સુવાર્તામાં જ આપવામાં આવ્યું છે; એલિસાબેતની સ્તુતિ અને મરિયમનું સ્તુતિગાન, દૂતોનું 'પરમ ઊંચામાં હોસાના', અને સિમયોનનું ગીત માત્ર આ જ સુવાર્તામાં આપવામાં આવ્યાં છે. યોહાન બાપ્તિસ્તના જન્મ તથા તેના બાળપણ વિશે પણ આ જ સુવાર્તામાં આપ્યું છે. પ્રભુ ઈસુનો જન્મ, ભરવાડોનું દર્શને આવવું,

ઈસુની સુન્નત, તેમને મંદિરમાં રજૂ કરવા, ઈસુના બાળપણની કેટલીક વિગત, અને મરિયમના હૃદયની વાત - એ બધું આ સુવાર્તામાં જ આપવામાં આવ્યું છે.

લૂકની સુવાર્તામાં વ્યક્તિઓ વિશે અંગત ધ્યાન વધુ આપેલું જોવા મળે છે, જેમ કે, જાખી દાણી (૧૯:૧-૧૦), અને પશ્ચાત્તાપી ચોર (૨૩:૩૯-૪૩), ઉડાઉ દીકરો (૧૫:૧૧-૩૨); અને પશ્ચાત્તાપી દાણી (૧૮:૯-૧૪). નીચેની વાતો માત્ર આ સુવાર્તામાં જ આવે છે : ભલો સમરૂની (૧૦:૨૯-૩૭); આભારી કોઢિયો (૧૭:૧૧-૧૯). ખોવાયેલી અધેલી, ખોવાયેલું ઘેટું, અને ખોવાયેલો દીકરો (૧૫:૩-૩૨); અને સિત્તેર જણને પ્રચાર માટે મોકલ્યા તે (૧૦:૧-૨૪).પ્રાર્થના પર આ સુવાર્તામાં વધુ ભાર મૂકવામાં આવ્યો છે (જુઓ ૩:૨૧, ૫:૧૬,૬:૧૨, ૯:૧૮, ૨૮-૨૯, ૧૦:૨૧, ૧૧:૧, ૨૨:૩૯-૪૬, ૨૩:૩૪, ૪૬.

આ સુવાર્તાએ સ્ત્રીઓને વધુ સ્થાન આપ્યું છે (અધ્યાયો ૧, ૨, ૭:૧૧-૧૭, ૩૬-૫૦, ૮:૧-૩, ૧૦:૩૮-૪૨, ૨૧:૧-૪, ૨૩:૨૭-૩૧, ૪૯). પવિત્ર આત્મા ઉપર પણ આ સુવાર્તામાં વધુ ભાર મૂકવામાં આવ્યો છે (લૂક ૧:૧૫, ૪૧, ૬૭, ૩:૨૨, ૪:૧, ૧૪, ૧૧:૧૩, ૨૪:૧૯). માથ્થીમાં પવિત્ર આત્મા સંબંધી ૧૪ વાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે; માર્કમાં ખૂબ ઓછી વાર, જ્યારે લૂકમાં ૧૭ વાર ઉલ્લેખ કર્યો છે.

## રૂપરેખા

I. પ્રસ્તાવના. ૧:૧-૪.

II. યોહાન બાપ્તિસ્ત અને પ્રભુ ઈસુનો જન્મ અને બાળપણ. ૧:૫-૨:૫૨.

III. ખ્રિસ્તની સેવાની શરૂઆત. ૩:૧-૪:૧૩.

IV. ગાલીલમાં પ્રભુ ઈસુની સેવા. ૪:૧૪-૯:૫૦.

V. યહૂદિયા અને પેરિયામાં પ્રભુ ઈસુની સેવા. ૯:૫૧-૧૯:૨૭.

VI. પ્રભુ ઈસુની જાહેર સેવાનો અંત. ૧૯:૨૮-૨૧:૩૮.

VII. પ્રભુ ઈસુને પરસ્વાધીન કર્યા અને તેમનું મૃત્યુ. ૨૨:૧-૨૩:૫૬.

VIII. પ્રભુ ઈસુનું સજીવન થવું અને સ્વર્ગારોહણ. ૨૪:૧-૫૩.

## યોહાનની સુવાર્તા

**લેખક :** પ્રભુ ઈસુના અંતરમંડળના ત્રણ શિષ્યો (પિતર, યોહાન અને યાકોબ)માંનો એક એટલે યોહાન હતો. તેના પિતાનું નામ ઝબદી, માનું નામ સાલોમી અને ભાઈનું નામ યાકોબ હતું. યાકોબને હેરોદે જેલમાં પૂર્યો હતો, અને પાછળથી મારી નાખ્યો હતો (પ્રે.કૃ. ૧૨:૧). સુવાર્તામાં એની ઓળખ "ઈસુ જેના પર પ્રેમ કરતા હતા," એ રીતે આપી છે (૨૧:૨૦, ૨૪). ઈસુના ત્રણ શિષ્યોનું જે અંતરમંડળ હતું તેમાંના યાકોબને હેરોદ રાજાએ તલવારથી મારી નાખ્યો હતો, અને પિતરનું નામ 'ઈસુ જેના પર પ્રેમ કરતા હતા તે શિષ્ય સાથે અવારનવાર (૧૩:૨૩-૨૪, ૨૦:૨-૧૦) આવે છે, એટલે બાકી રહેલો યોહાન જ આ સુવાર્તાનો લેખક હોવો જોઈએ. એ ગાલીલનો વતની હતો, અને સારા સુખી કુટુંબમાંથી તે આવેલો હતો અને એના પિતાને ત્યાં ચાકરો હતા (માર્ક ૧:૨૦, માર્ક ૧૫:૪૦-૪૧).

ચિત્રોમાં એને સ્ત્રી-પાત્ર જેવો નમણો અને સુંદર ચીતરવામાં આવ્યો છે, પણ એ અને એનો ભાઈ યાકોબ 'ગર્જનપુત્રો' તરીકે ઓળખાતા હતા (માર્ક ૩:૧૭). શરૂઆતની મંડળીમાં તેણે યરુશાલેમમાં અગત્યનો ભાગ ભજવ્યો છે (પ્રે.કૃ. ૩:૧, ૮:૧૪, ગલાતી. ૨:૯) પાછળથી તે એફેસસમાં રહેવા ગયો હતો, અને પ્રભુ ઈસુનાં મા મરિયમને પોતાની સાથે લઈ ગયો હતો. એ પ્રદેશમાં તેણે સુવાર્તા પ્રગટ કરી.

તેણે આ સુવાર્તા તથા તેના નામથી ઓળખાતા ત્રણ પત્રો તેમ જ 'પ્રકટીકરણ' લખ્યાં છે. રોમન બાદશાહ ડોમિશ્યને તેને એજિયન સમુદ્રના ઉજ્જડ ટાપુમાં દેશનિકાલ કર્યો હતો. અને ટ્રાજન બાદશાહે ગાદી હાથ પર લીધી એવામાં (ઈ.સ. ૯૮માં) તેને મુક્ત કરવામાં આવ્યો. આ ટાપુ પર તેણે પ્રકટીકરણ લખ્યું.

**લખવાની તારીખ :**

કેટલાક દલીલબાજો એક વખતે એમ કહેતા હતા કે બીજી સદીની અધવચમાં કોઈકે આ લખી. પણ એ બરાબર નથી. પણ રાઈલેન્ડ પાપીરસના લખાણો મળી આવ્યા પછી એમ માનવામાં આવે છે કે એ ઈ.સ. ૮૫-૯૦માં લખવામાં આવી હશે. વળી યોહાન ૫:૨ પરથી કેટલાક અનુમાન કરે છે કે યરુશાલેમ શહેરનો હજી નાશ થયો (ઈ.સ. ૭૦) નહોતો, એટલે ઈ.સ. ૭૦ પહેલાં આ સુવાર્તા લખાઈ હશે.

**લખવાનું પ્રયોજન :**

યોહાને આ સુવાર્તા લખવાનું પ્રયોજન આ પ્રમાણે આપ્યું છે (૨૦:૩૧) : "પણ ઈસુ તે જ ખ્રિસ્ત, ઈશ્વરનો દીકરો છે, એવો તમે વિશ્વાસ કરો; અને વિશ્વાસ કરીને તેના નામથી જીવન પામો, માટે આટલી વાતો લખેલી છે."

**સુવાર્તાની વિશિષ્ટતાઓ :**

ઈસુના કૃત્યો કરતાં ઈસુના શબ્દો અહીં વધારે આપ્યા છે. ઈશ્વરવિદ્યાથી ભરપૂર છે. ઈસુને 'ઈશ્વરપુત્ર' તરીકે વધુ ઝોક આપ્યો છે. માથ્થીની વંશાવળી દાવિદ રાજાથી શરૂ કરી છે, કારણ, ઈસુને રાજા તરીકે વર્ણવ્યા છે. લૂકની સુવાર્તાની વંશાવળી આદમથી આપી છે. કારણ, ઈસુને 'માણસના દીકરા' તરીકે રજૂ કર્યા છે. જ્યારે યોહાનમાં વંશાવળી છેક આદિથી એટલે કે ઈશ્વરથી શરૂ કરી છે (૧:૧, ૨). કારણ, ઈસુને 'ઈશ્વર પુત્ર' તરીકે દર્શાવ્યા છે (૧:૩૪, ૩૯). એમને

ઈશ્વરે મોકલ્યા હતા (૩:૨, ૬:૪૬ ઈ.) અને ઈશ્વરપિતાએ જે સંદેશો આપ્યો તે જ ઈસુએ લોકોને આપ્યો (૩:૩૪, ૭:૧૬-૧૭ ઈ.). આ સુવાર્તાના હેતુ પ્રમાણે જ "વિશ્વાસ", "માનવું", "જીવન" વપરાયા છે; અને ઈસુના ખિતાબો "દીકરો", ઈશ્વરનો દીકરો" ઇત્યાદિ આ સુવાર્તામાં વધુ વખત વપરાયા છે. 'સાચુ', 'સત્ય', 'પ્રેમ', 'સાક્ષી' અને'જગત' એ શબ્દો પણ અહીં વધુ વપરાયા છે. બીજી સુવાર્તાઓમાં 'ખચીત' આપ્યું છે, જ્યારે યોહાનમાં જ 'ખચીત, ખચીત' (૧:૫૧, ૫:૧૯, ૨૪, ૨૫ ઇ.) વાપર્યું છે. 'દુનિયાનો તારનાર' (૪:૪૨), અને 'પ્રભુ અને ઈશ્વર' પણ આ સુવાર્તાનો વિષય છે.

પ્રભુ ઈસુનાં પ્રભુ તરીકેનાં ચિહ્નો "હું છું" પણ અહીં પુષ્કળ પ્રમાણમાં આપ્યાં છે : 'જીવનની રોટલી હું છું' (૬:૩૫), 'જગતનું અજવાળું હું છું' (૮:૧૨), 'ઘેટાંનું બારણું હું છું' (૧૦:૭, ૯, ૧૧, ૧૪), 'પુનરુત્થાન તથા જીવન હું છું' (૧૧:૨૫), 'માર્ગ, તથા સત્ય તથા જીવન હું છું' (૧૪:૬), 'હું ખરો દ્રાક્ષાવેલો છું' (૧૫:૧, ૫). વળી ૪:૨૪, ૨૬,, ૮:૨૪, ૨૮,. ૫૮, ૧૩:૧૯ એ કલમોમાંનાં 'હું છું' પ્રભુ ઈસુને જૂના કરારના 'યહોવા' તરીકે ઓળખાવે છે. મોશે (મૂસા)એ જ્યારે પ્રભુને કહ્યું કે લોકો પૂછે કે 'તને કોણે મોકલ્યો છે?" ત્યારે પ્રભુએ (યહોવાએ) કહ્યું કે કહેજે કે "મને 'હું છું'એ મોકલ્યો છે." એમ યોહાનની સુવાર્તાનો 'હું છું' એ સનાતન પુત્ર અગર પ્રભુ (યહોવા) છે.

સુવાર્તાની ગૂંથણી, બાંધણી અને શૈલી બીજી ત્રણ કરતાં જુદી છે. આ સુવાર્તામાં કોઈ દૃષ્ટાંત આપ્યું નથી. અહીં ફક્ત સાત જ ચમત્કારો આપ્યા છે, જેમાંના પાંચ બીજી કોઈ સુવાર્તામાં આપ્યા નથી. (૧) પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો (૨:૧-૧૧) (૨) એક અમીરના દીકરાને સાજો કર્યો (૪:૪૬-૫૪); (૩) પક્ષઘાતીને સાજો કર્યો (૫:૧-૧૮); (૪) પાંચ હજાર કરતાં વધારેને જમાડ્યાં (૬:૬-૧૩); (૫) પાણી પર ચાલ્યા (૬:૧૬-૨૧); (૬) આંધળાને દેખતો કર્યો (૯:૧-૭); (૭)

લાજરસને સજીવન કર્યો (૧૧:૧-૪૫). નવા જન્મ વિશે આ જ સુવાર્તામાં આપવામાં આવ્યું છે.

યોહાને સુવાર્તા લખી ત્યારે 'જ્ઞાનવાદીઓ' (ગ્નૉસ્ટિક્સ) એમ કહેતા હતા કે, ઈસુ ખરેખરા માનવ નહોતા; તેઓ માત્ર ઈશ્વર હતા, એટલે એમને થાક, ભૂખ, તરસ, વેદના, ઇત્યાદિ લાગતાં જ નહોતાં. આ 'જ્ઞાનવાદ' સામે લાલ બત્તી ધરતાં યોહાને આ સુવાર્તામાં સ્પષ્ટ કર્યું છે કે ઈસુને ખરેખર ભૂખ, તરસ, થાક, ઊંઘ, વેદના લાગતાં હતાં, અને તે સાચોસાચ મૃત્યુ પણ પામ્યા હતા.

**રૂપરેખા**

I. શરૂઆત : ઈસુ ઈશ્વરનો શબ્દ. ૧:૧-૧૪.

II. યોહાન બાપ્તિસ્તની સાક્ષી. ૧:૧૫-૩૪.

III. પ્રભુ ઈસુની જાહેર સેવા. ૧:૩૫-૧૨:૫૦.

IV. પ્રભુ ઈસુનો અંગત વાર્તાલાપ અને સંભાષણ. ૧૩:૧-૧૭:૨૬.

V. પ્રભુ ઈસુનો ન્યાય અને મૃત્યુ. ૧૮:૧-૧૯:૪૨.

VI. પ્રભુ ઈસુનું સજીવન થવું. ૨૦:૧-૩૧.

VII. પ્રભુ ઈસુના પુનરૂત્થાન તથા સ્વર્ગારોહણ વચ્ચેના દિવસો. ૨૧:૧-૨૫.

## પ્રેરિતોના કૃત્યો

**પ્રસ્તાવના**

**લેખક :** લૂકની સુવાર્તાનો લેખક "વહાલો વૈદ લૂક" (કલોસી. ૪:૧૪, ફિલેમોન ૨૪) પોતે આ 'પ્રેરિતોનાં કૃત્યો'નો લેખક હતો. પુસ્તકમાં તેણે વારંવાર "અમે" અને "અમને" શબ્દો વાપર્યા છે.

(૧૬:૧૦-૧૭, ૨૦:૫-૨૧:૧૮, ૨૭:૧-૨૮:૧૬). એ સ્પષ્ટ બતાવે છે કે લૂક આ પુસ્તકનો લેખક હતો. વારંવાર વાપરેલા વૈદકીય શબ્દો (૧:૧૩, ૩:૭, ૯:૧૮, ૩૩, ૧૩:૧૧, ૨૮:૧-૧૦) દર્શાવે છે કે ડૉ. લૂક આનો લેખક હતો. પાઉલની મુસાફરીમાં લૂકનું નામ પણ સાથીદાર તરીકે આપવામાં આવ્યું છે. (૧૬:૧૨, ૨૦:૫). બીજા તિમોથી ૪:૧૧ પરથી આપણે જોઈ શકીએ છીએ કે પાઉલ જ્યારે રોમમાં બંદી હતો ત્યારે લૂક તેની સાથે હતો.

માસિડોનિયાથી આવેલા તેડામાં પાઉલ સાથે લૂક હતો, અને લૂકે ફિલિપ્પીમાં સુવાર્તાની સેવા છ વર્ષ સુધી સાચવી હતી, અને પાઉલ રોમમાં ભાડાના ઘરમાં નજરકેદમાં હતો, ત્યારે લૂક તેની સાથે હતો.

**ક્યારે લખાયું ?**

પાઉલ રોમની પ્રથમ વારની કેદમાંથી મુક્ત થયો, એ અરસામાં આ પુસ્તક લખાયું હશે (૨૮:૩૦), એટલે એ થઈ ઈ.સ. ૬૩ની સાલ. એથી પાછળના સમયમાં લખાયાની શક્યતા નથી, કેમ કે યરુશાલેમનો હજી નાશ થયો નથી (ઈ.સ. ૭૦), રોમની આગ વિશે પણ ઉલ્લેખ નથી, પાઉલની શહીદી વિશે પણ કોઈ અણસાર કે ઈશારો નથી.

**પુસ્તકનો ઈતિહાસગાળો :**

પ્રભુ ઈસુના સજીવન થયાના સમયથી માંડીને પાઉલ રોમમાં પ્રથમ વખત બંદી તરીકે રહ્યો તે બે વર્ષના ગાળાના અંત સુધીનો સમય આ પુસ્તકમાં આવરી લેવામાં આવ્યો છે, એટલે લગભગ ૩૦ થી ૩૧ વર્ષનો ઈતિહાસ આ પુસ્તકમાં સમાયેલો છે.

આ ઈતિહાસના તેમ જ આ પુસ્તકના સ્પષ્ટ બે ભાગ પાડી શકાય: અધ્યાય ૧-૧૨માં પિતર મુખ્ય પાત્ર છે, અને યરુશાલેમ પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે, અને આ ગાળા દરમિયાન સુવાર્તા મુખ્યત્વે યહૂદીઓ મધ્યે ફેલાવવામાં આવી છે, અને શરૂઆતની મંડળી મોટે ભાગે યહૂદીઓની બનેલી હતી. અધ્યાયો ૧૩થી ૨૮માં મુખ્ય પાત્ર પાઉલ છે, અંત્યોખ

શહેર મિશનેરી પ્રવૃતિનું કેન્દ્ર છે, અને સુવાર્તા મુખ્યત્વે વિદેશીઓને જાહેર કરવામાં આવે છે, અને મંડળીમાં વિદેશીઓની સંખ્યા વધતી જાય છે.

પહેલા ભાગમાં છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં સ્તેફનની વાત આવે છે, આઠમા અધ્યાયમાં ફિલિપ સુવાર્તિક અને હબસી ખોજાની વાત આવે છે, અને નવમા અધ્યાયમાં પાઉલના બદલાણ વિશે આપ્યું છે. વળી કાઈસારિયાના કર્નેલિયસ અને દમસ્કના અનાન્યાનાં બયાન આપવામાં આવ્યાં છે. આમ છતાં પહેલા બાર અધ્યાયમાં પિતર, યરુશાલેમ અને યહૂદીઓમાં સુવાર્તાપ્રચાર કેન્દ્રસ્થાને છે.

તેરથી-અઠ્ઠાવીસમા અધ્યાયોમાં પ્રથમ, પાઉલ અને બાર્નાબાસ, એ પછી પાઉલ અને સિલાસ ક્રિત, ગલાતિયા, સિલિસિયા (કિલકિયા), એ પછી માસિડોનિયા, પાછા યરુશાલેમ અને પાછા કાઈસારિયા, અને છેલ્લે રોમ. એમ યુરોપના ખૂણા ખૂણાઓમાં સુવાર્તાપ્રચાર કરે છે. પણ બધામાં પાઉલ કેન્દ્રીય વ્યક્તિ બની રહે છે. તે જ્યાં જ્યાં જાય છે, ત્યાં પ્રથમ યહૂદીઓમાં જાય છે, પણ એની સુવાર્તાપ્રચારની સેવા મુખ્યત્વે વિદેશીઓમાં છે.

લૂકે પોતાની સુવાર્તામાં પ્રભુ ઈસુએ પૃથ્વી પર રહીને કરેલી સેવા રજૂ કરી છે, જ્યારે પ્રેરિતોના કૃત્યોમાં પ્રભુ ઈસુએ પવિત્ર આત્મા દ્વારા જે સેવાઓ કરાવી અને શિક્ષણ આપ્યું તે વર્ણવ્યું છે. આ પુસ્તકને ઘણી વાર "પવિત્ર આત્માનાં કૃત્યો" પણ કહેવામાં આવે છે. બીજા અધ્યાયમાં પવિત્ર આત્માના ઉતરાણ પછી આખા પુસ્તકમાં પરાક્રમી કામો થતાં જોવામાં આવે છે. 'પવિત્ર આત્મા' નામ પુસ્તકમાં પચાસથી વધુ વખત વાપરવામાં આવ્યું છે. લોકો પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામે છે, પવિત્ર આત્માથી ભરપૂર થાય છે, અને પવિત્ર આત્માથી દોરવાય છે. નવા કરારના પત્રો સમજવા, મંડળીનું બંધારણ અને વ્યવસ્થા સમજવા આ પુસ્તક સુવાર્તાઓ અને પત્રો વચ્ચે પુલરૂપ બની રહે છે. જે બધા

ધર્મસિદ્ધાંત પત્રોમાં વિકસિત રૂપમાં જોવા મળે છે એ બધા ધર્મસિદ્ધાંત પ્રેરિતોના કૃત્યોમાં બીજરૂપે છે.

રૂપરેખા

I શરૂઆત. ૧:૧-૨૬.

II પવિત્ર આત્મા વિશ્વાસીઓ પર આવે છે. ૨:૧-૧૧:૧૮.

III વિદેશીઓની પ્રથમ મંડળી. ૧૧:૧૯-૩૦.

IV વચગાળામાં સતાવણી ચાલુ છે. ૧૨:૧-૨૫.

V પહેલી સદીની મિશનેરી પ્રવૃત્તિઓ. ૧૪:૧-૨૮:૩૧.

## રોમનોને પત્ર

**લેખક :** આ પત્રનો લેખક પ્રેરિત પાઉલ હતો એ તો અંદર જ (૧:૧) આપ્યું છે. પાઉલે નીચેના ક્રમાનુસાર પત્રો લખ્યા : પહેલો અને બીજો થેસ્સાલોનિકા, પહેલો અને બીજો કોરિંથીઓ, ગલાતી, રોમન, ફિલેમોન, કલોસ્સીઓ, એફેસીઓ, ફિલિપ્પીઓ, પહેલો તિમોથી, તિતસ અને બીજો તિમોથી. પણ બાઈબલમાં એ અનુક્રમ પ્રમાણે પત્રો આપ્યા નથી. હિબ્રૂઓને પત્રનો લેખક કોણ હતો તે ખબર નથી, કેટલાક અભ્યાસકો માને છે કે એ પણ પાઉલે લખ્યો હતો. 'રોમનોને પત્ર'ને પહેલું સ્થાન આપવામાં આવ્યું છે તે બરાબર છે, કેમ કે ખ્રિસ્તી ધર્મનાં કેન્દ્રીય સત્યો અને સિદ્ધાંતોને એમાં પૂરેપૂરાં છણવામાં આવ્યાં છે.

**રોમમાંની મંડળી :**

રોમની મંડળી ન તો પાઉલે ન તો પિતરે બાંધી હતી. કદાચ પચાસમાના દિવસે જેમનાં બદલાણ થયાં તેમાંના કેટલાકે રોમમાં આવીને સુવાર્તાપ્રચાર કર્યો હશે. તેઓ અને બીજા કેટલાક મળીને આ મંડળી બંધાઈ હશે. અથવા પાઉલ કે બીજા કોઈ પ્રેરિતો દ્વારા બદલાણ

પામેલાઓએ આ મંડળી સ્થાપી હશે. એના સભાસદો વિશેષ કરીને વિદેશીઓમાંથી થયેલા ખ્રિસ્તીઓ હતા (૧:૧૩, ૧૧:૧૩, ૧૫:૫-૬). પાઉલ અગાઉ કદી રોમ ગયો નહોતો, પણ ત્યાં ખ્રિસ્તમાંનાં ઘણાંને તે ઓળખતો હતો. અધ્યાય ૧૬માં કેટલાં બધાંને તે સલામ પાઠવે છે ! એમાં પિતરનું નામ નથી, એટલે તે રોમમાં નહિ હોય !

**પત્ર લખવાનું પ્રયોજન :**

આ મંડળીની સેવા કરવાની પાઉલની ભારે ઉત્કંઠા હતી. આ મંડળી તે સમયના જગતમાં જાણીતી બની હતી (૧:૮). આ ભાવિ મુલાકાતની પૂર્વતૈયારી રૂપે આ પત્ર પાઉલે પાઠવ્યો હતો (૧૫:૧૪-૧૭). પાઉલે કોરિંથમાંથી આ પત્ર લખ્યો. પાલેસ્તાઈનના ગરીબોના લાભાર્થે તે ત્યાં દાન ઉઘરાવતો હતો (૧ કોરિંથી ૧૬:૧-૩). એની ઈચ્છા હતી કે એકત્ર કરેલું દાન લઈ તે યરુશાલેમ જાય. અને એમ એ યરુશાલેમ ગયો પણ ખરો. ત્યાંથી તે રોમ અને સ્પેન જવા ઈચ્છા રાખતો હતો (૧૫:૨૪), પણ યરુશાલેમના યહૂદીઓએ એની સામે પુષ્કળ ધાંધલ મચાવ્યું, અને પાઉલની ધરપકડ થઈ. આથી સંજોગો બદલાઈ ગયા. પાઉલ આખરે કેદી તરીકે રોમ લઈ જવાયો. કોરિંથ પાસે આવેલી કેંન્ક્રિયાની મંડળીની સભ્ય ફેબીએ (૧૬:૧) કદાચ આ પત્ર રોમ પહોંચાડયો હશે.

**તારીખ :**

કોરિંથની છેલ્લી મુલાકાત વખતે એટલે ઈ.સ. ૫૭ કે ૫૮માં પાઉલે આ પત્ર લખ્યો હશે.

**પત્રમાંનું લખાણ :**

પાઉલના બીજા પત્રોમાં ત્યાંની મંડળીઓના પ્રશ્નો, કેટલીક શિખામણ વગેરે જોવામાં આવે છે, જ્યારે આ અસામાન્ય પત્ર છે, ધર્મસિદ્ધાંતોથી ભરેલો છે. વિશ્વાસ દ્વારા જ ન્યાયી ઠરી શકાય છે એની પદ્ધતિસર છણાવટ કરી છે. (૧) વિશ્વમાં સૌ કોઈ પાપી છે (૩:૯-૨૩); (૨) ખ્રિસ્ત પરના વિશ્વાસથી ઉદ્ધાર છે (૩:૨૪); (૩) પ્રાયશ્ચિત

(૩:૨૫); (૪) વિશ્વાસ (અધ્યાય ૪); (૫) મૂળ પાપ (૫:૧૨); (૬) ખ્રિસ્ત સાથે ઐક્ય (અધ્યાય ૬); (૭) ઇઝરાયલની પસંદગી, પણ નકારાયા (અધ્યાય ૯-૧૧); (૮) આત્મિક દાનો (૧૨:૩-૮); અને (૯) સરકારનું માન સાચવવા વિશે (૧૩:૧-૧૭). ઈશ્વરનું ન્યાયીપણું આખા પુસ્તકનું આધારવચન છે.

**રૂપરેખા**

I રોમની મંડળીને પાઉલ સલામ પાઠવે છે. ૧:૧-૧૭.

II દુનિયામાં સૌ કોઈ પાપી છે. ૧:૧૮-૩:૨૦.

III વિશ્વાસ દ્વારા જ ન્યાયી ઠરી શકાય છે. ૩:૨૧-૫:૧૧.

IV મનમાં વસતા પાપનો ઇલાજ પ્રભુ ઈસુ છે. ૫:૧૨-૭:૨૫.

V જેઓમાં પવિત્ર આત્મા વસે છે, અને જેઓ પવિત્ર આત્મા દ્વારા દોરવાય છે, તેઓ જ સાચી રીતે સહીસલામત છે. ૮:૧-૩૯.

VI યહૂદીઓ અત્યારે આંધળા બન્યા છે; એમાંયે ઈશ્વરની આપણે માટે કૃપા છે. ૯:૧-૩૩.

VII માણસનું ન્યાયીપણું નિષ્ફળ નીવડે છે; જેઓ સર્વ હાંક મારે છે તે ઉદ્ધાર પામે છે. ૧૦:૧-૨૧.

VIII યહૂદીઓ આંધળા કરાયા છે; વિદેશીઓ કલમ કરાયા છે. ૧૧:૧-૩૬.

IX ખ્રિસ્તીઓને શિખામણ. ૧૨:૧-૧૪:૨૩.

X રોમમાં ભવિષ્યમાં પાઉલના આવવા વિશે. ૧૫:૧-૩૩.

XI. પાઉલની ઘણાં બધાંને (લગભગ ૨૬ જણને) સલામી. ૧૬:૧-૨૭.

# કોરિંથીઓને પહેલો પત્ર

**કોરિંથ શહેર :**

ગ્રીસ દેશનું મોટું વેપારનું શહેર હતું. પૂર્વ અને પશ્ચિમના દેશો વચ્ચે વેપારની લેવડદેવડ માટેનું મોટું ધામ હતું. કેંખ્રિયા એનું પૂર્વીય બંદર હતું (રોમન ૧૬:૧), અને પશ્ચિમી બંદર લેખાઈમ હતું. શહેરથી પાંચ માઈલ દૂર આવેલી સંયોગીભૂમિ દ્વારા બંદરીય માલસામાન ખસેડવામાં શહેરને જંગી આવક મળતી હતી. હાલમાં તો ત્યાં મોટી કેનાલ ખોદીને તે મારફતે માલસામાનની હેરફેર કરવામાં આવે છે. (ઈ.સ. ૧૮૮૧-૮૩). જૂના સમયથી એફ્રોદિતનું એ પૂજાધામ છે. એક વખતે કોરિંથનું તાબું, જસત અને માટીકામ પ્રખ્યાત હતાં. પાછળથી (ઈ.પૂ. ૪૬)એ અખાયાનું પાટનગર બન્યું. ઈ.સ. ૧૮૫૮માં એક ભયંકર ધરતીકંપે શહેરનો નાશ કર્યો. એ પછી જૂના શહેરથી ૩.૫ માઈલ દૂર નવું શહેર બાંધવામાં આવ્યું.

**કોરિંથની મંડળી :**

પાઉલે કોરિંથમાં મંડળી બાંધી હતી. પાઉલ કોરિંથમાં દોઢ વર્ષ સુધી રહ્યો હતો. (પ્રે.કૃ. ૧૮:૧, ૧૧). ઘણા કોરિંથીઓએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો.

**પત્રનો લેખક :**

પાઉલ આ પત્રનો લેખક છે એમ પહેલી સદીથી જ મનાતું આવ્યું છે. પહેલી -બીજી સદીના ધર્મપિતૃઓ એ વાતને ટેકો આપતા આવ્યા છે, એમાં આગેવાન ધર્મપિતૃઓ રોમનો ક્લેમેન્ટ, દિદાખે, ઈગ્નેશિયસ, પોલિકાર્પ, હેરમાસ, જસ્ટીન મારટયર, આથેના ગોરસ વગેરે છે. આંતરિક પુરાવા પણ સબળ છે : ૧:૧, ૩:૪, ૬:૨૨, ૧૬:૨૧.

**પત્ર લખવાનું કારણ અને તારીખ :**

કેટલાક પ્રશ્નો પૂછતો એક કાગળ કોરિંથની મંડળી તરફથી પાઉલ

ઉપર આવ્યો હતો. પ્રશ્નો હતા : લગ્ન બાબતના અને મૂર્તિઓને ધરેલા ખોરાક ખાઈ શકાય કે કેમ (૧ કોરિં. ૭:૧, ૮:૧-૧૩). આ પ્રશ્નોના જવાબ આપતાં મંડળીની બીજી કેટલીક બાબતો વિશે પણ તેણે લખ્યું : મંડળીમાં પડેલા ભાગલા; આંતરિક ઝઘડા અને અમુક પાપનો નિકાલ કરવા મંડળીએ હજી કંઈ પગલું લીધું નથી તે વિશે (૧ કોરિં. ૧:૧૦-૧૨, ૫:૧). શહેરની ભયંકર નૈતિક પતિતતાનું મંડળીના સભ્યોને ભારે આકર્ષણ રહેતું. આત્મિક દાનો, ભાષા દાન વિષે પણ પાઉલે લખ્યું (૧ કોરિં. ૧૪:૧-૨૮). પુનરુત્થાન વિશે ફેલાતી ખોટી માન્યતા વિશે પણ લખ્યું (અધ્યાય ૧૫મો).

પત્ર એફેસસથી લખવામાં આવ્યો (૧ કોરિં. ૧૬:૮, ૯). એફેસસમાં પાઉલની ત્રણ વર્ષની સેવા વખતે આ પત્ર લખાયો (પ્રે.કૃ. ૨૦:૩૧, સરખાવો ૧૯:૮-૨૨). મોટે ભાગે ઈ.સ. ૫૪ કે ૫૫માં પત્ર લખાયો. કેટલાક માને છે કે ૫૯માં લખાયો.

**રૂપરેખા**

પ્રાસ્તાવિક લખાણ. ૧:૧-૯.

ભાગ I તેઓમાંના ભાગલા માટે ધમકાવ્યા. ૧:૧૦-૪:૨૧.

ભાગ II તેઓની દૈહિક વાસનાઓના પ્રશ્નો. અધ્યાય ૫-૭.

૧. વિધર્મીઓમાં પણ ન હોય એવા ભ્રષ્ટ વ્યભિચારનો ચુકાદો. ૫:૧-૧૩.
૨. વિધર્મી કચેરીઓમાં ન્યાય માગવા જવું. ૬:૧-૧૧.
૩. વ્યભિચાર અને શરીરની પવિત્રતા. ૬:૧૨-૨૦.
૪. લગ્ન અને ફારગતી. અધ્યાય ૭મો.

ભાગ III મૂર્તિને ધરેલા ખોરાકનો પ્રશ્ન. ૮:૧-૧૧:૧.

૧. સામાન્ય સિદ્ધાંત યા ધોરણ. અધ્યાય ૮મો.
૨. સહનશીલતાની આચારસંહિતા, અધ્યાય ૯મો.

૩. જૂના સમયના ઈઝરાયલ લોકોનો દાખલો. ૧૦:૧-૧૩.

૪. મૂર્તિપૂજા માટે ઠપકો. ૧૦:૧૪-૨૨.

૫. ખ્રિસ્તી સ્વતંત્રતા. ૧૦:૨૩-૧૧:૧.

ભાગ IV જાહેર ભજનસેવાનો પ્રશ્ન ૧૧:૨-૧૪:૪૦.

૧. જાહેર ભજનસેવા વખતે સ્ત્રીઓનો પોશાક. ૧૧:૨-૧૬.

૨. પ્રભુભોજનમાં વ્યવસ્થાનું ધોરણ. ૧૧:૧૭-૩૪.

૩. આત્મિક દાનોનું નિયમન. અધ્યાયો ૧૨ થી ૧૪.

ભાગ V પુનરુત્થાનનો સિદ્ધાંત. અધ્યાય ૧૫મો.

ભાગ VI કેટલીક વ્યવહારુ શિખામણ ૧૬:૧-૮.

સમાપ્તિ : ૧૬:૧૯-૨૪.

## કોરિંથીઓને બીજો પત્ર

**પત્રનું પ્રયોજન :**

કોરિંથીઓને પહેલો પત્ર મોકલ્યા પછી પાઉલને સમાચાર મળ્યા કે યહૂદીઓમાંથી થયેલા કેટલાક ખ્રિસ્તીઓએ મંડળીમાં ભારે વિરોધ જગાવ્યો છે. આથી પાઉલે જાતે કોરિંથ જવું પડયું અને મંડળીને જરૂરી શિખામણ અને સૂચનો આપ્યાં. શક્ય છે કે મંડળીમાં કેટલાકે પાઉલનો ઉપહાસ કર્યો હોય. ગમે તેમ પણ પાઉલે એફેસસ પાછા આવ્યા પછી એક કડક કાગળ લખીને તિતસની મારફતે કોરિંથની મંડળીને મોકલ્યો. તિતસ પાછો આવે ત્યાર પહેલાં એફેસસમાં પરિસ્થિતિ વણસી, ને પાઉલને જાન બચાવવા એફેસસથી નાસી જવું પડયું.

પાઉલ ત્રોઆસ ગયો, પણ કોરિંથની મંડળીના સમાચાર પામવા તે અધીરિયો બન્યો હતો, એટલે માસિડોનિયા (મકદોનિયા)માં આવીને

તિતસને મળ્યો, - કદાચ ફિલિપ્પીમાં મળ્યો હશે. કોરિંથ વિશેના સારા સમાચાર તેને મળ્યા. એટલે પાઉલે આ પત્ર (કોરિંથીઓને બીજો પત્ર) લખ્યો, અને તિતસ તથા બીજાઓની સાથે કોરિંથ મોકલી આપ્યો.

**પત્રનું મૂલ્યાંકન :**

પોતે જેમને ખ્રિસ્તની પાસે આણ્યા છે તેઓ માટે પાઉલના હૃદયમાં કેટલી બધી લાગણી છે એ આ પત્રમાં બતાવવામાં આવ્યું છે. કોરિંથના ખ્રિસ્તીઓ માટે પાઉલના હૃદયમાં કેટલી લાગણીઓ ઉછળતી હતી, અને એનો પ્રેમ છલકાતો હતો તે બધું આ પત્રમાં જોવા મળે છે. બીજું આ પત્રમાં જોવા મળે છે કે તે એ કે ખ્રિસ્તી ધર્મસેવા કેટલી બધી ઉન્નત અને ગૌરવશીલ છે, અને એનો પડકાર કેવો મહાન છે એ પાઉલે પોતાના દાખલાથી બતાવી આપ્યું છે. પોતાને આ સેવાનું કેવું ઉંચું તેડું મળ્યું છે, અને એ સેવા કેવી મહિમાવંત છે એ પણ પાઉલે આ પત્રમાં બતાવ્યું છે. એ જણાવે છે કે ઈશ્વર તરફથી આ દૈવી તેડું તેને મળ્યું છે, અને પોતે ઊંડા ભક્તિભાવથી એનો સ્વીકાર કર્યો છે. પાઉલને આટલા બધા કષ્ટ પડયાં, ત્રાસ વેઠવો પડયો, માર ખાવો પડયો અને વિરોધો સહન કરવા પડયા, પણ એ બધાંની ઉપરવટ ખ્રિસ્તમાંનો એનો વિજય ઝળહળી રહેલો જોવા મળે છે.

**લખાયા તારીખ :**

કોરિંથીઓને લખાયેલા પહેલા પત્ર પછી થોડાજ સમયમાં લખાયો હશે; કદાચ ઈ.સ. ૫૬માં પાઉલ માસિડોનિયા આવ્યો ત્યાંથી આ પત્ર લખ્યો (સરખાવો ૨:૧૩, ૭:૫-૭, ૮:૧, ૯:૨-૪).

**રૂપરેખા**

૧. પ્રાસ્તાવિક પોતાની અંગત સાક્ષી. ૧:૧-૨:૧૩.

૨. ખ્રિસ્તી ધર્મસેવાનો મહિમા. ૨:૧૪-૭:૧૬.

૩. (દાન) આપવાની ધર્મસેવાનો મહિમા. ૮:૧-૯:૧૫.

૪. ખ્રિસ્તી ધર્મસેવાના મહિમાની તરફદારી. ૧૦:૧-૧૩:૧૪.

## ગલાતીઓને પત્ર

**ગલાતિયા પ્રદેશ :**

એશિયા માઈનર નામના મોટા દ્વીપકલ્પની મધ્યમાં ગલાતિયાનો વિસ્તાર આવ્યો હતો. એ રોમનોના હાથ નીચેનો પ્રાંત હતો. એના મૂળ વતનીઓ ફ્રીગીઓ હતા, અને તેઓ પ્રકૃતિપૂજકો એટલે કે કુદરતનાં વાનાંના પૂજકો હતા. પાઉલે પોતાની પહેલી મુસાફરી વખતે આવતાં અને જતાં આ ગલાતિયાના પ્રદેશની મુલાકાત લીધી હતી, અને એ પ્રદેશમાં કેટલીક મંડળીઓ સ્થાપી હતી. (પ્રે.કૃ. ૧૩:૫૧, ૧૪:૮, ૨૦). આઈકોનિયમ, લુસ્ત્રા, અને દેર્બે દક્ષિણ ગલાતિયામાં આવ્યાં હતાં. પાઉલની બીજી મિશનેરી મુસાફરીમાં પવિત્ર આત્માએ એ વિસ્તારમાં ઉપદેશ ન કરવા ફરમાવ્યું હતું (પ્રે.કૃ. ૧૬:૬).

આ ગલાતિયા વિસ્તારમાં ઘણી મંડળીઓ આવેલી હતી, અને એ મંડળીઓ પર પાઉલે આ સંયુક્ત પત્ર લખ્યો હતો. અને એ વિસ્તારમાં મિશ્ર પ્રજા રહેતી હતી. જેમ બીજે કેટલેક ઠેકાણે હતું તેમ આ મંડળીઓમાં ઘણા યહૂદીઓ હતા.

**પત્રનું પ્રયોજન :**

ગલાતિયાની મંડળીઓને માથે આ સમયે બે ભય ઝઝૂમેલા હતાઃ (૧) એક તો, ભિન્ન ભિન્ન લોકોને લીધે સિદ્ધાંતોની શુદ્ધતા જળવાઈ નહોતી, અને (૨) બીજું કે ખ્રિસ્તી વર્તન પણ ઊણું ઊતરતું હતું. કેટલાક આવેલા લોકોએ ખ્રિસ્તની સુવાર્તાને બદલી નાંખી હતી (૧:૭, ૫:૧૦). તેઓ કહેતા કે ઉદ્ધાર ખ્રિસ્ત પરના વિશ્વાસથી છે, પણ સાથે સાથે કામોની પણ એમાં જરૂર છે. યહૂદીઓમાં થયેલા ખ્રિસ્તીઓએ નિયમશાસ્ત્ર અને એ દ્વારાના આચરણો પર ભાર મૂક્યો હતો, અને

ગલાતીઓએ આ અવળી 'સુવાર્તા' (?)નો સ્વીકાર પણ કર્યો હતો. (૧:૬, ૩:૧). હવે તેઓ દિવસો, મહિનાઓ, વર્ષો, અમુક પર્વો પાળવા પર ભાર મૂકતા હતા (૪:૧૦). કૃપા સાથે નિયમશાસ્ત્ર જોડવા સામે પાઉલે તેઓની સખત ઝાટકણી કાઢી, અને દાખલો આપ્યો કે મોશેને નિયમશાસ્ત્ર આપવામાં આવ્યું તે પૂર્વે ૪૩૦ વર્ષ પર અબ્રાહમ વિશ્વાસથી ન્યાયી ઠર્યા હતા.

કેટલાક કહેતા હતા કે વિશ્વાસીઓ જો નિયમશાસ્ત્રને પાળે તો તેઓ આત્મિક બાબતે જલદી પ્રૌઢ બની જાય છે ! એની સામે પાઉલે દલીલ રજૂ કરી છે કે પવિત્ર આત્માનું સામર્થ્ય વિશ્વાસીને આત્મિક રીતે પ્રૌઢ બનાવે છે, અને જીવનને આત્મિક રીતે સમૃદ્ધ કરે છે.

## રૂપરેખા

પ્રસ્તાવના. ૧:૧-૫.

ભાગ I. બચાવ તરીકે પાઉલનું સમર્થન. ૧:૬-૨:૨૧.

૧. સંજોગ. ૧:૬, ૭.
૨. એની (પાઉલની) સુવાર્તાનું અધિકારયુક્તપણું. ૧:૮-૧૦.
૩. સુવાર્તાનો દૈવી ઉદ્ભવ. ૧:૧૧-૨૪.
૪. એ સુવાર્તાની અધિકારયુક્ત મંજૂરી. ૨:૧-૧૦.
૫. પોતાના વર્તન વિશે ખુલાસો. ૨:૧૧-૨૧.

ભાગ II. સિદ્ધાંતોનું પ્રતિપાદન. અધ્યાય ૩ અને ૪.

૧. ગલાતીઓની ગલતભરી વર્તણૂક. ૩:૧-૫.
૨. અબ્રાહમનો નમૂનો. ૩:૬-૯.
૩. નિયમશાસ્ત્રમાંથી ખ્રિસ્તે આપણો છુટકારો કર્યો. ૩:૧૦-૧૪.
૪. નિયમનો હેતુ. ૩:૧૫-૧૮.

૫. વચન અને નિયમનો સંબંધ. ૩:૧૯-૨૨.

૬. વિશ્વાસ નીચેની સ્થિતિ નિયમ તળેની સ્થિતિ કરતાં ઉચ્ચતર છે. ૩:૨૩-૪:૧૧.

૭. પાઉલ અને ગલાતીઓ ૪:૧૨-૨૦.

૮. બે કરારો. ૪:૨૧-૩૧.

ભાગ III. વ્યવહારું લાગુકરણ. ૫:૧-૬:૧૦.

૧. સ્વતંત્રતાના સાચા ઉપયોગ માટે ચેતવણી. ૫:૧-૧૫.

૨. આત્મિક ઉન્નતિનો માર્ગ. ૫:૧૬-૨૬.

૩. ધીરજ અને બંધુભાવ માટે બોધ. ૬:૧-૫.

૪. બીજાંઓ પ્રત્યે ઉદારવૃતિ માટે બોધ. ૬:૬-૧૦.

૫. યહૂદીઓમાંથી થયેલા ખ્રિસ્તીઓની માન્યતાઓથી ચેતતા રહેવું. ૬:૧૧-૧૬.

સમાપ્તિ. ૬:૧૭-૧૮.

## એફેસીઓને પત્ર

**એફેસસ :**

રોમન સૂબાના આસિયાનું માતબર શહેર હતું. એશિયા માઈનરની પશ્ચિમે આવેલું હતું. સ્મર્નાથી ૪૦ માઈલ (૬૪.૪ કિલોમીટર) વાયવ્ય ખૂણે આવેલું હતું. ઈ.સ. ૨૬૨માં ગોથ લોકોએ એનો નાશ કર્યો, ત્યાર પછી ફરીથી કદી એનો મહિમા પાછો આવ્યો નથી. એફેસસના લોકો ડાયેના દેવીની પૂજા કરતા હતા, અને એ દેવીનો ભારે મહિમા હતો. એનું મંદિર શહેરમાં જ હતું, અને તે વખતની દુનિયાની અજાયબીઓમાં આ મંદિર પણ હતું. ઈ. પૂર્વે ૩૫૬માં આ મંદિર આગમાં બળી ગયું, ત્યારે લોકોએ એ ફરીથી બાંધ્યું હતું.

આ શહેરમાં ઘણા બધા યહૂદીઓ હતા, અને ઓછી કે વત્તી રીતે તેઓ ખ્રિસ્તી ધર્મની અસરો નીચે આવ્યા હતા (પ્રે.કૃ. ૨:૯, ૬:૯) અહીં પાઉલે મંડળી સ્થાપી હતી, અને તિમોથી એનો બિશપ હતો. યુસેબિયસના લખવા પ્રમાણે સંત યોહાન જિંદગીના પાછલા ભાગમાં એફેસસમાં વસ્યો હતો, અને ઈસુની મા મરિયમને પણ તે અહીં પોતાની સાથે લાવ્યો હતો. ફિલિપ સુવાર્તિક અને તેની સાત દીકરીઓ પણ અહીં એફેસસમાં જ રહેતી હતી. તેઓ પ્રબોધિકાઓ હતી.

મંડળીની કાઉન્સિલ ઘણી વખત એફેસસમાં મળી હતી, એમાંની ત્રીજી એક્યુમેનિકલ કાઉન્સિલ (જૂન ૨૨- ઓગસ્ટ ૩૧, ઈ.સ. ૪૩૧માં) અહી મળી હતી. એ ભવ્ય અને માતબર શહેરની જગાએ અત્યારે તો ત્યાં નાનું તુર્કી ગામડું આવેલું છે, જે 'આયાસાલુક'ને નામે ઓળખાય છે.

**પત્રનો લેખક અને તારીખ :**

સૌથી ઉત્તમ એવો આ પત્ર એફેસસની મંડળી પર લખવામાં આવ્યો હતો (પ્રે.કૃ. ૧૯), પણ આસપાસની અન્ય મંડળીઓમાં પણ તે વંચાવવાનો હતો. પાઉલે ત્રણ વર્ષ ધર્મસેવામાં અહીં એફેસસમાં ગાળ્યાં હતાં. (પ્રે.કૃ. ૧૯:૮-૪૧). તેણે આ પત્ર રોમમાં જ્યારે તે બંદીવાન હતો ત્યારે ઈ.સ. ૬૧ કે ૬૨માં લખ્યો હતો. કેદખાનામાંથી આ પહેલો જ પત્ર તેણે લખ્યો હતો. અને અન્ય પત્રો-કલોસી અને ફિલેમોન સહિત તેણે એફેસસનો પત્ર પણ આસિયા મોકલી આપ્યો હતો.

**પત્રની કેટલીક નોંધપાત્ર બાબતો :**

ખ્રિસ્તમાં 'વિશ્વાસી'ની જે પદવી કે દરજ્જો છે તે વિશે આખા નવા કરારમાં ઉત્કૃષ્ટ રીતે આ પત્રમાં આપવામાં આવ્યું છે. **"ખ્રિસ્તમાં"** એ શબ્દ આ પત્રમાં ૧૩ વખત વાપરવામાં આવ્યો છે - મૃત્યુ, પુનરૂત્થાન, સ્વર્ગારોહણ, અને 'બાપને જમણે હાથે' - એ બધાંમાં

વિશ્વાસીનું **ખ્રિસ્તમાં** સ્થાન છે. (૧:૩-૧૪, ૨:૧-૧૦, ૨:૧૧-૨૨, ૩:૧૦-૧૩. વગેરે).

"કૃપા" શબ્દ પણ પત્રમાં ૧૩ વખત આવેલો છે. દા.ત. "ઈશ્વરની કૃપાની સુવાર્તા". "શરીર" શબ્દ આઠ વખત, ઇત્યાદિ.

**રૂપરેખા**

સલામી. ૧:૧-૨.

ભાગ I. વિશ્વાસીઓનો ખ્રિસ્તમાં દરજ્જો. ૧:૩-૩:૨૧.

૧. વિશ્વાસીના દરજ્જાનાં સ્થાનો. ૧:૧-૧૪.

૨. એ દરજ્જો યા પદવી હાંસલ કરવા જરૂરી વિશ્વાસ અને જ્ઞાન માટે પ્રાર્થના. ૧:૧૫-૨૧.

૩. ખ્રિસ્ત મંડળીનું શિર છે. ૧:૨૨-૨૩.

૪. વિદેશીઓના ઉદ્ધારની રીત. ૨:૧-૧૦.

૫. ખ્રિસ્તમાં યહૂદીઓ અને વિદેશીઓનું જોડાણ. ૨:૧૧-૧૮.

૬. મંડળી પવિત્ર આત્માનું મંદિર છે. ૨:૧૯-૨૨.

ભાગ II. મંડળી તે એક ખાસ દૈવી પ્રકટીકરણ છે. ૩:૧-૧૨.

૧. આગલા યુગોમાં મંડળી વિશેની જાણ ગુપ્ત રાખવામાં આવી હતી. ૩:૧-૬.

૨. ખાસ કરીને મંડળી સંબંધીનો મર્મ પાઉલને જણાવવામાં આવ્યો. ૩:૭-૧૨.

૩. 'વિશ્વાસી' ખ્રિસ્તમાંનો પોતાનો દરજ્જો હાંસલ કરી લે તેને માટે સામર્થ્ય મળે તે માટે વિશ્વાસ અને જ્ઞાન માટે ફરીથી પ્રાર્થના. ૩:૧૩-૨૧.

ભાગ III. વિશ્વાસીની ખ્રિસ્તમાં ચાલ. ૪:૧-૬:૯.

૧. ઘટિત ચાલ. ૪:૧-૩.

૨. સૈદ્ધાંતિક એકતા વ્યક્ત થાય એવી ચાલ. ૨:૪-૬.

૩. આત્માનાં દાનોની સેવાદર્શક ચાલ. ૩:૭-૧૬.

૪. માણસ તરીકે નવી ઉત્પત્તિ દર્શાવતી ચાલ. ૪:૧૭-૨૯.

૫. વિશ્વાસીમાં ઈશ્વરનો આત્મા વસે છે તે દર્શાવતી ચાલ. ૪:૩૦-૩૨.

૬. ઈશ્વરના કુટુંબનું પોતે બાળક છે એ દર્શાવતી ચાલ. ૫:૧-૧૩.

૭. સંતાનો અને દાસોની ચાલ. ૬:૧-૯.

ભાગ IV. ખ્રિસ્તમાં આત્માથી ભરપૂર વિશ્વાસીનું યુદ્ધ. ૬:૧૦-૨૨.

૧. એનું સામર્થ્ય ૬:૧૦.

૨. એના હથિયાર. ૬:૧૧.

૩. એના શત્રુ. ૬:૧૨-૧૭.

૪. એના ભંડારનું સ્થાન. ૬:૧૮-૨૨.

આશીર્વચન ૬:૨૩-૨૪.

## ફિલિપીઓને પત્ર

**ફિલિપ્પી શહેર :**

માસિડોનિયા (મકદોનિયા) પ્રાંતનું રોમન વસાહતનું શહેર. યુરોપમાંની સુવાર્તા પ્રચારની પાઉલની ધર્મસેવાની શરૂઆત અહીંથી થઈ હતી (પ્રે.કૃ. ૧૬:૧૨). અહીં તેને તથા સિલાસને જેલમાં પણ નાંખવામાં આવ્યા હતા. (પ્રે.કૃ. ૧૬:૨૩, ૧ થેસ્સા ૨:૨). એજિયન સમુદ્રથી ફિલિપ્પી લગભગ નવ માઈલ (૧૪.૫ કિલોમીટર) દૂર આવેલું હતું. રાજા ફિલિપે થ્રેસીઓ પાસેથી લીધું હતું, અને પોતાના નામ પરથી તેણે આ શહેરનું નામ પાડયું હતું. આ વિસ્તારમાં સોનાની ખાણો

આવી હતી. તે ઉપરાંત આ વિસ્તારની જમીન ખૂબ ફળદ્રુપ હોઈને શહેરને ભારે આવક થતી હતી. ઈસ્વીસનની બીજી સદીમાં શહેરનો નાશ થયો. આસિયાથી, ઈગ્નાશિયા મારફતે, રોમ જવાના ધોરી માર્ગ પર આ શહેર આવેલું હોઈ એ બહુ અગત્યનું શહેર હતું.

**ફિલિપી મંડળી :**

પાઉલે પોતાની બીજી મુસાફરી વખતે અહીં મંડળી સ્થાપી હતી. (પ્રે.કૃ. ૧૬:૯-૪૦). ત્રોઆસમાં એને જે દર્શન થયું તે આધારે તેણે યુરોપમાં આવી અહીં મંડળી સ્થાપવા નક્કી કર્યું. અહીં કોઈ સભાસ્થાન ન હોવાથી તેઓ નદીકિનારે ભેગા મળતા હતા. અહીં નદીકિનારે થુઆતૈરા શહેરની જાંબુઆ રંગના વસ્ત્ર વેચનારી લુદિયાનું બદલાણ થયું હતું. યુરોપનું એ પહેલું ફળ હતું. અગમસૂચક આત્મા વળગેલી છોકરીને પાઉલ તથા સિલાસે સાજી કરી હતી તેથી તેમને એક રાત જેલમાં ગાળવી પડી હતી, અને ચમત્કારિક રીતે તેમનો છુટકારો થયો હતો. એની અસરથી ફિલિપ્પી જેલનો દરોગો અને તેનું કુટુંબ ખ્રિસ્તમાં મેળવાયું હતું.

આ નાની પણ આસ્થાવાળી મંડળી હતી. મંડળીએ બે વખત નાણાકીય ભેટ પાઉલને થેસ્સાલોનિકા પહોંચાડી હતી (ફિલિપી ૪:૧૫, ૧૬). વળી ફરી પાઉલ ઉપર કોરિંથમાં ભેટ મોકલી હતી (પ્રે.કૃ. ૧૮:૫, ૨ કોરિંથી ૧૧:૮, ૯).

**પત્રનું પ્રયોજન :**

ઉપર જણાવી તે નાણાકીય ભેટો અંગે આભાર માનવા, તથા શિખામણ અને ઉત્તેજનના શબ્દો લખવા પાઉલે મંડળીને આ પત્ર પાઠવ્યો, અને એપાફ્રોદિતસની મારફતે મોકલી આપ્યો (ફિલિપી ૨:૨૮). આ પત્ર રોમમાં લખાયો હતો. (૧:૧૩, ૪:૨૨). કદાચ ઈ.સ. ૬૧માં આ પત્ર લખાયો.

## રૂપરેખા

ભાગ I. સલામી અને આભારદર્શન. ૧:૧-૧૧.

ભાગ II. પાઉલના પોતાના અંગત સંજોગો : ખ્રિસ્તને પ્રગટ કરવો. ૧:૧૨-૩૦.

ભાગ III. ખ્રિસ્તી જીવનની ભાત : ઈસુ ખ્રિસ્તની નમ્રતા. ૨:૧-૩૦.

1. નમ્રતા ધારણ કરવા વિશે બોધ. ૨:૧-૪.
2. નમ્રતાનો શ્રેષ્ઠ નમૂનો. ૨:૫-૧૧.
3. નમ્રતા આચરણમાં. ૨:૧૨-૧૮.
4. તિમોથી અને એપાફ્રોદિતસના નમૂના. ૨:૧૯-૩૦.

ભાગ IV. ખ્રિસ્તી જીવનનું ઈનામ : ખ્રિસ્ત સંબંધીનું જ્ઞાન. ૩:૧-૨૧.

1. યહૂદીઓમાંથી થયેલા ખ્રિસ્તીઓ જે બોજ લાદવા માગતા હતા તે સામે ચેતવણી. ૩:૧-૩.
2. પાઉલનો નમૂનો ૩:૪-૧૪.
3. બીજાંઓને બોધ. ૩:૧૫-૨૧.

ભાગ V. ખ્રિસ્તી જીવનની શાંતિ : ખ્રિસ્તની હાજરી. ૪:૧-૨૩.

1. બીજાંઓ સાથે શાંતિ. ૪:૧-૪.
2. પોતાની સાથે શાંતિ. ૪:૫-૯.
3. સંજોગો સાથે શાંતિ. ૪:૧૦-૨૩.

## કોલોસીઓને પત્ર

**કોલોસ્સા શહેર :**

એફેસસથી ૧૦૦ માઈલ (૧૬૧ કિ.મી.) પૂર્વે, અને લાઓદિકિયાથી ૧૨ માઈલ (૧૯.૩ કિ.મી.) ઉત્તરે અને હિયરાપોલિસ

પાસે (૪.૧૩). ફ્રુગિયા પ્રાંતમાં આ વેપારથી ધમધમતું શહેર આવેલું હતું. પાઉલના સમયમાં એના વેપારમાં ઓટ આવતી લાગતી હતી. નીરો બાદશાહના રાજ્યકાળના નવમાં વર્ષ (ઈ.સ. ૬૩)માં ધરતીકંપથી આ શહેરનો નાશ થયો હતો. અને તેને ફરી બાંધવામાં આવ્યું હતું. હાલનું ચોનાસ શહેર કોલોસ્સાના ભંગાર આગળ બાંધેલું છે.

**કોલોસ્સાની મંડળી :**

પાઉલ જ્યારે એફેસસમાં ધર્મસેવા આપતો હતો (પ્રે.કૃ. ૧૯:૧૦), તે સમયે અહીં કોલોસ્સામાં સુવાર્તા આવી હશે. નિપુણ ભાષ્યકારો એમ માને છે કે એપાફ્રાસે અહીં સુવાર્તા પ્રચાર કર્યો હશે, અને મંડળીની આગેકૂચ સંભાળી હશે (કલો. ૧:૨, ૭. ૨:૧, ૪:૧૨). વળી ૨:૧ એમ પણ પુરવાર કરે છે કે આ પત્ર લખાયા પહેલાં પાઉલ કોલોસ્સામાં ગયો ન હતો, પણ એપ્રાફ્રાસે જેલખાનામાં પાઉલની મુલાકાત લીધી હશે, અથવા એપાફ્રાસ પોતે પાઉલની સાથે કેદખાનામાં નંખાયેલો હશે. (ફિલેમોન ૨૩) અને કલોસ્સાની મંડળી સંબંધીના સમાચાર પાઉલને આપ્યા હશે.

**પત્ર ક્યાંથી લખાયો :**

પાઉલ પહેલી વખતે રોમમાં બંદીવાન તરીકે રહ્યો તે સમયે આ પત્ર લખાયો હતો. આ સ્થળેથી પાઉલે બીજા કેટલાક પત્રો, જેમ કે એફેસી, ફિલિપ્પી અને ફિલેમોન લખ્યા. (પ્રે.કૃ. ૨૮:૩૦, ૩૧, કલોસી ૪:૩, ૧૦, ૧૮) કદાચ તાખીક્સે આ પત્રને કોલોસ્સાની મંડળીને પહોંચાડયો હશે.

**પત્રનું પ્રયોજન અને તારીખ :**

મંડળીમાં કેટલાક દુર્મત પેઠા હતા, અને તાખીક્સ અને તેના સાથીદારો આ પ્રકરણને કાબૂમાં લાવી શકતા નહિ હોય. માટે તેઓ પાઉલ પાસે આ બધી વાત લઈને આવ્યા હશે. આ દુર્મતો આ પ્રમાણે

હતા : (૧) યહૂદીઓમાંથી થયેલા ખ્રિસ્તીઓ સુન્નત, બજારમાં કાપેલા માંસ સંબંધી, ઉપવાસના દિવસો વિષે સાબ્બાથ અને બીજાં પર્વો પાળવાનું દબાણ લાવતા હતા (૨:૧૧-૧૬). ગ્રીક ફિલોસૉફીની કેટલીક અસરો એ શીખવતી હતી કે દેહ તો વારસાગત પાપી છે, એટલે દેહકષ્ટ પર તેઓ ભાર મૂકતા હતા (૨:૨૧-૨૩). પૂર્વના રહસ્યવાદની અસરો પણ મંડળીમાં પ્રસરી હતી. તેઓ શીખવતા કે ઈશ્વર ટોચે છે ત્યાંથી માંડીને છેક નીચલી કક્ષા સુધીમાં અનેક તત્ત્વો છે; એમાં દૂતો અને એવાં બીજાં તત્ત્વો, તેમ જ શેતાન અને ઈસુનાં જુદાં જુદાં સ્થાનો છે. અને એ બધાંની ભક્તિ જરૂરી છે (૨:૮, ૧૮).

પાઉલ આ પત્રમાં ખ્રિસ્તનું સર્વોપરીપણું ભાર દઈને સમજાવે છે. તે કહે છે : "ખ્રિસ્તમાં ઈશ્વરત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે" અને તે સર્વનું શિર છે (૨:૯, ૧૦). આ પત્ર પાઉલની રોમમાંની બે વર્ષની જેલના મધ્ય ભાગમાં, એટલે કે ઈ.સ. ૬૦માં, લખાયો હશે.

**રૂપરેખા**

પ્રસ્તાવના અને સલામી. ૧:૧-૧૨.

ભાગ I. સૈદ્ધાંતિક ખુલાસો. ૧:૧૩-૨:૩.

૧. ઉદ્ધાર. ૧:૧૩, ૧૪.
૨. ખ્રિસ્તનું વ્યક્તિત્વ. ૧:૧૫-૧૯.
૩. ખ્રિસ્તનું કાર્ય ૧:૨૦-૨૩.
૪. ખ્રિસ્તના કાર્યક્રમમાં પાઉલ પ્રેરિતનું ભાગિયાપણું. ૧:૨૪-૨:૩.

ભાગ II. સૈદ્ધાંતિક દલીલોની રજૂઆત. ૨:૪-૩:૪.

૧. જૂઠી ફિલોસૉફી સામે. ૨:૪-૮.
૨. ખ્રિસ્તના વ્યક્તિત્વ અને કાર્યની રજૂઆત. ૨:૯-૧૫.
૩. એમાંથી ઊભી થતી જવાબદારી. ૨:૧૬-૩:૪.

ભાગ III. આચરણમાં સિદ્ધાંતો. ૩:૫-૪:૬.

૧. ખ્રિસ્તના મૃત્યુ અને પુનરુત્થાનનું વ્યવહારુ જીવનમાં લાગુકરણ ૩:૫-૧૭.

૨. ખ્રિસ્તના મૃત્યુ અને પુનરુત્થાનનું ગૃહજીવનમાં લાગુકરણ. ૩:૧૮-૪:૧.

૩. મૃત્યુ અને પુરુત્થાનનું દુનિયાદારીમય જીવનમાં લાગુકરણ ૪:૨-૬.

ભાગ IV. અંગત બાબતો. ૪:૭-૧૭.

૧. તાખીક્સ અને ઓનેસિમસનું સેવાકાર્ય. ૪:૭-૯.

૨. પાઉલના સાથીઓ તરફથી સલામી. ૪:૧૦-૧૪.

૩. પાઉલની પોતાની સલામી. ૪:૧૫.

૪. લાઓદિકિયાના કાગળ સંબંધી. ૪:૧૬-૧૭.

સમાપ્તિ. ૪:૧૮.

## થેસ્સાલોનિકીઓને પહેલો પત્ર

**થેસ્સાલોનિકા શહેર :**

એજિયન સમુદ્રના વાયવ્ય ખૂણે આ શહેર આવેલું હતું. સારું બંદરીય શહેર હતું. એની આસપાસ ફળદ્રુપ અને સારી સીંચાઈ પામેલું મેદાન હતું.રોમથી પૂર્વ તરફ જતા ઉત્તરના મોટા લશ્કરી માર્ગ ઉપર શહેર વસેલું હતું. ગ્રીક દેવોના નિવાસસ્થાન સરખો ઓલિમ્પસ પર્વત સામે જ ખડો હતો, અને માસિડોનિયા (મકદોનિયા)નું એક મહાનગર તેમ જ પાટનગર હતું. આજેય એ સમૃદ્ધિવાન શહેર છે.

**થેસ્સાલોનિકાની મંડળી :**

પાઉલ બહુ ટૂંકા સમય માટે આ સ્થળે રહ્યો હતો, પણ એના શિક્ષણથી ત્યાં ખૂબ હલચલ થઈ હતી. એના દુશ્મનો કહેતા હતા કે, "જગતને

ઊથલપાથલ કરનારા" અહીં આવ્યા છે (પ્રે.કૃ. ૧૭:૬). બહુ મોટી સંખ્યામાં ગ્રીક લોકોએ ખ્રિસ્તી માર્ગ સ્વીકાર્યો હતો, અને ઘણી "આબરૂદાર સ્ત્રીઓ" પણ પાઉલ તથા સિલાસના સત્સંગમાં ભળી હતી (પ્રે.કૃ. ૧૭:૪). આખા ગ્રીસ દેશમાં આ સમાચાર જાહેર થઈ ગયા (૧ થેસ્સા. ૧:૮, ૯). પાઉલે પોતાની બીજી મિશનેરી મુસાફરી વખતે લગભગ ઈ.સ. ૫૧માં આ મંડળી સ્થાપી હતી (પ્રે.કૃ. ૧૭:૧-૯).

**પત્રનું પ્રયોજન અને તારીખ :**

થેસ્સાલોનિકામાં ઘણી હલચલ થવાથી પાઉલને, ત્યાંથી ૫૦ માઈલ દૂર, બેરિયા આવતું રહેવું પડયું. અહીં પણ એવું જ ધાંધલ થવાથી તે સિલાસ અને તિમોથીને અહીં છોડી દક્ષિણે ૨૦૦ માઈલ (૩૨૨ કિ.મી.) દૂર આવેલા આથેન્સ ગયો. ત્યાં તે એકલો પડી ગયો એટલે તિમોથી તથા સિલાસને બેરિયાથી આથેન્સ આવવા કહેણ મોકલ્યું (પ્રે.કૃ. ૧૭:૧૪, ૧૫). તિમોથી આવે તે પહેલાં પાઉલ આથેન્સથી નીકળી કોરિંથ આવ્યો હતો. થેસ્સાલોનિકાની મંડળી માટે પાઉલને ચિંતા હતી. તેથી તિમોથી કોરિંથ આવ્યો એવો તેને થેસ્સાલોનિકા મોકલી આપ્યો.

તિમોથી સમાચાર લઈને પાછો આવ્યો, ત્યારે તેણે જણાવ્યું કે થેસ્સાલોનિકાની મંડળી હિંમતપૂર્વક ભારે સતાવણીમાંથી પસાર થઈ રહી છે, અને કેટલાક સભ્યો મૃત્યુ પામ્યા છે. આથી જીવતા રહેલા સભ્યોને એક પ્રશ્ન મૂંઝવી રહ્યો છે કે ખ્રિસ્તનું પુનરાગમન થોડી જ વારમાં થશે, અને આ મૃત્યુ પામેલા સભ્યોને હવે પ્રભુના પુનરાગમનનો કંઈ લાભ મળશે કે કેમ ?

તેથી પાઉલ તેમને પત્ર દ્વારા જવાબ વાળે છે કે, પ્રભુના પુનરાગમન સમયે એ મૃત્યુ પામેલા લોકોને પણ અચૂક લાભ મળશે જ. સતાવણીમાં તેઓને દિલાસો અને હિંમત પણ પાઠવ્યાં. વળી ખ્રિસ્તની સુવાર્તાના મૂળભૂત સત્યો પણ પત્ર દ્વારા શીખવ્યાં. આ પત્ર પાઉલે કોરિંથથી ઈ.સ. ૫૧માં લખ્યો હતો.

રૂપરેખા :

ભાગ I. અંગત અને ઐતિહાસિક. ૧:૧-૩:૧૩.

૧. પાઉલની સલામી. ૧:૧.

૨. થેસ્સાલોનિકીઓને અભિનંદન. ૧:૨-૧૦.

૩. થેસ્સાલોનિકીઓની મધ્યે પાઉલનું વર્તન. ૨:૧-૧૨.

अ. પાઉલનું પ્રામાણિકપણું. ૨:૧-૪.

ब. એનો ઉદ્યમ. ૨:૫-૯.

क. એનું દોષમુક્ત વર્તન. ૨:૧૦-૧૨.

૪. થેસ્સાલોનિકીઓ માટે પાઉલની ચિંતા. ૨:૧૩-૩:૧૩.

अ. તેઓ સતાવણીમાં સહી રહ્યા છે તે અંગે. ૨:૧૩-૨૦.

ब. તેઓની કસોટી (તિમોથીની મુલાકાત). ૩:૧-૮.

क. તેમની વૃદ્ધિની આગેકૂચ. ૩:૯-૧૩.

ભાગ II. વ્યવહારુ અને અન્ય બોધ. ૪:૧-૫:૨૮.

૧. વૃદ્ધિ અંગે શિક્ષણ. ૪:૧-૧૨.

अ. જાતીય સંબંધો અંગે. ૪:૧-૮.

ब. બંધુપ્રેમ વિશે. ૪:૯-૧૦.

क. વ્યવસ્થિત જીવવા વિશે. ૪:૧૧-૧૨.

૨. મૃત્યુ પામેલા સંબંધી શિક્ષણ. ૪:૧૩-૧૮.

૩. પ્રભુના દિવસ સંબંધી શિક્ષણ. ૫:૧-૧૧.

૪. જુદી જુદી કેટલીક ફરજો વિશે શિક્ષણ. ૫:૧૨-૨૮.

# થેસ્સાલોનિકીઓને બીજો પત્ર

**થેસ્સાલોનિકા શહેર :**

એજિયન સમુદ્રના વાયવ્ય ખૂણે આ બંદરીય શહેર આવેલું હતું. એની આસપાસ ફળદ્રુપ અને સારી સિંચાઈ પામેલું મેદાન હતું. રોમથી પૂર્વ તરફ જતા ઉત્તરના ધોરી લશ્કરી માર્ગ ઉપર શહેર વસેલું હતું. ગ્રીક દેવોનું નિવાસસ્થાન મનાતો ઑલિમ્પસ પર્વત સામે જ ખડો હતો. આ શહેર માસિડોનિયાનું (મકદોનિયાનું) પાટનગર હતું. પાઉલના સમયમાં આ શહેરની વસ્તી બે લાખની હતી. આજેય એ સમૃદ્ધિવાન શહેર ઊભું છે. પણ આજે એ "સાલોનિકી'ને નામે ઓળખાય છે.

**થેસ્સાલોનિકાની મંડળી :**

પાઉલ બહુ ટૂંકા સમય માટે આ સ્થળે રહી શક્યો હતો. ત્યાં ધાંધલ થવાથી એને નીકળી જવું પડયું હતું. એના શિક્ષણથી અહીં ખૂબ હલચલ થઈ હતી. પાઉલના દુશ્મનો કહેતા હતા કે, "જગતને ઊથલપાથલ કરનારા" અહીં પણ આવ્યા છે (પ્રે.કૃ. ૧૭:૬). બહુ મોટી સંખ્યામાં ગ્રીક લોકોએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો, અને ઘણી "આબરૂદાર સ્ત્રીઓ" પણ પાઉલ તથા સિલાસના સત્સંગમાં ભળી હતી (પ્રે.કૃ. ૧૭:૪). આખી ગ્રીસ દેશમાં આ સમાચાર ફેલાઈ ગયા હતા (૧ થેસ્સા. ૧:૮-૯). પાઉલે પોતાની બીજી મિશનેરી મુસાફરી વખતે, લગભગ ઈ.સ. ૫૧માં, આ મંડળી સ્થાપી હતી (પ્રે.કૃ. ૧૭:૧-૯).

**પત્રનું પ્રયોજન અને તારીખ :**

આ બીજા પત્રમાં પહેલા પત્રમાં છણેલા પ્રશ્નોને જ ફરી છણવામાં આવ્યા હોઈને એમ લાગે છે કે પાઉલે પહેલા પત્ર પછી ટૂંક જ મુદતમાં આ બીજો પત્ર લખ્યો હશે. બંને પત્રો પાઉલે ઈ.સ. ૫૧માં કોરિંથથી લખ્યા.

સતાવણીમાંથી પસાર થઈ રહેલા અહીંના ખ્રિસ્તીઓ એમ માનતા

હતા કે, આ તો "પ્રભુનો ભયંકર દિવસ" આવ્યો છે ! અને એમને શિક્ષણ મળ્યું હતું કે "પ્રભુના ભયંકર દિવસ"માંથી તેમને અગાઉથી છોડાવી લેવામાં આવશે. એટલે તેઓ ઘણી ગૂંચવણમાં પડી ગયા હતા! (૨:૨). આ પત્ર દ્વારા પાઉલ તેમને જણાવે છે કે 'પ્રભુનો ભયંકર દિવસ' હજી આવ્યો નથી. એ દિવસ આવતાં પહેલાં ધર્મત્યાગ થશે, તથા "પાપનો માણસ એટલે વિનાશનો પુત્ર (ખ્રિસ્તવિરોધી) પ્રગટ થશે." (૨:૩)

કેટલાક થેસ્સાલોનિકી ખ્રિસ્તીઓ મનમાં માની બેઠા હતા કે "પ્રભુનો દિવસ" આવી ગયો છે. એટલે એમણે પોતાનાં બધાં સંસારી કામકાજ, ધંધારોજગાર છોડી દીધાં હતાં. તેમને પણ પાઉલ જણાવે છે કે તેમણે પોતાનો રોજીરોટલો કમાવો જોઈએ, અને કામે લાગી જવું જોઈએ (૩:૧૧, ૧૩).

આ બંને પત્રોમાં થઈને બાઈબલના બધા મુખ્ય મુખ્ય સિદ્ધાંતો આવરી લેવામાં આવ્યા છે. પહેલા પત્રમાં પ્રભુ ઈસુ પોતાના લોકોને લેવા ગગનમાં આવશે (ગગનગમન) એ વિશે લખ્યું છે, જ્યારે બીજા પત્રમાં પ્રભુ ઈસુ ન્યાય કરવા પૃથ્વી પર ઊતરશે (પ્રાગટ્ય) એ વિશે આપ્યું છે. એને **'પ્રભુનો દિવસ'** પણ કહેવામાં આવે છે.

**રૂપરેખા**

સલામી. ૧:૧-૪.

ભાગ I. તેમનાં સંકટોમાં દિલાસો. ૧:૫-૧૨.

ભાગ II. પ્રભુનો દિવસ અને પાપનો માણસ. ૨:૧-૧૨.

૧. મહાવિપત્તિ આવ્યા પહેલા ગગનગમન થશે એ વિશેનું શિક્ષણ. ૨:૧-૨.

૨. પ્રભુનો દિવસ આવવાનાં ચિહ્નો. ૨:૩-૧૨.

ભાગ III. બોધ અને સૂચનો. ૨:૧૩-૩:૧૫.

૧. અડગ અને વિશ્વાસુ રહેવા માટે બોધ. ૨:૧૩-૩:૫.

૨. અવ્યવસ્થિત અને બિનઉદ્યમી જીવન સામે શિખામણ.૩:૬-૧૫.

આશીર્વચન. ૩:૧૬-૧૮.

## તિમોથીને પહેલો પત્ર

**તિમોથી :**

તિમોથીનો પિતા ગ્રીક હતો. એના નામ વિશે કંઈ માહિતી નથી. એની મા, યુનિકે યહૂદણ હતી, અને એની માની માનું નામ લોઈસ હતું. તેઓ લૂસ્ત્રામાં રહેતાં હતાં. (પ્રે.કૃ. ૧૬:૧, ૨ તિમોથી ૧:૫). યહૂદીઓને અન્ય કોમમાં લગ્નની મના હતી, પણ યહૂદીઓના પાછલા સમયમાં એવાં ઘણાં લગ્ન થતાં. તિમોથીને એની માએ તથા દાદીએ યહૂદી ધર્મશાસ્ત્રમાં હોંશિયાર બનાવ્યો હતો. પાઉલને પોતાની પહેલી મિશનેરી મુસાફરી વખતે તિમોથીની ઓળખ થઈ. એ વખતે તેનું બદલાણ થયું હશે (પ્રે.કૃ. ૧૬:૧-૩ વળી ૧૪:૬). એ પછી પાઉલની બીજી મુસાફરી સુધી તિમોથી સંબંધી કોઈ ઉલ્લેખ નથી. કદાચ લૂસ્ત્રામાંની મંડળીના આગેવાનોએ તિમોથીને ખ્રિસ્તી ધર્મશિક્ષણમાં આગળ વધાર્યો હશે. (પ્રે.કૃ. ૧૪:૨૩).

પાઉલ પોતાની બીજી મિશનેરી મુસાફરીમાં લૂસ્ત્રામાં આવ્યો ત્યારે તિમોથીને પોતાની સાથે લઈ જવાનું નક્કી કર્યું, તેની સુન્નત કરાવી (પ્રે.કૃ. ૧૬:૩), અને તેના શિર હાથ મૂકીને સુવાર્તાના કામ માટે તેને છૂટો કરવામાં આવ્યો. (૧ તિમો. ૪:૧૪, ૨ તિમો. ૪:૫), અને ત્યાંથી પાઉલ, તિમોથી, સિલાસ અને લૂક ફિલિપ્પી ગયા (પ્રે.કૃ. ૧૬:૧૨). એમ જણાય છે કે ફિલિપ્પીમાંની મંડળીની દેખભાળ માટે તિમોથીને ત્યાં જ રાખીને બીજા બધા અન્ય સ્થળે ગયા.

## પત્રનું પ્રયોજન અને તારીખ

**તારીખ :** પાઉલને રોમની જેલમાંથી ઈ.સ. ૬૩ થી ૬૭ સુધીમાં કોઈક વખતે છૂટો કરવામાં આવ્યો. એમ માનવામાં આવે છે કે એ પછી ફરી એને પકડીને રોમની જેલમાં નાખવામાં આવ્યો, અને મારી નાખવામાં આવ્યો. આ બે જેલનિવાસના વચલા ગાળામાં પાઉલે આ પત્ર તિમોથી પર લખ્યો; કદાચ ઈ.સ. ૬૪માં હોઈ શકે. માસિડોનિયાથી (મકદોનિયાથી) એ લખવામાં આવ્યો.

**પ્રયોજન :**

અત્યાર સુધી મંડળીઓની વ્યવસ્થા, સિદ્ધાંતોની સચ્ચાઈની જાળવણી, મંડળીમાં શિસ્ત વગેરેની વ્યવસ્થા પ્રેરિતો કરતા હતા. પણ હવે મંડળીઓ પુષ્કળ વધવા માંડી, અને તેઓની ઉપર જુવાન પાળકો (તિમોથી, તિતસ વગેરે) નિમાવા લાગ્યા, એટલે આવા પાળકો તથા આગેવાનોને મંડળીની આગેવાનીની કોઈ **માર્ગદર્શિકા** હોય તો તે બહુ ઉપયોગી થઈ પડે. એટલે આવી માર્ગદર્શિકા તરીકે પાઉલે જુવાન પાળક તિમોથી પર આ પત્ર લખ્યો. પાળકને સંબોધાયેલા આવા ત્રણ પત્રો છે : ૧લો અને ૨જો તિમોથી અને તિતસ ૧લો. તિમોથી એ સૌથી પહેલો 'પાસ્ટરલ (પાળક) પત્ર' છે.

**પત્રના મુદ્દા :**

પત્રનું હાર્દ ૩:૧૫માં આવી જાય છે. "જો મને આવતાં વાર લાગે, તો માણસોએ ઈશ્વરના ઘરમાં [આવતાં] કેવી રીતે વર્તવું, એ તારા જાણવામાં આવે. એ ઘર તો જીવતાં ઈશ્વરની મંડળી, સત્યનો સ્તંભ તથા પાયો છે." આ પત્રમાં ચાર બાબતો તરફ જુવાન પાળક તિમોથીનું ધ્યાન દોરવામાં આવ્યું છે. :

૧. દુર્મતો અને જૂઠા શિક્ષણનો હિંમતપૂર્વક સામનો કરવા જુવાન પાળકને ઉત્તેજન આપવું. (૧:૩-૭,૧૮-૨૦, ૬:૩-૫,૨૦,૨૧).

૨. તિમોથીને અધિકારયુક્ત એવું લેખિત પ્રમાણપત્ર પોતાના તરફથી મળે. (૧:૩-૪).

૩. મંડળીની કામગીરીના વહીવટ અંગે તિમોથીને શિક્ષણ મળે. (૩:૧૪, ૧૫).

૪. પાળક તરીકેની સેવાઓ બજાવવામાં તિમોથી ઉદ્યમશીલ બને માટે (૪:૬-૬:૨).

**રૂપરેખા**

પ્રસ્તાવના. ૧:૧-૨.

ભાગ I. સિદ્ધાંતોમાં અને જીવનમાં દુર્મતો સંબંધી ચેતવણી. ૧:૩-૨૦.

ભાગ II. મંડળીમાંના વર્તન અને વ્યવહાર અંગેના નિયમો. ૨:૧-૩:૧૬.

૧. પ્રાર્થના સંબંધી. ૨:૧-૮.

૨. સ્ત્રીઓનું સ્થાન. ૨:૯-૧૫.

૩. એલ્ડરો (બિશપો) અને ડીકનોની લાયકાતો. ૩:૧-૧૬.

ભાગ III. ધર્મપતન અને જૂઠા સિદ્ધાંતો સંબંધી ચેતવણી. ૪:૧-૫.

ભાગ IV. ધર્મસેવકના જાહેર કે ખાનગી વર્તન સંબંધીના નિયમનો. ૪:૬-૬:૨.

ભાગ V. જૂઠા અને સાચા શિક્ષકો વચ્ચેનો તફાવત. ૬:૩-૧૯.

ભાગ VI. વિશ્વાસુ બની રહેવા છેલ્લી અરજ. ૬:૨૦-૨૧.

## તિમોથીને બીજો પત્ર

**તિમોથી :** તિમોથીનો પિતા ગ્રીક હતો. એના નામ વિશે કોઈ માહિતી નથી. એની માનું નામ યુનિકે હતું, અને તે યહૂદણ હતી.

યુનિકેની માનું નામ લોઈસ હતું. તેઓ લૂસ્ત્રામાં રહેતાં હતાં. (પ્રે.કૃ. ૧૬:૧, ૨ તિમોથી ૧:૫) યહૂદીઓને અન્ય કોમ સાથે લગ્ન કરવાની મના હતી. પણ યહૂદીઓના પાછલા સમયમાં એવાં મિશ્ર લગ્ન ઘણાં થતાં હતાં. તિમોથીને એની માએ તથા દાદીએ યહૂદી ધર્મ અને ધર્મશાસ્ત્રમાં હોંશિયાર બનાવ્યો હતો. પાઉલને પોતાની પહેલી મિશનેરી મુસાફરી દરમિયાન તિમોથીની ઓળખ થઈ. એ વખતે તિમોથીનું બદલાણ થયું હશે (પ્રે.કૃ. ૧૬:૧-૩, વળી ૧૪:૬). એ પછી પાઉલની બીજી મુસાફરી સુધી તિમોથી સંબંધી કોઈ ઉલ્લેખ નથી. કદાચ લૂસ્ત્રામાંની મંડળીના આગેવાનોએ તિમોથીને ખ્રિસ્તી ધર્મશિક્ષણમાં આગળ વધાર્યો હશે (પ્રે.કૃ. ૧૪:૨૩).

પાઉલ પોતાની બીજી મુસાફરીમાં (ઈ.સ. ૫૦-૫૨) લુસ્ત્રા આવ્યો ત્યારે તિમોથીને પોતાની સાથે લઈ જવાનું નક્કી કર્યું, તેની સુન્નત કરાવી (પ્રે.કૃ. ૧૬:૩), અને તેના શિર પર હાથ મૂકીને સુવાર્તાના કામ માટે તેને છૂટો કરવામાં આવ્યો (૧ તિમો. ૪:૧૪, ૨ તિમો. ૪:૫). અને ત્યાંથી પાઉલ, તિમોથી, સિલાસ તેમ જ લૂક ફિલિપ્પી ગયા (પ્રે.કૃ. ૧૬:૧૨). એમ જણાય છે કે ફિલિપ્પીમાંની મંડળીની દેખભાળ માટે તિમોથીને ત્યાં જ રાખીને બીજા બધા અન્ય સ્થળે ગયા.

એ પછી તિમોથી પાઉલ અને સિલાસ સાથે થેસ્સાલોનિકામાં જોડાયો. એ પછી તિમોથી પાઉલ સાથે આથેન્સમાં જોડાય એ માટે પાઉલે કહેણ મોકલ્યું. (પ્રે.કૃ. ૧૭:૧૪, ૧૫). એ પછી તિમોથીએ થેસ્સાલોનિકા જઈને એ મંડળી સાચવી (૧ થેસ્સા. ૩:૧-૨). એ પછી તે કોરિંથ ગયો, પછી એફેસસ (૧ કોરિંથી. ૪:૧૭), અને ફરી પાછો માસિડોનિયા આવ્યો. એ પછી તે રોમમાં પાઉલના પહેલા જેલનિવાસ દરમિયાન પાઉલ સાથે રહ્યો. રોમમાંના પોતાના બીજા જેલનિવાસ દરમિયાન પાઉલે તિમોથીને તેડાવ્યો કે તે જલદીથી આવે. પણ પાઉલ શહીદ બન્યો તે પહેલાં તિમોથી રોમ આવી શકેલો કે કેમ વિશે કોઈ

# V હેરોદવંશી કુટુંબનો ઓળખ-તખ્તો

**સૂચના :** *આ લખાણ અને સાથેના બે તખ્તામાંની સંજ્ઞાઓનો પરિચય :*

૧. દરેક વ્યક્તિને ઓળખ-સંજ્ઞા આપવામાં આવી છે. (A) થી (Z) સુધી, અને એ પછી (AA) થી (FF) સુધીની સંજ્ઞાઓ. એ ઉપરથી વ્યક્તિને ઝટ ઓળખી શકાશે. દા.ત. બેરનીકે II ને (X) સંજ્ઞા છે, એટલે તખ્તા ઉપર અને સાથેના લખાણમાં બધે બેરનીકે IIનું નામ આવે ત્યાં બધે (X) સંજ્ઞા આપવામાં આવી છે, એમ જ હેરોદ આન્તીપાસ માટે બધે (FF) સંજ્ઞા આપી છે.

૨. લઘુ-શબ્દ સંજ્ઞા :

| | | |
|---|---|---|
| | હાઃ=હાકેમ | લઃ=પછી ૧, ૨ કે |
| લઃ=લગ્ન | તેઃ=તેત્રાર્ખ (ચોથા | ૩ હોય તો ૧લો |
| રાઃ=રાજા | ભાગનો રાજા) | પતિ, ૨જો પતિ |
| રા.કા.:=રાજ્યકાળ | ઈ.પૂ.=ઈસ્વીસન પૂર્વે | એમ સમજવું. |
| મૃઃ=મૃત્યુ | ઈ.સ.=ઈસ્વીસન | |

બંને તખ્તામાં હેરોદવંશનાં ઘણાં બધાંની ઓળખ આપી છે, જ્યારે નીચેના લખાણમાં માત્ર બાઈબલમાં આવતી વ્યક્તિઓની જ ઓળખ આપી છે.

'હેરોદ' એ વ્યક્તિવાચક નામ નથી, કુટુંબનું નામ અથવા અટક (અડક) છે. (જેમ મિસરના રાજાઓ 'ફારુન' કહેવાતા, જાપાનના રાજા 'મિકાડો' કહેવાય છે; કે વડોદરાના રાજા 'ગાયકવાડ' કહેવાતા.) આટલી સાદી વાત ધ્યાનમાં ન લેવાથી ઘણો ગૂંચવાડો ઊભો થયો છે. આ હેરોદવંશી રાજાઓ એસાવવંશી હતા, અને તેમનામાં અદોમી લોહી હતું. ઈ.પૂર્વે. ૧૩૦માં તેઓ યહૂદીઓ સાથે ભળ્યા, અને યહૂદી રીતરિવાજો (સુન્નત સુદ્ધાં) અપનાવતા થયા; પણ યહૂદીઓ તેમને

શંકાની નજરે જોતાં, અને તેઓને 'અર્ધ યહૂદી' ગણતા.

**મહાન હેરોદ (E) :**

તેનો પિતા આન્તીપાતર II (B) અદોમી હતો, અને તેની માતા, સૈપ્રસ I પણ અદોમી હતી, આમ મહાન હેરોદમાં યહૂદી લોહીનો છાંટોયે નહોતો. (યાકોબથી યહૂદીઓ થયા; અને યાકોબના ભાઈ એસાવથી અદોમી પ્રજા થઈ) પ્રભુ ઈસુના જન્મ વખતે આ હેરોદ યહૂદિયાનો રાજા હતો, અને યરુશાલેમમાં રહેતો હતો. માગીઓ તેની પાસે આવ્યા હતા, અને તેણે જ બેથલેહેમનાં બાળકોને મારી નંખાવ્યા હતા. (માથ્થી ૨:૧-૨૩). તેને મકાનો બંધાવવાનો ભારે શોખ હતો. યરુશાલેમના મંદિરને (ઝરૂબ્બાબેલવાળા મંદિરને), પાડી નાખ્યા વગર કકડે કકડે ૪૬ વર્ષમાં નવું અને ભવ્ય બનાવી દીધું હતું. એ બહુ જ શંકાશીલ રાજા હતો. રખેને એની ગાદી કોઈ પડાવી લેશે એવી શંકાથી એણે પોતાનાં ઘણાં કુટુંબીઓને મારી નાખ્યા હતાં. પોતાની માનીતી રાણી મરિયામ્મે I (O)ને અને તેના ભાઈઓને અને તેના દાદા હરકાનસ IIને પણ તેણે મારી નાખ્યાં હતાં. વળી પોતાના મૃત્યુના પાંચ દિવસ અગાઉ જ પોતાના પુત્ર આન્તીપાતર III (M)નું પણ ખૂન કરાવ્યું હતું. એટલે જ રોમન બાદશાહ ઑગસ્તસે મજાકમાં કહેલું કે "હેરોદના પુત્ર હોવા કરતાં એના ભૂંડ હોવું સારું !"

આ મહાન હેરોદ મરવા પડયો ત્યારે તેને લાગ્યું કે પોતે મરી જશે ત્યારે એ સમાચારથી બધા યહૂદીઓ બહુ ખુશ થશે. આથી તેણે પોતાની બહેન શાલોમીને તથા તેના પતિ ઍલેક્સાસને ફરમાવ્યું કે બધા યહૂદી આગેવાનોને યરેખોના સરકસ-મકાનમાં પૂરી રાખવા, અને પોતાના મરણના સમાચાર આવે ત્યારે આ બધા યહૂદી આગેવાનોને મારી નાખવા, જેથી એ બધાના મૃત્યુને લીધે બધા યહૂદીઓ શોક કરશે, અને એમ પોતાના મરણ પ્રસંગે બધે શોક પ્રદર્શિત થશે. આ પ્રમાણે યહૂદી આગેવાનોને પૂરી તો રાખવામાં આવેલા, પણ હેરોદના મૃત્યુ-સમાચાર

## ચાર્ટ નં. ૨

### E. હેરોદ (મહાનને) પાંચ મુખ્ય રાણીઓથી થયેલાં સંતાન

[૧] L. ડોરિસ (ઈદુમિયન) રાણીથી
M. આન્તીપાતર III
લ : એન્ટીગોનસ IIની દીકરી સાથે (હાસ્મોનિયન વંશના)
મૃ : ઈ.પૂ. ૪ ખૂન.

[૨] O. મરિયામ્મે I રાણીથી (હાસ્મોનિયનવંશી) હરકાનસ IIની પૌત્રી.
ચાર સંતાન
૧. P. એલેકઝાન્ડર
લ : ગ્લેફિરા
મૃ : ઈ.પૂ. ૭ ખૂન
૨. Q. એરિસ્તોબુલસ IV
લ : બરનીકે I
મૃ : ઈ.પૂ. ૭ ખૂન.
૩. R. સાલામ્પ્સીઓ
લ : ફઝાયેલ II
મૃ : ?
૪. S. સૈપ્રસ III
લ : આન્તીપાતર IV

**૨. Q. એરિસ્તોબુલસ IVનાં ત્રણ સંતાન**
i. T. હેરોદ II (ચાલ્સીસનો રાજા)
લ : બર્નીસ II
રા.કા. ચાલ્સીસનો રાજા ઈ.સ. ૪૧-૪૮.
મૃ : ઈ.સ. ૪૮.
ii. U. હેરોદ આગ્રીપા I. પ્રે.કૃ. ૧૨:૧)
રોમન બાદશાહ કાલિગ્યુલાએ એને ઈ.સ. ૩૭માં રાજા બનાવ્યો. પહેલાં ફિલિપ અને લુસાનિયસ જે પ્રદેશ પર રાજ કરતા હતા તે પર ઈ.સ. ૪૧માં પાલેસ્તાઈનનો રાજા.
લ : સીપ્રોસ II
રા.કા. રાજા ઈ.સ. ૩૭-૪૪
મૃ : ઈ.સ. ૪૪
iii. V. હેરોદિયાસ
લ : ૧. હેરોદ (હેરોદ ફિલિપ અને મરિયામ્મેનો પુત્ર) BB
૨. હેરોદ આન્તીપાસ (માથ્થી ૧૪:૩-૧૧. માર્ક ૬:૧૭-૨૮, લૂક ૩:૧૯)

**ii. U. હેરોદ આગ્રીપા (પ્રે.કૃ. ૧૨:૧)નાં ત્રણ સંતાન**
i. w. હેરોદ આગ્રીપા II પ્રે.કૃ. ૨૫:૧૩.
રા: ચેલ્સીસમાં (ઈ.સ. ૪૮-૫૨)
ઈતુરિયામાં (ઈ.સ. ૫૨ - આ. ૯૩)
મૃ: ૯૩ થી ૧૦૦ સુધીમાં.
ii x. બેરનીકે II
લ: ૧. ચેલ્સીસના હેરોદ સાથે (કાકા)
૨. સીલીસિયાના પોલેમન સાથે (કિલિકિયા) ભાઈ હેરોદ (આગ્રીપા II) પાસે પાછી આવી. પાઉલ પ્રેરિતની સાક્ષી સાંભળી (પ્રે.કૃ. ૨૫:૧૩-૨૩, ૨૬, ૨૬:૧-૨, ૨૪-૩૨).
iii Y. દ્રુસિલા (પ્રે.કૃ. ૨૪:૨૪).
લ. ૧. એમેસાના રાજા આઝીઝ સાથે.
૨. યહૂદિયાના હાકેમ ફેલિક્સ સાથે.
z. એન્ટોનિયસ આગ્રાપ્પા.
મૃ.ઈ.સ. ૭૯

[૩] AA. મરિયામ્મે II રાણીથી (પ્રમુખ યાજક સિમોનની દીકરી.)
BB હેરોદ (હેરોદ ફિલિપ I).
લ: (v) હેરોદિયાસ (પાછળથી FF હેરોદ આન્તીપાસની પત્ની બની.)
cc સાલોમી III લ : ફિલિપ

[૪] DD. માલ્થેસ રાણીથી (સમરૂની)


EE આર્ખેલાઉસ
લ : ૧. મરિયામ્મે IV (?)
૨. ગ્લેફિરા
રા.કા. ઈ.પૂ. ૪ - ઈ.સ. ૬
એથનાર્ખ : યહૂદિયા, સમરૂન અને ઇદુમિયા
મૃ : ઈ.સ. ૩૪

FF હેરોદ આન્તીપાસ
લ : ૧. સાબાટિયન રાજા આરેતસ IVની દીકરી
૨. હેરોદિયાસ V
રા.કા. ઈ.પૂ. ૪ - ઈ.સ. ૩૯
ગાલીલ અને પેરિયાનો તેત્રાર્ખ
માથ્થી ૧૪:૧, લૂક ૩:૧, ૧૯, માર્ક ૬:૧૪, લૂક ૧૩:૩૨.
(ગાદી પરથી ઊઠાડી મૂક્યો. ઈ.સ. ૩૯)

[૫] GG. ક્લીઓપેટ્રા (યરુશાલેમની)
HH ફિલિપ II. ઈતુરિયા અને ત્રાખોનીતીનો તેત્રાર્ખ (લૂક ૩:૧)
લ: સાલોમી III
રા.કા. ઈ.પૂ. ૪ – ઈ.સ. ૩૪ (તેત્રાર્ખ)
મૃ : ઈ.સ. ૩૪.


## હેરોદનું કુટુંબ

નકશો નં. I




નકશો નં. II

E મહાન હેરોદને મહત્ત્વની પાંચ રાણીઓથી થયેલા પરિવાર




**ચાર્ટ નં. ૧**

**હેરોદનું કુટુંબ**

A. આન્તીપાતર I (આન્તીપાસ)
એસાવવંશી ઈદુમિયાનો ગવર્નર

---

આન્તીપાતર Iનાં નીચે પ્રમાણે બે સંતાન

૧. B. આન્તીપાતર II
યહૂદિયાનો પ્રોક્યુરેટર
આખા પાલેસ્તાઈન પર રાજ કર્યું (ઈ.પૂ. ૫૫-૪૩)
લ : સાયપ્રસ I
મૃ : ઈ.પૂ. ૪૩ ખૂન

૨. C. યૂસફ I
લ : સાલોમી I
મૃ : ઈ.પૂ. ૩૪

---

**B. આન્તીપાતર IIનાં પાંચ સંતાન**

૧. D. ફઝાયેલ I
યહૂદિયાનો તેત્રાર્ખ
મૃ. ઈ.પૂ. ૪૦ ખૂન

૨. E. હેરોદ (મહાન) માથ્થી ૧:૫, ૨:૧
યહૂદિયાનો તેત્રાર્ખ (ઈ.પૂ. ૪૧)
રોમની સંમતિથી યહૂદિયાનો રાજા ઈ.પૂ. ૩૭-૪
લ : ૧૦ પત્ની (૫ મહત્ત્વની) હેરોદને આ પાંચ રાણીઓથી થયેલાં સંતાનો માટે જુઓ નીચે અલગ ચાર્ટ નં. ૨

૩. F. યૂસફ II
મૃ : ઈ.પૂ. ૩૮

૪. G. ફેરોરાઝ
મૃ : ઈ.પૂ. ૫
રા.કા.ઈ.પૂ. ૩૪ પેરિયા

૫. H. સાલોમી I
મૃ : ઈ.સ. ૧૦ (?)
લ : ૧. યૂસફ
૨. કોસ્ટોબાર

---

**D. ફઝાયેલ Iનાં બે સતાન**

૧. I. ફઝાયેલ II
લ : સાબામ્સીએ

૨. J. સાયપ્રસ II
લ : હેરોદ આગ્રીપા I

---

**H. સાલોમી I ને કોસ્ટોબરનાં સંતાન**

માહિતી મળતી નથી. નીરો બાદશાહે ખ્રિસ્તીઓની જે ભારે સતાવણી અને કતલ શરૂ કરી, તેમાં પાઉલ પણ શહીદ બન્યો.

**બીજો પત્ર :**

આ પણ પાસ્ટરલ (પાળક) પત્ર, તેમ જ છેલ્લામાં છેલ્લો લખાયેલો સુંદર પત્ર છે. પાઉલનો એ આખરી સંદેશો છે. પત્ર એટલા ઊંડા ગાંભીર્યથી લખાયો છે કે જાણે એમાંથી દર્દભર્યો સૂર નીકળતો ન હોય! એમ છતાં એ બધાથી ખૂબ ઉપરવટ જતો અને દિગંતોને ભરી દેતો વિજયટંકાર એમાંથી ઊઠે છે : "હું સારી લડાઈ લડયો છું, મેં દોડ પૂરી કરી છે, મેં વિશ્વાસ રાખ્યો છે" (૪:૬-૮).

**પત્રનું પ્રયોજન અને તારીખ :**

**૧. તારીખ :**

પાઉલના જીવનનાં છેલ્લાં વર્ષોમાં બનેલા બનાવોની ગોઠવણી આમ કંઈક મૂકી શકાય : ઈ.સ. ૫૮માં યરુશાલેમમાં એની ધરપકડ થઈ; ઈ.સ. ૬૧માં તે રોમ આવ્યો; ઈ.સ. ૬૧-૬૩માં રોમમાં કેદખાનામાં રહ્યો. એ એનો રોમમાંનો પહેલો જેલવાસ હતો. ઈ.સ. ૬૪-૬૬માં એનો છુટકારો થયો. એ છુટકારાના ગાળા દરમિયાન તેણે **પહેલો તિમોથી** અને **તિતસ** માસિડોનિયાથી લખ્યા; ઈ.સ. ૬૭માં રોમથી બીજો તિમોથી લખ્યો; અને ઈ.સ. ૬૭-૬૮માં એને ફરી પકડવામાં આવ્યો, જેલમાં પૂરવામાં આવ્યો અને મારી નાખવામાં આવ્યો. તિમોથી પાઉલની સાથે ધર્મસેવામાં જોડાયો એ પછી આશરે ૧૭ વર્ષે આ બીજો પત્ર લખાયો.

**૨. પત્રનું પ્રયોજન :**

આ ધર્મપતનના સમય દરમિયાન ખ્રિસ્તના સાચા સેવક અને સૈનિક તરીકે તિમોથી ધ્યાન રાખે અને એ પ્રમાણે ચાલે અને સાક્ષીરૂપ બને માટે પાઉલ તિમોથીને શિખામણ આપે છે.

**રૂપરેખા :**

સલામી ૧:૧-૩.

ભાગ I. વિશ્વાસુ બનવા અને સાચા સૈનિક તરીકે સહન કરવા વિનંતી. ૧:૪-૧૮.

ભાગ II. સેવામાં પ્રવૃત્તિમય રહેવા વિનંતી. ૨:૧-૨૬.

૧. સારા સૈનિક તરીકે. ૨:૧-૧૪.

૨. સારા વિદ્યાર્થી તરીકે. ૨:૧૫-૨૬.

ભાગ III. ધર્મપતન સંબંધી ચેતવણી. ૩:૧-૪:૫.

૧. ભવિષ્યવેત્તાની દૃષ્ટિએ "છેલ્લા દિવસો." ૩:૧-૯.

૨. છેલ્લા દિવસોમાં પવિત્ર શાસ્ત્રનો અધિકાર. ૩:૧૦-૧૭.

૩. છેલ્લા દિવસો માટે સૂચનો. ૪:૧-૫.

ભાગ IV. પ્રભુ પ્રત્યેની વફાદારી. ૪:૬-૨૨.

૧. પાઉલની આખરી સાક્ષી. ૪:૬-૮.

૨. પાઉલના છેલ્લા શબ્દો. ૪:૯-૨૨.

## તિતસને પત્ર

**તિતસ :**

તિતસ વિશે પ્રેરિતોનાં કૃત્યોમાં આપણને કશી જ માહિતી મળતી નથી. પણ એના વિશેની તૂટક તૂટક માહિતી બીજા કોરિંથીમાંથી, ગલાતીમાંથી, બીજા તિમોથી અને તિતસમાંથી મળી આવે છે (ગલા. ૨:૧, ૩. ૨ કોરિંથી ૨:૧૩, ૭:૬, ૭, ૧૩-૧૫, ૧ કોરિંથી ૧૬:૧૧, ૧૨. ૨ કોરિંથી ૮:૬, ૧૭. તિતસ ૧:૫, ૨ તિમોથી ૪:૧૦, ઇત્યાદિ). તિતસ ગ્રીક હતો, અને વિધર્મી માબાપનું સંતાન હતો (ગલા. ૨:૩).

પાઉલની ધર્મસેવા દ્વારા તેનું બદલાણ થયું હતું (૧:૪). પાઉલની મુસાફરીમાં તેની સાથે ફરતો હતો. પાઉલે તેને કોરિંથ મોકલ્યો હતો, - ત્યાં જે અવ્યવસ્થા ચાલતી હતી તે બરાબર કરવા માટે, અને યરુશાલેમના સંતોને માટે દાનાર્પણ એકત્રિત કરી લાવવા માટે (૨ કોરિંથી. ૬:૮, ૧૦). પાછળથી પાઉલે તેને ક્રીતની મંડળીઓ સંભાળવા મોકલ્યો હતો, અને તિતસ ૧:૧૨ પરથી જોઈ શકાય છે કે એ કામગીરી જેવી તેવી નહોતી. પાછળથી પાઉલે તેને દાલમાતિયા સુધી મોકલ્યો હતો (દાલમાતિયા તે હાલનું યુગોસ્લાવિયા છે). પરંપરા ઊતરી આવતી વાત એમ જણાવે છે કે, તિતસ કાયમને માટે ક્રીત ટાપુની મંડળીઓ પર નિમાયેલો હતો, અને ઘડપણમાં ત્યાં જ મૃત્યુ પામ્યો હતો.

**પત્રનું પ્રયોજન અને તારીખ :**

તિતસને ક્રીત ટાપુ પરની મંડળીઓ પર જુવાન પાળક તરીકે નીમ્યો, ત્યારે તિમોથીને જેવો શિખામણનો પત્ર પાઉલે લખ્યો તેવો જ આ પત્ર તિતસ ઉપર લખ્યો. મંડળીની વ્યવસ્થા અને વર્તન વિશે તેમાં લખ્યું છે. માસિડોનિયાથી પાઉલે આશરે ઈ.સ. ૬૫માં આ પત્ર લખ્યો.

**રૂપરેખા :**

સલામીના શબ્દો. ૧:૧-૪.

ભાગ I. એક મંડળ તરીકે મંડળીના પ્રશ્નો. ૧:૫-૧૬.

૧. વડીલોની લાયકાત. ૧:૫-૯.

૨. જૂઠા શિક્ષકોની સામે સખત તકેદારી રાખવાની જરૂર. ૧:૧૨-૧૬.

ભાગ II. પાળકે શિક્ષણ આપવા અને બોધ આપવા અંગેના પ્રશ્નો. ૨:૧-૩:૧૧.

૧. ઘરકુટુંબો અને સામાજિક વ્યવસ્થાની ફરજો વિશે વારંવાર યાદ કરાવવું. ૨:૧-૧૦.

૨. ખરું ખ્રિસ્તીજીવન જીવવા ઉત્તેજન આપવું. ૨:૧૧-૧૫.

૩. ખ્રિસ્તી નાગરિકપણા અંગેનું શિક્ષણ. ૩:૧, ૨.

૪. અ. પ્રભુમય જીવન જીવવા પ્રેરણા આપવી. ૩:૩-૭.

બ. પાંખડીઓ સાથે કેવી રીતે કામ લેવું તે. ૩:૯-૧૧.

સમાપ્તિ. ૩:૧૨-૧૫.

## ફિલેમોનને પત્ર

**લેખક** : પાઉલ

**ક્યારે લખ્યો** : આશરે ઈ.સ. ૬૦માં.

**ક્યાંથી લખ્યો** : રોમથી (પાઉલ જેમાં હતો)

**કોને લખ્યો :**

કલોસ્સાના વતની ફિલેમોન નામના એક પૈસાપાત્ર માણસ પર. પાઉલની ધર્મસેવાથી એનું બદલાણ થયું હતું. એક સમયે ફિલેમોને પાઉલ સાથે સુવાર્તિક કાર્ય પણ કર્યું હતું.

**લખવાનું પ્રયોજન :**

ફિલેમોનનો ગુલામ ઓનેસિમસ ફિલેમોનને ત્યાંથી ચોરી કરીને રોમ નાસી ગયો હતો. રોમ સંતાવાનું સરસ સ્થળ તું. ઓનિસિમસ પાઉલને મળવા ગયો, અને એનું બદલાણ થયું. પછી તો તે પાઉલની તહેનાતમાં તેની સેવા કરવા રહ્યો. પાઉલ ફિલેમોન પર આ પત્ર લખે છે, અને તાખીકસ સાથે પત્ર મોકલી આપે છે. ઓનેસિમસ તાખીક્સની સાથે સાથે જ કલોસ્સા જાય છે. (કલો. ૪:૯).

**પત્રનું લખાણ :**

ફિલેમોન ઓનેસિમસને માફ કરે, અને હવે માત્ર એના ગુલામ

તરીકે જ નહિ, પણ ખ્રિસ્તમાં ભાઈ ગણીને પાછો રાખે.

એણે કંઈ ચોરી કરી હોય તો પાઉલ લખે છે કે, હું તે દેવું ભરીશ પણ પાઉલ આશા રાખે છે કે ફિલેમોન તેને બધું માફ કરશે.

'ઓનેસિસ'નો અર્થ 'લાભકારક' થાય છે. ઓનેસિમસ ફિલેમોનને લાભકારક નહોતો, કેમ કે તેણે ચોરી કરી હતી, અને નાસી ગયો હતો. પણ પાઉલ લખે છે કે હવે ઓનેસિમસ ફિલેમોનને બેવડી રીતે લાભકારક હતો. ગુલામ તરીકે અને ખ્રિસ્તીભાઈ તરીકે. પાઉલથી ઓનેસિમસનું બદલાણ થયું, અને ઓનેસિમસે પાઉલની સેવા કરી, એમ તે પાઉલને પણ લાભકારક બન્યો હતો.

પાઉલ સામાજિક ઘરેડને નથી બદલતો, પણ બંને તરફનાં એટલે કે શેઠ અને ગુલામનાં હૃદયનો પલટો કરે છે. હૃદયપલટાથી જ દુનિયા પલટી શકાય છે.

**રૂપરેખા**

૧. પાઉલની સલામ અને ફિલેમોનની પ્રશંસાના શબ્દો. ૧-૭.

૨. ઓનેસિમસના હકમાં પાઉલ મધ્યસ્થી કરે છે. ૮-૧૧.

૩. છેવટના શબ્દો અને સલામી. ૨૨-૨૫.

## હિબ્રૂઓને પત્ર

**લેખક :** આ પુસ્તકનો લેખક કોણ હતો એનાં અનેક અનુમાનો છે. એના લેખક તરીકે પાઉલ, બાર્નાબાસ, આપોલસ, સિલાસ, એકવીલા, પ્રિસ્કીલા, અને રોમનો ક્લેમેન્ટ — એ બધાનાં નામો રજૂ કરવામાં આવે છે, પાઉલને લેખક તરીકે નથી માન્ય રાખવામાં આવતો કેમ કે વાપરેલી ગ્રીક ભાષા ઊંચા પ્રકારની છે; પાઉલ જૂનાકરારનાં વાક્યોનો ઉપયોગ

કરે છે ત્યારે તે હિબ્રૂ જૂના કરારમાંથી અને કોઈ વાર 'ગ્રીક સપ્તતી'માંથી લે છે, જ્યારે અહીં લગભગ બધાં જ અવતરણો 'ગ્રીક સપ્તતી'માંથી લેવામાં આવ્યાં છે; અને ત્રીજી વાત એ કે પાઉલના બધા પત્રોમાં તે સ્પષ્ટ જણાવે છે કે, એ પત્રો એણે લખ્યા છે, જ્યારે આ 'હિબ્રૂઓને પત્ર'માં પાઉલે એવો કોઈ ઉલ્લેખ કર્યો નથી.

આમ હોવા છતાં એ પત્ર પાઉલે જ લખ્યો છે. કિંગ જેમ્સવાળી અધિકારયુક્ત આવૃત્તિ પાઉલને માન્ય રાખે છે; વળી યુરોપની પૂર્વીય મંડળી તેમ પશ્ચિમની મંડળી – એ બંને વિભાગ પાઉલને લેખક તરીકે માન્ય રાખે છે. પરંપરાગત માન્યતા બહુધા પાઉલની તરફદારી કરે છે. આ પત્ર લખાતી વખતે તિમોથી લેખક સાથે હતો (૧૩:૨૩) એ બતાવે છે કે પાઉલ જ લેખક હતો.

પાઉલ પોતાનું નામ પત્રમાં જાણી જોઈને નથી આપતો. પત્રો બધી મંડળીઓમાં વંચાતા હતા, અને યરુશાલેમના સામાન્ય ખ્રિસ્તીઓને પાઉલ સામે કંઈક સૂગ હતી એટલે જાણી જોઈને તે પોતાનું નામ પડતું મૂકે છે.

**કોને લખાયો :**

આ પત્ર કોને લખાયો એ વિશે કોઈ જ ઉલ્લેખ પત્રમાં નથી. પરંતુ અંદરના લખાણ પરથી લાગે છે કે યહૂદીઓમાંથી થયેલા ખ્રિસ્તીઓને એ સંબોધવામાં આવ્યો છે. લેવીવર્ગના યાજકો સાથે ખ્રિસ્તની સરખામણી કરવામાં આવી છે, યરુશાલેમના મંદિરમાં ચડાવવામાં આવતાં યજ્ઞોનો પણ પુષ્કળ ઉલ્લેખ છે. મતલબ કે યહૂદીઓનાં પર્વો, ક્રિયાકાંડો, યજ્ઞો વગેરે એટલું બધું આપવામાં આવ્યું છે કે યહૂદીઓમાંથી થયેલા ખ્રિસ્તીઓ સિવાય વિદેશીઓમાંથી થયેલા ખ્રિસ્તીઓ એ બધું સમજી શકે જ નહિ. વળી જૂના કરારમાંથી બહુ અવતરણો લેવામાં આવ્યાં છે. એટલે પૅલેસ્ટાઈનના, અને ખાસ કરીને યરુશાલેમના યહૂદીઓમાંથી થયેલા ખ્રિસ્તીઓને સંબોધીને આ પત્ર લખવામાં આવ્યો છે.

**લખાયા તારીખ :**

જુદા જુદા અભ્યાસકો જુદી જુદી તારીખ, છેક ઈ.સ. ૬૦થી માંડીને ઈ.સ. ૯૦ સુધીની આપે છે. પણ યરુશાલેમનું મંદિર નાશ પામ્યું હોય, અને યજ્ઞયાગ બધું બંધ પડયું હોય એવો કોઈ ઉલ્લેખ એમાં નથી, ઊલટું એ બધું ચાલુ જ હોય એવો ભાસ આ પુસ્તકમાં પડે છે. યરુશાલેમનો વિનાશ પાછળથી ઈ.સ. ૭૦માં થયો. એટલે આ પુસ્તક ઈ.સ. ૭૦ પહેલાં લખાયું હોય એ બંધબેસતું થાય છે. પાઉલે રોમથી આ કાગળ ઈ.સ. ૬૧-૬૩ની વચ્ચે લખ્યો હશે. "ઈટાલીમાંના ભાઈઓ તમને સલામ કહે છે," (૧૩:૨૪) એ વાક્ય જણાવે છે કે આ પત્ર રોમથી લખાયો હશે.

તિમોથી પણ આ કાગળ લખાતી વખતે લેખકની સાથે હતો (૧૩:૨૩). તિમોથી પાઉલની સાથે યરુશાલેમ ગયો હતો (પ્રે.કૃ. ૧:૧). તિમોથીનો તાજેતરમાં છુટકારો થયો છે, અને પાઉલ તેને પૂર્વ તરફ (ફિલિપ્પી, યરુશાલેમ, ઈ.) પાછો મોકલી આપશે, અને બને તો પોતે પણ આવશે એવું પાઉલનું આયોજન હતું (ફિલિપી. ૨:૧૯, ૨૪). અને હિબ્રૂ ૧૩:૨૩, ૧૯ પરથી એવું દેખાય છે કે તેઓ યરુશાલેમ આવવાના હતા. આ બધું એ બતાવે છે કે પાલેસ્તાઈનના, અને ખાસ કરીને યરુશાલેમના યહૂદી-ખ્રિસ્તીઓને આ પત્ર લખવામાં આવ્યો હતો.

**પત્ર લખવાનો હેતુ :**

પ્રભુ ઈસુ ખ્રિસ્ત તે ઈશ્વરનું આખરી વચન અને પ્રક્ટીકરણ છે, અને તેણે યજ્ઞો, બલિદાનો અને મંદિરનું સ્થાન લીધું છે, એટલે ખ્રિસ્ત, અને તેની સાથે ખ્રિસ્તી ધર્મ તે આખરી છે, અને આગલાં બધાં વાનાં પર ખ્રિસ્ત અને ખ્રિસ્તી માર્ગની સર્વોપરીતા છે, એ બતાવવા આ પત્ર લખાયો છે.

## રૂપરેખા

પ્રસ્તાવના. ૧:૧-૪.

ભાગ I. દીકરો દૂતો કરતાં સર્વોપરી છે. ૧:૫-૨:૧૮.

૧. જૂના કરારનાં પ્રમાણો. ૧:૫-૧૪.

૨. એમાંથી પરિણમતી જવાબદારી. ૨:૧-૪.

૩. થોડી મુદત માટેની દીકરાની નમ્રતા અને અપમાન એ બુદ્ધિગમ્ય છે. ૨:૫-૧૮.

ભાગ II. દીકરો મોશે અને યહોશુઆ કરતાં અધિક યા સર્વોપરી છે. ૩:૧-૪:૧૬.

૧. મોશે કરતાં. ૩:૧-૬.

૨. મોશે અને યહોશુઆની આગેવાની નીચે નિષ્ફળતા. ૩:૭-૪:૨.

૩. વિશ્રામની જોગવાઈ. ૪:૩-૧૦.

૪. આ વિશ્રામે પહોંચવાની જરૂરિયાત. ૪:૧૧-૧૩.

૫. પ્રમુખ યાજક તરીકે ખ્રિસ્તનો વિજય આપણને ખ્રિસ્તની પાસે આવવાનું કારણ બની રહે છે. ૪:૧૪-૧૬.

ભાગ III ખ્રિસ્તના પ્રમુખ યાજકપણાની શ્રેષ્ઠતા. ૫:૧-૭:૨૮.

૧. એના પ્રમુખ યાજકપણાની લાયકાતો. ૫:૧-૧૦.

૨. આત્મિક સત્ય સમજવાની જરૂર. ૫:૧૧-૬:૨૦.

૩. ખ્રિસ્તના પ્રમુખ યાજકપણામાં મેલ્ખીસેદેકી ભાવના. ૭:૧-૨૫.

૪. ખ્રિસ્તનું પ્રમુખ યાજકપણું લેવીકુળના પ્રમુખ યાજકપણા કરતાં જુદું છે. ૭:૨૬-૨૮.

ભાગ IV. ખ્રિસ્તના પ્રમુખ યાજકપણાની સેવા શ્રેષ્ઠ છે. ૮:૧-૧૮.

૧. સંજોગો. ૮:૧-૧૩.

૨. બે કરારોનાં પવિત્રસ્થાન અને સેવા વચ્ચે તફાવત. ૯:૧-૨૮.

૩. ખ્રિસ્તના બલિદાન અને લેવીય બલિદાનો વચ્ચે તફાવત. ૧૦:૧-૧૮.

ભાગ V. વ્યવહારું લાગુકરણ. ૧૦:૧૯-૧૨:૯૨.

૧. વિશ્વાસુ રહેવા માટે વિનંતી. ૧૦:૧૯-૩૯.

૨. બીજાઓના નમૂનાઓ દ્વારા હાકલ. ૧૧:૧-૧૨:૪.

૩. પુત્રપણાના મુદ્દા દ્વારા દિલાસો. ૧૨:૫-૧૩.

૪. ધર્મપતન સામે ચેતવણી. ૧૨:૧૪-૧૭.

૫. ખ્રિસ્તીના ઊંચા દરજ્જા પરથી દલીલ. ૧૨:૧૮-૨૯.

સમાપ્તિ : સામાજિક અને ધાર્મિક જવાબદારીઓ, અંગત શિખામણો. ૧૩:૧-૨૫.

## યાકોબનો પત્ર

**લેખક** : લેખકનું નામ ૧:૧માં 'યાકોબ' આપ્યું છે. નવા કરારમાં ચાર 'યાકોબ' આપ્યા છે. તેમાંથી બેની શકયતા ખરી : એક તો બાર પ્રેરિતોમાં ઝબદીનો દીકરો યાકોબ, અને બીજો પ્રભુ ઈસુનો ભાઈ યાકોબ (મરિયમ અને યોસેફનો દીકરો, માથ્થી ૧૩:૫૫, માર્ક ૬:૩). પણ ઝબદીનો દીકરો યાકોબ (યોહાનનો ભાઈ) આ પુસ્તકનો લેખક હોઈ શકે નહિ, કેમકે એને તો ઈ.સ. ૪૪માં હેરોદે મારી નાખ્યો હતો (પ્રે.કૃ. ૧૨:૨). પત્રમાં જે અધિકારપૂર્ણ લખાણ છે તે બતાવે છે કે, "નાનો" યાકોબ, અને લૂક ૬:૧૬નો યાકોબ આ પુસ્તકના લેખક હોઈ શકે નહિ.

એટલે પ્રભુ ઈસુનો ભાઈ યાકોબ જ આ પત્રનો લેખક હોવો જોઈએ. વળી આ યાકોબ યરુશાલેમની મંડળીમાં મોટો આગેવાન હતો. (પ્રે.કૃ.૧૨:૧૭, ૧૫:૧૩. ૨૧:૧૮). આ જ યાકોબે આ પત્ર લખ્યો

હશે, એનું બીજું પણ કારણ છે : આ પત્રમાં જે પ્રકારની ગ્રીક ભાષા વાપરી છે, તે આ યાકોબે યરુશાલેમની કાઉન્સિલ વખતે જે ભાષણ આપ્યું તેની ગ્રીક ભાષા સાથે બિલકુલ મળતી આવે છે (યાકોબ ૧:૧ અને પ્રે.કૃ. ૧૫:૨૩, યાકોબ ૧:૨૭ અને પ્રે.કૃ. ૧૫:૧૪, યાકોબ ૨:૫ અને પ્રે.કૃ. ૧૫:૧૩). પરંપરાગત ઊતરી આવેલી માન્યતા પણ એ જ લેખક સૂચવે છે.

આ યાકોબે પ્રભુ ઈસુના પુનરુત્થાન પછી ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો હોય એમ લાગે છે, કારણ, પ્રભુ ઈસુના મૃત્યુ પહેલાં તો તે પ્રભુ ઈસુમાં માનતો નહોતો. પાછળથી સર્વ યહૂદીઓમાં તે ઘણો ધાર્મિક અને પ્રાર્થનાપરાયણ ગણાતો હતો. પરંપરાગત વાત છે કે લાંબા સમયો સુધી ઘૂંટણ પર પ્રાર્થના કરવાને લીધે એનાં ઘૂંટણ ઊંટનાં ઘૂંટણ જેવાં કઠણ અને બહેરી ચામડીનાં બની ગયાં હતાં. યરુશાલેમમાં પાઉલે તેની સલાહ લીધી હતી (પ્રે. કૃ. ૨૧:૧૮-૨૬) અને પાઉલ પાછળથી જણાવે છે કે આ યાકોબ મંડળીનો મુખ્ય આગેવાન હતો (ગલા. ૧:૧૯, ૨:૯, ૧૨). પિતર જેલમાંથી છૂટીને યાકોબને ખબર આપે છે (પ્રે.કૃ. ૧૨:૧૭ – આ પ્રેરિત યાકોબ નહોતો કેમ કે તેનો તો ક્યારનોયે વધ કરાયો હતો. પ્રે.કૃ. ૧૨:૨).

**ક્યારે લખાયો :**

ખ્રિસ્તી મંડળીનું સૌથી પહેલું લખાણ આ પત્રને ગણવામાં આવે છે. ઈ.સ. ૪૫-૫૦ના ગાળામાં આ પત્ર લખવામાં આવ્યો હોવો જોઈએ. પ્રભુ ઈસુનો આ ભાઈ યાકોબ ઈ.સ. ૬૪માં તો શહીદ થયો હતો, એટલે પત્ર એ પહેલાં લખાયો હોવો જોઈએ. વળી પાછળથી લખાયેલા પત્રોમાં જે અમુક બાબતોનો ઉલ્લેખ હોય છે તે આ પત્રમાં નથી, જેમ કે, 'નવા યુગ'ની વાત, મંડળીએ વિદેશીઓમાંથી અને યહૂદીઓમાંથી નીકળી આવવાની વાત અને વિદેશીઓમાંથી થયેલા ખ્રિસ્તીઓનો મોશેના કાયદાઓ સાથેનો સંબંધ (જે પાછળથી યરુશાલેમની

કાઉન્સિલમાં છણાયો હતો. પ્રે.કૃ. ૧૫. એ કાઉન્સિલનું પ્રમુખસ્થાન આ યાકોબે લીધું હતું.) યરુશાલેમ અને મંદિરના પતનની (ઈ.સ. ૭૦) વાતનો આ પત્રમાં આછો આભાસ પણ નથી. બીજા જે પત્રો પાછળથી લખાયા તેમાં ખ્રિસ્તી સિદ્ધાંતોની છણાવટ સીધી કે આડકતરી જોવામાં આવે છે, તે આ પત્રમાં નથી. આ બધા મુદ્દા બતાવે છે કે આ પત્ર ખૂબ વહેલો લખવામાં આવ્યો હશે.

**ક્યાંથી લખાયો : યરુશાલેમથી લખવામાં આવ્યો.**

**કોને લખવામાં આવ્યો :**

**યાકોબ ૧:૧માં આપ્યું છે કે, "વિખેરાઈ ગયેલાં બાર કુળને." એટલે યહુદીઓને નહિ, પણ યહૂદીઓમાંથી જે ખ્રિસ્તી થયેલા છે, અને યરુશાલેમથી દૂર વસે છે તેઓને આ પત્ર સંબોધાયેલો છે.**

**પુસ્તકનો વિષય : વ્યવહારું ખ્રિસ્તી જીવન અને સદાચરણ.**

**રૂપરેખા**

**પ્રાસ્તાવિક સલામી. ૧:૧.**

ભાગ I. **પરીક્ષણો. ૧:૨-૧૮.**

૧. **પરીક્ષણોનો હેતુ. ૧:૨-૧૨.**

૨. **પરીક્ષણો ક્યાંથી આવે છે. ૧:૧૩-૧૬.**

૩. **ઈશ્વરી હેતુ. ૧:૧૭, ૧૮.**

ભાગ II. બોલ. ૧:૧૯-૨૭.

ભાગ III. પક્ષપાત. ૨:૧-૧૩.

૧. આજ્ઞા. ૨:૧.

૨. વર્તન. ૨:૨-૩.

૩. પરિણામ. ૨:૪-૧૩.

ભાગ IV. વિશ્વાસ અને કૃત્યો. ૨:૧૪-૨૬.

૧. સરખામણી. ૨:૧૪.

૨. દાખલો. ૨:૧૫-૧૭.

૩. સૈદ્ધાંતિક દલીલ. ૨:૧૮-૨૬.

ભાગ V. જીભનાં પાપ. ૩:૧-૧૨.

૧. એને કબજે રાખવી. ૩:૧-૪.

૨. એની ફુલાશ. ૩:૫-૧૨.

ભાગ VI. સાચું ડહાપણ. ૩:૧૩-૧૮.

ભાગ VII. દુનિયાદારીપણું. ૪:૧-૧૭.

૧. એનું કારણ. ૪:૧-૨.

૨. એનું પરિણામ. ૪:૩-૬.

૩. એનો ઇલાજ. ૪:૭-૧૦.

૪. એની ખાસિયતો. ૪:૧૧-૧૭.

ભાગ VIII. દ્રવ્ય, ધીરજ અને સમ ખાવા. ૫:૧-૧૨.

ભાગ IX. પ્રાર્થના. ૫:૧૩-૧૮.

ભાગ X. ભૂલ કરનારનું બદલાણ. ૫:૧૯-૨૦.

## પિતરનો પહેલો પત્ર

**પત્રનો લેખક :**

લેખક પોતે જ લખે છે કે, “લખિતંગ ઈસુ ખ્રિસ્તનો પ્રેરિત પિતર” (૧:૧). વળી શરૂઆતની મંડળી પહેલેથી જ માનતી આવી છે કે પિતર એનો લેખક હતો. પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે અને તેમના શિક્ષણ સાથે લેખકને અંગત પરિચય હતો એમ લેખક બતાવે છે (સરખાવો. ૫:૧, ૫:૫ અને યોહા. ૧૩:૩-૫, ૫:૨ અને યોહા. ૨૧:૧૫-૧૭). પ્રભુ ઈસુનાં દુ:ખો પોતાની આંખે જોયાં હતાં એમ લેખક નિર્દેશ કરે છે

(૫:૧, સરખાવો ૩:૧૮, ૪:૧ વળી જુઓ ૨:૧૯- ૨૪ અને ૩:૧૩). વળી પિતરે જે ભાષણ આપ્યાં તે અને આ પત્રમાં પિતરે વાપરેલા શબ્દો કેવાં મળતાં આવે છે ! (સરખાવો પ્રે.કૃ. ૨:૩૨-૩૬, ૧૦:૩૪, ૪૧ અને ૧ પિત. ૧:૨૧, વળી પ્રે.કૃ. ૪:૧૦, ૧૧ અને ૧ પિત. ૨:૭-૮ તેમ જ પ્રે.કૃ. ૧૦:૩૪ અને ૧ પિત. ૧:૧૭).

**પત્રની તારીખ :**

રોમન બાદશાહ નીરોએ સતાવણી શરૂ કરી એ અરસામાં એટલે કે ઈ.સ. ૬૫માં આ પત્ર લખાયો. નીરોનો અમલ ઈ.સ. ૫૪ થી ૬૮ સુધીનો હતો. પિતર પોતાના પત્રમાં બીજા પત્રોની પોતાને જાણકારી હોય એમ બતાવે છે, દાખલા તરીકે યાકોબનો પત્ર, ૧ થેસ્સાલોનિકા, રોમન, કલોસ્સીઓ, એફેસીઓં, ફિલિપીઓ. પાઉલે જેલખાનામાંથી પત્રો લખ્યા એ પછી આ પત્ર લખાયો હશે. નીરોના રાજ્યકાળના તેરમા વર્ષે પિતર શહીદ થયો. (ઈ.સ. ૬૭-૬૮).

**પત્રનું પ્રયોજન :**

નીરોની સતાવણીમાં દુઃખ સહેતા ખ્રિસ્તીઓને હિંમત આપવા માટે આ લખાયો. એટલે જ ખ્રિસ્તનાં દુઃખો તેમને યાદ કરાવવામાં આવે છે. આવા નાના પત્રમાં દુઃખ સહેવા માટે સાત જુદા જુદા પ્રકારના શબ્દો વાપર્યા છે. ભવિષ્યમાં થનાર મહિમા ને મળનાર વારસા આગળ અત્યારનાં દુઃખો વિસાતમાં નથી (૫:૪), દુઃખો સહેવામાં હેતુ છે (૧:૬-૭, ૨:૧૯-૨૦, ૩:૧૪, ૪:૧૪, આવા દુઃખો કોઈ નવાઈનાં નથી, એની રાહ જ જોવી (૪:૧૨), એનાથી ડરવું નહિ (૩:૧૪), ધીરજથી સહન કરવાં (૨:૨૩, ૩:૯), અને એમાં હરખાવું (૪:૧૩). ખ્રિસ્તના દુઃખો યાદ કરો (૧:૧૧, ૨:૨૧, ૫:૧). ખ્રિસ્તનાં દુઃખો વિશ્વાસી માટે નમૂનારૂપ છે (૨:૨૧, ૪:૧-૨). આ દુઃખો ઈશ્વરની ઇચ્છા વિરુદ્ધના નથી (૪:૧૯). પત્રમાં દુઃખ 'સહેવું' એ શબ્દ ૧૬ વખત વપરાયો છે.

**ક્યાંથી લખાયો :**

અંદર ૫:૧૩માં બાબિલોન આપ્યું છે. પણ મોટા ભાગના અભ્યાસીઓનું માનવું છે કે નીરોની સતાવણી શરૂ થઈ ચૂકી હતી, એટલે 'કોડ વર્ડ' (છૂપી ભાષા)માં એ બાબિલોન લખ્યું છે, પણ પત્ર રોમથી લખાયો હતો.

ઘણા એમ માને છે કે રોમની મંડળી પિતરે બાંધી, અને તે રોમની મંડળીનો પહેલો બિશપ હતો, પણ મંતવ્યને બાઇબલમાંથી કે ઇતિહાસમાંથી કોઈ સમર્થન મળતું નથી. ઇતિહાસકારો તો એમ કહે છે કે પિતર કદી રોમ ગયો નથી, સિવાય કે એના અંતકાળના થોડા સમય અગાઉ તે રોમ ગયો હશે, અને ઊંધે મસ્તકે ક્રૂસ પર લટકાવાયો હશે.

**કોને લખાયો :** કલમ ૧:૧માં આપવામાં આવ્યું છે.

**રૂપરેખા**

૧. હાલનાં દુઃખો અને ભવિષ્યમાં મળનાર વારસો. ૧:૧-૨૫.

૨. ખ્રિસ્તનાં દુઃખોની નજરે આપણાં દુઃખો. ૨:૧-૪:૬.

૩. પ્રભુ ઈસુ પાછા આવવાના છે તે નજરે આપણાં દુઃખો. ૪:૭-૫:૧૪.

## પિતરનો બીજો પત્ર

**લેખક :** પહેલા અને બીજા પત્રની શૈલીમાં જે તફાવત દેખાય છે, તેથી કેટલાક અભ્યાસકો માને છે કે આ બીજો પત્ર બીજા કોઈએ લાંબા ગાળા પછી લખ્યો, અને લેખક તરીકે સિમોન પિતરનું નામ (૧:૧) જૂઠી રીતે આપ્યું. પણ ભવિષ્યમાં જૂઠા ઉપદેશકો થશે (૨:૧) એવી ચેતવણી આપનાર પોતે જ જૂઠું નામ આપે એ અસંભવિત વાત છે.

પિતર જ એનો લેખક હતો, અને વિષયાંતર થતું હોવાથી શૈલીમાં

થોડો ફરક પડે એ કુદરતી છે, આમ છતાં ફરકને બદલે ઊલટું સામ્ય વધારે છે. પ્રભુ ઈસુના રૂપાંતર વિશે જણાવી લેખક ૧:૧૬-૧૮માં જણાવે છે કે અમે "તેની મહાન પ્રભુતાને પ્રત્યક્ષ જોનારા હતા," અને "અમે તેની સાથે પવિત્ર પર્વત પર હતા." અને પિતર આ રૂપાંતરના પહાડ પર જાતે હાજર હતો એ વાત બતાવે છે કે પિતર જ એનો લેખક હતો. વળી પ્રભુ ઈસુએ પિતરને એના મૃત્યુ વિશે જણાવ્યું હતું એ સંબંધીનો ઉલ્લેખ પણ બતાવે છે કે પિતર એનો લેખક હતો : "મને માલૂમ પડે છે કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે મને કહી દેખાડયું (યોહાન ૨૧:૧૮, ૧૯), તે પ્રમાણે મારો માંડવો જલદી પડી જવાનો છે." (૧:૧૪). એમ, પત્રનો લેખક સિમોન પિતર જ છે.

**પત્રનું પ્રયોજન અને તારીખ :**

આ સમયે કેટલાક ભ્રામક મતો અને એ વિશેનું જૂઠું શિક્ષણ ફાલવા માંડયું હતું, અને એમાં જાતીય ભ્રષ્ટતા ભળેલી હતી. એ બધાંની સામે ખ્રિસ્તીઓને ચેતવવા આ પત્ર લખાયો. વળી પ્રભુનું આવવું નજદીક છે એ વિશે પણ લેખકે ચેતવણી આ પત્રમાં આવી છે. પહેલા પત્ર પછી તરત જ આ બીજો પત્ર લખાયો નથી, પણ વચ્ચે એકાદ-બે વર્ષનો ગાળો વીત્યો લાગે છે. એમ, આ બીજો પત્ર ઈ.સ. ૬૬-૬૭માં લખાયો હશે.

**કોને માટે લખાયો :**

પહેલો પત્ર જેમને સંબોધાયો હતો (૧ પિત. ૧:૧-૨) તેમને જ આ બીજો પત્ર સંબોધાયો છે.

**પત્રની વસ્તુ :**

આપણે આ પત્રને પહેલા પત્રનું અનુસંધાન કહી શકીએ. એમાં પ્રભુના પુનરાગમન વિશે શીખવવામાં આવ્યું છે, અને મહાન બનાવની થોડી વાર પહેલાં જે ભ્રષ્ટતા, જૂઠા શિક્ષકો અને જૂઠું શિક્ષણ આવશે તે પર ધ્યાન દોર્યું છે.

**રૂપરેખા**

સલામી. ૧:૧-૪.

ભાગ I. ખ્રિસ્તમાં વધુ વૃદ્ધિ પામવાનું શિક્ષણ. ૧:૫-૧૧.

ભાગ II. પ્રેરિતોને અધિકાર. ૧:૧૨-૨૧.

ભાગ III. પાખંડી શિક્ષકોથી ઊભું થતું જોખમ. ૨:૧-૨૨.

ભાગ IV. પ્રભુ પાછા આવવાના છે તે ધ્યાનમાં રાખીને વર્તો. ૩:૧-૧૮.

## યોહાનનો પહેલો પત્ર

**લેખક :** પ્રેરિત યોહાન, યોહાનની સુવાર્તાનો લેખક, અને ઝબદીનો દીકરો અને યાકોબનો ભાઈ.

**ક્યાંથી લખ્યો :**

યોહાન પોતાની જિંદગીનાં આખરનાં વર્ષોમાં એફેસસમાં રહેતો હતો, ત્યાંથી આ પત્ર લખ્યો.

**કોને માટે લખાયો :**

કોઈ મંડળી યા વ્યક્તિને સંબોધીને આ પત્ર લખવામાં આવ્યો નથી. પણ બધા ખ્રિસ્તીઓ માટે લખાયો છે.

**પત્રની તારીખ :**

પ્રકટીકરણ અને યોહાનના બીજા અને ત્રીજા પત્ર પહેલાં, અને બાકીનાં બધાં પુસ્તકો પછી આ પત્ર લખાયો. કદાચ ઈ.સ. ૮૫-૯૦ની વચ્ચે લખાયો. યોહાનની સુવાર્તા આ પત્રની અગાઉ યોહાને લખી હતી.

**પત્રનું પ્રયોજન :**

ઈ.સ.ની પહેલી સદીના પાછલા બેએક દાયકામાં જ્ઞાનવાદ

(Gnosticism) ફેલાવા માંડ્યો હતો. આ ખોટી જાતની અસરો અને ફેલાવો ખ્રિસ્તી મંડળીઓમાંથી નાશ પામે, ખ્રિસ્તીઓ સાચું શિક્ષણ પામે, અને સુવાર્તાનું હાર્દ માર્યું ન જાય એવા હેતુથી યોહાને આ પત્ર લખ્યો.

વળી તે સમયની વિચારસરણી પ્રમાણે સુવાર્તાનું નવેસરથી અર્થઘટન અને લાગુકરણ કરવામાં આવે માટે યોહાને આ પત્ર લખ્યો. એમાં એણે લગભગ તાજગીભર્યું નવું અર્થઘટન અને લાગુકરણ કર્યું છે. ખ્રિસ્તીઓની પિતા સાથેની સંગતનો અનુભવ અને અનંતજીવનનો વારસો અહીં પૃથ્વી પરથી જ મળવો શરૂ થઈ જાય છે, અને પછી અનંતકાળ માટે ચાલુ રહે છે એ વિશે પણ તે સમજાવે છે. વ્યવહારમાં પ્રેમનું પ્રદર્શન, ખરી વર્તણૂક અને સાચું નૈતિકપણું - એમને અને અનંતજીવન વચ્ચે સંબંધ છે તે પણ દર્શાવે છે.

**જ્ઞાનવાદ શું છે, ને તે કેમ દુર્મત યા પાખંડી મત છે :**

એનું શિક્ષણ આવું છે : (૧) આત્મા સારો છે, પણ બધાં જ ભૌતિક વાનાં પાપમય છે, એટલે કે માનવી શરીર પાપી છે. (૨) એટલે ખ્રિસ્ત આવું પાપમય શરીર ધારણ કરી શકે જ નહિ. બેથલેહેમની ગભાણમાં તેમણે ખરેખર દેહ ધારણ કર્યો જ નહોતો; એ તો માત્ર આભાસમય શરીર હતું, – ખરેખરું શરીર નહોતું. (૩) જો સાચું શરીર તેમણે ધારણ નહોતું કર્યું, તો તે ક્રૂસ પર મરી શકે જ નહિ. (૪) અને જો ક્રૂસ પર મર્યા નથી, તો આપણો ઉદ્ધાર થયો જ નથી. આપણાં પાપનો બધો જ બોજો હજી આપણા શિર પર જ છે. (૫) સાચું શરીર નહોતું, તો પાપની માફીને માટે વહેવડાવા તેમનામાં લોહી નહોતું, કેમ કે "લોહી વહેવડાવ્યા સિવાય પાપની માફી નથી." (૬) એટલે આપણને પાપની માફી મળી જ નથી." (૭) ઈસુનું પુનરુત્થાન ખરેખર થયું જ નહોતું, એ તો માત્ર આભાસી શરીર હતું, એટલે આપણું પણ પુનરુત્થાન થનાર નથી. (૮) એ 'સુવાર્તા' એ સુવાર્તા કે શુભ સંદેશ છે

જ નહિ ! આ પાખંડવાદની સામે યોહાન આ પત્રમાં ખ્રિસ્તીઓને ચેતવે છે. આ પછી પણ મંડળીને લાંબા ગાળા સુધી આ દુર્મત સામે ઝઝૂમવું પડયું હતું.

**રૂપરેખા**

પ્રાસ્તાવિક સલામી. ૧:૧,૨.

ભાગ I. વિશ્વાસીઓ અને સંગત. ૧:૩-૨:૧૧.

ભાગ II. વિશ્વાસીઓ અને તેમના શત્રુઓ. ૨:૧૨-૨૭.

ભાગ III. વિશ્વાસીઓ અને પ્રભુનું પુનરાગમન. ૨:૨૮-૩:૩.

ભાગ IV. વિશ્વાસીઓની શેતાનનાં સંતાનો સાથે સરખામણી. ૩:૪-૨૪.

ભાગ V. વિશ્વાસીઓ અને જૂઠા શિક્ષકો. ૪:૧-૬.

ભાગ VI. વિશ્વાસીઓ માટે ખાતરી અને ચેતવણી. ૪:૭-૫:૧૯.

સમાપ્તિ. ૫:૨૦-૨૧.

## યોહાનનો બીજો પત્ર

**લેખક :** ઝબદીનો દીકરો યોહાન, જે પ્રેરિત હતો, અને યોહાનની સુવાર્તાનો, તેમ જ યોહાનના ત્રણે પત્રો તથા પ્રકટીકરણનો લેખક હતો, તે પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી કંઈક વર્ષો સુધી યરુશાલેમમાં રહ્યો હતો. પણ ઈ.સ. ૭૦માં યરુશાલેમ મંદિરનો નાશ થયા પછી તે એફેસસમાં જઈને રહ્યો હતો. પ્રભુ ઈસુનાં મા મરિયમ જીવ્યાં ત્યાં સુધી યોહાને તેમને પોતાની પાસે જ રાખ્યાં હતાં. એફેસસ શહેર હાલ જેને તુર્કસ્તાન કહીએ છીએ તેમાં આવેલું હતું. એફેસસની મંડળીમાં તે આગેવાન હતો, અને આસપાસની બીજી મંડળીઓની પણ તે દેખભાળ રાખતો હતો.

એફેસસમાં પોતાના લાંબા વસવાટ દરમિયાન ત્રણ જુવાનોને તેણે બાઇબલ શિક્ષણ આપ્યું હતું. એ હતા પોલિકાર્પ, પાપિયસ અને ઇગ્નેશિયસ. પાછળથી તેઓ અનુક્રમે સ્મર્ના, હાઈરાપોલિસ અને અંત્યોખના બિશપ (પાળક) બન્યા હતા.

**તારીખ :**

આશરે ઈ.સ. ૮૫-૯૦ની વચ્ચે. પહેલાં પત્રની સાથે કે આસપાસના સમયે યોહાને આ પત્ર લખ્યો.

**કોને લખ્યો :**

પત્રમાં પહેલી કલમમાં આપ્યું છે, **"પસંદ કરેલી બાઈ"**. પોતે જ બધી મંડળીઓની દેખભાળ રાખતો હતો, એમાંની કોઈ એક મંડળીમાં આ 'બાઈ' હતી, અને મોટે ભાગે એનું ઘર ભજનસેવા માટે વપરાતું, અને એ ઉપરાંત જુદે જુદે સ્થળેથી જે ઉપદેશકો અને શિક્ષકો આવતા, તેઓ આ બહેનને ત્યાં ઊતરતા હતા. બીજા કેટલાક અભ્યાસકોનું માનવું છે કે "પસંદ કરેલી બાઈ" તે કોઈ એક **મંડળી** પણ હોઈ શકે. એ અર્થ પ્રમાણે "તારી પસંદ કરેલી બહેનનાં બાળકો" (કલમ ૧૩)માં એ બહેન બીજી કોઈ મંડળી હોઈ શકે. અને પહેલાં અર્થ પ્રમાણે પહેલી 'બાઈ'ની કોઈ બહેન એફેસસમાં રહેતી હોય એમ અર્થઘટન થઈ શકે.

**ક્યાંથી પત્ર લખાયો :** એફેસસથી.

**રૂપરેખા**

પ્રાસ્તાવિક સલામી. ૧-૩.

ભાગ I. સત્ય અને પ્રેમનો માર્ગ. ૪-૬.

ભાગ II. ભમાવનાર અને ખ્રિસ્ત વિરોધીનું ચિહ્ન. ૭-૧૧.

સમાપ્તિ. ૧૨-૧૩.

## યોહાનનો બીજો પત્ર

**લેખક :** પ્રેરિત યોહાન જેણે યોહાનની સુવાર્તા અને પ્રકટીકરણ લખ્યું. ઝબદીનો દીકરો અને યાકોબનો ભાઈ (વધુ માહિતી માટે જુઓ પહેલા અને બીજા યોહાનની પ્રસ્તાવના).

**ક્યાંથી અને ક્યારે લખાયો :**

આશરે ઈ.સ. ૯૫-૯૭માં એફેસસથી લખાયો. જો યુસેબિયસની વાત સાચી હોય તો ડોમિશિયન બાદશાહના મૃત્યુ (ઈ.સ. ૯૬) પછી યોહાન પાત્મસ ટાપુ પરથી એફેસસ પાછો આવ્યો, તે પછી તેણે આ પત્ર લખ્યો.

**કોને લખ્યો :**

ગાયસને, એફેસસની આસપાસની આસિયાની કોઈ મંડળીમાં ગાયસ કાં તો પાળક હશે, અથવા આગેવાન હશે. મંડળીના મહેમાનોની તે ઉત્તમ સરભરા કરતો હતો, અને પોતાને ઘેર તેમને રાખતો હતો. કદાચ યોહાન દ્વારા તે ખ્રિસ્તની પાસે આવ્યો હશે.

**પત્રનું પ્રયોજન :**

યોહાન જે મંડળીઓની દેખરેખ રાખતો હતો તેમાંની એક મંડળીમાં દિયોત્રફેસ નામનો માણસ મંડળી પર સત્તા જમાવવા માંગતો હતો, અને યોહાનની આગેવાની ગણકારતો નહોતો. તે યોહાનની વિરુદ્ધ બોલતો હતો (કલમ ૯, ૧૦). વળી બહારથી આવનાર ભાઈઓનો અંગીકાર કરતો નહોતો, અને બીજાઓને કરવા દેતો નહોતો (કલમ ૧૦). "અને મંડળીમાંથી તેમને બહિષ્કૃત કરે છે." (કલમ ૧૦), એ શબ્દો બતાવે છે કે મંડળીમાં તેની આગેવાની હતી, અથવા તો યોહાને તેને એ મંડળી પર પાળક નીમ્યો હશે.

ગાયસ પર યોહાને પત્ર લખ્યો, એ માટે કે યોહાન એ મંડળીની મુલાકાતે આવવા માગતો હતો એની જાણ ગાયસ દિયોત્રફેસને કરે.

દિયોત્રફેસ પર યોહાને સીધો પત્ર ન લખ્યો, કારણ, દિયોત્રફેસ યોહાનનો કાગળ ન પણ સ્વીકારે. યોહાન જાતે જઈને બધું સીધું કરનાર હતો.

તે જમાનામાં પાળકોને તાલીમ આપવા માટે ઈશ્વરવિદ્યા શાળાઓ નહોતી, પણ પ્રેરિતો અને મંડળીના આગેવાનો યુવાન ઉમેદવારોને શિક્ષણ આપતા હતા. આવા શિક્ષણ આપવાને માટે બહારથી આવનાર શિક્ષકોને દિયત્રેફસ આવકારતો નહોતો.

**રૂપરેખા**

ભાગ I. ગાયસને અંગત સલામી. ૧-૪

ભાગ II. ધર્મસેવકોને લગતાં સલાહ-સૂચનો. ૫ - ૮.

ભાગ III. સત્તાપ્રેમી દિયોત્રફેસ સામે ચેતવણી. ૯- ૧૧.

ભાગ IV. વખાણપાત્ર દેમેત્રિયસ. ૧૨-૧૪.

## યહૂદાનો પત્ર

**લેખક :**

પત્રની પહેલી જ કલમમાં જણાવ્યું છે તેમ આ લેખક યહૂદા તે યરુશાલેમની મંડળીના પ્રમુખ યાકોબનો સગો ભાઈ થાય. આ યાકોબ પ્રભુ ઈસુનો ભાઈ થતો, એટલે આ લેખક યહૂદા તે પણ પ્રભુ ઈસુનો ભાઈ થતો હતો. છતાં પણ તે નમ્રતાથી પોતાની ઓળખ આપે છે, "ઈસુ ખ્રિસ્તનો સેવક, યાકોબનો ભાઈ યહૂદા." પ્રભુ ઈસુના ભાઈઓના નામ માર્ક ૬:૩માં આ પ્રમાણે આપ્યાં છે : "શું એ સુતાર નથી ? શું એ મરિયમ્‌નો દીકરો, યાકોબ તથા યોસે તથા યહૂદા તથા સિમોનનો ભાઈ નથી ? શું એની બહેનો અહીં આપણી પાસે નથી ?"

**પત્રની તારીખ :** ઈ.સ. ૬૫-૭૦ના અરસામાં લખાયો.

**ક્યાંથી લખાયો :** કોઈ માહિતી નથી.

**કોને લખાયો :**

બધા ખ્રિસ્તીઓને. કોઈ એક મંડળી કે વ્યક્તિને સંબોધીને આ પત્ર લખાયો નથી.

**પત્રનું પ્રયોજન :**

કલમ ૩ અને ૪માં લેખકે પત્ર લખવાનો હેતુ જણાવી દીધો છે : "કેટલાએક માણસો ગુપ્ત રીતે માંહે આવ્યા છે (મંડળીમાં દાખલ થયા છે); તેઓ અધર્મી છે, ને આપણા ઈશ્વરની કૃપાનો વિષયાસક્તિમાં દુરુપયોગ કરે છે (વિષયવાસનામાં મઝા માણે છે), અને ઈસુ ખ્રિસ્ત જે આપણો એકલો સ્વામી તથા પ્રભુ છે **તેનો નકાર કરે છે.**"

કલમ ૩માં આપ્યું છે : "જે વિશ્વાસ સંતોને એક જ વાર આપવામાં આવ્યો હતો." એનો અર્થ થાય છે કે, **એક જ વાર સદાને માટે.** એટલે હવેથી કોઈ મંડળી કે જૂથ કે વ્યક્તિ એવું કહી શકે જ નહિ કે હજી અમને ઈશ્વર તરફથી પ્રકટીકરણ થાય છે, કે જેથી જે ઐતિહાસિક ખ્રિસ્તી ધર્મવિશ્વાસ છે એમાં સુધારોવધારો કે અન્ય કંઈ ફેરફાર કરવાની જરૂર ઊભી થાય. એ દ્વારા પત્ર ભ્રામક મતોની સામે ચેતવણી આપે છે.

"કાઈનનો માર્ગ" અને "બલઆમની ભૂલ" માટે જુઓ આ **પુસ્તકમાંનો શબ્દકોશ.**

**રૂપરેખા**

પ્રસ્તાવના ૧-૨.

ભાગ I. પત્ર લખવાનું પ્રયોજન. ૩-૪.

ભાગ II. અવિશ્વાસ અને બળવાના ઐતિહાસિક દાખલા. ૫-૭.

ભાગ III. જૂઠા શિક્ષકનું વર્ણન. ૮-૧૯.

ભાગ IV. ખ્રિસ્તીઓને બોધ. ૨૦-૨૩.

સમાપ્તિ. ૨૪-૨૫.

# પ્રકટીકરણ
## ઈશ્વરજ્ઞાની યોહાનને થયેલું

**લેખક :** આ 'યોહાનનું પ્રકટીકરણ' નથી,, પણ "પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પ્રકટીકરણ" છે. પુસ્તકની પહેલી કલમમાં એ અને બીજું કેટલુંક સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે. ઈશ્વરે તે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપ્યું, અને પ્રભુ ઈસુએ દૂતની મારફતે યોહાનને આપ્યું. યોહાને એ પ્રકટીકરણને માનવી ભાષામાં (ગ્રીકમાં) પુસ્તકરૂપે લખ્યું. આ યોહાન તે બીજો કોઈ નહિ, પણ યોહાનની સુવાર્તાનો લેખક તેમ જ યોહાનના ત્રણ પત્રોનો લેખક યોહાન, પ્રભુ ઈસુનો એક શિષ્ય અને ઝબદીનો દીકરો, તથા યાકોબનો ભાઈ. યોહાને પોતાની ઓળખ ૧:૧, ૪, ૯ અને ૨૩:૮માં આપી છે.

**ક્યારે લખ્યું :**

આયરેનિયસના લખવા પ્રમાણે રોમના બાદશાહ ડોમિશિયનના રાજ્યકાળ (ઈ.સ. ૮૧-૯૬)ના છેલ્લા ભાગમાં યોહાનને પાત્મસ બેટ પર દેશનિકાલ કર્યો ત્યારે યોહાને આ પુસ્તક લખ્યું. યુસેબિયસ એમ જણાવે છે કે ડોમિશિયન બાદશાહની હકૂમતના પંદરમા વર્ષે યોહાનને દેશનિકાલ કરવામાં આવ્યો. એટલે ઈ.સ. ૯૫ કે ૯૬ આ પુસ્તક લખાયાની તારીખ ગણાય. ડોમિશિયન બાદશાહ ઈ.સ. ૯૬માં મૃત્યુ પામ્યો એ પછી યોહાન એફેસસ પાછો આવ્યો.

**ક્યાં લખ્યું :**

એજિયન સમુદ્રના ખડકાળ ટાપુ પર યોહાનને દેશનિકાલ કરવામાં આવ્યો હતો, ત્યાંથી લખ્યું (૧:૯).

**કોને માટે લખ્યું :**

પુસ્તકમાં ૧:૪માં લખ્યું છે : "આસિયામાંની સાત મંડળીઓ જોગ લખિતંગ યોહાન." એટલે બીજા અને ત્રીજા અધ્યાયમાં જે સાત મંડળીઓ આપવામાં આવી છે તેમને માટે મૂળે લખાયું. પણ, બાઈબલનાં અન્ય

પુસ્તકોની જેમ, દુનિયાની સર્વ મંડળીઓનો એ વારસો બની જાય છે. પ્રેરિત યોહાન યરુશાલેમમાં રહેતો હતો. પણ ઈ.સ. ૭૦માં યરુશાલેમનો નાશ થયો એટલે તે એફેસસમાં આવીને રહ્યો. આસિયાની જે સાત મંડળીઓ જણાવવામાં આવી તેમાંની એક એફેસસની મંડળી હતી, અને બાકીની છ મંડળીઓ એફેસસની પાસે પાસે આવી હતી, અને યોહાન એ બધી ઉપર દેખભાળ રાખતો હતો.

**પુસ્તકનો પ્રકાર :**

એનો પ્રકાર ભવિષ્યકથનનો છે, બાઈબલની બધી ભવિષ્ય વાણીઓના તારતંતુ અહીં ભેગા થાય છે. બાઈબલમાં જે જે પ્રગટ કરાયેલું છે તે બધાના છેડા સમાન આ પુસ્તક છે. જો પવિત્ર આત્માની સહાય માગીએ તો આ પુસ્તક સમજવા માટે સહેલું અને સમજાય તેવું પુસ્તક છે.

(૧) પુસ્તકનું ગ્રીક ભાષામાં મૂળ નામ છે તે **'આપોકાલિપ્સ'** છે; એનો અર્થ થાય છે 'ખુલ્લુ કરેલું' અથવા 'અનાવરણ' (ઢાંકણ ખસેડી લેવાયું હોય તેવું) છે. ગુજરાતી નામ પ્રકટીકરણ' પ્રકટ કરેલું યા ખુલ્લું કરેલું, એટલે જાહેર કરેલું થાય છે. એટલે એ પુસ્તક સમજવા માટે જ આપેલું છે. (૨) વળી જેઓ આ પુસ્તક વાંચે, સાંભળે અને પાળે તેને ધન્ય છે એમ ૧:૩માં સ્પષ્ટ આપ્યું છે. જો પુસ્તક માત્ર રહસ્ય અને બંધ મર્મો જ હોત, તો આ ધન્યતાનો કાંઈ અર્થ નથી. (૩) દાનિયેલના પુસ્તકમાં આપેલાં ભવિષ્યકથનો વિશે લખ્યું છે કે, "અંતના સમય સુધી એ વાતો બંધ તથા મુદ્રિત કરવામાં આવેલી છે (દાનિ. ૧૨:૯). જ્યારે આ પુસ્તકની તો સાતેસાત મુદ્રા પ્રભુ ઈસુએ (હલવાને) તોડી નાખી છે, અને પુસ્તક ખુલ્લું કરેલું છે. (૫:૫, ૧:૩, ૨૨:૧૦). (૪) આ પુસ્તક સમજવા એક સાદી ચાવી ૧:૧૯માં આપવામાં આવી છે : "તેં જે જે જોયું છે, અને જે જે છે, અને હવે પછી જે જે થશે, તે સર્વ લખ."

(૫) આ પુસ્તકમાં ભવિષ્યવાણીઓની જે સંજ્ઞાઓ આપી છે, તે જ સંજ્ઞાઓ બાઇબલમાં અન્ય સ્થળે વાપરી છે, એટલે એ જ સંજ્ઞાઓ દ્વારા પ્રકટીકરણની ઘણી બધી ભવિષ્યવાણીઓ આપણે સમજી શકીએ છીએ. એક જ દાખલો લઈએ : પ્રકટી. ૧૨માંની સ્ત્રી જે સૂર્યથી વેષ્ટિત છે, જેના પગ તળે ચંદ્ર અને જેના માથા ઉપર બાર તારા છે તે સ્ત્રી વિશે સમજવા માટે ઉત્પતિ ૩૭:૯માંના યોસેફના સ્વપ્નને જોઈએ. ત્યાં લખ્યું છે. "જુઓ, સૂર્ય તથા ચંદ્ર તથા અગિયાર તારા મારી આગળ નમ્યા. આ સ્ત્રી તો ઇઝરાયલ પ્રજા છે, અને પ્રકટી. ૧૨:૧માંની સ્ત્રી તે બીજું કોઈ નહિ, પણ 'ઇઝરાયલ પ્રજા' છે. ઉત્પત્તિમાં અગિયાર તારા છે, કેમકે યોસેફ પોતે પોતાને નથી નમ્યો, પણ પ્રકટીકરણમાં બારેય કુળોના બાર તારા મૂક્યા છે. બીજી ઘણી ચાવીઓ પુસ્તકમાંથી જ મળી આવે છે.

**પુસ્તકનું અર્થઘટન :**

આ પુસ્તકનું અર્થઘટન કે ખુલાસો ચાર જુદી જુદી રીતે અભ્યાસકો કરે છે :

૧. **ભૂતકાળવાદી** (Preterist) : આ માન્યતા ધરાવનારા એમ કહે છે કે, પુસ્તકમાંના ભવિષ્યવચનો શરૂઆતની મંડળીમાં ક્યારનાંયે પૂરા થઈ ગયા છે.

૨. **ઐતિહાસિકવાદી** (Historical) : તેઓ માને છે કે પ્રેરિત યોહાનના સમયની મંડળીથી માંડીને યુગના અંત સુધીની મંડળીનો ઈતિહાસ ભવિષ્યકથનો દ્વારા લખવામાં આવ્યો છે.

૩. **આદર્શવાદી** (Idealist) : તેઓ માને છે કે પુસ્તકની વસ્તુને આસપાસના બનેલા કે બનતા, કે બનવાના બનાવો સાથે કંઈ સંબંધ નથી. પુસ્તકના ભવિષ્યકથનો એ તો માત્ર કેટલાંક પરિબળોને એકબીજાની સાથે ટકરાતાં સાંકેતિક અને ચિત્રમય ભાષામાં રજૂ કરવામાં આવ્યાં છે.

૪. **ભવિષ્યઆલેખનવાદી** (Futurist) : તેઓ માને છે કે પુસ્તકના પહેલા ત્રણ અધ્યાય સિવાયના બાકીના ૧૯ અધ્યાયોમાં હવે પછી ભવિષ્યમાં મંડળીના **ગગનગમન** પછી બનનાર બનાવો વિશેની ભવિષ્યવાણીઓ છે.

શરૂઆતની મંડળી આ ચોથી માન્યતા પ્રમાણે પ્રકટીકરણનું અર્થઘટન કરતી હતી.

**રૂપરેખા**

ભાગ I. પાત્મસનું સંદર્શન (જે જે તેં જોયું તે). પહેલો અધ્યાય.

ભાગ II. સાત મંડળીઓને પત્રો (જે જે તું જુએ છે તે). બીજો અને ત્રીજો અધ્યાય.

ભાગ III. ભાવિ ઈતિહાસમાં બનનારા પરાકાષ્ઠાના બનાવો (હવે પછી જે જે થશે) ગગનગમન પછી. અધ્યાય ૪ થી ૨૨.

૧. સ્વર્ગમાં ઈશ્વરનું રાજ્યાસન. અધ્યાય ૪-૫.

૨. પૃથ્વી પર મહાવિપત્તિ. અધ્યાય ૬-૧૮.

૩. મુદ્રાઓ દ્વારા કોપ. ૬:૧-૮:૧.

૪. રણશિંગડા દ્વારા કોપ. ૮:૨-૧૧:૧૯.

૫. સાત વ્યક્તિઓ. ૧૨:૧-૧૩:૧૮.

૬. મહાવિપત્તિની સમાપ્તિની અગમ-ઝાંખી. ૧૪:૧-૨૦.

૭. પ્યાલા દ્વારા કોપ. ૧૫:૧-૧૬:૨૧.

૮. બાબિલોન પર કોપ અને વિનાશ. ૧૭:૧-૧૮:૨૪.

ભાગ IV. પ્રભુનું પુનરાગમન અને હાર-મા-ગેદ્દોન. અધ્યાય ૧૯.

ભાગ V. સહસ્ત્રાબ્દી રાજ્ય, છેલ્લો ન્યાયકાળ, અનંતકાળ. અધ્યાય ૨૦-૨૨.

# III યહૂદીઓના કેટલાક પંથો/પક્ષો

**ફરોશીઓ :**

જૂના અને નવા કરારની વચ્ચેના ૪૦૦ વર્ષના ગાળા દરમિયાન મક્કાબીઓના સમયમાં યહૂદીઓમાં જુદા જુદા પંથો અથવા જૂથો અસ્તિત્વમાં આવ્યાં. ખાસ કરીને મક્કાબી જૉન હરકાનસના સમયમાં (૧૩૪-૧૦૪ ઈ.પૂ.) આ જૂથો સ્પષ્ટ બન્યાં : ફરોશીઓ, સાદુકીઓ, એસેનીઓ અને યહૂદીપંથીઓ.

ઈ. પૂર્વે બીજી સદીની શરૂઆતમાં યહૂદીઓમાં બે જૂથો શરૂ થયાં. ગ્રીક સંસ્કૃતિ અને રીતરિવાજોની તરફદારી કરનારું જૂથ, અને યહૂદી સંસ્કૃતિ તથા જૂના કરારની રૂઢિ તથા રીતરસમોને જાળવી રાખવાની તરફેણ કરતું જૂથ. આ બીજું જૂથ શરૂઆતમાં "હાસીદિમ' (=ધાર્મિક) તરીકે ઓળખાતું હતું. અને એમાંથી જૉન હરકાનસના સમયમાં 'ફરોશીપંથ' ઊભો થયો. અંત્યોખસ એપિફાનસે (ઈ.પૂર્વે ૧૬૮) યહૂદી ધર્મને ગેરકાયદે ઠરાવ્યો, અને યહૂદીઓ ઉપર ભારે જુલમ આદર્યો, ત્યારે આ ફરોશીપંથીઓએ એનો સખત વિરોધ કર્યો હતો. અને 'નિયમશાસ્ત્રને તેઓ ચુસ્તપણે વળગી રહ્યા હતા. તેઓ પ્રાર્થના, પશ્ચાત્તાપ અને દાનધર્મ પર ખૂબ ભાર મૂકતા હતા. 'ફરોશી' એટલે 'અલગ બનેલા'. આમ, તેઓની શરૂઆત સારી હતી, અને ધર્મના રક્ષકો તરીકે તેમની કામગીરી પણ પ્રશંસનીય હતી. તેઓ આત્મિક બાબતો ઉપર ભાર પણ મૂકતા હતા. પણ પાછળથી તેઓ શબ્દને વળગી રહેનારા, અભિમાની અને દંભી બની ગયા. પ્રભુ ઈસુના સમયમાં તેમણે પ્રભુ ઈસુનો ખૂબ વિરોધ કર્યો હતો. બધાં જૂથોમાં સંખ્યાબળમાં 'ફરોશી જૂથ' સૌથી મોટું અને પ્રભાવ પાડનારું હતું. સંત

પાઉલ પોતે પોતાને ફરોશી તરીકે ઓળખાવે છે. (ફિલિપી. ૩:૫).

**સાદુકીઓ :**

આમ તો આ 'સાદુકીપંથ' પણ ઈ.પૂર્વે બીજી સદીમાં અસ્તિત્વમાં આવ્યો. પણ કેટલાકનું માનવું છે કે, શલોમોન રાજાના સમયમાં શલોમોન રાજાએ અબ્યાથાર પ્રમુખ યાજકને બદલી નાખીને તેને સ્થાને સાદોકને પ્રમુખ યાજક બનાવ્યો હતો (૧ રાજા ૨:૩૫), એ સાદોકના આ વંશજો હતા. સાદુકીપંથીઓ સંખ્યામાં બહુ થોડા હતા. તેઓ યાજકવર્ગના હતા. મક્કાબીકાળથી ફરોશીઓથી ઊલટું તેઓએ ગ્રીક સંસ્કૃતિ અને ગ્રીક રીતરિવાજોની તરફદારી કરી હતી. તેઓ જોકે યાજકવર્ગના હતા, પણ ધર્મથી બહુ દૂર હતા. મક્કાબીકાળમાં રાષ્ટ્રીય મુક્તિની લડતમાં તેઓએ કોઈ પણ ભાગ લીધો નહોતો; ઊલટું, વિરોધીઓની તરફદારી કરી હતી. તેઓ ઘણા ધનવાન, લાગવગવાળા અને ધાર્યું પરિણામ લાવવા શક્તિશાળી હતા. વળી તેઓ જગતી હતા, અને 'પૈસો તેમનો પરમેશ્વર' એ તેમને સારી પેઠે લાગુ પડતું હતું. યરુશાલેમના મંદિરમાં જે બધા નાણાવટીઓ, કબૂતરો, હલવાનો વગેરે વેચનારા વેપારીઓ હતા, એ બધાનો કોન્ટ્રાક્ટ આ સાદુકીઓના હાથમાં હતો. બલિદાન અને યજ્ઞને માટે લોકોએ આણેલાં પશુઓને યાજકો નાપસંદ કરતાં, અને કહેતા કે એ ખોડખાંપણવાળાં છે. એટલે તેઓને આ મંદિરમાંના વેપારીઓ પાસેથી મોંઘા ભાવે બીજાં પ્રાણીઓ લેવાં પડતાં. મંદિરના કરનું નાણું (સિક્કા) પણ વધારે પડતા વટાવથી લોકોને આ વેપારીઓ પાસેથી લેવું પડતું. આમ, આ સાદુકીઓને પૈસાનો તડાકો પડતો.

યહૂદીઓની ૭૦ જણની ન્યાયસભા (સાન્હેન્દ્રીન) ઉપર તેઓની (સાદુકીઓની) પકડ ભારે હતી. તેઓ ભારે સત્તાલાલચુ પણ હતા. અને તે માટે અનેક કાવાદાવા પણ કરી જાણતા હતા. તેઓ યાજક વર્ગના છતાં દૂતો, આત્માઓ, પુનરુત્થાન અને ન્યાયકાળમાં માનતા નહોતા (પ્રે.કૃ. ૨૩:૩). મોશેના નિયમશાસ્ત્ર પછી ઈશ્વરના થયેલા

પ્રકટીકરણને તેઓ શંકાશીલ નજરે જોતા હતા, – એમાં પ્રબોધકોને થયેલા ઈશ્વરના પ્રકટીકરણની વાત પણ આવી જાય.

**એસેનીઓ :**

ખરું જોતાં સાદુકીઓ અને ફરોશીઓ જેવું આ જૂથ નહોતું. એસેનીઓ તો યહૂદીઓમાં સંન્યાસીઓ કે સાધુપંથીઓ કે મઠવાસીઓ હતા, એટલે કે તેઓ સંસારત્યાગીઓ હતા. ફરોશીઓના બાહ્યાચારો અને બાહ્યક્રિયાકાંડો, અને સાદુકીઓના જગતીપણાના પ્રત્યાઘાતરૂપે આ એસેનીપંથ ઊભો થવા પામ્યો હતો. તેઓ સમાજથી દૂર મઠમાં રહીને અપરિણીત સાધુજીવન ગાળતા હતા. તેઓ જૂના કરારના (કારણ, નવો કરાર તે વખતે નહોતો) વાચન, મનન, અધ્યયનમાં, પ્રાર્થનામાં અને ધાર્મિક વિધિઓ પ્રમાણેના શુદ્ધીકરણમાં બધો સમય પ્રવૃત્ત રહેતા હતા. તેઓ પોતાની મિલકત કે સામગ્રી સહિયારી રાખતા હતા; અને લડાઈ તથા ગુલામીની વિરુદ્ધ હતા.

ઈ.સ. ૧૯૪૭ સુધી એસેનીપંથીઓ વિશેની આપણી માહિતી ફિલો, જોસીફસ અને પ્લીની મારફતે જ મળતી હતી. પણ 'ડેડ સી સ્ક્રૉલ' તરીકે ઓળખાતાં જૂના કરારના ઓળિયાં ૧૯૪૭માં મળી આવ્યાં, તે સમયે એ સ્થળની પાસેના કુમરાનના મઠની શોધ થઈ. આ કુમરાનનો મઠ એસીનીઓનું કેન્દ્ર હતું. તેઓના પંથની માહિતી અને તેમના બંધારણનું પુસ્તક કુમરાનમાંથી મળી આવ્યાથી હવે આપણે તેમના વિશે વધુ જાણકાર બન્યા છીએ. તેઓની હસ્તી ઈ.પૂર્વે ૨૦૦થી ઈ.પૂર્વે ૭૦ સુધી રહી. સંન્યાસી જીવનની સાથે સાથે તેઓ 'મસીહ'ના આવવા વિશે બહુ શ્રદ્ધાપૂર્વક માનતા હતા, અને રાહ જોતા હતા.

**શાસ્ત્રીઓ :**

શાસ્ત્રીઓ જૂના કરારનાં પુસ્તકોની નકલ કરનારા લહિયા હતા. ઘણા લાંબા જમાનાથી તેઓ શાસ્ત્રની નકલો તૈયાર કરતા હતા. જૂના કરારનાં પુસ્તકોનો અભ્યાસ કરવો અને એના પાઠનું અર્થઘટન કરવું

એ તેમની કામગીરી બની ગઈ હતી. તેઓ શાસ્ત્રના ઝીણવટભર્યા જાણકાર તથા અભ્યાસી હોવાથી તેઓ **'શાસ્ત્રીઓ'** (Lawyers) પણ કહેવાતા. તેઓ જૂના કરારના અર્થઘટનના નિષ્ણાત ગણાતા હતા. કેટલાક આગેવાન શાસ્ત્રીઓનાં અર્થઘટનો તો "મૌખિક" નિયમશાસ્ત્ર સમાં બની ગયાં હતાં. તેઓનાં મંતવ્યો અને વિચારશ્રેણી ફરોશીઓ જેવાં હતાં. એટલે જ પ્રભુ ઈસુના સમયમાં વારંવાર ફરોશીઓ અને શાસ્ત્રીઓને સાથે સાથે ઉલ્લેખવામાં આવ્યા છે.

**હેરોદીઓ :**

સુવાર્તાઓમાં 'હેરોદીઓ' નામના પંથ વિશે પણ ઉલ્લેખ અવારનવાર આપવામાં આવ્યો છે. તેઓ રોમન સરકારની તરફેણ કરતા હતા, અને તેમનું માનવું હતું કે, યહૂદી પ્રજાની સુખાકારી રોમન સરકાર સાથે સહકાર અને સુમેળ રાખીને રહેવામાં સમાયેલી છે. મહાન હેરોદ રાજાના નામ ઉપરથી તેમને 'હેરોદીઓ' નામ આપવામાં આવ્યું છે. આ મહાન હેરોદ (બેથલેહેમનાં બાળકોને મારી નાખનાર હેરોદ) યહૂદીઓને રોમન સરકાર તરફ સહકારી વલણ રાખવા પ્રેરતો હતો. હેરોદને રોમન સરકારે જ રાજાપદ આપ્યું હતું. હેરોદીઓ એક ધાર્મિક પંથ કરતાં રાજકીય પક્ષ હતો એમ કહેવું વધારે બંધબેસતું અને સુયોગ્ય છે. પણ યહૂદીપંથીઓ સિવાયના મોટાભાગના બીજા યહૂદીઓ રોમન સરકારને ધિક્કારતા હતા, અને એના બંધનમાંથી મુક્ત થવા ઝંખતા હતા.

**આસ્થાવાદી : ઝેલોત્સ :**

આ પણ રાજકીય જૂથ હતું, પણ તેમને ખરું જોતાં રાષ્ટ્રીય જૂથ કહી શકાય. તેમનો યુદ્ધનાદ આ હતો : યહોવા સિવાય કોઈ પ્રભુ નહિ; મંદિરના કર સિવાય બીજો કોઈ કર ભરવો નહિ; આસ્થાવાદી (ઝેલોત) સિવાય અન્ય કોઈ મિત્ર કરવો નહિ. તેઓ ફરોશીઓની રીતરસમો અપનાવતા હતા, અને પરદેશી સરકારને ભારોભાર તિરસ્કારતા હતા.

**ગાલીલીઓ :**

આ પણ એક રીતે જોતાં રાજકીય જૂથ હતું. આ જૂથના સભ્યો બહુ કડક રીતે માનતા હતા કે ઇઝરાયલ પ્રજા પરદેશી સત્તા નીચે હોઈ એ બાઈબલની વિરુદ્ધની વાત હતી. આથી તેઓ પરદેશી સત્તાના રાજાઓને કે સરદારોને માન્ય રાખતા નહિ, અને તેઓના માટે પ્રાર્થના પણ કરતા નહિ. રાજકીય રીતે તેઓ 'આસ્થાવાદીઓ' (ઝેલોત્સ)ની સાથે વધારે મળતા આવતા હતા તેથી સમય જતાં તેઓ 'આસ્થાવાદીઓ' સાથે મળી ગયા, અને તેમનું અલગ અસ્તિત્વ એ પછી રહ્યું નહિ.

**નાઝીરીઓ :**

આ એક ધાર્મિક સમૂહ હતો. યહૂદીઓ કાં તો થોડા સમયને માટે પ્રતિજ્ઞા કે માનતા લેતા કે પછી આજીવન માટે લેતા તેઓ 'નાઝીરીઓ' કહેવાતા. બીજા લોકોની પેઠે તેઓ વાળ કપાવતા નહિ, પણ લાંબા વધવા દેતા, આથી તેઓ બીજાઓથી અલગ તરી આવતા હતા. તેઓ દારૂ-દ્રાક્ષારસ વાપરતા નહિ. તેઓ ઈશ્વરની વધુ નજદીક રહેવું - જીવવું પસંદ કરતા, અને ઇઝરાયલ પ્રજાના પાપ માટે દુઃખી થતા. પ્રભુ ઈસુ નાઝીરી નહોતા. તેઓ નાઝરેથમાંથી આવ્યા માટે 'નાઝારી' કહેવાતા.

**દાણીઓ :**

રોમન સરકારને માટે જે યહૂદીઓ દાણ કે કર ઉઘરાવતા હતા, તેમને બીજા યહૂદીઓ 'દાણીઓ' કહેતા હતા. જેઓ રોમનોની આ રીતે સેવા કરવા તૈયાર થતા તેઓને સાચા યહૂદી રહેવાની તમન્ના નથી એમ તેઓ સમજતા, અને તેમને હલકા ગણતા. યહૂદી સમાજમાં તેઓનો કોઈ માન-મરતબો નહોતો.

# IV નવા કરારના સમયના રાજકીય સત્તાધારીઓ

## ૧. નવા કરારના સમયના રોમન બાદશાહો

| વર્ષ | |
|---|---|
| ૨૭ ઈ.પૂ. - ઈ.સ. ૧૪ | કૈસર ઑગસ્તસ<br>**બનેલા બનાવો :** ઈસુનો જન્મ, નાઝરેથમાં ઈસુનું બાળપણ |
| ઈ.સ. ૧૪-૩૭ | કૈસર તિબેરિયસ<br>**બનેલા બનાવો :** પ્રભુ ઈસુની જાહેર સેવા, મૃત્યુ અને પુનરુત્થાન. |
| ઈ.સ. ૩૭-૪૧ | કાલિગુલા બાદશાહ<br>**બનેલા બનાવો :** મંડળીની વૃદ્ધિ, પાઉલનું બદલાણ. |
| ઈ.સ. ૪૧-૫૪ | ક્લૉડિયસ બાદશાહ<br>**બનેલા બનાવો :** પાઉલની શરૂઆતની મિશનેરી સેવા. |
| ઈ.સ. ૫૪-૬૮ | નીરો બાદશાહ<br>**બનેલા બનાવો :** પાઉલની પાછળની મિશનેરી સેવા. રોમમાં પાઉલની શહીદી. |
| ઈ.સ. ૬૮-૬૯ | ગલ્બા, ઓથો, વિતેલિયસ બાદશાહો<br>**બનેલા બનાવો :** પાલેસ્તાઈનમાં યહૂદીઓ અને રોમનો વચ્ચે યુદ્ધ. |

| | |
|---|---|
| ઈ.સ. ૬૯-૭૯ | **વેસ્પેસિયન બાદશાહ**<br>**બનેલા બનાવો :** એનો દત્તકપુત્ર તિતસ એક લાખનું લશ્કર લઈ યરુશાલેમ ઉપર ચડી આવ્યો; યરુશાલેમનો નાશ અને તેનું પતન (ઈ.સ. ૭૦માં). |
| ઈ.સ. ૭૯-૮૧ | **તિતસ બાદશાહ**<br>**બનેલા બનાવો :** યહૂદી રાજ્યનો પણ નાશ. યહૂદીઓ વિખેરાઈ ગયા. |
| ઈ.સ. ૮૧-૯૬ | **ડોમિશ્યન બાદશાહ**<br>**બનેલા બનાવો :** આ અરસામાં કદાચ યોહાનને પાત્મસ ટાપુ પર દેશનિકાલ કર્યો હતો, અને યોહાને ત્યાં પ્રકટીકરણનું પુસ્તક લખ્યું હતું. |

૨. **નવા કરારના સમયના યહૂદિયા અને પાલેસ્તાઈનના હાકેમો (ગવર્નરો)**

**યહૂદિયા ઉપર હાકેમ**

ઈ.સ. ૬-૯ ............ કોપોનિયસ

ઈ.સ. ૯-૧૨ ............ એમ. એમબિવિયસ

ઈ.સ. ૧૨-૧૫ ........ એનિયસ રુફસ

ઈ.સ. ૧૫-૨૬ ........ વેલેરિયસ ગ્રેતુસ

ઈ.સ. ૨૬-૩૪ ........ પોંતિયસ પિલાત

ઈ.સ. ૩૭ .............. મારુલ્લસ

ઈ.સ. ૩૭-૪૧ ........ હેરેનિયસ કેપિટો

**પાલેસ્તાઈન પર. ઈસ. ૪૪-૬૬**

ઈ.સ. ૪૪-આ. ૪૬ ..... કસ્પીઅસ ફદ્રુસ
ઈ.સ. ૪૬-૪૮.......... તિબેરિયસ ઍલેક્ઝાન્ડર
ઈ.સ. ૪૮-૫૨ ......... વેન્તિદિયુસ કુમાનુસ
ઈ.સ. ૫૨-૬૦.......... એન્ટોનિયસ ફેલિક્સ
ઈ.સ. ૬૦-૬૨.......... પોર્સિયસ ફેસ્તસ
ઈ.સ. ૬૨-૬૪.......... ક્લૉડિયસ આલ્બિનસ
ઈ.સ. ૬૪-૬૬.......... ગેસ્સિયસ ફલોરસ

**૩. નવા કરારના જમાનામાં હેરોદ કુટુંબના સત્તાધારીઓ**

| | | |
|---|---|---|
| ૩૭ ઈ.પૂ. - ૪ | મહાન હેરોદ | યહૂદીઓ ઉપર રોમે નીમેલો રાજા, પ્રભુ ઈસુના જન્મ વખતે બેથલેહેમનાં બાળકો મારી નાખનાર. યહૂદીઓમાં ગ્રીક સંસ્કૃતિ દાખલ કરનાર. મોટાં મકાનો બાંધનાર. વહેમી, ઘાતકી. |
| ૪ ઈ.પૂ. ઈ.સ. ૬ | આર્ખેલાઉસ | મહાન હેરોદનો પુત્ર, યહૂદિયાનો રાજા. ઘાતકી. |
| ૪ ઈ.પૂ. ઈ.સ. ૩૪ | ફિલિપ | મહાન હેરોદના રાજ્યના ચોથા ભાગનો તે અધિકારી હતો, (તેત્રાર્ખ) એટલે કે ઇતુરિયા અને નાખોનિતસનો અધિકારી. |
| ૪ ઈ.પૂ.-ઈ.સ. ૩૯ | હેરોદ આંતિયાસ | મહાન હેરોદના ચોથા ભાગનો, એટલે કે ગાલીલ અને પેરિયાનો તે અધિકારી હતો. |
| ઈ.સ.૩૭-૪૪ | હેરોદ આગ્રીપા-I | ફિલિપની તેત્રાર્ખી, તેમ જ યહૂદિયા, પેરિયા અને ગાલીલ (૪૧-૪૪) પર સત્તા. |
| ઈ.સ. ૫૦-૯૩ | હેરોદ આગ્રીપા II | ફિલિપની તેત્રાર્ખી અને લુસાનિયસ, અને ગાલીલ તથા પેરિયાના અમુક પ્રદેશ પર સત્તા. |

ફેલાયા કે તરત જ એ બધાને છોડી મૂકવામાં આવ્યા. અને આમ હેરોદનું મૃત્યુ તેમના છૂટકારાનું કારણ બનવાને લીધે આખા દેશમાં મિજબાનીનો આનંદ પ્રવર્ત્યો. હેરોદ ઈ.પૂર્વે ૪માં મૃત્યુ પામ્યો. એને કુલ દશ પત્નીઓ હતી, પણ તખ્તા નં. ૨માં તેમાંથી ફક્ત પાંચ અગત્યની પત્નીઓનો ઉલ્લેખ કર્યો છે.

**હેરોદ આર્ખેલાઉસ (EE) :**

મહાન હેરોદ (E)ને ત્રણ દીકરા હતા. તેણે તેઓને પાલેસ્તાઈન વહેંચી આપ્યું. સૌથી મોટા આર્ખેલાઉસ (EE) ને યહૂદિયાનો રાજા બનાવ્યો, ફિલિપ (BB)ને ઇતુરિયા સોંપ્યું. (એ સૌથી સારો પુત્ર હતો), અને હેરોદ આન્તીપાસ (FF)ને ગાલીલ સોંપ્યું.

હેરોદ આર્ખેલાઉસ મહાન હેરોદને માલ્થેસ (DD) નામની સમરૂની પત્ની પેટે થયેલો પુત્ર હતો. તેનું નામ માથ્થી ૨:૨૨માં આવે છે. ઈ.પૂ. ૪માં તે યહૂદિયાના રાજા બન્યો. પણ એ રાજા થાય એની સામે પચાસ જેટલા યહૂદીઓ વહાણમાં બેસીને રોમ ગયા અને શહેનશાહ ઑગસ્તસને મળીને આર્ખેલાઉસને રાજા ન બનાવવામાં આવે એવી રજૂઆત કરી. એમ એ રાજા ન બની શક્યો, પણ એના પિતાના અર્ધા રાજ ઉપર એને હાકેમ પદ મળ્યું, રાજા તરીકેનો ખિતાબ ન મળ્યો. આ વિસ્તારમાં સમરૂન, યહૂદિયા અને ઇદુમિયા આવતાં હતાં. પણ શહેનશાહના હુકમની સામે જઈને તે રાજાની જેમ વર્તતો હતો. લોકોનો ભારે વિરોધ ઊભો થયો, અને બળવો થયો. કોઈ એક પાસ્ખા પર્વ વખતે આર્ખેલાઉસે ત્રણ હજાર જેટલા યહૂદીઓને મારી નાખ્યા, એટલે સુધી કે યરુશાલેમનું મંદિર શબોથી ભરાઈ ગયું હતું. આખરે ઈ.સ. ૬માં બાદશાહે તેને પદભ્રષ્ટ કર્યો અને ફ્રાન્સના વિયેનેમાં દેશનિકાલ કર્યો.

**હેરોદ આન્તીપાસ (FF)**

મહાન હેરોદનો નાનો પુત્ર. પોતાના ભાઈ હેરોદ ફિલિપ I

(BB)ની પત્ની હેરોદિયાસ (V)ને તેણે રાખી હતી. હેરોદ આન્તીપાસ પોતાના ભાઈ હેરોદ ફિલિપ Iને ત્યાં મહેમાન હતો તે સમયે તે હેરોદિયાસને ભગાડી લઈ ગયો, અને પછી બંને જણ પતિ-પત્ની તરીકે રહેવા લાગ્યાં. એને કારણે યોહાન બાપ્તિસ્તે તેને ઠપકો આપ્યો હતો. એણે જ યોહાન બાપ્તિસ્તનું માથું કથરોટમાં મૂકીને હેરોદિયાસની પુત્રી સાલોમીને આપ્યું હતું. (જુઓ માથ્થી ૧૪, માર્ક ૬, લૂક ૯, લૂક ૩:૧૯, ૨૦. વળી લેવીય ૧૮:૧૮, ૨૦:૨૧). સાલોમી એની મા હેરોદિયાસ સાથે આંગળિયાત તરીકે આવી હતી. પ્રભુ ઈસુએ આ હેરોદ આન્તીપાસને "લોંકડો" કહ્યો હતો (લૂક ૧૩:૩૨). તેની કારકિર્દી ખંધાઈ અને ગુનાહિત જીવનથી ભરેલી હતી. તે બહુ સ્વાર્થી અને સિદ્ધાંત કે ધોરણ વગરનું જીવન જીવતો હતો. તે મહાન હેરોદના રાજ્યના ચોથા ભાગનો અધિકારી (તેત્રાર્ખ) હતો.

રોમન બાદશાહ કાલિગુલાએ એનું તેત્રાર્ખ પદ લઈ લીધું, અને તેનો વિસ્તાર હેરોદ આગ્રીપા I (U)ને વધારાના મુલક તરીકે આપ્યો અને આન્તીપાસ અને હેરોદિયાસને કાયમ માટે લાયન્સમાં, પછી ફ્રાન્સમાં અને આખરે સ્પેનમાં દેશનિકાલ કરી દીધાં. હેરોદ આન્તીપાસ ત્યાં જ મૃત્યુ પામ્યો. પિલાતે પ્રભુ ઈસુને જે હેરોદ પાસે ન્યાય માટે મોકલ્યા હતા તે આ જ હેરોદ (લૂક ૨૩:૫-૧૨).

**હેરોદ ફિલિપ II (HH) :**

મહાન હેરોદ (E)નો અને યરુશાલેમની ક્લિયોપેટ્રાનો પુત્ર (લૂક ૩:૧). હેરોદિયાસ (V) અને તેના પહેલા પતિ હેરોદ ફિલિપ I (BB)ની પુત્રી સાલોમી સાથે આ ફિલિપ IIએ લગ્ન કર્યું હતું. (યોહાન બાપ્તિસ્તનું માથું કથરોટમાં મંગાવનાર તે આ જ સાલોમી.)

હેરોદ આગ્રીપા I (U) :

તે એરીસ્તોબુલસ IV (Q) અને બેરનીકે Iનો પુત્ર. (પ્રે.કૃ. ૨૧:૧,

૬, ૭, ૧૧, ૧૯-૨૧). રોમન બાદશાહ ગાયસ કેલીગ્યુલા અને આ આગ્રીપા I બંને રોમમાં સાથે સાથે ભણતા હતા ત્યારે મિત્રો હતા. આમ તો એ સારા સ્વભાવનો હતો, પણ માત્ર યહૂદીઓને રીઝવવા માટે તેણે ખ્રિસ્તી મંડળી ઉપર સતાવણી આણી એવું બાઈબલમાં આપ્યું છે. (પ્રે.કૃ. ૧૨:૧, ૨૦-૨૩) તેણે યાકૂબ અને પિતરને જેલમાં નાખ્યા અને યાકૂબને તલવારથી મારી નંખાવ્યો હતો.

**હેરોદ આગ્રીપા II (W) :**

(પ્રે.કૃ. ૨૬:૨, ૭, ૧૩, ૧૯, ૨૬, ૨૭, ૨૫:૧૩, ૨૨-૨૪, ૨૬, ૨૬:૨૮, ૩૨). તેનો જન્મ ઈ.સ. ૨૭માં થયો હતો. એ સત્તર વર્ષનો થયો ત્યારે એનો પિતા (હેરોદ આગ્રીપા I (U) મરણ પામ્યો. રોમન બાદશાહ ક્લૉડિયસે આગ્રીપા IIને એના પિતાનું રાજ્ય આપ્યું નહિ, પણ યહૂદિયા અને એ આખા રાજ્ય પર રોમન હાકેમ મૂક્યો. પણ જ્યારે એ ૨૧ વર્ષનો થયો, એટલે ક્લૉડિયસે તેને ચેલ્સીસનો ગવર્નર બનાવ્યો. અને એ ઉપરાંત તેને યરૂશાલેમના મંદિરનો સુપરિન્ટેન્ડેન્ટ અને મંદિરના ખજાનાનો મેનેજર બનાવ્યો. તેણે વારંવાર મુખ્ય યાજકો બદલ્યા કર્યા, એટલે તે યહૂદીઓમાં અળખામણો બન્યો. પાછળથી તે ઇતુરિયાનો રાજા બન્યો. ઈ.સ. ૭૦માં એ નિવૃત બની રોમ જઈ વસ્યો અને ૭૩ વર્ષની વયે (ઈ.સ. ૧૦૦માં) રોમમાં મૃત્યુ પામ્યો.

**બેરનીકે II (X) :**

હેરોદ આગ્રીપા I (U)ની પુત્રી, અને દ્રુસિલા (Y)ની તેમ જ હેરોદ આગ્રીપા II (W) ની બહેન. આ બેરનીકે II ચેલ્સીસના રાજા હેરોદ(T)ની પત્ની હતી. (આ હેરોદ બેરનીકેનો પતિ તેમ જ કાકો પણ હતો) તે અતિ સુંદર હતી. એનો પતિ ઈ.સ. ૪૮માં મરી ગયો ત્યારે તે માત્ર ૨૦ વર્ષની હતી. એટલે તે પોતાના ભાઈ આગ્રીપા II (W)

સાથે રહેવા ગઈ પણ એ બે ભાઈબહેનના પરસ્પર જાતીય સંબંધ વિકૃત હતા. પાછળથી બેરનીકે પોન્તસના રાજા પોલેમન સાથે પરણી. પણ ટૂંક મુદતમાં જ તે જુદાં પડી ગયાં, ને તે પતિને છોડીને ભાઈની પાસે પાછી આવી. પાછળથી બેરનીકે રોમન બાદશાહ વેસ્પિયનની અને એ પછી તેના પુત્ર ટૈટસની (જે પાછળથી બાદશાહ બન્યો તેની) રખાત તરીકે રહી હતી. પોરશિયસ ફેસ્તસને ત્યાં બેરનીકે પોતાના ભાઈ હેરોદ આગ્રીપા II (W) સાથે બેઠી હતી, અને પ્રેરિત પાઉલ પોતાની સાક્ષી આપતો હતો. (પ્રે.કૃ. ૨૫:૧૩, ૨૩, ૨૬:૧-૨, ૨૪-૩૨) તે વખતે બેરનીકે માત્ર ૩૨ વર્ષની હતી, અને જવાહિરોમાં ઝળાંઝળાં લદાયેલી ત્યાં બેઠી હતી.

**દ્રુસિલા (Y) :**

તે હેરોદ આગ્રીપા I (U) અને સીપ્રોસ IIની દીકરી હતી. એની બહેન બેરનીકે II કરતાં પણ તે અતિ સુંદર હતી. પ્રથમ એણે એમેસાના રાજા આઝીઝ સાથે લગ્ન કર્યાં, એ શરતે કે આઝીઝ યહૂદી ધર્મ સ્વીકારે. પણ પાછળથી ફિલિક્સ (પ્રે.કૃ. ૨૪:૨૨-૨૭) તેના પર મોહિત થયો અને દ્રુસિલા સાથે લગ્ન કરવા કહેણ મોકલ્યું. એમ દ્રુસિલા આઝીઝને છોડીને ફિલિક્સ સાથે પરણી. ફેલિક્સ હલકા મનનો અને હલકટ સ્વભાવનો માણસ હતો. એમના લગ્નથી થયેલા પુત્રનું નામ આગ્રીપા (એન્ટોનિયમસ આગ્રીપા (Z) પાડ્યું. આ મા-દીકરો બંને જણ વિસુવિયસનો જવાળામુખી ભભૂકી ઊઠતાં તેમાં સળગી ગયા (ઈ.સ. ૭૯). કાઈસારિયામાં પ્રેરિત પાઉલ આ ફેલિક્સ અને દ્રુસિલાની આગળ પ્રભુ ઈસુ વિષે, ન્યાયપણા વિષે અને સંયમ વિષે વાત કરતો હતો ત્યારે ફેલિક્સે ભયભીત થઈને પાઉલને કહ્યું, "હમણાં તો તું જા; અમને અનુકૂળ પ્રસંગ મળ્યેથી હું તને બોલાવીશ." તે (ફેલિક્સ) એવી પણ આશા રાખતો હતો કે પાઉલ મને પૈસા આપશે.

# VI પ્રભુ ઈસુની વંશાવળી

પ્રભુ ઈસુની વંશાવળી માત્ર માથ્થી અને લૂકમાં જ આપવામાં આવી છે. જ્યારે બાકીની બે સુવાર્તાઓમાં આપવામાં આવી નથી. અને માર્કમાં તો ઈસુના જાહેર જીવનથી જ આપવામાં આવ્યું છે. યોહાનની રજૂઆત તદ્દન જુદા જ પ્રકારની છે. વળી માથ્થી અને લૂકમાં આપેલી વંશાવળીઓમાં નામોનો ઘણો બધો ફરક છે ! એમ કેમ ?

લેખકના 'બાઈબલ અભ્યાસ' નામના પુસ્તકમાં પહેલા ભાગમાં પાંચમી બાબત તરીકે આ પ્રશ્નની સહેજ જુદી રીતે છણાવટ કરી છે. એ જોઈ લેવા વિનંતી છે. એમાં પ્રશ્ન એ આપ્યો છે કે, "યોસેફ યાકોબનો તેમ જ હેલીનો દીકરો કેવી રીતે હોઈ શકે ?" ત્યાં જવાબમાં આપવામાં આવ્યું છે કે, માથ્થીએ યોસેફની વંશાવળી આપી છે, એટલે દાવિદના દીકરા શલોમોનથી તે ઊતરી આવ્યો છે એમ વંશાવળીમાં દર્શાવ્યું છે (માથ્થી ૧:૧-૧૭).

લૂકમાં મરિયમની વંશાવળી આપવામાં આવી છે. અને એમાં એ વંશ દાવિદના બીજા પુત્ર નાથાનથી આવેલો જણાવ્યું છે.' (લૂક ૩:૨૩-૩૮). લૂકની વંશાવળીમાં આમ આપ્યું છે. "અને (ધાર્યા પ્રમાણે) તે" (એટલે કે પ્રભુ ઈસુ) "યોસેફનો દીકરો હતો. જે હેલીનો (દીકરો)" અહીં કૌંસમાં આપવામાં આવેલો શબ્દ "દીકરો" મૂળ ભાષામાં નથી. અહીં અર્થ સમજાવવા એ વધારાનો શબ્દ ઉમેર્યો છે. જમાઈ તરીકે યોસેફ હેલીના દીકરા સમાન જ ગણાય. મરિયમના પિતાનું નામ હેલી હતું. અને યોસેફ હેલીનો જમાઈ હતો.

હવે આપણે આગળ જોઈએ. આ આખો પ્રશ્ન વધુ સ્પષ્ટ રીતે

જોવા માટે આપણે ચારેય સુવાર્તા ક્યા ક્યા હેતુથી લખવામાં આવી તે પ્રથમ જોઈ લેવું લાભદાયી બનશે.

બાઈબલનાં બધાં જ પુસ્તકનો અસલ લેખક પવિત્રાત્મા જ છે. પવિત્રાત્માએ જુદા જુદા માનવી લેખકોને પ્રેરણા આપી અને પુસ્તકો લખાવ્યાં. આ બધાં ૬૬ પુસ્તકો લખાવવાનો પવિત્રાત્માનો હેતુ જુદો જુદો હતો. પવિત્રાત્માએ ઈચ્છયું હોત તો ચાર સુવાર્તાને બદલે પ્રભુ ઈસુનું એક જ જીવનચરિત્ર નવા કરારમાં આપ્યું હોત, અને એમના જીવનની, બોધની અને ચમત્કારો તથા અન્ય કાર્યોની ઝીણી ઝીણી બધી વિગતો એ એક પુસ્તકમાં આપી હોત. પણ પવિત્રાત્માએ એમ ન કરતાં ચાર સુવાર્તાઓ એટલે કે ચાર પુસ્તકોમાં એ જીવનચરિત્ર આપ્યું. કારણ, પ્રત્યેક સુવાર્તામાં પ્રભુ ઈસુની છબી જુદા જુદા દૃષ્ટિબિંદુથી આપવાનો પવિત્રાત્માનો હેતુ હતો. એ ચાર જુદા જુદા હેતુઓ પ્રમાણે ચારેય સુવાર્તા અલગ અલગ તરી આવે છે. આપણે એ જોઈએ.

માથ્થીની સુવાર્તામાં પ્રભુ ઈસુને **"યહૂદીઓના રાજા"** તરીકે બતાવવામાં આવ્યા છે. માર્કમાં **"ઈશ્વરના સેવક"** તરીકે, લૂકમાં **"માનવપુત્ર"** તરીકે, અને યોહાનમાં તેમને **"ઈશ્વર"** અથવા **"ઈશ્વરપુત્ર"** તરીકે બતાવવામાં આવ્યા છે. સામાન્ય રીતે, આ ચારેય સુવાર્તિકોએ પવિત્રાત્માની પ્રેરણા દ્વારા નોખી નોખી રજૂઆત કરી. અને એમાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ હતાં. કેટલીક બાબતો તેમણે જાતે જોઈ-સાંભળી નહોતી, પણ પવિત્રાત્માએ તેમને જણાવી. દાખલા તરીકે પ્રભુ ઈસુએ ગેથસેમાનેમાં કરેલી પ્રાર્થના. અલગ અલગ દૃષ્ટિબિંદુ પ્રમાણે જ પવિત્રાત્માએ ચાર જુદી જુદી સુવાર્તા લખાવી હતી.

માથ્થીની સુવાર્તા પ્રભુ ઈસુને **"યહુદીઓના રાજા"** તરીકે દર્શાવવા લખવામાં આવી. એટલે **"યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે..."** એ પ્રસંગ (માથ્થી ૨:૨) ફક્ત આ જ સુવાર્તામાં છે. માગીઓ આવીને જન્મેલા રાજાના દર્શન કરે છે તથા નજરાણાં ધરે છે. "આકાશના

રાજ્યનાં દૃષ્ટાંતો" (માથ્થી ૧૩) ફક્ત આ જ સુવાર્તામાં આપવામાં આવ્યાં છે. પ્રભુ ઈસુ "યહૂદીઓના રાજા" તરીકે રાજ્ય કરવા આવ્યા હતા, એ આખો જ "આકાશના રાજ્ય"નો વિષય અન્ય સુવાર્તાઓમાં આપવામાં આવ્યો નથી. અને હોય તો અછડતો ઉલ્લેખ જ હશે. માથ્થીમાં વારે વારે "આકાશનું રાજ્ય પાસે આવ્યું છે" વાક્ય વપરાયું છે (૩:૨, ૪:૧૭); "આકાશના રાજ્ય"ની નીતિરીતિ અહીં જ આપવામાં આવી છે (પહાડ પરનું ભાષણ ૫:૧૯-૨૦); "આકાશના રાજ્ય"ના બીજા અનેક ઉલ્લેખ આ સુવાર્તામાં જ છે (૬:૩૩, ૮:૧૧, ૯:૩૫, ૧૧:૧૨, ૧૩:૧૧, ૨૪, ૩૧, ૩૩, ૪૪, ૪૫, ૪૭, ૫૨; ૧૬:૧૯; ૧૮:૧, ૩, ૪, ૨૩; ૧૯:૧૨, ૧૪, ૨૩; ૨૦:૧, ૨૧; ૨૧:૫; ૨૨:૨; ૨૪:૧૪; ૨૫:૧, ૩૧, ૩૪). પણ યહૂદીઓએ રાજાનો નકાર કર્યો, એટલે જ પ્રભુ ઈસુ કહે છે, "કેમ કે આ જગતનો અધિકારી આવે છે. અને મારામાં તેનું કંઈ નથી" (યોહાન ૧૪:૩૦). અહીં પ્રભુ ઈસુ 'જગતના અધિકારી' એટલે કે શેતાન વિષે ઉલ્લેખ કરે છે. રાજા નકારાયો, રાજ્ય મોકૂફ (મર્મોમાં) રખાયું અને શેતાન જગતનો અધિકાર ચલાવે છે.

આમ માથ્થીની સુવાર્તા પ્રભુ ઈસુને "યહૂદીઓના રાજા" તરીકે ઓળખાવે છે. એટલે માથ્થી ઝીણવટથી યોસેફની વંશાવળી રજૂ કરે છે. કારણ યોસેફ દાવિદ રાજાના કુટુંબનો અને કુળનો હતો. તે એ બતાવવા માગે છે કે પ્રભુ ઈસુ કાયદાની દૃષ્ટિએ ઈઝરાયલની ગાદીના કાયદેસરના વારસદાર હતા. વંશાવળીની શરૂઆતમાં જ માથ્થી એ વાત જણાવી દે છે : "ઈસુ ખ્રિસ્ત જે દાવિદનો દીકરો, જે અબ્રાહમનો દીકરો તેની વંશાવળી" (માથ્થી ૧:૧).

આ વંશાવળી ફક્ત અબ્રાહમ સુધી જ લંબાવાઈ છે. કારણ આ સુવાર્તા મુખ્યત્વે મસીહના ઈઝરાયલ સાથેના સંબંધ વિષે વધુ રસ લે છે, અને અબ્રાહમ ઈઝરાયલ પ્રજાનો ગોત્રપતિ હતો.

માર્કની સુવાર્તામાં તો પ્રભુ ઈસુની વંશાવળીયે નથી આપવામાં આવી કે તેમના જન્મ વિષે પણ કંઈ નથી આપવામાં આવ્યું. આ સુવાર્તા તો પ્રભુ ઈસુના જાહેર સેવાકાળથી જ શરૂઆત કરે છે. એમના શરૂઆતના જીવનનાં ત્રીસ વર્ષો વિષે કંઈ જ ઉલ્લેખ આ સુવાર્તામાં નથી. કારણ, આપણે અગાઉ જોયું તેમ માર્કની સુવાર્તા પ્રભુ ઈસુ ખ્રિસ્તને "ઈશ્વરના સાચા સેવક" તરીકે ભારપૂર્વક રજૂ કરે છે. એટલે વંશાવળી, જન્મનો ઉલ્લેખ, કે પ્રભુ ઈસુનાં શરૂઆતનાં વર્ષોનો ઉલ્લેખ આ સુવાર્તામાં બિનજરૂરી કે અસ્થાને લાગે. 'સેવક' માટે વંશાવળી નહિ, પણ વ્યક્તિત્વની જરૂર છે. એટલે આ સુવાર્તામાં વિશ્વાસુ તથા આજ્ઞાધીન સેવકના લક્ષણ પ્રમાણે "તરત" "તરત જ" વગેરે શબ્દો આવ્યા છે, (માત્ર પહેલા અધ્યાયમાં જ જુઓ કલમો ૧૦, ૧૨, ૧૮, ૨૦, ૨૧, ૨૮, ૨૯, ૩૦, ૪૨).

લૂકમાં આપેલી વંશાવળીમાં (૩:૨૩-૩૮) માથ્થીની વંશાવળી કરતાં કેટલાંક નામનો ફરક દેખાય છે. એટલું જ નહિ પણ લૂકની વંશાવળી અબ્રાહમથીયે આગળ, છેક આદમ સુધી આપવામાં આવી છે. એનું કારણ એ જ કે પવિત્રાત્મા લૂકની સુવાર્તા દ્વારા ઈસુને "માણસના દીકરા" તરીકે રજૂ કરે છે. એટલે જ આ વંશાવળીમાં મરિયમની વંશાવળી આપી છે. (માથ્થીમાં યોસેફની હતી). પ્રભુ ઈસુની 'માનવી મા'ની વંશાવળી રજૂ કરીને પ્રભુ ઈસુનું માનવપણું અહીં આગળ ધર્યું છે. હેલી મરિયમનો પિતા અને યોસેફનો સસરો હતો. યોસેફ તો યાકોબનો દીકરો હતો એ આપણે માથ્થી ૧:૧૬માં જોયું.

માથ્થીમાં દાવિદ રાજાના બેથશેબાથી થયેલા શલોમોનથી યોસેફની વંશાવળી આપી છે, જ્યારે લૂકમાં દાવિદ રાજાના બેથશેબાથી થયેલા બીજા પુત્ર નાથાનથી મરિયમની વંશાવળી આપી છે.

વળી આ લૂકની સુવાર્તામાં પ્રભુ ઈસુને એમના ઇઝરાયલ સાથેના સંબંધમાં દર્શાવવાના નથી. પણ આખી માનવજાત માટે 'માણસનો


દીકરો' આવ્યો છે એ આ સુવાર્તામાં આપ્યું છે. તેથી આ વંશાવળી ફક્ત ઈઝરાયલના ગોત્રપતિ અબ્રાહમ સુધી જ નહિ, પણ માનવવંશના આદિપિતા આદમ સુધી લંબાવાઈ છે. કારણ, પ્રભુ ઈસુ આ સુવાર્તામાં ''માણસના દીકરા'' (માનવપુત્ર) તરીકે રજૂ કરાયા છે. એનું એક કારણ છે. "સ્ત્રીના સંતાન' સંબંધી જે વચન આપવામાં આવ્યું હતું (ઉત્પત્તિ ૩:૧૫) તે આખું પૂરું થતું બતાવ્યું છે. પ્રભુ ઈસુ ખરો 'માણસનો દીકરો" હતો.

યોહાનની સુવાર્તામાં માર્કની પેઠે વંશાવળી આપવામાં આવી નથી. પણ કારણ જુદું છે. પવિત્રાત્મા યોહાનની સુવાર્તામાં પ્રભુ ઈસુના "દૈવીપણા"ની રજૂઆત કરે છે અને એ ધ્યેય માટે માનવી વંશોની નામાવળી કે વંશાવળી રજૂ કરવાની જરૂર ઊભી થતી નથી. ઊલટું, પ્રભુ ઈસુનો "ઈશ્વરી (દૈવી) પૂર્વાપર સંબંધ" રજૂ કરવામાં આવ્યો છે.

"આદિએ શબ્દ હતો, અને એ શબ્દ ઈશ્વરની સંઘાતે હતો. અને શબ્દ ઈશ્વર હતો. તે જ આદિએ ઈશ્વરની સંઘાતે હતો. તેનાથી બધું ઉત્પન્ન થયું."…. અને એ જ શબ્દ "સદેહ થઈને આપણામાં વસ્યો." (યોહાન ૧:૧-૩, ૧૪). એમ યોહાનની સુવાર્તામાં પ્રભુ ઈસુના મૂળ 'ઈશ્વરી સંબંધ' વિષેનું પાસું આપવાનું હોઈ એમનો સંબંધ છેક આદિથી ઈશ્વરની સંઘાતેનો બતાવવામાં આવ્યો છે.

પરમ પરમેશ્વર પિતા પવિત્રાત્મા દ્વારા પોતાના પરમપ્રિય પુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવનનાં જુદાં જુદાં પાસાં જુદી જુદી ચાર સુવાર્તા દ્વારા રજૂ કરે છે. પહેલીમાં રાજા, બીજીમાં સેવક, ત્રીજીમાં માણસ, અને ચોથીમાં ઈશ્વર. એટલે જ વંશાવળીઓ જુદી જુદી રીતે આપવામાં આવી છે. વંશાવળીમાં આગળ આપેલો ત્રિકોણ કદાચ વધારે સ્પષ્ટતા કરશે.

## યોહાન ૧:૧ પ્રમાણે




*__ખાસ નોંધ :__ પ્રભુ ઈસુની શલોમોન તરફની વંશાવળીમાં યખોન્યાહ (કોન્યાહ) આવે છે. યહૂદિયાના રાજ્યનો એ છેલ્લો રાજા હતો અને બંદીવાસમાં લઇ જવાયો હતો. પણ એના વિષે પરમેશ્વરે એમ કહ્યું હતું કે "તેના વંશમાંનો કોઈ પુરુષ દાવિદના રાજ્યાસન પર બેસીને તથા યહૂદિયામાં અધિકાર ચલાવીને આબાદ થશે નહિ." (યર્મિ. ૨૨:૩૦). એ ભવિષ્યકથન સાચુ પડે છે. પ્રભુ ઈસુ યખોન્યાહ વંશના યોસેફના માત્ર પાલકપુત્ર હતા. કાયદેસર તે કાનૂની વંશવેલા દ્વારા દાવિદવંશી મરિયમના પુત્ર હતા.*

# VII પ્રભુ ઈસુનાં નામ

૧. અદ્‌ભુત મંત્રી. યશા. ૯:૬.
૨. અભિષિક્ત ગી.શા. ૨:૨.
૩. અંકુર. ઝખાર્યા. ૬:૧૨.
૪. આલ્ફા અને ઓમેગા. પ્રકટી. ૧:૧૮.
૫. ઈઝરાયલનો રાજા. યોહા. ૧:૪૯.
૬. ઈમ્માનુએલ. યશા. ૭:૧૪.
૭. ઈશ્વરનું હલવાન. યોહા. ૧:૨૯.
૮. ઈશ્વરનો દીકરો. માર્ક ૧:૧.
૯. ઈશ્વરનો શબ્દ. પ્રકટી. ૧૯:૧૩.
૧૦. ખરો દ્રાક્ષાવેલો. યોહા. ૧૫:૧.
૧૧. ખ્રિસ્ત. માથ્થી ૧:૧૬.
૧૨. જીવનનો અધિકારી. પ્રે.કૃ. ૩:૧૫.
૧૩. દાવિદનું થડ. પ્રકટી. ૫:૫.
૧૪. દાવિદનો દીકરો. માથ્થી ૧૫:૨૨.
૧૫. નાઝારી. માથ્થી ૨:૨૩.
૧૬. પરાક્રમી ઈશ્વર. યશા. ૯:૬.
૧૭. પવિત્ર તથા ન્યાયી. પ્રે.કૃ. ૩:૧૪.
૧૮. પ્રભાતનો પ્રકાશિત તારો. પ્રકટી. ૨૨:૧૬.
૧૯. પ્રભુઓનો પ્રભુ. પ્રકટી. ૧૯:૧૬.
૨૦. બારણું (દરવાજો). યોહા. ૧૦:૯.
૨૧. ભલો ભરવાડ. યોહા. ૧૦:૧૪.
૨૨. મસીહ. લૂક ૩:૧૫.

૨૩. માણસના દીકરો. માથ્થી ૮:૨૦.
૨૪. યિશાઈનું થડ. યશા. ૧૧:૧૦.
૨૫. યહૂદાના કુળમાંનો સિંહ. પ્રકટી. ૫:૫.
૨૬. રાજાઓનો રાજા. પ્રકટી. ૧૯:૧૬.
૨૭. રાબ્બી. યોહા. ૧:૩૮.
૨૮. શબ્દ. યોહા. ૧:૧.
૨૯. શાંતિનો સરદાર (શાંતિકુવંર). યશા. ૯:૬.
૩૦. સનાતન પિતા. યશા. ૯:૬.
૩૧. સવારનો તારો. ૨ પિત. ૧:૧૮.
૩૨. હલવાન. પ્રકટી. ૫:૬-૧૩.
૩૩. હું છું. યોહા. ૮:૫૮

## VIII પ્રભુ ઈસુના દાવા

"હું.. છું."

૧. "હું સત્ય છું." (યોહાન ૧૪:૬).
૨. "હું માર્ગ છું." (ઈશ્વર પાસે લઈ જનારો). (યોહાન ૧૪:૬).
૩. "હું જીવન છું." (યોહાન ૧૧:૨૫, ૧૪:૬).
૪. "હું બારણું છું, મારા દ્વારા કોઈ પેસે, તો તે ઉદ્ધાર પામશે, અને માંહે આવશે ને બહાર જશે, અને તેને ચરવાનું મળશે." (યોહાન ૧૦:૯).
૫. "હું જીવનની રોટલી છું." (યોહાન ૬:૩૫, ૩૮,૫૧).
૬. "હું પુનરુત્થાન છું." (યોહાન ૧૧:૨૫).

૭. "હું મસીહ છું." (યોહાન ૪:૨૫, ૨૬).
૮. "અબ્રાહમનો જન્મ થયા પહેલાંનો હું છું." (યોહાન ૮:૫૮).
૯. "જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." (માથ્થી ૨૮:૨૦).
૧૦. "હું ઉત્તમ ઘેટાપાળક છું." (યોહાન ૧૦:૧૧, ૧૪).
૧૧. "ઘેટાંનું બારણું હું છું." (યોહાન ૧૦:૭).
૧૨. "હું ખરો દ્રાક્ષાવેલો છું." (યોહાન ૧૫:૧).
૧૩. "મારા સિવાય કોઈ પિતાની પાસે આવી શકતો નથી." (યોહા. ૧૪:૮).
૧૪. "જે મારા પર વિશ્વાસ કરે છે તે કદી મરશે નહિ." (યોહા. ૧૧:૨૬).

**બીજા દાવા**

૧. "અને હવે, હે બાપ, જગત ઉત્પન્ન થયા અગાઉ તારી સાથે જે મહિમા હું ભોગવતો હતો તે વડે તું હમણાં પોતાની સાથે મને મહિમાવાન કર." (યોહાન ૧૭:૫).
૨. "જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે." (યોહાન ૧૪:૯).
૩. "હું તથા બાપ એક છીએ." (યોહાન ૧૦:૩૦).
૪. "આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર અને અપાયો છે." (માથ્થી ૨૮:૧૮).
૫. "હું તેઓને અનંતજીવન આપું છું." (યોહાન ૧૦:૨૮).
૬. "પણ જે પાણી હું આપીશ, તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ;... તે તેનામાં પાણીનો ઝરો થશે, તે અનંતજીવન માટે ઝર્યાં કરશે." (યોહાન ૪:૧૪) વળી જુઓ યોહાન ૭.
૭. "આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારી વાતો જતી રહેશે નહિ." (માર્ક ૧૩:૩૧).

# IX હું છું

"અને ઈશ્વરે મોશેને કહ્યું કે **હું જે છું તે છું**; અને ઈશ્વરે કહ્યું કે, તું ઈઝરાયલપુત્રોને કહેજે કે **હું છું** એ મને તમારી પાસે મોકલ્યો છે."

| | | |
|---|---|---|
| ૧. | હું જે છું તે છું. | નિર્ગ. ૩:૧૪. |
| ૨. | હું પ્રભુ (યહોવા) છું. | નિર્ગ. ૬:૧૨. |
| ૩. | હું જ તે (મસીહ) છું. | યોહા. ૪:૨૬. |
| ૪. | જીવનની રોટલી હું છું. | યોહા. ૬:૩૫. |
| ૫. | જગતનું અજવાળું હું છું. | યોહા. ૮:૧૨. |
| ૬. | હું ઉપરનો છું. | યોહા. ૮:૨૩. |
| ૭. | અબ્રાહમના જન્મ થયા પહેલાંનો હું છું. | યોહા. ૮:૫૮. |
| ૮. | હું બારણું છું. | યોહા. ૧૦:૯. |
| ૯. | હું ઉત્તમ ઘેટાંપાળક છું. | યોહા. ૧૦:૧૪. |
| ૧૦. | પુનરુત્થાન તથા જીવન હું છું. | યોહા. ૧૧:૨૫. |
| ૧૧. | રસ્તો તથા સત્ય તથા જીવન હું છું. | યોહા. ૧૪:૬. |
| ૧૨. | હું ખરો દ્રાક્ષાવેલો છું. | યોહા. ૧૫:૧. |
| ૧૩. | હું ઈસુ છું. | પ્રે.કૃ. ૯:૫. |
| ૧૪. | હું આલ્ફા તથા ઓમેગા છું. | પ્રક્ટી. ૧:૮. |
| ૧૫. | પ્રથમ તથા છેલ્લો હું છું. | પ્રક્ટી. ૧:૧૭. |
| ૧૬. | જે જીવે છે તે હું છું. | પ્રક્ટી. ૧:૧૮. |
| ૧૭. | હું આદિ તથા અંત છું. | પ્રક્ટી. ૨૨:૧૩. |
| ૧૯. | હું દાવિદનું મૂળ તથા સંતાન તથા પ્રભાતનો પ્રકાશિત તારો છું. | પ્રક્ટી. ૨૨:૧૬. |

# X “તે ઈશ્વરનો દીકરો છે” એવું કોણે કોણે કહ્યું ?

| | | | |
|---|---|---|---|
| માર્કે ઈસુ વિશે કહ્યું, | તે | “ઈશ્વરનો દીકરો છે.” | માર્ક ૧:૧ |
| યોહાને ઈસુ વિશે કહ્યું, | તે | “ઈશ્વરનો દીકરો છે.” | યોહા. ૩:૧૬, ૧૮, ૨૦:૩૧. |
| યોહાન બાપ્તિસ્તે ઈસુ વિશે કહ્યું, | તે | “ઈશ્વરનો દીકરો છે.” | યોહા. ૧:૩૪. |
| નાથાનાએલે ” કહ્યું, | તે | “ઈશ્વરનો દીકરો છે.” | યોહા. ૧:૪૯. |
| પિતરે ઈસુ વિશે કહ્યું, | તે | “ઈશ્વરનો દીકરો છે.” | માથ્થી ૧૬:૧૬. |
| માર્થાએ ઈસુ વિશે કહ્યું, | તે | “ઈશ્વરનો દીકરો છે.” | યોહા. ૧૧:૨૭. |
| શિષ્યોએ ઈસુ વિશે કહ્યું, | તે | “ઈશ્વરનો દીકરો છે.” | માથ્થી. ૧૪:૩૩. |
| ગ્રાબિયેલે ઈસુ વિશે કહ્યું, | તે | “ઈશ્વરનો દીકરો છે.” | લૂક ૧:૩૨, ૩૬. |

ઈશ્વર પિતાએ પોતે કહ્યું, “આ મારો વહાલો દીકરો છે.”
(માથ્થી ૩:૧૭, ૧૭:૫, માર્ક ૧:૧૧, ૯:૭, લૂક ૩:૨૨, ૯:૩૫)


અશુદ્ધ આત્માઓએ કહ્યું, “ઓ ઈશ્વરના દીકરા” (માથ્થી ૮:૨૯);
“તું ઈશ્વરનો દીકરો છે.” (માર્ક ૩:૧૧, લૂક ૪:૪૧);
“ઈસુ, પરાત્પર ઈશ્વરના દીકરા.” (માર્ક ૫:૭).

ઈસુએ પોતે કહ્યું હતું કે, “હું ઈશ્વરનો દીકરો છું.” (માથ્થી ૨૭:૪૩, યોહા. ૫:૨૫, ૨૬. વળી જુઓ યોહા. ૫:૧૮, માર્ક ૧૪:૬૧-૬૨, યોહા. ૯:૩૫-૩૭, ૧૦:૩૬).

ક્રૂસ પાસેના સૂબેદારે કહ્યું, “ખરેખર એ ઈશ્વરનો દીકરો હતો.”
(માથ્થી ૨૭:૫૪).

હોડીમાંના શિષ્યોએ કહ્યું, “ખરેખર તું ઈશ્વરનો દીકરો છે.”
(માથ્થી ૧૪:૩૩).

# XI ખ્રિસ્ત.... છે



(કલોસ્સીઓને પત્રમાં)

૧. તે આરંભ છે. કલો. ૧:૧૮, પ્રકટી. ૩:૧૪.

૨. તે અદૃશ્ય ઈશ્વરની પ્રતિમા છે. કલો. ૧:૧૫, ૧ તિમો. ૧:૧૭, ૨ કોરિંથી. ૪:૪.

૩. તે સર્વ કરતાં પ્રથમ છે, કલો. ૧:૧૭, યોહા. ૧:૧, ૮:૫૮.

૪. તે સર્વ સૃષ્ટિનો પ્રથમ છે. કલો. ૧:૧૫, ગી.શા. ૮૯:૨૭, રોમન ૮:૨૯.

૫. તે મરેલાંમાંથી પ્રથમ છે (પ્રથમ ઊઠયો છે). કલો. ૧:૧૮, પ્રે.કૃ. ૧૬:૨૩, ૧ કોરિંથી ૧૫:૨૦, પ્રકટી. ૧:૫.

૬. તે શરીરનું (એટલે કે મંડળીનું) શિર છે, કલો. ૧:૧૮, એફેસી. ૧:૨૨-૨૩.

૭. તે સર્વ રાજ્યનું તથા અધિકારનું શિર છે, કલો. ૨:૧૦, એફેસી. ૧:૨૧, ૨૨.

૮. તે આપણું જીવન છે. કલો. ૩:૪, યોહા. ૧૧:૨૫.

## XII પ્રભુ ઈસુનાં પ્રવચનો અને સંભાષણો (કાળક્રમ પ્રમાણે ગોઠવેલાં)

૧. નિકોદિમસ સાથે વાર્તાલાપ (યરુશાલેમમાં). યોહાન ૩:૧-૧૨.

૨. સૈખારના કૂવે સમરૂની સ્ત્રી સાથે વાર્તાલાપ. (સમરૂનના સૈખાર ગામે). યોહાન ૪:૧-૪૨.

૩. નાઝરેથના સભાસ્થાનમાં સંભાષણ (નાઝરેથ). લૂક ૪:૧૬-૩૧.

૪. ગિરિપ્રવચન (નાઝરેથમાં) માથ્થી ૫ થી ૭.

૫. પ્રેરિતોને (શિષ્યોને) શિક્ષણ (ગાલીલમાં). માથ્થી ૧૦.

૬. ખોરાજીન, બેથસૈદા વગેરે સામે શાપવચન (ગાલીલમાં), માથ્થી ૧૧:૨૦-૨૪.

૭. આડત્રીસ વર્ષના માંદા માણસને સાજો કર્યો તે સંબંધી સંભાષણ (યરુશાલેમમાં - મેંઢાભાગળ, બેથઝાથા) યોહા. ૫.

૮. સાબ્બાથે કણસલાં ચૂંટતા શિષ્યો અંગે ચર્ચા(યહૂદિયા). માથ્થી ૧૨:૧-૮.

૯. ઈસુ બાલઝબૂલની મદદથી ચમત્કારો કરે છે એવા આરોપ પર સંભાષણ (કાપરનાહૂમ). માથ્થી ૧૨:૨૨-૩૭.

૧૦. જીવનની રોટલી સંબંધી સંભાષણ (કાપરનાહૂમમાં). યોહા. ૭.

૧૧. મોંમાં જે જાય છે તે માણસને વટાળતું નથી, પણ અંદરથી જે નીકળે છે તે વટાળે છે. (આંતરિક શુદ્ધતા વિશે સંભાષણ)

(કાપરનાહૂમમાં). માથ્થી ૧૫:૧-૨૦.

૧૨. સામાનો અપરાધ માફ કરવા વિશે (કાપનાહૂમમાં). માથ્થી ૧૮.

૧૩. માંડવા પર્વ વખતે સંભાષણ - પેટમાંથી જીવતા પાણીની નદીઓ (યરુશાલેમમાં) યોહાન ૭.

૧૪. વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રી અંગે ચર્ચા (યરુશાલેમમાં). યોહા. ૮:૧-૨.

૧૫. ઘેટાં વિશે બોધ (યરુશાલેમમાં), (હું ઘેટાનું બારણું છું, હું ઉત્તમ ઘેટાપાળક છું; ઘેટાંને સારુ જીવન આપે છે. (યરુશાલેમમાં) યોહા.૧૦.

૧૬. ફરોશીઓ અને સાદૂકીઓ સામે ઉદ્ગારો. (પેરિયામાં). લૂક ૧૧:૨૯-૩૦.

૧૭. નમ્રતા અને ડહાપણ સંબંધી સંભાષણ (ગાલીલમાં).લૂક ૧૪:૭-૧૪.

૧૮. સ્વર્ગમાં કઈ રીતે જઈ શકાય તેનું માર્ગદર્શન "તું એક વાતમાં અધૂરો છે" (પેરિયામાં). માત્થી ૧૯:૧૬-૩૦.

૧૯. માણસનો દીકરો દુઃખ સહન કરશે એ વિશે વાત (યરુશાલેમમાં) માથ્થી ૨૦:૧૭-૧૩.

૨૦. ફરોશીઓ સામે ઉદ્ગારો (યરુશાલેમમાં). માથ્થી ૨૩.

૨૧. યરુશાલેમના વિનાશ સંબંધી ભવિષ્યકથન (યરુશાલેમમાં) માથ્થી ૨૪.

૨૨. દિલાસાનાં વચનો "તમારાં હૃદયોને ગભરાવા ન દો." ઈત્યાદિ (યરુશાલેમમાં). યોહા. ૧૫, ૧૭.

૨૩. ગેથસેમાનેના ઢોળાવ પર રુદન કર્યું. ત્યારનાં વચનો (યરુશાલેમમાં). માથ્થી ૨૬:૩૧-૩૯.

૨૪. પોતાના સ્વર્ગારોહણ અગાઉ શિષ્યો સાથે વાર્તાલાપ (યરુશાલેમમાં). માથ્થી ૨૮:૧૬-૨૩.

# XIII અન્યાયપણાના દ્રવ્યથી મિત્રો કરી લેવા એટલે શું ?

પ્રભુ ઈસુનાં બધાં દૃષ્ટાંતોમાં આ સૌથી અઘરું છે. લૂક ૧૬:૧-૧૩માં એ આવેલું છે. પ્રભુ ઈસુ શું કહેવા માગતા હતા તે સ્પષ્ટ થતું નથી, એટલે એના કેટલાયે જુદા જુદા અર્થ કરવામાં આવ્યા છે.

પ્રથમ તો આખું દૃષ્ટાંત જોઈ લઈએ. આ દૃષ્ટાંતને "અન્યાયી કારભારી" અથવા 'લબાડ કારભારી'નું દૃષ્ટાંત કહેવામાં આવે છે. આ અવિશ્વાસુ કારભારી શેઠના આખાયે વેપારની એકહથ્થુ સત્તા ધરાવતો હતો. મારવાડી શેઠની જેમ કદાચ આ શેઠ વાંચી-લખી જાણતો નહોતો, એટલે એને બધો આધાર આ કારભારી પર રાખવો પડતો, એટલે જ કારભારી જે કાળાંધોળાં ખાનગીમાં કરતો તેની શેઠને ખબર પડતી નહિ.

પણ લાંબો સમય વહેતી વાતોમાંથી શેઠને ખબર પડી કે કારભારી લબાડવેડા કરે છે, અને હિસાબ-કિતાબમાં ગોટાળા ગબડાવે છે. એટલે શેઠે એને છૂટા થવાની નોટિસ આપી. આથી કારભારી ગભરાયો, અને જેની પાસે શેઠનું માગતું નીકળતું હતું તેમના બધાંનાં ખાતામાંથી રકમ અથવા માલ ઓછાં કરાવી એ બધા લોકોની મહેરબાની તેણે જીતી લીધી, જેથી નોકરીમાંથી છૂટા થયા પછી એ બધા લોકો એને આશરો આપે અથવા એના પર મહેરબાની રાખે. શેઠે આ કારભારીની યુક્તિભરી ચાલને વખાણી. 'વખાણી' એટલે એવી ચાલને નૈતિક રીતે ઉત્તમ ગણી એમ નહિ, પણ એની બુદ્ધિ, ચાલાકી અને હોશિયારી વખાણી.

ક. "અન્યાયીધણાના દ્રવ્ય"થી મિત્ર કરી લો જેથી સદાકાળના

માંડવામાં તેઓ તમને આવકારે." (૧૬:૯). એક જૂથ એનો ખુલાસો આમ કરે છે : 'અન્યાયીપણાનું દ્રવ્ય' એટલે અનીતિનું દ્રવ્ય. 'સદાકાળના માંડવા' (ઈટરનલ હેબીટેશન) એટલે નર્ક, એ અનીતિથી તમે સ્વર્ગે નહિ પણ નર્કે જશો. આ મત માનનારા લોકો કહે છે કે 'સદાકાળ' કે અનંતકાળ'નું રહેઠાણ બાઈબલમાં નરક માટે સૂચવેલું છે. "અનંતકાળ સુધી રડવું તથા દાંત પીસવું થશે." ઈત્યાદિ. પણ અનંતકાળનું ધામ નરક માટે જ નહિ, પણ સ્વર્ગ માટે પણ વપરાયું છે.

ख. બીજો એકમત કહે છે કે 'અન્યાયીપણાનું દ્રવ્ય" એટલે અનીતિ કે ખોટી રીતે પ્રાપ્ત કરેલું દ્રવ્ય એવો અર્થ નથી. ઈસુએ બધા જ પ્રકારની મિલકત, પૈસો કે દ્રવ્ય માટે આ શબ્દપ્રયોગ કર્યો છે. નવા કરારમાં દુનિયાની બધા પ્રકારની મિલકત કે જેની ઉપર લોકો પોતાનું ચિત્ત ચોંટાડે છે તેને માટે 'અન્યાયપણાનું દ્રવ્ય' શબ્દપ્રયોગ વપરાયો છે. એમાં દુનિયાના બધાં ભૌતિક વાનાંનો સમાવેશ થાય છે.

આ પક્ષનું કહેવું આવું છે : આ પૃથ્વી પરના દ્રવ્યથી લોકોની મહેરબાની અને પ્રેમ સંપાદન કરી લો. તમારી પાસે દોલત કે પૈસો હોય તો તે દ્વારા દાનધર્મ કરો, સખાવતી કામ કરો, (દવાખાનાં, શિષ્યવૃતિ, અનાથોને આશરો, વગેરે વગેરે.)

પ્રભુ ઈસુએ આ દૃષ્ટાંત લોકોને એટલે જાહેર જનતાને નહિ, પણ પોતાના શિષ્યોને કહ્યું (૧૬:૧). તમારું ધાર્મિકપણું કે ખ્રિસ્તીપણું આવાં પરગજુ કાર્યો દ્વારા ફળવંત બને, જેથી જ્યારે એ થઈ રહે એટલે પૃથ્વી પરનું તમારું જીવન પૂરું થાય ત્યારે અનંતકાળિક સ્વર્ગીય ઘરમાં તમને સ્થાન મળે.

અહીં 'પુણ્યકર્યો દ્વારા' સ્વર્ગે જવાની વાત નથી, પણ પ્રભુ ઈસુ

જેવું પરમાર્થી — પારકાનું હિત ઈચ્છનારું, પડોશી પર પોતાના જેવો પ્રેમ કરનારું — જીવન બનાવવાની વાત છે.

કલમ ૮ દ્વારા પ્રભુ ઈસુ શીખવવા માગે છે કે દુનિયાદારીના દીકરાઓ અને વેપારીઓ જેને દોલત કે ખજાનો માને છે તેને માટે તેઓ કેટલું બધુ મંથન કરે છે અને પરિશ્રમ ઉઠાવે છે, અને કેવા કાવાદાવા તથા યુક્તિપ્રયુક્તિ કરે છે ! એમ જ જો તમારા ધાર્મિક જીવન સંબંધી એટલીયે ચીવટ રાખો તો તમે કેવા ખરા ખ્રિસ્તી બનો અને સ્વર્ગને લાયક બનો ! પ્રાર્થના, મનન, શાસ્ત્રાભ્યાસ - એ બધાં માટે આપણે કેટલો થોડો સમય આપીએ છીએ ! - એ બધાં પર કેટલું થોડું ચિત્ત લગાડીએ છીએ ! "કરણીઓ વગર વિશ્વાસ નિર્જીવ છે" (યાકોબ ૨:૨૦, ૨૬). વેપારીઓ પોતાના ધંધા-વેપાર માટે જેટલી કાળજી રાખે છે અને પરિશ્રમ કરે છે, તેટલું ખ્રિસ્તીઓ પોતાના આત્મિક જીવન સંબંધી કરતા હોત તો આસમાન-જમીનનો ફરક પડત.

કલમ ૧૧ અને ૧૨માં **'અન્યાયી દ્રવ્ય'** અને **'ખરું દ્રવ્ય, 'પરાયું દ્રવ્ય'** અને **'તમારું પોતાનું'** એ શબ્દપ્રયોગો દ્વારા પ્રભુ ઈસુ કહેવા માગે છે કે, આ પૃથ્વી પર આપણી પાસે જે કાંઈ માલમિલકત, સરસામાન કે વહીવટ છે એ આપણું નથી, એ પારકું છે. ઈશ્વરે વહીવટ માટે આપ્યું છે. આપણે તો માત્ર એના કારભારી છીએ, અને આપણે માત્ર કારભારું કરવાનું છે, એનો હિસાબ આપવાનો છે. એ કારભારમાં આપણે વિશ્વાસુ માલૂમ પડીએ તો જ આપણા ધણી પ્રભુના આનંદમાં પેસવાનું મળે. **'ખરું દ્રવ્ય'** એ સ્વર્ગીય ખજાનો, સ્વર્ગનો વાસ, ખ્રિસ્તમાંનો વારસો છે, અને એ **'આપણું પોતાનું'** દ્રવ્ય પ્રભુ ઈસુના ઉદ્ધારક કાર્ય દ્વારા આપણું બન્યું છે.

આ દૃષ્ટાંતમાં બીજું પણ એક શિક્ષણ છે. દ્રવ્ય અથવા દુન્યવી વાનાં પ્રત્યેનું આપણું દૃષ્ટિબિંદુ કેવું હોવું જોઈએ તે અહીં આડકતરી રીતે શીખવ્યું છે. ત્રણ પ્રકારનું દૃષ્ટિબિંદુ સેવી શકાય : (૧) આ છે

**સંન્યાસી - સાધુઓનું દષ્ટિબિંદુ.** પૈસો, દુન્યવી વાનાં નાપાક છે; પૈસાનો સ્પર્શ અશુદ્ધ કરનારો છે. એનાથી દૂર જ રહેવું સારું. દુનિયા બધી પાપપૂર્ણ છે, એટલે એને ત્યાગવી સારી. આ ખ્રિસ્તી શિક્ષણ નથી. (૨) **પૈસો એ જ પરમેશ્વર.** દ્રવ્યથી જ દુનિયા ચાલે. તેથી એકઠો કરાય તેટલો પૈસો એકઠો કરો. પછી "ખા, પી, અને મઝા કર." આ પણ બાઈબલનું શિક્ષણ નથી. કલમ ૧૩ કહે છે, "દેવની તથા દ્રવ્યની સેવા તમે કરી શકતા નથી.", "કોઈ ચાકર બે ધણીની ચાકરી કરી શકતો નથી." આમાં દ્રવ્ય એ શેઠ યા ધણી બની જાય છે, અને માણસ એનો ગુલામ બને છે. (૩) ત્રીજું દષ્ટિબિંદુ બાઈબલનું છે. **આપણે ઈશ્વરના કારભારી છીએ.** ઈશ્વરે આપેલાં ધન, માલમિલકતનો આપણે વિશ્વાસુ કારભારી તરીકે ઈશ્વરને પસંદ પડે તેવો વહીવટ કે કારભાર કરવાનો છે.

## XIV આકાશના રાજ્યના મર્મો દર્શાવતાં દૃષ્ટાંતોના ખુલાસા (માથ્થી ૧૩)

સૌ પ્રથમ 'મંડળી', 'આકાશનું રાજ્ય', અને 'દેવનું રાજ્ય' એ ત્રણે જુદી જુદી બાબતો છે. માથ્થી ૧૩માં મંડળી વિશે નહિ, પણ આકાશના રાજ્ય વિશે દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. અત્યારે તો આ ત્રણે વચ્ચેનો તફાવત જોવા સમય નથી, એટલે ભવિષ્યમાં કોઈક વખત એ જોઈશું.

આ સ્થળે આકાશના રાજયના મર્મો સમજાવતાં કુલ ૧૨ દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે, એમાં સૌથી પ્રથમ **"બી વાવનારનું દૃષ્ટાંત"** જે પાયારૂપ દૃષ્ટાંત છે,એનો ખુલાસો અંદર જ આપેલો હોઈ એને જોઈશું નહિ.

૧. એમ જ **'ઘંઉ' અને 'કડવા દાણા'**ના દૃષ્ટાંતનો (માથ્થી ૧૩:૨૪-૩૦) ખુલાસો પણ પ્રભુ ઈસુએ પોતે જ આપેલો છે (૧૩:૨૩૬-૪૩). એ જ ખુલાસો બીજાં દૃષ્ટાંતોને લાગુ પડે છે. અહીં 'વાવનાર માણસ' પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. 'ખેતર જગત છે', અને ખેતર પ્રભુ ઈસુનું પોતાનું છે ("તેં શું તારા ખેતરમાં સારું બી વાવ્યું નહોતું?") રાઈના બીના દૃષ્ટાંતમાં પણ 'પોતાના ખેતરમાં' (૩૧) લખ્યું છે. "એક જણે" (૩૧) એટલે કે પ્રભુ ઈસુએ "પોતાના ખેતરમાં વાવ્યું. 'પોતાનું ખેતર" 'એટલે જગત', આખું જગત તેમનું જ છે, શેતાન પચાવી પાડવા માગે છે.

"વૈરી" એટલે શેતાન. જ્યારે વાવનાર ઊંઘતો હતો ત્યારે 'વૈરી' કડવા દાણા વાવી ગયો, એમ નહિ, કારણ, વાવનાર પ્રભુ તો "કદી ઊંઘતો નથી, અને નિદ્રાવશ થતો નથી." પણ કામ કરનારા 'માણસો' ઊંઘતા હતા ત્યારે એ બન્યું. બન્ને પક્ષે વાવવાનું હજી ચાલુ જ છે, શેતાન ઘંઉનું (રાજ્યનાં છૈયાનું) સ્વરૂપ કે ગુણધર્મ બદલી શકતો નથી, એટલે જ એ 'કડવા દાણા' (શેતાનનાં છૈયાં) વાવી દે છે. પ્રભુ ઈસુ એવા કેટલાક વિશે કહે છે : 'તમે તમારા બાપ શેતાનના છો."(યોહાન ૮:૪૪). હાલમાં તો કોણ ઈશ્વરનાં સંતાન અને કોણ શેતાનનાં સંતાન તે સ્પષ્ટ ઓળખી શકાતું નથી, એટલે જ કાપણી (જગતના અંત) સુધી એ બધાંને સાથે વધવા દેવાશે, અને જગતના અંતે દૂતો પ્રથમ ઘઉં (ખ્રિસ્તના સાચા લોકો) વખારમાં ભરશે, એટલે કે ગગનમાં સાચી મંડળીને ખેંચી લેશે, અને કડવા દાણા (શેતાનનાં સંતાનો)ને અગ્નિખાઈમાં (નરકમાં) નાખી દેશે. કાપણી સુધી સારો વત્તો સારો થતો જશે, અને ભૂંડો વત્તો ભૂંડો થયાં કરશે. બંને ઊંબીઓ આવતાં સુધી, એટલે કે પરિપકવતાં સુધી પહોંચશે. આજે એવું જ જોવા મળે છે.

૨. રાઈના બીનું દૃષ્ટાંત (૧૩:૩૧-૩૨) : અગાઉનું દૃષ્ટાંત (ઘઉં અને કડવા દાણા) તેમ જ આ અધ્યાયનાં હવે પછીનાં બધાં દૃષ્ટાંતોમાં

આ શબ્દો શરૂઆતે આવે છે : "આકાશનું રાજ્ય ...ના જેવું છે." એટલે આ બધા દૃષ્ટાંતોનું શિક્ષણ એકસરખું જ હોવું જોઈએ. છતાં રાઈના બીના તેમજ ખમીરના દૃષ્ટાંતના અવળા અર્થ કરવામાં આવે છે, એ વાજબી નથી. એ બંનેમાં મંડળીની વૃદ્ધિનો ઉલ્લેખ નથી, પણ 'આકાશના રાજ્ય'ની અથવા ખ્રિસ્તી સમાજની વૃદ્ધિનો ઉલ્લેખ કરે છે. રાઈના બીનું દૃષ્ટાંત બાહ્ય વૃદ્ધિ યા વિશાળતા બતાવે છે, જ્યારે ખમીરનું દૃષ્ટાંત આંતરિક વૃદ્ધિ દર્શાવે છે.

રાઈના બીમાંથી છોડ થાય છે, જો કુમાશથી એની ખેતી થાય તો. પણ પાલેસ્તાઈનમાં કુમાશ વગરના આ રાઈના છોડ વકરીને સાત-આઠ ફૂટના, અરે પંદર ફુટના પણ વધી જાય છે. આપણા દેશમાં થોરિયાના છોડ વધારેમાં વધારે ફક્ત પાંચ ફૂટના થાય છે, જ્યારે મેં જબલપુર પાસે 'મારબલ રોક્સ' તરફ આંબલીના ઝાડ જેવા થોરિયાનાં પ્રચંડ ઝાડ જોયાં હતાં. એવું જ રાઈનું. કડવા દાણાના દૃષ્ટાંતની જેમ આકાશના રાજ્યમાં (ખ્રિસ્તી સમાજમાં) ભલું અને ભૂંડું (રાજ્યના સંતાન અને શેતાનનાં સંતાન) ભેળસેળ જ છે, એમ અહીં પણ (રાઈના બીમાં) પણ એવું છે. એ કુમાશવાળા નહિ પણ વકરી ગયેલા વૃક્ષની ડાળીઓમાં આકાશનાં પક્ષીઓ આવીને વાસો કરે છે. "આકાશનાં પક્ષીઓ" એ કેટલાક ખુલાસો કરે છે તેમ, સુવાર્તા સાંભળીને ખ્રિસ્તને શરણે આવેલા લોકો નથી, પણ વાવનારના દૃષ્ટાંતમાં (૧૩:૪,૧૯) જણાવ્યા પ્રમાણેનાં 'પક્ષીઓ' આ વચનરૂપી વવાયેલાં બીને લઈ જનારા, શેતાનના પક્ષમાં કામ કરનારા છે. વકરી ગયેલા ખ્રિસ્તી સમાજમાં શેતાનના પક્ષમાં કામ કરનારા લહેરથી વાસો કરે છે. 'ડાળીઓ' શબ્દનો ખાસ અર્થ નથી, પણ દૃશ્ય મંડળી એટલે કે 'ખ્રિસ્તી સમાજ (યા મર્મમાં આકાશના રાજ્ય)ના ફાંટાઓ ગણી શકાય. તેઓ રક્ષણને માટે વાસો કરતા હોતા નથી, પણ દુન્યવી લાભને માટે વાસો કરે છે. તેમની હાજરી ખતરનાક છે.

૩. **ખમીરનું દૃષ્ટાંત** (૧૩:૩૩) : ઘણા આનું સામાન્ય અર્થઘટન આ પ્રમાણે કરે છે : "એક સ્ત્રી' એટલે મંડળી; 'ખમીર' એટલે સુવાર્તા; 'ત્રણ માપ લોટ' એટલે માનવ-સમુદાય અથવા મંડળીના ત્રણ ભાગ : અને સુવાર્તાનું ખમીર લઈને મંડળીરૂપી સ્ત્રીએ માનવ-સમુદાયરૂપી લોટમાં મેળવી દીધાથી આખી દુનિયા ખ્રિસ્તનો સ્વીકાર કરી લેનારી બનશે. પરંતુ આ અર્થઘટન બાઇબલ વિરુદ્ધનુ છે એ જોઈએ.

પ્રથમ તો, ખમીર બાઇબલમાં ભૂંડાઈની ઉપમા તરીકે બધે જ વપરાયું છે. ખમીર હંમેશાં લોટને ખાટો બનાવી ફીણ લાવી આથો ચડાવે છે. આ એક પ્રકારનો 'સડો' છે. ઇઝરાયલપુત્રોને ફરમાન હતું કે પાસ્ખાના દિવસો દરમિયાન તેઓએ પોતાના ઘરોમાં ખમીર રાખવું નહિ, અને રાખે તો તે શિક્ષાપાત્ર બને (નિર્ગમન ૧૨:૧૫; ૨૪:૩૫; લેવી. ૨:૧૧; ૧૦:૧૨). કારણ, પાસ્ખાનું પર્વ એ ઈસુ ખ્રિસ્તના બલિદાનની પૂર્વ છાયારૂપ હતું. અને પાસ્ખાના હલવાન તરીકે વધેરાનાર 'દેવના હલવાન' ઈસુ ખ્રિસ્તની ઉપમારૂપ હતું. એટલે ઈસુ ખ્રિસ્ત નિષ્કલંક હોઈ તેની ઉપમા રૂપના પાસ્ખાના પર્વમાં ભેળસેળ ફેલાવનાર ખમીરની હાજરી ન હોવી જોઈએ.

વળી ૧ કોરિંથી ૫:૬-૮માં લખ્યું છે : "તમે અભિમાન રાખો છો તે શોભતું નથી. થોડું ખમીર આખા લોંદાને ફુલાવે છે તે શું તમે નથી જાણતા ? તમે જૂના ખમીરને કાઢી નાખો, જેથી જેમ તમે બેખમીર છો તેમ તમે નવા લોદાં રૂપ થઈ જાઓ... એ કારણથી આપણે એ પર્વ જૂના ખમીરથી નહિ, એટલે પાપ તથા દુષ્ટતાના ખમીરથી નહિ, પણ નિખાલસપણાની તથા સત્યની બેખમીર રોટલીથી પાળીએ." અહીં પણ ખમીરને ભૂંડાઈની સાથે સરખાવ્યું છે.

વળી, પ્રભુ ઈસુ માથ્થી ૧૬:૬-૧૨માં અને માર્ક ૮:૧૫માં 'ફરોશીઓના ખમીરથી અને સાદુકીઓના ખમીરથી" દૂર રહેવાનું કહે

છે. વળી તે હેરોદના ખમીરથી પણ દૂર રહેવા સૂચવે છે. ફરોશીઓનું ખમીર એટલે જૂઠા સિદ્ધાંત, કાયદાબંધન અને પરાક્રમ વગરનું ધર્મનું બાહ્ય કોચલું (બાહ્યાચરણો). સાદુકીઓનું ખમીર એટલે શંકાશીલપણું, દૂતો અને પુનરુત્થાનમાં નહિ માનવું. હેરોદનું ખમીર એટલે ભૌતિકવાદ યા ધર્મ અને જગતીપણાનું મિશ્રણ. ગલાતી ૫:૯માં પણ કહ્યું છે, "થોડું ખમીર (લોટના) આખા લોંદાને ખમીરી કરે છે." અહીં આ કલમમાં પણ સંત પાઉલ ખમીરના ભૂંડાઈના ભેળસેળ અર્થમાં જ વાપરે છે.

(આખા બાઈબલમાં માત્ર બે પ્રસંગે ખમીર વાપરવાનું કહ્યું છે, લેવી ૨૩:૧૫-૧૭, ૭:૧૩ અને આમોસ ૪:૪, ૫, લેવી ૨૩:૬-૧૪ સુધીમાં બેખમીરી રોટલી વાપરવાની વાત છે પણ ૧૫-૧૭ કલમોમાં માણસોનાં અર્પણોની વાત હોઈને ખમીર વાપરવાની છૂટ આપી છે. કારણ કોઈ માણસ પરિપૂર્ણ રીતે શુદ્ધ નથી. એવું જ ૭-૧૩ની કલમમાં છે. આમોસ ૪:૪-૫માં "ખમીરવાળી વસ્તુનું આભારાર્થાર્પણ ચઢાવો," એ તો મજાકમાં કહેવાયેલાં વચનો છે.

ખમીરને તો લોટમાં છુપાવવું પડે છે, જ્યારે સુવાર્તાને તો પ્રગટ યા જાહેર કરવાની હોય છે. સુવાર્તા ખમીર પેઠે કામ કરતી નથી. ખમીરને તો લોટમાં મૂકવામાં આવે ત્યારે તે પોતાની આપોઆપ લોટના આખા લોંદાને ખમીરવાળો બનાવી દે છે, પણ જો સુવાર્તા વિશે એમ બનતું હોય તો જે ગામ, શહેર કે દેશમાં એક વખત સુવાર્તા પ્રચાર થાય તે આખું ગામ, શહેર કે દેશ આપોઆપ ખ્રિસ્તી બની જાય. પણ ઊલટું પ્રભુ ઈસુ તો જગતના અંત વિશે બોલતાં કહે છે કે, "પરંતુ માણસનો દીકરો આવશે, ત્યારે પૃથ્વી પર તેને વિશ્વાસ જડશે શું? (લૂક ૧૮:૮), અને "અન્યાય વધી જવાને કારણે ઘણાખરાનો પ્રેમ ઠંડો થઈ જશે." (માથ્થી ૨૪:૧૨). એનો અર્થ એ જ કે આખી દુનિયા ખ્રિસ્તી નહિ બની જાય. પણ શેતાનનું રાજ પુરજોશમાં ફેલાશે. આ દૃષ્ટાંત એટલું શીખવવા માગે છે કે 'આકાશનું રાજ્ય' એના મર્મરૂપમાં પૃથ્વી પર હશે

ત્યાં સુધી એમાં ભૂંડાઈની ભેળસેળ પ્રવેશવાની છે. આગલાં દૃષ્ટાંતોમાં બતાવ્યું તેમ જ.

૪. **સંતાડેલું દ્રવ્ય** (માથ્થી ૧૩:૪૪) : 'સંતાડેલું દ્રવ્ય અને 'મૂલ્યવાન મોતી' એ બંને દૃષ્ટાંતોનો પણ ઘણા અવળો ખુલાસો કરે છે. ઈસુ ખ્રિસ્તને સંતાડેલું દ્રવ્ય અને મૂલ્યવાન મોતી ગણે છે. અને માણસ પોતાનું સર્વસ્વ વેચી દઈ આ સંતાડેલા દ્રવ્ય અને મૂલ્યવાન મોતીરૂપ ખ્રિસ્તને ખરીદી લે છે. પણ એ ખુલાસો ખોટો છે. માણસની પાસે કંઈ જ નથી જેને વેચીને તે દ્રવ્ય યા મોતી ખરીદે.

ખેતર એ જગત છે (અગાઉનાં દૃષ્ટાંતોમાં જોયું તેમ), અને માણસે એ જગત ખરીદવાનું હોતું નથી, ઊલટું એણે તો જગતને ત્યાગવાનું હોય છે. વળી ખ્રિસ્ત ખેતરમાં (જગતમાં) સંતાડેલો નથી, અને જેમ પેલા માણસને ખેતરમાંથી દ્રવ્ય મળ્યું તે તેણે દાટી દીધું, એમ પાપીએ ખ્રિસ્તને મેળવ્યા પછી ખ્રિસ્તને ફરી સંતાડી દેવાનો નથી.

ખેતર એટલે જગત ખરેખર તો ઈશ્વરનું જ છે, પણ હાલ પૂરતું શેતાને તેને પચાવી પાડયું છે. (માથ્થી ૪:૮-૯માં) શેતાન પ્રભુ ઈસુને "જગતનાં સઘળાં રાજ્ય તથા મહિમા દેખાડે છે," અને કહે છે કે "જો તું પગે પડીને મારું ભજન કરે, તો આ સઘળાં તને આપીશ." પ્રભુ ઈસુ પણ યોહાન ૧૪:૩૦માં કહે છે : "આ જગતનો અધિકારી આવે છે, અને મારામાં તેનું કંઈ નથી." એમ શેતાને જગતનો હવાલો લઈ લીધો છે, પણ પ્રભુ ઈસુ પોતાનું સર્વસ્વ આપી દઈને (સ્વર્ગ, સ્વર્ગનો મહિમા છોડી દઈને ક્રૂસ પર પ્રાણ અર્પી દઈને) જગતરૂપી ખેતર ખરીદી લે છે, કેમ કે એમાં સંતાડેલું દ્રવ્ય છે.

ઇઝરાયલ એ સંતાડેલું દ્રવ્ય છે. નિર્ગમન ૧૯:૫માં પ્રભુ ઇઝરાયલને કહે છે : "તો હવે જો તમે મારું કહેવું માનશો, ને મારો કરાર પાળશો, તો સર્વ લોકોમાંથી તમે મારું ખાસ ધન થશો; કેમ કે આખી પૃથ્વી મારી છે." વળી જુઓ ગીતશાસ્ત્ર ૧૩૫:૪. "યહોવાએ

પોતાને સારુ યાકોબને પસંદ કર્યો છે; તેણે ઇઝરાયલને પોતાની ખાસ મિલકત થવા સારુ પસંદ કર્યો છે." ઇઝરાયલરૂપી દ્રવ્યને પ્રભુએ ખેતર મધ્યે, (જગત મધ્યે એટલે કે પ્રજાઓ મધ્યે) સંતાડી રાખ્યું છે. હવે ટૂંક સમયમાં પ્રભુ આ દ્રવ્યરૂપી લોકને પોતાના હાથમાં લેશે (જુઓ રૂમી ૧૧:૨૫). પ્રભુ ઈસુ પાછા આવશે ત્યારે તે પોતાના આ સંતાડેલા દ્રવ્યરૂપી લોકનો કબજો લેશે.

૫. **સારાં મોતી શોધનાર :** માથ્થી ૧૩:૪૫-૪૬માં સારાં મોતી શોધનાર કોઈ એક વેપારી તે કોણ ? એક અતિ મૂલ્યવાન મોતી એ શું ? કોણે પોતાનું સર્વસ્વ વેચી નાખીને તે વેચાતું લીધું ?

માથ્થી ૧૩માં અધ્યાયમાં આકાશના રાજને આપેલી ઉપમાઓનાં જુદાં જુદાં દૃષ્ટાંતોમાંનું આ એક દૃષ્ટાંત છે. જુદા જુદા અભ્યાસકો એ દૃષ્ટાંતોના જુદા જુદા ખુલાસા આપે છે. આપણે બે મુખ્ય જોઈએ.

ક. ઈસુ અતિ મૂલ્યવાન મોતી છે, અને માણસ પોતાનું બધું આપી દઈને ઈસુને ખરીદી લે છે. માણસ બધું તજીને ઈસુને મેળવી લે છે. આનો દાખલો ભજનસંગ્રહના ગીત નં. ૧૯૪માં મળી રહે છે; "મને મળ્યું અણમૂલ મોતી, આનંદે ગાય છે મન;/ હરખાયા વિના ચાલે નહિ, મને છે કેવું ધન!" આ પ્રકારના ખુલાસાનું બળ આ છે; મહા મૂલવાન ખ્રિસ્તને પામવા ગમે તે પ્રકારના ભોગ આપવા તૈયાર રહેવું.

પરંતુ એ ખુલાસાની વિરુદ્ધ ઘણી દલીલો છે. (૧) તારણ યા મુક્તિ ખરીદવાની હોતી નથી (યશા. ૫૫:૧) એ તો મફત કૃપાનું દાન છે. (૨) વળી પાપી મનુષ્ય તો દેવાળિયો છે, અને ખ્રિસ્તને 'ખરીદી' કે 'પામી' લેવા એની પાસે કંઈ જ નથી. 'ભજનસંગ્રહ'ના ગીત નં. ૩૨૪માં ૩જા શ્લોકમાં આપ્યું છે : "ખાલી હાથે આવું છું,/ઈમાન તું પર લાવું છું,/નગ્ન હું, માગું લેબાસ;/અબળ કરું છું વિશ્વાસ;"/

નં. ૩૨૫નો ત્રીજો શ્લોક પણ કહે છે : "ખાલી છું, નિરાધાર છું,/વળગું હવે તુજ સ્તંભને" (૩) ખ્રિસ્ત વેચાવા કે ખરીદાઈ જવા માટે નથી. (૪) માણસ સારાં મોતી શોધનાર વેપારી નથી. આ ખુલાસા પ્રમાણે એવું તાત્પર્ય નીકળે કે માણસની પાસે 'ઈસુ' કરતાં ઊતરતાં મૂલ્યનાં એવાં મોતી છે, એટલે કે આત્મિક રીતે એ દેવાળિયો નહિ પણ આત્મિક મિલકત ધરાવનાર છે. કદાચ આ ખુલાસાની તરફેણમાં ફિલિપી ૩:૭, ૮ વાપરી શકાય.

ખ. બીજો ખુલાસો સુવાર્તિક માન્યતા ધરાવનાર પક્ષ (કૉન્ઝર્વેટિવ, ઑર્થોડૉક્સ, ઈવેન્જેલિકલ) છે. તેઓ આવો ખુલાસો કરે છેઃ સારાં મોતી શોધનાર વેપારી તો ઈસુ ખ્રિસ્ત છે, અને અતિ મૂલ્યવાન મોતી તો 'મંડળી' છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત સમૃદ્ધ છે, પણ તેમણે મંડળીને અતિ મૂલ્યવાન ગણીને પોતાનું સર્વસ્વ એટલે કે સ્વર્ગીય ધામ, ઈશ્વરતત્ત્વનું સર્વસમર્થપણું અને સર્વવ્યાપીપણું, અને આખરે પોતાનો પ્રાણ પણ આપી દઈ મંડળીને ખરીદી દીધી. પ્રકટીકરણ ૫:૯માં કહે છે : "કેમ કે તને મારી નાંખવામાં આવ્યો હતો ને તેં તારા રક્તથી દેવને સારુ સર્વ કુળોના, ભાષાના, પ્રજાના તથા દેશોમાંના (લોકોને) વેચાતા લીધા છે." એફેસી. ૧:૧૪ - "એ (આત્મા દેવના) પોતાના દ્રવ્ય (રૂપી લોક)ના ઉદ્ધારના સંબંધમાં તેના મહિમાને અર્થે આપણા વારસાનું બ્યાનું છે." પ્રે.કૃ. ૨૦:૨૮ - "જેથી દેવની જે મંડળી તેણે પોતાના લોહીથી ખરીદી તેનું તમે પાલન કરો." ૧ કોરિંથી ૬:૨૦ - "કેમ કે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા હતા." ૧ કોરિંથી ૭:૨૩ - "તમને મૂલ્ય આપીને ખરીદવામાં આવ્યા હતા." એફેસી ૫:૨૫ - "પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર

પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું."

૬. **જાળનું દૃષ્ટાંત** (માથ્થી ૧૩:૪૭) : પ્રભુ ઈસુએ શિષ્યોને તેડતી વખતે કહ્યું કે, "હું તમને માછલા પકડનારા બનાવીશ," એમ, ખ્રિસ્તી સંદેશો તે માછલાં પકડવાની જાળ સમાન છે. એ જાળને લોકોએ (પ્રેરિતો, સુવાર્તિકોએ) સમુદ્રમાં નાખી. સમુદ્ર એટલે માનવસમુદાય. જાળમાં "હરેક જાતનું સમેટાયું" – સારી માછલી અને નિરુપયોગી અને ખરાબ માલ પણ જાળમાં સમેટાયો. એટલે સારા લોકો, પ્રભુના ખરા લોકોય જાળમાં આવ્યા, અને ભૂંડા, જગતી લોકો પણ આવ્યા. ભલા અને ભૂંડા લોકો માનવસમુદાયરૂપી સમુદ્રમાં હશે એનો અહીં સવાલ નથી, પણ સારા અને ભૂંડા લોકો જાળમાં એટલે કે ખ્રિસ્તી સમાજ આ ખ્રિસ્તી આલમમાં એકત્ર થયા.

ખ્રિસ્તીધર્મ માનનારા શંભુમેળામાં પ્રભુના પસંદ કરેલા લોક પણ છે, અને ભૂંડા તથા જગતી લોક પણ છે. આકાશનું રાજ્ય એવું જ છે. આ દૃષ્ટાંત 'ઘઉં અને કડવા દાણા'ના દૃષ્ટાંત જેવું છે, ફરક એટલો જ કે 'ઘઉં અને કડવા દાણા'માં શેતાન પ્રવૃત્તિમય કાર્યકર્તા છે, કારણ, ઘઉં મધ્યે તે કડવા દાણા વાવે છે, જ્યારે 'જાળ'ના દૃષ્ટાંતમાં બીજી વાત છતી થાય છે કે, ભલા અને ભૂંડાનો આ શંભુમેળો તો, જે પોતામાંનું નથી એવાને પણ પોતાની આસપાસ એકઠું કરવાની આ ચળવળના ઝોકને લીધે છે.

યુગને અંતે દૂતો આ ભલું અને ભૂંડું જુદું પાડશે (કલમ ૪૯), એટલે કે જગતને અંત ભલા લોકોને ભૂંડાથી જુદા કરવામાં આવશે, જેમ ઘઉં અને કડવા દાણા કાપણીને સમયે (જગતને અંતે) જુદા પાડશે તેમ યુગના અંત સુધી ભલા અને ભૂંડા લોકો આકાશના રાજ્યમાં ખ્રિસ્તી આલમમાં શંભુમેળાની જેમ સાથે સાથે જ રહેશે.

જાળ સમુદ્રમાં નાંખવામાં આવે છે ત્યારે જાળમાં તો થોડી જ માછલી આવે છે, જ્યારે મોટો જથ્થો તો સમુદ્રમાં જ (માનવ સમુદાયમાં

જ) રહે છે. અને જાળમાં આવેલામાંથી પણ ઘણું બધું તો નકામા તરીકે ફેંકી દેવું પડશે. એમ તારણ પામનારાં તો થોડાં જ છે. આ દૃષ્ટાંત પરથી એક વાત સ્પષ્ટ દેખાય છે કે દુનિયા આખી ખ્રિસ્તી બનવાની નથી, આખી દુનિયા ખ્રિસ્તને શરણે આવવાની નથી જ.

### "અનંતકાળનો નાશ" એટલે શું ?

આપણે માનીએ છીએ કે દુષ્ટો અને ઈશ્વરને વીસરનારાંઓના આત્મા નરકમાં અનંતકાળ માટે આગ અને ગંધકની ખાઈમાં બળ્યા કરશે. પરંતુ ૨ થેસ્સાલોનિકા ૧:૯, તેમ જ પ્રકટીકરણ ૨૦:૧૪, ૧૫માં તથા ૨૧:૮માં જણાવવામાં આવ્યું છે કે દુષ્ટો **"અનંતકાળના નાશ"ની શિક્ષા** ભોગવશે. આ તરજુમાથી કેટલાક એમ સમજે છે કે તેમનો નાશ સદાકાળને માટે થશે. એ વિશે આપણે જોઈએ.

ધર્મવિશ્વાસની આપણી માન્યતા, એટલે કે દુષ્ટો તથા ઈશ્વરને વીસરનારાં સર્વ (એમના આત્મા અને શરીર) નરકમાં અનંતકાળ માટે બળ્યા કરશે, એ માન્યતા બાઈબલના તમામ શિક્ષણ સાથે બિલકુલ સુસંગત છે.

યોહાન ૩:૧૬માં "તેનો નાશ ન થાય" એમાં વાપરેલો **"નાશ"** શબ્દ (ગ્રીક 'આપોલેતાઈ' અને ૨ થેસ્સાલોનિકા ૧:૯માં આપેલો **'નાશ'** શબ્દ ગ્રી. 'ઓલેથ્રોસ') અને એવા બીજા ઘણા શબ્દ નવા કરારમાં વાપર્યા છે, તે બધાનો અર્થ 'સર્વનાશ', સત્યાનાશ, કે 'વિધ્વંસ એટલે પૂરેપૂરો નાશ નથી થતો, એટલે કે હયાતીલોપ કે હસ્તીલોપ થવો એ નથી થતો, – એમની હયાતી મટી જતી નથી. ઊલટું, આત્મા તથા શરીરની હયાતી ચાલુ રહે છે, અને અનંતકાળ માટે પીડા ભોગવ્યા કરે છે.

નરકમાં **શરીર** પણ પીડા ભોગવશે તે વિશે બાઈબલનું શિક્ષણ સ્પષ્ટ છે. (૧) મરી ગયેલાં શરીરોનું પુનરુત્થાન થશે તે વિશે જુઓ (પ્રકટીકરણ ૨૦:૫-૬ – "મૂએલાંમાંના જેઓ બાકી રહ્યાં તેઓ તે

હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતા થયાં નહિ. એ જ પહેલું પુનરુત્થાન છે. પહેલાં પુનરુત્થાનમાં જેને ભાગ છે તે ધન્ય તથા પવિત્ર છે, એવાંઓ પર બીજા મરણનો અધિકાર નથી"); પ્રકટીકરણ ૨૦:૧૨-૧૫ – "પછી મેં મૂએલાંને, મોટાં તથા નાનાં સર્વને, દેવની સમક્ષ ઊભાં રહેલાં જોયાં; અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં, અને એક બીજું પુસ્તક જે જીવનનું પુસ્તક છે તે પણ ઉઘાડવામાં આવ્યું; તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો. સમુદ્રે પોતાનામાં જેઓ મૂએલાં હતાં તેઓને પાછાં આપ્યાં; અને મરણે તથા હાડેસે પણ પોતાનામાં જેઓ મૂએલાં હતાં તેઓને પાછાં આપ્યાં; અને દરેકનો ન્યાય તેની કરણીઓ પ્રમાણે કરવામાં આવ્યો. મરણ તથા હાડેસને અગ્નિની ખાઈમાં નાખવામાં આવ્યાં. અગ્નિની ખાઈ એ જ બીજું મરણ છે. જો કોઈ જીવનના પુસ્તકમાં નોંધેલો માલૂમ પડયો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો." યોહાન ૫:૨૯ – "જેઓએ સારાં કામ કર્યાં છે, તેઓ જીવનનું ઉત્થાન પામવા સારુ અને જેઓએ ભૂંડાં કામ કર્યાં છે, તેઓ દંડનું ઉત્થાન પામવા સારું,નીકળી આવશે." માર્ક ૯:૪૩ – "અને જો તારો હાથ તને ઠોકર ખવડાવે, તો તેને કાપી નાખ; તને બે હાથ છતાં નરકમાં ન હોલવાનાર અગ્નિમાં જવું તેના કરતાં ઠૂંઠો થઈને જીવનમાં પેસવું એ તારે માટે સારું છે"; ઈત્યાદિ (૨) અને એ પીડા અનંતકાળ માટે ચાલ્યા કરશે. "....નરકાગ્નિમાં નંખાવું કે જ્યાં તેઓનો કીડો મરતો નથી, ને અગ્નિ હોલવાતો નથી..." (માર્ક ૯:૪૭, ૪૮). :સાર્વકાલિક અગ્નિ (માથ્થી ૨૫:૪૧, ૪૬).

નવા કરારમાં વપરાયેલા આ ગ્રીક શબ્દો નવા કરારમાં કોઈ પણ ઠેકાણે સભાન હયાતી બંધ પડવી એવો અર્થ બતાવતા જ નથી. મૂળ હેતુને માટે એ લાયક રહેતું નથી એવો એનો અર્થ થાય છે. બેસ્વાદ બનેલું મીઠું ફેંકી દેવા માટે જ રહે છે. નીચેના સંદર્ભોમાં બે શબ્દ (ગ્રીક

એપોલ્યુમી) વપરાયો છે તેના અર્થ જોઈ લઈએ : (૧) "દ્રાક્ષારસ તથા મશકો એ બંનેનો **'નાશ'** થાય છે" (માર્ક ૨:૨૨), ત્યાં ઢોળાયેલાં દ્રાક્ષારસની કે ફાટી ગયેલી મશકોની હયાતી મટી ગઈ નથી, માત્ર તેઓ **'નકામાં'** બની ગયાં છે. એટલે **'નાશ'** **પામ્યાં** શબ્દપ્રયોગ વાપર્યો છે. "ઈઝરાયલનાં ઘરનાં **ખોવાયેલાં** ઘેટાંની પાસે જાઓ" (માથ્થી ૧૦:૬). અહીં પણ પેલા જ ગ્રીક શબ્દનું રૂપ (ગ્રીક. 'આપોલોલોતા') વપરાયું છે,જેનો અર્થ ગુજરાતીમાં 'ખોવાયેલાં' કર્યો છે, નહિ કે 'હયાતી વગરનાં'. માથ્થી ૧૫:૨૪માં અને ૧૮:૧૧માં પણ એમ જ છે લૂક ૧૫:૪માં **'ખોવાયેલા ઘેટા'** માટે પણ એ જ શબ્દ વાપર્યો છે, અને ગુજરાતીમાં **'ખોવાયેલું'** શબ્દપ્રયોગ વાપર્યો છે, નહિ કે હસ્તીલોપ થયેલું ઘેટું (જેની હયાતી મટી ગઈ છે એવું ઘેટું).

ગુજરાતી બાઈબલમાં **નાશ** શબ્દ છે અને અંગ્રેજીમાં **'પેરિશ'** (perish) અથવા **'ડિસ્ટ્રૉય'** (destroy) શબ્દ છે તેને માટે ગ્રીક નવા કરારમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે. એનો અર્થ હસ્તીલોપ અથવા હયાતી ખલાસ થઈ જવી એવો થતો નથી. બીજો એક ગ્રીક શબ્દ **'ઓલ્યુમી'** શબ્દ એ જ અર્થમાં વપરાય છે. એનું જોરદાર રૂપ **'આપોલ્યુમી'** છે.

ઉપર જણાવેલા શબ્દોનો અર્થ 'હસ્તીલોપ' નહિ, પણ પતન, પાયમાલી, ખરાબી થાય છે; અથવા હાનિ, નુકશાન, ખોટ અને ગુમાવવું પણ થાય છે. આ 'આપોલ્યુમી' શબ્દનો (અને અન્ય ભાષાઓમાં એનો તરજુમો થયેલો હોય ત્યાં બધે એનો) અર્થ 'કલ્યાણનો નાશ', 'ભલું થવામાંથી પતન,' અથવા 'હિત થવું બગડે' તેવો થાય છે, પણ કોઈ કાળે પણ એનો અર્થ હયાતી મટી જવી કે હસ્તીલોપ થવો એવો થતો નથી. નીચેની કલમો પરથી એ જોઈ શકાશે. નીચે દાખલા તરીકે આપેલી એકેએક કલમમાં મૂળ ગ્રીક પાઠમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે.

લૂક ૫:૩૭ "મશકોનો નાશ થશે." (આપોલ્યુમી). જૂની મશકોમાં

નવો દ્રાક્ષારસ ભરવાથી મશકોનો હસ્તીલોપ થતો નથી, એટલે કે મશકોની હયાતી ખલાસ થઈ જતી નથી, પણ મશકોને જે હેતુથી બનાવવામાં આવી હતી, તે હેતુ હવે ફાટી ગયેલી (નકામી બની ગયેલી) મશકો દ્વારા સરવાનો નથી. તેઓ નિરુપયોગી બની ગઈ છે. મશકોની હયાતી તો ચાલુ જ છે.

લૂક ૧૫:૪ "સો ઘેટાં હોય, અને તેઓમાંનું એક ખોવાયું હોય." 'ખોવાયેલું', અહીં પણ ગ્રીકમાં 'આપોલ્યુમી' શબ્દ વાપર્યો છે. **ખોવાયેલા ઘેટાનો હસ્તીલોપ થયો નથી, માત્ર એ ખોવાઈ ગયું છે.**

લૂક ૧૫:૨૪ "કેમ કે આ મારો દીકરો મૂએલો હતો, ને પાછો જીવતો થયો છે; તે **ખોવાયેલો** હતો (અહીં 'આપોલ્યુમી' વાપર્યો છે) પણ પાછો જડયો છે." **અહીં દીકરાની હયાતી મટી ગઈ નથી, પણ તે માત્ર ખોવાઈ ગયો છે.**

યોહાન ૬:૨૭ "જે અન્ન નાશવંત (આપોલ્યુમી) છે તેને સારુ નહિ પણ જે અન્ન અનંતજીવન સુધી ટકે છે, જે માણસનો દીકરો તમને આપશે, તેને સારું મહેનત કરો." **અહીં પણ નાશવંત માટે આપોલ્યુમી શબ્દ ગ્રીકમાં વાપર્યો છે.**

૧ પિતર ૧:૭ "નાશવંત સોના કરતાં," (અહીં પણ નાશવંત શબ્દ માટે મૂળ ગ્રીક "આપોલ્યુમી" શબ્દ વાપર્યો છે). એમાં સોનાની હસ્તી લુપ્ત થવાની વાત જ નથી.

ઉપરનાં પાંચેય દાખલામાં **વસ્તુઓ વિશે** આપણે જોયું. હવે નીચેની કેટલીક કલમોમાં **વ્યક્તિ માટે** જોઈએ. એ બધામાં પણ ગ્રીકમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે, અને એમાં એકમાં પણ હયાતી મટી જવી કે હયાતીનો લોપ થઈ જવો એવો અર્થ જ નથી.

માથ્થી ૨:૧૩ "બાળકને મારી નાખવા સારુ હેરોદ તેની શોધ કરવાનો છે." અહીં પણ **'મારી નાખવા'** માટે ગ્રીકમાં **'આપોલ્યુમી'**

શબ્દ વાપર્યો છે. (નવા કરારમાં 'મૃત્યુ' હયાતીની બે પ્રકારની હાલત જ દર્શાવે છે.)

માથ્થી ૮:૨૫ "ઓ પ્રભુ, અમને બચાવ, અમે **નાશ પામીએ છીએ.**" ડૂબતી હોડીમાંના શિષ્યો આ બૂમ પાડે છે, અહીં પણ "અમે નાશ પામીએ છીએ." ત્યાં ગ્રીક શબ્દ "આપોલ્યુમી" વાપર્યો છે. અહીં પણ હસ્તીલોપની વાત નથી.

માથ્થી ૨૨:૭ "એથી રાજા ગુસ્સે થયો, ને તેણે પોતાનું લશ્કર મોકલીને ખૂનીઓનો નાશ કર્યો." **"નાશ કર્યો"** માટે મૂળ ગ્રીકમાં 'આપોલ્યુમી' શબ્દ વાપર્યો છે, એમાં પણ ખૂનીઓનો હસ્તીલોપ દર્શાવ્યો નથી.

માથ્થી ૨૭:૨૦ "ને ઈસુને મારી નંખાવો," અહીં પણ **'મારી નંખાવો'** ગ્રીકમાં "આપોલ્યુમી" શબ્દ વાપર્યો છે, અહીં પણ હસ્તીલોપની વાત નથી.

માથ્થી ૧૦:૨૮ "અને શરીરને જેઓ મારી નાખી શકતા નથી, તેઓથી બીઓ નહિ; પણ એના કરતાં આત્મા તથા શરીર, એ બન્નેનો નાશ નરકમાં જે કરી શકે છે તેનાથી બીઓ." આ કલમમાં પણ **"નાશ.. કરી શકે છે"** એને માટે ગ્રીકમાં 'આપોલ્યુમી' વાપર્યું છે. અહીં શરીર કે આત્માની કોઈની હસ્તી મટી જવાની વાત નથી. શેતાન શરીર તેમ જ આત્માનું ઉપયોગીપણું કાયમ માટે ખલાસ કરી દે છે, એ અર્થમાં નાશ... કરી શકે છે, શબ્દો વાપર્યા છે.

આત્માનું મૃત્યુ એટલે આત્માનું ઈશ્વરથી અલગ થવું, ઈશ્વર સાથેના સમાગમથી દૂર રહેવું. યોહાન ૩:૧૬માં વાપરેલો 'નાશ' શબ્દ એ જ અર્થમાં વપરાયો છે. પાપી માણસનો આત્મા મરેલો છે, એનો અર્થ એ જ કે પાપી માણસનો આત્મા ઈશ્વરથી દૂર કરાયેલો, હાંકી કાઢેલો, અને ઈશ્વરની સંગતથી બહાર નીકળી ગયેલો છે. અને જ્યાં સુધી એનું પાપ દૂર કરાતુ નથી ત્યાં સુધી તે ઈશ્વરની સંગતમાં પાછો પ્રવેશી શકતો નથી.

૨ થેસ્સાલોનિકા ૧:૯માં આપેલા શબ્દો "અનંતકાળનો નાશ" તે પણ એ જ અર્થમાં છે. પુનરુત્થાનમાં તેઓ અનંતકાળ માટે ઈશ્વરની સંગતથી દૂર કરાશે; તેઓ જાણે કે ઈશ્વરની સંગતમાંથી અનંતકાળ માટે 'દેશનિકાલ' કરાયા હશે. 'અનંતકાળના નાશ'ની શિક્ષા એટલે કે આત્મા તથા શરીર સભાન અવસ્થામાં અનંતકાળ માટે ઈશ્વરની સંગતથી દેશનિકાલ બનેલાં રહીને અનંતકાળ માટે પીડા ભોગવ્યા કરશે.

આ બધા ઉપરાંત ૨ થેસ્સાલોનિકા ૧:૯માં એનો અર્થ અંદર જ સ્પષ્ટ કરવામાં આવ્યો છે: "તેઓ (પ્રભુ ઈસુની સુવાર્તા ન માનનારાઓ) પ્રભુની હજૂરમાંથી દૂર તથા તેના મહિમાવાન સામર્થ્યથી (દૂર રહેવાની) શિક્ષા એટલે અનંતકાળનો નાશ ભોગવશે." અનંતકાળના નાશની શિક્ષા એટલે શું તે કલમની અંદર જ સમજાવવામાં આવ્યું છે.

ખ્રિસ્તી મંડળીમાંના એક ફાંટાનું શિક્ષણ દુર્મત અથવા ખોટા મત તરીકે જાણીતું છે. આ દુર્મત ધરાવનારાઓનું કહેવું છે કે બધાં મનુષ્યના આત્મા અમર નથી, (એટલે કે બધાં માણસોના આત્મા પહેલેથી અમર નથી,) પણ જેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે છે, અને જેઓએ પોતાની સોંપણી પ્રભુ ઈસુને કરી છે, તેઓના જ આત્મા 'નાશ નહિ પામે' પણ અમર બની અનંતકાળ માટે આનંદમાં રહેશે. પણ પ્રભુ ઈસુમાં નહિ માનનારાઓના આત્મા નાશ પામશે, મતલબ કે તેઓની હયાતી રહેશે નહિ. આવું માનનારા 'નાશ' શબ્દનો ખોટો અર્થ કરે છે, અને 'નાશ' એટલે હસ્તીલોપ ગણે છે. આ માન્યતાને "શરતી અમરપણું" કહે છે. અંગ્રેજીમાં એને Conditonal Immortality કહે છે. આ દુર્મત અથવા ખોટું શિક્ષણ છે.

એ મત પ્રમાણે તો દુષ્ટોનું પુનરુત્થાન જ નહિ થાય, અને ન્યાયકાળ પણ નહિ હોય; કારણ, જો દુષ્ટોની હયાતી જ નહિ હોય તો ન્યાયકાળ ક્યાંથી થવાનો ? પણ પ્રભુ ઈસુએ પોતે આમ કહ્યું છે : "જેઓએ સારાં કામ કર્યાં છે, તેઓ જીવનનું ઉત્થાન પામવા સારુ અને જેઓએ ભૂંડા

કામ કર્યાં છે, તેઓ દંડનું ઉત્થાન પામવા સારું, નીકળી આવશે." (યોહાન ૫:૨૯). વળી જુઓ પ્રકટીકરણ ૨૦:૧૧.

બીજું કે, કુદરતમાં પણ વિધ્વંસ નથી, પણ એક રૂપમાંથી બીજા રૂપમાં ફેરવાય છે, – પદાર્થ શક્તિના રૂપમાં ફેરવાય છે, પદાર્થ બીજા પદાર્થમાં પણ પરિણમે છે.

(૨) કુદતમાં પણ હસ્તીલોપ છે જ નહિ : થર્મોડાઈનામિક્ના બંને નિયમો બતાવે છે કે પદાર્થો શક્તિમાં અને શક્તિ પદાર્થોમાં ફેરવી શકાય છે, અને શક્તિનો જથ્થો જે શરૂઆતથી હતો તે ઓછો થતો નથી, કે વધારી શકાતો નથી. તો જો કુદરતમાં કશાનો હસ્તીલોપ થતો જ નથી, તો પછી આત્મિક દુનિયામાં પણ હસ્તીલોપ થતો જ નથી. હા, નાશ થાય એટલે કે હેતુ બર આવે નહિ, એટલો જ અર્થ છે.

ત્રીજી વાત કે પતિત થયેલા દૂતોનો વિધ્વંસ (સર્વનાશ) થયો નથી. યહૂદા કલમ ૬માં આપ્યું છે કે, "વળી જે દૂતોએ પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું, તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધકારમાંના સનાતન બંધનમાં રાખ્યા છે." જો આ પતિત દૂતોનો વિધ્વંસ (સર્વનાશ) યા હસ્તીલોપ થયો નથી, તો દુષ્ટ માનવોનો હસ્તીલોપ થશે નહિ. લાજરસ અને ધનવાનની વાતમાં પણ ઈશ્વરને ભૂલેલાં ધનવાનની હસ્તીનો મૃત્યુ પછી લોપ થયો નથી, પણ હાડેસમાં પીડા ભોગવે છે.

વળી પ્રભુ ઈસુએ પોતે જ સાર્વકાલિક શિક્ષા વિશે કહ્યું છે : જો મૃત્યુ બાદ દુષ્ટોની હયાતી જ રહેવાની ન હોય, તો સાર્વકાલિક શિક્ષા કોને કરવાની હોય ? પ્રભુ ઈસુએ પોતે જ આમ કહ્યું છે : (૧) "અને તેઓ સાર્વકાલિક શાસન (શિક્ષા)માં જશે. પણ ન્યાયીઓ સાર્વકાલિક જીવનમાં (જશે)" માથ્થી ૨૫:૪૬. (૨) "અને જો તારો હાથ તને ઠોકર ખવડાવે, તો તેને કાપી નાખ; તને બે હાથ છતાં નરકમાં ન હોલવાનાર અગ્નિમાં જવું, તેના કરતાં ઠૂંઠો થઈને જીવનમાં પેસવું એ

તારે માટે સારું છે... તને બે આંખ છતાં નરકાગ્નિમાં નંખાવું, કે જ્યાં તેઓનો કીડો મરતો નથી ને અગ્નિ હોલવાતો નથી, તેના કરતાં કાણો થઈને દેવના રાજ્યમાં પેસવું એ તારે માટે સારું છે" (માર્ક ૯:૪૩-૪૮). (૩) "પછી ડાબી તરફનાઓને પણ તે કહેશે કે, ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ." (માથ્થી ૨૫:૪૧).

(૩) કાયમને માટે હસ્તીલોપ હોય તો નરકમાં અનંતકાળ માટે થનાર ઓછીવત્તી સજા, જે વિશે પ્રભુ ઈસુએ કહ્યું છે તે વાત ખોટી ઠરે. દુષ્ટો અને પાપીઓને અનંતકાળ સુધી નરકાગ્નિમાં રહેવાનું તો છે જ, પણ એમની સજા, એમનાં કૃત્યોના પ્રમાણમાં ઓછીવત્તી એટલે કે સજાની તીવ્રતા કે મૃદુતા જુદા જુદા અંશની હશે. જુઓ માથ્થી ૧૧:૨૦-૨૪; લૂક ૧૨:૪૭, ૪૮. જો મૃત્યુ પછી દુષ્ટો અને પાપીઓનો હસ્તીલોપ થતો હોય તો ઓછીવત્તી તીવ્રતાવાળી અનંતકાળિક શિક્ષા દર્શાવતી કલમોનો કોઈ અર્થ રહેતો નથી. ના, મૃત્યુ પછી હસ્તીલોપ નથી, પણ અનંતકાળિક સુધી દુષ્ટો તથા પાપીઓની અનંતકાળ માટેની હસ્તી નરકાગ્નિમાં રહે છે.

(૪) ધનવાન અને ભિખારી લાજરસની વાત હસ્તીલોપ વિરુદ્ધ શીખવે છે (લૂક ૧૬:૧૯-૩૧) આ સત્ય ઘટનામાં ઈશ્વરને નહિ અર્પયેલો ધનવાન માણસ હસ્તીલોપ પામ્યો નથી પણ હયાત છે, વાત કરે છે, સાંભળે છે, અને યાદ કરે છે (લાજરસને ઓળખે છે, ને તેનું નામ યાદ છે), પૃથ્વી પરના પાંચ ભાઈઓને યાદ કરે છે; વળી અબ્રાહમ પિતા તેને કહે છે : "દીકરા .... તે સંભાર" (લૂક ૧૬:૨૫).

કેટલાક એમ કહે છે કે ધનવાન અને લાજરસની વાત એ માત્ર ઈસુએ કહેલું દૃષ્ટાંત છે, એટલે તેને હકીકત તરીકે ન લઈ શકાય. ના, આ દૃષ્ટાંત નથી. કોઈ પણ દૃષ્ટાંતમાં પ્રભુ ઈસુએ કોઈ વ્યક્તિને નામ આપ્યું નથી; ફક્ત બનેલી બિનામાં જ નામ આપ્યાં છે અને આ

ઘટનામાં લાજરસનું નામ આપ્યું છે. વળી બીજી એક પ્રભુ ઈસુની ખાસિયત આ બિનામાં છતી થાય છે. પાપી અથવા ભ્રષ્ટ વ્યક્તિઓનાં નામ વૃત્તાંતમાંથી ટાળ્યાં છે, જેમ કે સૈખારના કૂવાવાળી સ્ત્રીનું નામ નથી આપવામાં આવ્યું; એમ જ વ્યભિચારના પાપમાં પકડાયેલી સ્ત્રી, ઈસુના પગોને ચોટલે લૂછતી પાપી સ્ત્રી, અને એમ જ અહીં ઈશ્વરથી વિમુખ એવા ધનવાન માણસનું નામ નથી આપવામાં આવ્યું.

(૫) અગાઉ આપણે જોયું તેમ મૃત્યુ તેમ જ 'જીવન' હયાતીની જુદી જુદી હાલત અથવા સ્થિતિ છે. એમાં હસ્તીલોપને સ્થાન નથી, મૃત્યુ હોય તો તેમાં પણ હયાતી તો ચાલુ જ રહે છે.

(૬) ૧ કોરિંથી ૧૫:૫૩માં આપ્યું છે : 'મૂએલાં અવિનાશી થઈને ઊઠશે. વિનાશીને અવિનાશીપણું ધારણ કરવું પડશે; મર્ત્યને અમરપણું ધારણ કરવું પડશે." એમાં વિનાશીને એટલે શરીરમાં જે મૃત્યુ પામ્યો છે તેને પુનરુત્થાનમાં અવિનાશીપણું (મહિમાવંતુ શરીર) ધારણ કરવું પડશે, અને 'મર્ત્યને' એટલે કે પ્રભુના પુનરાગમન સમયે જેઓ જીવતાં છે તેઓના શરીર 'મર્ત્ય' છે, તેથી પુનરાગમન સમયે તેમનાં શરીરોને 'અમરપણું' ધારણ કરવું પડશે. આ બે બાબત ફક્ત પહેલાં પુનરુત્થાન વખતે ખ્રિસ્તના લોકોને માટે જ છે.

(૭) મૃત્યુ એ છૂટા પાડનાર તત્ત્વ છે. શારીરિક મરણ શરીરને આત્મા તથા પ્રાણથી જુદું પાડી દે છે. આત્માનું 'મરણ' અથવા 'નાશ' એટલે ઈશ્વરના પ્રેમ અને પવિત્રાઈથી સદાય દૂર રખાવું; તેમ જ ઈશ્વરના સ્વરૂપ તથા પ્રતિમા કાયમ માટે ભૂંસાઈ જવાં.

બેસ્વાદ બનેલા નમક સમાન એ બધા કિસ્સામાં છે. બેસ્વાદ બનેલું નમક કશા જ ઉપયોગનું નથી, માત્ર માણસોના પગ તળે ફેંકાવા યોગ્ય છે. એમ ઈશ્વરવિમુખ વ્યક્તિ પોતાને માટેના હેતુ પ્રમાણે નથી રહેતી, એટલે તે 'નાશ' પામી છે, મીઠું કે આત્માનો એમાં હસ્તીલોપ થતો નથી.

(૮) ઈશ્વરના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે ઘડાયેલો આત્મા અમર છે. એટલે તેનો હસ્તીલોપ કોઈ કાળે પણ નહિ થાય.

(૯) 'નાશ' (આપોલ્યુમી)નો ઊલટો શબ્દ છે 'અનંતકાળનું જીવન.' આ અનંતકાળનું જીવન કે 'અનંતજીવન' એ આપણે હાલ જીવીએ છીએ તે કરતાં ગુણધર્મમાં જુદા પ્રકારનું જીવન છે. ('આયોનિયોસ ઝોએ' - અનંતજીવન) 'અનંતજીવન' આ પૃથ્વી પરના કુદરતી જીવનકાળમાં શરૂ થઈ શકે છે, એ જેટલું સાચું તેટલું જ 'નાશ' પણ આ કુદરતી જીવનમાં જ શરૂ થાય છે.

ઉપર જણાવેલી કલમો, અને બીજી અનેક કલમો, એ બતાવે છે કે મૃત્યુ પછી પણ "દુષ્ટો અને દેવને વીસરનાર સર્વ"ની હયાતી અનંતકાળ માટે ચાલુ રહેશે, અને અનંતકાલિક શિક્ષા ભોગવશે.

# XV નવા કરારમાં આપેલી છ મરિયમનો અને પ્રભુ ઈસુને તેલ ચોળતી સ્ત્રીઓનો પરિચય

## ૧. પ્રભુ ઈસુનાં મા મરિયમ

મરિયમનું હિબ્રૂ રૂપ 'મિરિયમ', ગ્રીક રૂપ 'મેરી' અને લાટિન રૂપ 'મારિયા' છે. બધાં મરિયમ નામને એ લાગુ પડે છે. ગુજરાતીમાં 'મરિયમ' તરીકે નામ પ્રચલિત છે.રોમન કેથલિક બાઈબલમાં પણ 'મરિયમ' ચાલુ છે.

પ્રભુ ઈસુનાં માના પિતા 'હેલી' હતા. તે યહૂદાના કુળના અને દાવિદના વંશજ હતા. આમ, મરિયમ રાજવંશી હતાં. મરિયમના વર યોસેફના પિતા યાકોબ (માથ્થી ૧:૧૬) અને મરિયમના પિતા હેલી

બંને ભાઈ હતા. યોસેફ અને મરિયમ બંને જણ રાજવંશી હતા. મરિયમની એક બહેન હતી. (યોહાન ૧૯:૨૫ "હવે ઈસુના વધસ્તંભની પાસે તેમની મા, **તેની માસી,** ... ઊભા રહેલાં હતાં). ઘણે ભાગે એનું નામ સાલોમી હતું. તે ઝબ્દીની પત્ની હતી, અને યાકોબ તથા યોહાન તેના દીકરા હતા (માથ્થી ૨૭:૫૬, માર્ક ૧૫:૪૦). યોહાન બાપ્તિસ્તની મા એલિસાબેત અને મરિયમ (કદાચ મસિયાઈ) બહેનો થતી હતી (લૂક ૧:૩૬).

**ગ્રાબિયેલ દૂતે મરિયમને દર્શન દઈને** ઈસુના જન્મની આગાહી કરી હતી અને મરિયમ જોકે પૂરેપૂરું સમજયા નહોતાં, તોપણ નમ્ર અને ઈશ્વરને સંપૂર્ણ આધીન ભાવે પણ પ્રભુ તરફથી આવેલા વચનને સ્વીકારી લીધું હતું. જો યોસેફે મરિયમને પત્ની તરીકે તેડાવી લીધી ન હોત, તો યહૂદી રીતરિવાજ પ્રમાણે મરિયમ અને યોસેફ બંને જણ સાથે સાથે નાઝરેથથી બેથલેહેમ સુધીની લાંબી મુસાફરી કરી શક્યા ન હોત. (નાઝરેથથી બેથલેહેમ તીરની જેમ સીધી મુસાફરી ૭૫ માઈલ (૧૨૦.૭ કિ.મી.) અને જો વાંકા ચૂંકાં ચઢાણ ગણીએ તો ૮૦ માઈલ (૧૨૮.૭ કિ.મી.), અને સમરૂનમાં ન પેસતાં યર્દન નદી ઓળંગી નદીના પૂર્વકાઠાના દેશોમાં થઈ, ફરી યર્દન ઊતરી યહૂદિયામાં આવીએ તો ૮૫ થી ૯૦ માઈકલ (૧૩૬.૮/૧૪૪.૮ કિ.મી.)ની મુસાફરી થાય. બેથલેહેમની એક ગભાણમાં ઈસુનો જન્મ થયો. સ્વપ્નમાં દૂતે યોસેફને ચેતવણી આપ્યા પ્રમાણે તેઓ મિસર નાસી ગયાં. બીજે વર્ષે તેઓ મિસરમાંથી પાછાં નાઝરેથ ગયાં (માત્થી ૨:૧૧-૨૩). બાર વર્ષની ઉંમરે ઈસુ માતાપિતાની સાથે પાસ્ખાપર્વ માટે યરુશાલેમ આવ્યા (લૂક ૨:૪૨)

એ પછી મરિયમનું નામ ચારેક વખત આવે છે. પ્રભુ ઈસુની જાહેર ધર્મસેવાના સમયમાં આ ચાર પ્રસંગ આવે છે.

**કાનાના લગ્નજમણ વખતે :**

ખૂટેલાં દ્રાક્ષારસ વિશે કંઈક કરવા મરિયમ ઈસુને સૂચવે છે.

પ્રભુ ઈસુ માનવી માતાના અધિકાર નીચેથી ગંભીરતાપૂર્વક છૂટી જાય છે (યોહાન ૨:૧-૪). માતાના અધિકારને નહિ, પણ આકાશી પિતાના અધિકાર પ્રમાણે તેમણે કરવાનું છે. એ સદેહ થયેલા ઈશ્વર હતા, એટલે હવે સગાં સંબંધથી નહિ, પણ આકાશી સંબંધની ધબકે તેમણે ચાલવાનું - વર્તવાનું હતું. બીજું, 'બાઈ', શબ્દ તોછડો નથી; ગુજરાત અને મહારાષ્ટ્રમાં આ 'બાઈ' શબ્દ હેતભર્યો શબ્દ છે. બે બહેનપણીઓ એકબીજીને 'બાઈ' કહી સંબોધે છે. એમાં હેતની કુમાશ હોય છે.

**કાપરનાહુમ ગામે :** (યોહાન ૨:૧૨, માથ્થી ૧૨:૪૬-૫૦) :

અહીં જાહેરમાં લોકોને સંદેશો સંભળાવતા હતા, ત્યારે ઈસુનાં મા તથા તેમના ભાઈઓ આવીને બહાર ઊભાં હતાં, અને તેમની સાથે વાત કરવા માગતાં હતાં, પણ જેમ મંદિરમા બાર વર્ષની ઊંમરે જે જવાબ આપ્યો હતો એવા ભાવાર્થમાં તેમનું બોલવું હતું કે સગાં તરીકે તેઓ તેમની (ઈસુની) ઉપર અધિકાર ચલાવી તેઓની ઇચ્છા પ્રમાણે કરાવે, અથવા સગાં તરીકે ખાસ હક ધરાવે કે લાભ ઉઠાવે એ આકાશી પિતાની ઇચ્છા પૂરી કરવામાં વિઘ્નરૂપ છે. ઈસુનો ઉત્તર અંદરથી જુઓ (માથ્થી ૧૨:૪૬-૫૦). આપણે એક વાત યાદ રાખવી રહી કે પ્રભુ ઈસુ તો દેહ ધરીને ખાસ કાર્ય માટે આવેલા ઈશ્વર હતા. (સરખાવો માર્ક ૮:૨૮-૩૦, લૂક ૧૧:૨૭).

**ક્રૂસ આગળ : (યોહાન ૧૯:૨૫-૨૭) :**

ક્રૂસ ઉપર મૃત્યુ પામ્યાના ત્રણેક કલાક અગાઉ ઈસુ પોતાનાં માતાની સોંપણી યોહાનને કરે છે. "હવે ઈસુના વધસ્તંભની પાસે તેમની મા, તેમની માસી, ક્લોપાસની સ્ત્રી મરિયમ તથા માગ્દાલાની મરિયમ ઊભાં હતાં. તેથી જ્યારે ઈસુએ પોતાનાં માને તથા પોતે જેના પર પ્રેમ રાખતાં હતા તે શિષ્યને પાસે ઊભાં રહેલાં જોયાં, ત્યારે તે પોતાના માને કહે છે કે, 'બાઈ, જુઓ તમારો દીકરો ! ત્યાર પછી તે તે શિષ્યને કહે

છે કે, જો તારી મા ! તે જ ઘડીએ તે શિષ્ય તેમને પોતાને ઘેર તેડી ગયો.

**પુનરુત્થાન પછી મેડી પર : (પ્રે.કૃ. ૧:૧૪)**

પ્રભુ ઈસુ ઉત્થાન પામ્યા તે પછી તેમના કેટલાક વિશ્વાસુ લોકો યરુશાલેમની મેડી ઉપર પ્રાર્થના કરવા એકઠા મળ્યા હતા. જેમાં માતા મરિયમ પણ હતાં. "એ સઘળાં સ્ત્રીઓ સહિત, તથા ઈસુનાં મા મરિયમ અને તેમના (ઈસુના) ભાઈઓ એકચિત્તે પ્રાર્થનામાં લાગુ રહેતાં હતાં." બાઈબલ માતા મરિયમનું છેલ્લામાં છેલ્લું ચિત્ર આપણી આગળ રજૂ કરે છે : "પ્રાર્થનામાં લાગુ રહેલાં." (પ્રે.કૃ.૧:૧૪).

**રોમન કેથલિક માન્યતાઓ :**

ક. **પાપરહિત મરિયમ :** લગભગ ૧૨મી સદીથી આવો મત પ્રસરતો જતો હતો. અને એ પ્રકારની વિચારધારાને પોપ ૯માએ ઠરાવ તરીકે ડિસેમ્બર ૮, ૧૮૫૪માં બહાર પાડયો. એ મત જણાવે છે કે માતા મરિયમ આદમના 'મૂળ પાપ'માંથી ઈશ્વરની ચમત્કારિક કૃપાથી બચાવી લેવામાં આવ્યા. જન્મ ધારણ કરનાર સૌ કોઈ બાળક આદમના 'મૂળ પાપ' સાથે જન્મે છે, અને એટલે એ 'પાંપી' છે, – ભલે એણે પોતે પાપ ન કર્યું હોય. પણ મરિયમે તો પોતે પાપ કર્યાં જ નહોતાં ઉપરાંત આદમનું 'મૂળ પાપ' પણ તેમનામાં નહોતું. તો એનો અર્થ તો એ થયો કે, પ્રભુ ઈસુના મૃત્યુથી મરિયમને કોઈ લાભ થયો નથી, કે એમને માટે એ જરૂરનું નહોતું; – જ્યારે બાઈબલમાં તો લખ્યું છે કે "તેઓ સઘળા પાપને આધીન છે... કોઈ ન્યાયી નથી, એક પણ નથી" (રૂમી ૩:૯-૧૦); તેમ જ "કારણ કે સઘળાએ પાપ કર્યું છે, અને ઈશ્વરના મહિમા વિશે સઘળા અધૂરા રહે છે" (રૂમી ૩:૨૩). "અને યહોવાએ તેના પર આપણ સર્વનાં પાપનો ભાર મૂક્યો." (યશા. ૫૩:૬).

ખ. **મરિયમ સશરીરે સ્વર્ગે ગયાં :** મરિયમ પવિત્ર અને પાપરહિત

હતાં, એટલે તેઓનો આત્મા **શરીર સહિત** સ્વર્ગે ગયો. તેમણે મૃત્યુ ચાખ્યું નહિ. જ્યારે પૃથ્વી પરનો તેમનો જીવનકાળ પૂરો થયો ત્યારે શરીર સાથે તે સ્વર્ગના મહિમામાં પ્રવેશ્યાં. આ માન્યતાને સિદ્ધાંત અને ઠરાવ તરીકે નવેમ્બર ૧, ૧૯૫૦માં પોપે બહાર પાડયો. પણ બાઈબલમાં કોઈ જગાએ તેમના વિશે "સશરીરે સ્વર્ગે ગયાં" એવું લખેલું નથી. હનોખ અને એલિયા વિશે લખેલું છે, જ્યારે મરિયમ વિશે નથી લખ્યું. પ્રભુ ઈસુ નિષ્કલંક હતા છતાં મૃત્યુ પામ્યા, અને જીવતા થયાં. તો મરિયમ સશરીરે સ્વર્ગે ગયાં એવો મત પ્રવર્તાવવાની શી જરૂર ? આપણા બધા મત, સિદ્ધાંત અને શિક્ષણને બાઈબલનો ટેકો હોવો જોઈએ; - અને એવો ટેકો ન હોય તો એ મત, સિદ્ધાંત અને શિક્ષણ જૂઠાં છે.

ગ. **મરિયમને ઈસુ સિવાય બીજું કોઈ સંતાન નહોતું; અને તેઓ આજીવન કુંવારાં હતાં.** રોમન કેથલિક મંડળીની આ માન્યતા છે અને બીજા થોડાક એ માન્યતામાં જોડાય છે. એ બધાનું કહેવું છે કે, માતા મરિયમે કોઈ પુરુષને કદી જાણ્યો નથી. ઈસુનું ગર્ભાધાન તો પવિત્ર આત્માના આચ્છાદનથી થયું હતું, અને ઈસુના જન્મ પછી મરિયમને અન્ય કોઈ સંતાન થયું નહોતું, એટલે કે યોસફે કદી મરિયમ સાથે શરીરસંબંધ કર્યો જ નહોતો.. મરિયમ આજીવન કુંવારાં હતા.

પણ બાઈબલ તો જૂદું જ બતાવે છે. માથ્થી ૧૩:૫૫ અને માર્ક ૬:૩માં આપવામાં આવેલું છે કે ઈસુને ભાઈઓ તથા બહેનો હતાં.ત્યાં લખ્યું છે, "શું એ સુતારનો દીકરો નથી ? એની માનું નામ મરિયમ નથી શું ? અને શું યાકોબ તથા યોસેફ તથા સિમોન તથા યહૂદા તેના ભાઈઓ નથી ? અને શું એની સઘળી બહેનો આપણી પાસે નથી ?" (માથ્થી ૧૩:૫૫-૫૬). વળી જુઓ : માથ્થી ૧૨:૪૬-૪૭, માર્ક ૩:૩૧-૩૨, ૬:૩, લૂક ૮:૧૯-૨૦, યોહાન ૨:૧૨, ૭:૩, ૫,૧૦, પ્રે.કૃ.

૧:૧૪) પ્રભુ ઈસુની બહેનો પણ પરણીને એ જ વિસ્તારમાં રહેતી હતી. અને માથ્થી ૧૩:૫૬ પ્રમાણે તો એવું લાગે છે કે તેઓ પરણીને નાઝરેથમાં જ રહેતી હતી.

માતા મરિયમ કાયમ કુંવારાં રહ્યાં નથી એની સાબિતીમાં પ્રથમ તો ઉપર જણાવેલી બીનાને **પ્રથમ** ગણી શકાય (એટલ કે પ્રભુ ઈસુના ભાઈઓનાં નામ આપવામાં આવેલાં છે); **બીજું** કે માથ્થી ૧૨:૪૬-૪૭માં લખ્યું છે : "લોકોને તે (ઈસુ) હજુ વાત સંભળાવતો હતો એટલામાં જુઓ, તેની મા તથા તેના ભાઈઓ આવીને બહાર ઊભાં હતાં, ને તેની સાથે વાત કરવા ચાહતાં હતાં." વળી યોહાન ૨:૧૨માં પણ કાનાના લગ્નમાં ઈસુની મા, ભાઈઓ તથા શિષ્યો નોતરેલાં બતાવ્યાં છે. "એ પછી તે, તેની મા, તેના ભાઈઓ તથા તેના શિષ્યો કાપરનાહુમમાં ઊતરી આવ્યાં, પણ ત્યાં તેઓ ઘણા દહાડા રહ્યાં નહિ."

ધ્યાનમાં રાખવાની **ત્રીજી** બાબત કે આખાયે બાઈબલમાં ક્યાંયે પતિ-પત્નીના શારીરિક સંબંધોને કુંવારાપણા કરતાં ઊતરતી કક્ષાના ગણ્યા નથી; ઊલટું ઈશ્વરે પોતે એને સ્થાપેલા છે, અને માન્ય રાખેલા છે. (ઉત્પત્તિ. ૧:૨૮, ૯:૧, ૨૪:૬૦. નીતિ. ૫:૧૮, ગી.શા. ૧૨૭:૩, ૧ કોરિંથી ૭:૫-૯). **ચોથી** નોંધપાત્ર બાબત લૂક ૨:૭માં દેખાય છે. "અને તેનો પોતાનો પ્રથમ દીકરો જન્મ્યો." **'પ્રથમ'** શબ્દ લગભગ એવું દર્શાવે છે કે એ પછી મરિયમને બીજા દીકરા જન્મ્યા હશે. કેટલાક એમ ખુલાસો કરે છે કે ઈસુના ભાઈઓ અને બહેનો મરિયમના સંતાન નહિ, પણ યોસેફનાં આગલી પત્નીથી થયેલા સંતાન હશે; જો એમ હોય તો રોમન બાદશાહના હુકમ પ્રમાણે તેઓએ પણ પોતાનાં નામો નોંધાવવા માટે યોસફ- મરિયમ સાથે બેથલેહેમ આવવું જોઈતું હતું. પણ એવું તો સુવાર્તામાં ક્યાંયે બતાવ્યું નથી. કેટલાક એવો ખુલાસો કરવા પણ પ્રયત્ન કરે છે કે તે ભાઈઓ-બહેનો પિત્રાઈ કે માસિયાઈ ભાઈઓ-બહેનો હતાં. તો તે બધાં મરિયમની સાથે જ બધો

વખત કેમ દેખાય છે ? - અને કેમ પોતપોતાના માબાપનાં કુટુંબોમાં નથી રહેતાં ?

પ્રભુ ઈસુના આ ભાઈઓએ ઈસુના જીવનકાળ દરમિયાન ઈસુનાં કામોમાં રસ લીધો નથી, અને તેમની ઉપર વિશ્વાસ કર્યો પણ લાગતો નથી. પરંતુ પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી તેમના ભાઈઓએ તેમના પર વિશ્વાસ કર્યો અને મંડળીમાં જોડાયા (પ્રે.કૃ. ૧:૧૪). ત્યાં લખ્યું છે: "એ સઘળાં સ્ત્રીઓ સહિત તથા ઈસુની મા મરિયમ અને તેના ભાઈઓ એકચિત્તે પ્રાર્થનામાં લાગુ રહેતાં હતાં." એમાંથી યાકોબ (પ્રભુ ઈસુનો ભાઈ) યરુશાલેમની મંડળીનો આગેવાન બન્યો પ્રે.કૃ. ૧૨:૧૭. ૧૫:૧૩, ૨૧:૨૮. ગલાતી ૧:૧૯, ૨:૯, ૧૨). એણે જ યાકોબનો પત્ર લખ્યો હતો.

ઘ. **માણસ અને પ્રભુ ઈસુ વચ્ચે મરિયમ મધ્યસ્થ છે, એટલે મરિયમની મારફતે પ્રાર્થના કરવી જોઈએ :** આ માન્યતા બાઈબલ વિરુદ્ધની છે. બાઈબલ તો શીખવે છે કે **પ્રભુ ઈસુને નામે** માંગવું. પ્રભુ ઈસુ કહે છે કે, "મારે નામે માગશો". યોહાન ૧૫:૨૬, ૧૬:૨૩-૨૪, ૨૬. વળી જુઓ પ્રે.કૃ. ૪:૧૨. ગલાતી ૨:૧૨, ૩:૨૧. પ્રભુ ઈસુ ખ્રિસ્ત એકલા જ માણસ અને ઈશ્વર વચ્ચે મધ્યસ્થ છે. **અને માણસ તથા ઈસુ ખ્રિસ્ત વચ્ચે કોઈ જ મધ્યસ્થ નથી.** પ્રત્યેક ખ્રિસ્તી પોતે રાજમાન્ય યાજક છે, અને તે સીધો ખ્રિસ્ત પાસે પ્રાર્થના દ્વારા જઈ શકે છે. ધર્મસેવકો, સંતો અને મરિયમ મધ્યસ્થો છે એવા પ્રકારનું રોમન કૅથલિક શિક્ષણ બાઈબલની વિરુદ્ધનું છે.

૨. **માગ્દાલાની મરિયમ (મરિયમ માગ્દાલેણ)**

ક. **એનું નામ :** મરિયમ માગ્દાલેણ, અથવા માગ્દાલાની મરિયમ. એ મરિયમ માગ્દાલા શહેરની વતની હશે. ગાલીલના સમુદ્ર (એટલે કે તિબેરિયસ સમુદ્ર) પાસે માગ્દાલા આવેલું હતું. આ સમુદ્રના પશ્ચિમ કિનારે કાપરનાહુમથી ત્રણ માઈલ (૪.૮ કિ.મી.) દૂર

માગ્દાલા આવેલું હતું. યહૂદી લેખકોને આધારે એ ધનાઢ્ય શહેર હતું, અને મોજશોખ તથા અનીતિથી ભરેલું હતું. અત્યારે તે એલ-મીજ્દેલ તરીકે ઓળખાય છે. આ માગ્દાલા નામ ઉપરથી મરિયમ 'માગ્લાદાની મરિયમ' અથવા મરિયમ માગ્દાલેણ તરીકે ઓળખાય છે. માગ્દાલાનો ખરો ઉચ્ચાર મગ્દલા છે.

યહૂદી તાલ્મુમુદોમાં 'મરિયમ મેગાદ્દેલા' તરીકે નામ આવે છે, અને એવો અર્થ કંઈક આવો છે : "ગૂંથેલાં વાળવાળી મરિયમ." ચોથી સદીનો મહાન બાઇબલવેત્તા જેરોમ માગ્દાલા (=ચોકીનો બુરજ) નામ પરથી એવો લાક્ષણિક અર્થ કાઢે છે કે એના વિશ્વાસમાં તે દૃઢ હતી. અને વળી ધર્મપિતૃ ઓરીગન 'ગદાલ'નો જાણીતો અર્થ 'મહાન બનવું' ઉપરથી એ નામમાં એક ભવિષ્યકથન જુએ છે કે મરિયમની આત્મિક મહાનતા ખૂબ છે. એટલે એ પ્રભુની સતત સેવા કરતી હતી, અને તેમના પુનરુત્થાનની તે પ્રથમ સાક્ષી હતી.

ખ. **મરિયમનું જીવન : (I) એનામાંથી સાત 'ભૂત' કાઢવામાં આવ્યાં હતાં** : એવું લૂક ૮:૧-૩માં લખ્યું છે. એ તરજુમો ખોટો છે. એનામાંથી "સાત અશુદ્ધ આત્મા કાઢ્યા" એમ લખાવું જોઈએ. ગ્રીકમાં અહીં "ન્યુમાતોન પોનેરોન" એટલે "અશુદ્ધ અથવા ભૂંડા આત્માઓ" છે. વળી એ જ કલમમાં મરિયમના સંબંધમાં વપરાયેલો ગ્રીક શબ્દ "દાયમોનિયા'નું ગુજરાતીમાં 'ભૂતો' કર્યું છે. પણ ગ્રીકના આ બંને શબ્દોને ગુજરાતીમાં વપરાતા 'ભૂત' શબ્દ સાથે કોઈ જ નાતો કે સંબંધ નથી. 'દાયમોનિયા' એટલે 'દુષ્ટાત્માઓ' અથવા 'અશુદ્ધાત્માઓ' થાય છે. મરિયમને સાત અશુદ્ધ આત્માઓએ પકડમાં લીધી હતી.

આ અશુદ્ધ આત્માઓ કોણ છે ? પહેલી વાત, ગુજરાતી 'ભૂત' શબ્દનો અર્થ ભારતમાં એવો કરવામાં આવે છે કે જે ભૂતકાળમાં હતું.

તેઓનું માનવું છે કે અવગતિ પામેલાં અથવા અકાળે મરણ પામેલાંના આત્મા 'ભૂત' બને છે. પણ એ માન્યતા સાચી નથી. મરેલાં માણસોના આત્મા પૃથ્વી પર કોઈ કાળે પાછા આવતા નથી, અને આવી શકતા પણ નથી. મૃત્યુ પામેલાના આત્માઓ ઈશ્વરની પાસે જાય છે, અને ઈશ્વરના કબજામાં છે. મૃત્યુ પામેલાંના આત્માઓને પૃથ્વી પર પાછા આવવાનો હક નથી. અને કોઈના (ભૂવા, ભૂતવૈદો કે માધ્યમોના) બોલાવ્યા તેઓ પૃથ્વી પર પાછા આવી શકે પણ નહિ.

દુ:ખની વાત છે કે ગુજરાતી બાઈબલમાં 'ભૂત' શબ્દ વાપર્યો છે. અગાઉ આપણે જોયું તેમ એ તરજુમો ખોટો છે. મરિયમનો કબજો સાત અશુદ્ધ આત્માઓએ લીધો હતો. આ અશુદ્ધ આત્માઓ શેતાનના અપદૂતો છે. ગ્રીકમાં 'દીમન' શબ્દ વાપર્યો છે, જેનો અર્થ અશુદ્ધ આત્મા અથવા અપદૂત થાય છે. (વધુ ખુલાસા માટે જુઓ રેવ. જયાનંદ આઈ. ચૌહાન કૃત 'બાઈબલ અભ્યાસ' ભાગ-૨).

**(II) મરિયમ 'પાપીસ્ત્રી' અથવા પાપણી હતી ? :** એક માન્યતા જૂના વખતથી ચાલી આવે છે કે મરિયમ પતિતા સ્ત્રી હતી – વેશ્યા નારી હતી, અને એમાંથી પ્રભુ ઈસુએ તેને છોડાવીને નવો જન્મ આપ્યો હતો. પણ એ માન્યતા સાચી નથી. તેનું પૂર્વજીવન વેશ્યાવૃતિમાં પસાર થયું હતું એ સાચું નથી, જે ધોરણે બધાં જ માણસ 'પાપી' છે, એ ધોરણે મરિયમ પણ 'પાપી' ખરી, અને જેમ સૌ કોઈને ઈસુ દ્વારા શુદ્ધ થવાની જરૂર ખરી, તે જ રીતે મરિયમ પણ પ્રભુ ઈસુથી શુદ્ધ થઈ હતી. પણ તે પતિતા નહોતી.

પહેલી સદીની ખ્રિસ્તી મંડળીના ધર્મપિતૃઓનાં લખાણોમાં કોઈ જગાએ લખવામાં આવ્યું નથી યા ઉલ્લેખ સરખોયે કરાયો નથી કે મરિયમ પતિતા કે વેશ્યા હતી. ઍલેકઝાન્ડ્રિયાનો ક્લેમેન્ટ, તર્તુલિયન, ઈરેનિયસ, ઓરીગન, થિયોફિલસ, મકારિયસ, ક્રિસોસ્તમ, થીઓફિલેક્ટ – એ બધા મહા - આગેવાનોએ એ વાતને એટલે કે

મરિયમ પતિતા હતી એ વાતને નકારી કાઢી છે. આપણા જમાનાના ઊંડા બાઈબલ અભ્યાસીઓ પણ આ વાતને નકારી કાઢે છે.

ગ. **મરિયમ પતિતા સંભવી જ ન શકે,** એની ત્રણ સાબિતીઓ બાઈબલમાંથી મળી આવે છે :

૧. નવા કરારમાં પાપિણી સ્ત્રીઓ વિશેના ત્રણ હૃદયદ્રાવક બનાવો નોંધેલા છે, પણ આ ત્રણેય જગ્યાએ પાપિણી સ્ત્રીનું નામ આપવામાં આવ્યું નથી : (૧) વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રી (યોહાન ૮:૧-૧૧); (૨) સૈખારના કૂવાવાળી પાંચ પતિ અને છઠ્ઠા પરપુરુષવાળી સ્ત્રી (યોહાન ૪:૧-૪૨) અને (૩) ઈસુને પગે અત્તર ચોળવા આવેલી અજાણી સ્ત્રી (લૂક ૭:૩૬-૫૦) આ ત્રણે પાપિણી સ્ત્રીઓમાંથી કોઈનુંયે નામ દયાળુ પ્રભુ ઈસુએ રજૂ કર્યું નથી, જ્યારે મરિયમનું નામ તો વારંવાર આપવામાં આવ્યું છે.

(૨) લૂક ૭:૩૬-૫૦માં પાપિણી સ્ત્રી વિશે લખ્યા પછી તરત ૮:૧-૨માં મગ્દલાની મરિયમની ઓળખાણ આપવામાં આવી છે, જાણે કે અગાઉ એની વાત આવી જ ન હોય. એ બતાવે છે કે પેલી અજાણ પતિતા અને આ મગ્દલાની મરિયમ અલગ અલગ વ્યક્તિ છે.

(૩) મગ્દલાની મરિયમની ગણના સારી અને ખાતીપીતી ખાનદાન સ્ત્રીઓમાં થયેલી જોવા મળે છે. પ્રભુ ઈસુની સેવા કરનારી સ્ત્રીઓમાં મરિયમનું નામ મોખરે હોય છે. જો મરિયમ અગાઉ વેશ્યા હોત તો ઈસુના સંઘ વિશે બદનામી ઊભી થાત : 'જુઓ વેશ્યાઓનો મિત્ર.'

તો પછી મગ્દલાની મરિયમ પતિતા કે વેશ્યા હતી એવી માન્યતા ક્યાંથી પ્રવેશવા પામી ? રોમન કેથલિકોએ ચૌદમી સદીથી માંડીને પતિતા સ્ત્રીઓ માટે જે આશ્રમો કે આશ્રયધામો બાંધ્યાં તેમને તેઓએ 'માગ્દાલિન ગૃહો' નામ આપ્યું. આવાં ગૃહો ઈટાલીના નેપલ્સમાં

(૧૩૨૪માં), ફ્રાન્સના પારી(સ)માં (૧૪૯૨), મોન્ત્ઝમાં (૧૫૪૨), અને બોર્દુક્સમાં (૧૬૧૮) બંધાયાં હતાં. એ પછી તો દુનિયાભરમાં એવાં ગૃહો ઊભાં કરવામાં આવ્યાં. આવા બિનજરૂરી શબ્દપ્રયોગ દ્વારા મરિયમ ખોટી રીતે બદનામ થઈ.

વળી યુરોપના કલાકારોએ મગ્દલાની મરિયમના દોરેલાં ચિત્રોમાં તેને રામજણી કે નાચનારી વેશ્યાનાં વસ્ત્રો - આભૂષણો અને લક્ષણોમાં ચીતરવામાં આવી છે. એટલે પણ ગેરવાજબી રીતે મરિયમ બદનામ બની. પછી તો મોટા ભાગના લોકો જાણ્યા-સમજ્યા વગર એવી માન્યતાને પકડી બેઠા.

મરિયમમાંથી સાત અશુદ્ધ આત્મા કાઢવામાં આવ્યા હતા, એનો અર્થ એવો નથી કે તે પાપી હતી. અશુદ્ધ આત્મા તો સારું (દુન્યવી નજરે સારું) જીવનાર વ્યક્તિને પણ હેરાન કરી શકે છે, – એનામાં પ્રવેશ કરી શકે છે. માત્ર જેઓ ખ્રિસ્તનાં છે તેઓમાં જ અશુદ્ધ આત્મા પ્રવેશતો નથી, અને એનો કબજો લેતો નથી.

ઘ. **આભારી હૃદયે મરિયમે કરેલી પ્રેમભરી સેવા :** મરિયમને પ્રભુ ઈસુએ સાત અશુદ્ધ આત્મા કાઢીને નવું આનંદમય જીવન આપ્યું હતું ! અને એટલે જ કેટલા બધા આભારી હૃદયે તે ખ્રિસ્તની સેવા કરતી હતી, અને તેમની પાછળ પાછળ ફરતી હતી.

સુવાર્તાના વાર્તાપ્રવાહમાં એનો પ્રવેશ એ જ રીતે થાય છે. ઈસુની પ્રેમભરી સેવા કરનારી સ્ત્રીઓની નામાવળી દ્વારા તે પ્રવેશે છે, અને એમાં એનું નામ લગભગ મોખરે રહે છે. ગાલીલથી આવેલી આ સ્ત્રીઓ પોતાની પૂંજીમાંથી ઈસુની સેવા કરતી હતી (લૂક ૮:૨). એ સેવામાં ઘણીબધી નાનીમોટી સેવાઓ આવી જતી હશે. પ્રભુએ મરિયમ માટે જે કર્યું હતું તેથી તે એટલી બધી આભારવશ બની ગઈ હતી કે એના જીવનના ખૂણેખૂણામાં અને એના હૈયાના ભીતરતમ ભાગમાં પ્રભુ ઈસુ સિવાય અન્ય કશું જ નહોતું. એના લોહીનું બુંદેબુંદ પ્રભુ

ઈસુનો આભાર પોકારતું હતું. હું મારા પ્રભુ માટે હું શું કરી દઉં એમ એને થયા કરતું.

પ્રભુ પરના આવા અહોભાવને લીધે, સાથે સાથે મળીને ઈસુની સેવા કરનારી આ સ્ત્રીઓમાં, મગ્દલાની મરિયમને યાકોબ તથા યોહાનની મા (અને ઈસુનાં માસી) સાલોમી સાથે (માર્ક ૧૫:૪૦) અને ઈસુનાં મા મરિયમની સાથે (યોહાન ૧૯:૨૫) ગાઢ, કૂણા અને આદરભર્યા સંબધની ગાંઠ બંધાઈ ગઈ હતી.

ઈસુની ઊલટતપાસ થઈ એ પછી તોફાની ટોળાં; ફરોશીઓ અને શાસ્ત્રી જેવા આગેવાનો; ફટકા મારતા, મશ્કરી કરતા સિપાઈઓ, ઈસુની ચૂંથાયેલી, બહાર નીકળી આવેલા માંસના લોચામાંથી રક્ત નીગળતી પીઠ પર લદાયેલા વજનદાર ક્રૂસને વહેતા ઈસુ ! — મગ્દલાની મરિયમ અને અન્ય સ્ત્રીઓ ઝૂરતા હૃદયે અને આંસુ ટપકતી આંખે અને ડૂસકાં ભરતા હૈયે આ બધું જોતી જોતી ટોળા સાથે ચાલતી હતી ! ઘડીમાં ટોળાની અંદર, ઘડીમાં બહાર, — ભગ્નહૃદયે કાલવરીનાં ચઢાણ ચઢી રહી હતી ! બધો જ વખત મરિયમ પોતાના પ્રભુ તરફ જોયા કરતી હતી.

ક્રૂસ પાસેથી પણ સૌથી છેલ્લાં ખસનારાંમાંની એક મરિયમ માગ્દાલેણ હતી, અને ઈસુના શબને કબરમાં દાટવામાં આવ્યું ત્યારે પણ આ મરિયમ માગ્દાલેણ તેમ જ યોસેની મા મરિયમ – બેઉ જણ ઊભાં ઊભાં બધું નિહાળતાં હતાં (માથ્થી ૨૭:૬૧, માર્ક ૧૫:૪૭, લૂક ૨૩:૫૫). શિષ્યો તો ઈસુને છોડીને નાસી ગયા, ત્યારે આ સ્ત્રીઓ ત્યાં જ ચીટકી રહી ! પ્રેમને કારણે જ. રવિવારની વહેલી સવારે બીજી સ્ત્રીઓની સાથે તે, ઈસુના શબને અર્ચન કરવા સુગંધી દ્રવ્યો લઈને, ઈસુની કબરે ગઈ હતી. અહીં પણ તેનું નામ પહેલું છે (માર્ક ૧૬:૧). અંધારામાં પરોઢિયે, શહેર બહાર નિર્જન સ્થળે, કબ્રસ્તાને જતાં તે ડરી નહિ ! પ્રેમને કારણે જ.

માર્ક ૧૬:૯માં લખ્યું છે : "અઠવાડિયાના પહેલા દિવસને પ્રભાતે તે પાછા ઊઠીને મરિયમ માગ્દાલેણ, જેનામાંથી તેમણે સાત અશુદ્ધ આત્મા કાઢ્યા હતા, **તેને તે પહેલા દેખાયા.**" એ વિશેનું હૃદયદ્રાવક છતાં ભવ્ય બયાન યોહાન ૨૦:૧૧-૧૮માં આપ્યું છે. મરિયમે ઈસુને માળી ધારીને, ડૂસકાં ભરતાં ભરતાં પૂછી લીધું : "તેને ઉપાડી લીધો હોય તો મને કહે કે તેં તેને ક્યાં મૂક્યો છે, જેથી હું તેને લઈ જાઉં." આસપાસ રોમન સિપાઈઓ હોય અને દૂર શહેરમાં યહૂદીઓ હોય ! - તેમની દૃષ્ટિ આગળથી મરિયમ ઈસુના શબને ક્યાં અને કેવી રીતે લઈ જાય ? અને તેયે અબળા મરિયમ એકલી ઈસુના વજનદાર શબને કેવી રીતે ઉપાડી લઈ જાય ? પણ પ્રેમ સઘળું કરવા તૈયાર થઈ જાય છે. એવામાં જ રડતી મરિયમ પોતાના વ્હાલા પ્રભુના મુખે પોતાનું જ નામ સાંભળીને કેવી હર્ષઘેલી બની જાય છે ! અને ઈસુના કહેવાથી શિષ્યોને વધામણીની વાત કહેવા દોડી જાય છે ! ખરેખર, માગ્દાલાની મરિયમનું પાત્ર અનોખું છે. અન્ય સૌ કરતાં તે પ્રભુ ઈસુ ઉપર વધુ પ્રેમ રાખતી હતી.

### ૩. બેથાનિયાની મરિયમ (માર્થા અને લાજરસની બહેન)

૧. **બેથાનિયા** : મરિયમ, માર્થા અને લાજરસ બેથાનિયા ગામનાં વતની હતાં. અંગ્રેજી બાઈબલોમાં મોટે ભાગે 'બેથાની' લખવામાં આવ્યું છે, પણ ખરું નામ 'બેથાનિયા' છે. એના નામનો અર્થ 'ગરીબાઈનું ઘર' અથવા 'ગરીબોનું ઘર', અથવા 'કંગાલિયતનું ઘર' થાય છે. તાલ્મુદમાં એને 'કાંચા અંજીરનું ઘર' કહેલું છે. જૈતૂન પહાડના પૂર્વ ઢોળાવ પાસે આવેલું નાનું શું ગામ છે. અને યરુશાલેમથી ૧૫ ફર્લાંગ (૧.૫/૯ માઈલ અથવા ૨.૬ કિ.મી.) દૂર આવેલું છે (યોહાન ૧૧:૧૮). યરુશાલેમ જવા માટે બેથાનિયાથી ચઢાણવાળી સાંકડી કેડી બેથફાગે થઈને, કિદ્રોન નાળું ઓળંગીને યરુશાલેમ જતી હતી. પ્રભુ ઈસુએ યરુશાલેમમાં

વિજયવંત કર્યો ત્યારે આ જ રસ્તે તે વછેરા પર બેસીને ગયેલા. આજે તો તે યરુશાલેમથી યરેખો જવાના મોટર બસના ધોરી માર્ગ પર આવેલું છે.

આજે એ ગામ 'અઝારિયા' અથવા 'લઝારિયા' (= લાજરસનું સ્થળ) નામે ઓળખાય છે. લાઝરસની કબર આજે પણ ત્યાં છે. અને માર્થા - મરિયમના ઘર (!) ઉપર મંદિર બાંધવામાં આવ્યું છે. આજે ત્યાં વસ્તી મુસલમાનો, ખ્રિસ્તીઓ અને યહૂદીઓની છે.

આ મરિયમનો ઉલ્લેખ સુવાર્તાઓમાં ત્રણ વખત આપેલો છે :

(અ) પ્રભુ ઈસુ માર્થા અને મરિયમને ત્યાં પરોણા હતા. માર્થા સરભરામાં પડી હતી, અને મરિયમ ઈસુના ચરણોમાં બેસીને તેમના મધુરાં વચનો દ્વારા આત્મિક અન્ન મેળવી રહી હતી. એ બાબતને લીધે પ્રભુ ઈસુએ મરિયમની પ્રશંસા કરી હતી (લૂક ૧૦:૩૮-૪૨). ત્યાં લાજરસનું નામ આપ્યું નથી.

(બ) લાજરસ માંદો પડયો ત્યારે માર્થા અને મરિયમે એ વિશે ઈસુને ખબર મોકલી. આખરે લાજરસ મરી ગયો, અને કબરમાં તેને દાટવામાં આવ્યો. ચાર દિવસ પછી પ્રભુ ઈસુ આવે છે ત્યારે માર્થા પોતાના સ્વભાવ પ્રમાણે દોડી જઈને રસ્તામાં પ્રભુ ઈસુને મળી. પણ શાંત સ્વભાવની મરિયમ તો ઘરમાં જ બેસી રહી. જ્યારે માર્થાએ તેની ઉપર ખબર મોકલી કે ગુરુજી આવ્યા છે અને તને બોલાવે છે, ત્યારે તે જલદીથી ઊઠીને પ્રભુ ઈસુને મળવા ગઈ. એ પછી ચાર દિવસથી મરેલા લાજરસને પ્રભુએ જીવતો કર્યો. એ દ્વારા ઘણા યહૂદીઓએ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર્યો (યોહાન ૧૧:૧-૪૬). એ અધ્યાયમાં (૧૧:૨) બેથાનિયાના જમણમાં મરિયમે ઈસુને અત્તર ચોળ્યું હતું તે તો ૧૨માં અધ્યાયમાં બનનારી વાત આગળથી લખી છે. આ બધા બનાવો બની ગયા પછી સુવાર્તા લખાઈ, એટલે મરિયમની ઓળખ આપવાને ખાતર પાછળથી

બનેલી બીનાને અગાઉ રજૂ કરી છે.

(ક) પ્રભુ ઈસુના મૃત્યુના આશરે એક અઠવાડિયા પહેલાં પ્રભુ ઈસુને બેથાનિયાના સિમોન કોઢિયા તરીકે ઓળખાતા એક માણસને ત્યાં જમવા બોલાવ્યા હતા, ત્યારે લાજરસ જમવા બેસનાર મહેમાનોમાંનો એક હતો, અને માર્થા, હંમેશની જેમ, સરભરા કરતી હતી, – પડોશીધર્મ બજાવતી હતી. તે સમયે આભારની લાગણીથી પ્રભુ ઈસુના પગે મહામૂલું જટામાંસીનું એક શેર જેટલું અત્તર ચોળે છે (યોહાન ૧૨:૧-૧૯). એ જ વાત માથ્થી ૨૬:૬-૧૨માં અને માર્ક ૧૪:૩-૯માં આપી છે, એટલું જ કે એ બંને જગાએ 'મરિયમ' નામ આપવામાં આવ્યું નથી. સમય, સ્થળ, અને વાત એક જ આપ્યાં છે. ફરક એટલો જ કે યોહાનમાં અત્તર પગે લગાડ્યાનું લખ્યું છે, જ્યારે માથ્થી અને માર્કમાં માથા પર લગાડ્યાનું લખ્યું છે. બીજી બધી વિગત સરખી છે. હા, યોહાનમાં સિમોન કોઢિયાનું નામ નથી આપ્યું. ત્રણે સુવાર્તામાં "ઘણું મૂલ્યવાન જટામાંસીનું એક શેર અત્તર" આપ્યું છે. 'સંગેમરમરની ડબ્બી' યોહાનમાં નથી આપ્યું. ગમે તેમ પણ, પ્રસંગ એક જ છે. એક શેર જેટલું અત્તર ફક્ત માથે જ ન ચોળાય. ચોળ્યું હશે માથે અને પગે, પણ છાપાંના વૃત્તાંતકારો જેમ કેટલાક અમુક વાત પડતી મૂકે છે. ત્રણેમાં છે કે મારા મૃત્યુની તૈયારી તરીકે આ અર્ચન તેણે (મરિયમે) કર્યું છે. "દરિદ્રીઓ સદા તમારી સાથે છે." એ વાત પણ ત્રણેમાં છે, જ્યારે 'આખા જગતમાં એ વાત કહેવામાં આવશે' એ મતલબના શબ્દો યોહાન સિવાય બીજી બે સુવાર્તામાં છે. 'જટામાંસી' ભારતના હિમાલય વિસ્તારમાં થાય છે, એટલે ભારતમાં આયાત થયેલું આવું ઉત્તમ અત્તર પાલેસ્તાઈનમાં ખૂબ ખૂબ કીમતી હોય જ.

પ્રભુ ઈસુ યરુશાલેમ તરફ પર્વમાં કે અન્ય કારણે આવતા ત્યારે

બેથાનિયામાં માર્થા, મરિયમ અને લાજરસને ત્યાં આરામ માટે કે રાતવાસો માટે જતા. આ છેલ્લા અઠવાડિયામાં તો તે શિષ્યોની સાથે આવ્યા હતા. આ ત્રણે ભાઈબહેનો પ્રભુ ઈસુ પર બહુ પ્રેમ રાખતા હતાં, અને ઈસુને સોંપાયેલાં હતાં. લાજરસને તો ઈસુનો મિત્ર કહ્યો છેઃ "આપણો મિત્ર લાજરસ ઊંઘી ગયો છે" (યોહાન ૧૧:૧૧). "પ્રભુ, જેના પર તમે પ્રેમ રાખો છો, તે માંદો છે" (યોહાન ૧૧:૩). ઘણા લોકો પ્રશ્ન કરતા હોય છે કે પ્રભુ ઈસુને ક્રૂસે જડયા, અને તે પછી તે ઉત્થાન પામ્યા તે દિવસોમાં આ કુટુંબના કોઈ પણ સભ્યની વાત કે કંઈ પણ અણસાર આપવામાં આવ્યો નથી. કોઈનું એમ કહેવું છે કે એ દિવસોમાં નાસી ગયેલાં શિષ્યો ભયના માર્યા આ કુટુંબના ઘેર હતા.

"ત્રણસો દીનાર" - એક ખેતમજૂરની એક વર્ષની કમાણી. એટલે જો ખેતમજૂરને દિવસનો રૂ. ૧૧-૦૦નો રોજ મળતો હોય તો એક વર્ષના રૂ. ૪૦૦૦ થયાં. એટલી કિંમતનું અત્તર ! આજના ઇઝરાયલની ખેતમજૂરી પ્રમાણે તો લગભગ રૂ. ૮૦૦૦ થાય ! પ્રભુ ઈસુએ મરિયમને અનંતજીવનનો પ્રકાશ પમાડ્યો હતો, અને એના ભાઈને મૃત્યુમાંથી ચાર દિવસ પછી સજીવન કર્યો હતો, તે માટેનો આભાર પ્રદર્શિત કરવા માટે બે-પાંચ હજાર રૂપિયા તો કંઈ વિસાતમાં નથી, એવી કંઈક લાગણી મરિયમની હતી

### ૪. કલોપાસની પત્ની મરિયમ

યોહાન ૧૯:૨૫માં આપ્યું છે : "હવે ઈસુના વધસ્તંભની પાસે તેની (ઈસુની)મા, તેની માસી, **કલોપાસની સ્ત્રી મરિયમ** તથા મરિયમ માગ્દાલેણ ઊભાં રહેલાં હતાં." આ મરિયમ નાના યાકોબ અને યોસેની મા હતી. આ કલોપાસ અને એમ્મૌસ જતા કલીઓપાસને (લૂક ૨૪:૧૮) કંઈ સંબંધ નથી.

આપણા ગુજરાતી તરજુમાનું યોહાન ૧૯:૨૫નું વાકય બરાબર છે, પણ કેટલીક અંગ્રેજી આવૃત્તિઓ અને ગ્રીક આવૃત્તિઓમાં ફરક છે.

એ તરજુમો ગુજરાતીમાં આ પ્રમાણે થાય : "હવે ઈસુના વધસ્તંભની પાસે તેની (ઈસુની) મા, અને તેમની માની બહેન, ક્લોપાસની સ્ત્રી મરિયમ તથા મરિયમ માગ્દાલેણ..." એ પ્રમાણે તો "તેમની માની બહેન, ક્લોપાસની સ્ત્રી મરિયમ" એ એક સ્ત્રી થઈ. એ વધસ્તંભ આગળ માત્ર ત્રણ સ્ત્રીઓ હોય એમ લાગે છે. પણ બીજી સુવાર્તાઓની નામાવળી સાથે સરખાવતાં એ તરજુમો ખોટો ઠરે છે, અને એ તરજુમા પરથી થતું સૂચન કે, ક્લોપાસની સ્ત્રી મરિયમ તે ઈસુની માની બહેન હતી એ નિચોડ પણ ખરો નથી. આપણે બીજી સુવાર્તાઓની નામાવળી સાથે સરખાવીએ જેથી સત્ય શું છે તે જાણી શકીએ.

| માથ્થી ૨૭:૫૬ | માર્ક ૧૫:૪૦ | યોહાન ૧૯:૨૫ |
|---|---|---|
| ૧. મરિયમ માગ્દાલેણ | ૧. મરિયમ માગ્દાલેણ | ૧. તેમના (ઈસુનાં)મા |
| ૨. મરિયમ, યાકોબ અને યોસેની મા | ૨. મરિયમ, નાના યાકોબ અને યોસેની મા | ૨. તેમની (ઈસુનાં) માસી |
| ૩. ઝબ્દીના દીકરાઓની મા | ૩. સાલોમી | ૩. ક્લોપાસની સ્ત્રી મરિયમ |
| | | ૪. મરિયમ માગ્દાલેણ |

આ ત્રણે નામાવળી સરખી છે : ત્રણ ચોક્કસ સ્ત્રી ત્રણેમાં છે, અને યોહાનની નામાવળીમાં ઈસુનાં મા મરિયમ વધારાનાં છે. યોહાનની સુવાર્તામાં યોહાન ઈસુનાં માને પોતાને ઘેર લઈ ગયો તે પ્રહેલાંની નામાવળી છે. જ્યારે માથ્થી અને માર્કમાં ઈસુની મા મરિયમને યોહાન પોતાને ઘેર લઈ ગયો ત્યાર પછીની નામાવળી છે. વળી બીજી એક વાત સ્પષ્ટ થાય છે કે માથ્થીમાં ત્રીજી સ્ત્રી "ઝબ્દીના દીકરાઓની મા" આપી છે, અને માર્કમાં ત્રીજી વ્યક્તિ સાલોમી આપી છે. બાઇબલની બીજી કેટલીક કલમો દ્વારા એ બરાબર સાબિત થાય છે કે ઝબ્દીના દીકરાઓની માનું નામ સાલોમી હતું. તો એ પરથી ફલિત થાય છે કે

યોહાનની નામાવળીની સ્ત્રી "ઈસુની માસી" તે સાલોમી છે, અને નહિ કે ક્લોપાસની સ્ત્રી મરિયમ - જેમ કેટલીક અંગ્રેજી આવૃત્તિઓ તારવે છે તેમ.

તો યોહાનની સુવાર્તાની આ ચાર સ્ત્રીઓ આ પ્રમાણે થાય :

૧. પ્રભુ ઈસુનાં મા મરિયમ,

૨. પ્રભુ ઈસુનાં માસી, - માર્ક પ્રમાણે સાલોમી, - યાકોબ અને યોહાનની મા. (યાકોબ અને યોહાનના પિતા ઝબ્દીની સ્ત્રી સાલોમી).

૩. ક્લોપાસની સ્ત્રી મરિયમ, – નાના યાકોબ અને યોસેની મા.

૪. મરિયમ માગ્દાલેણ.

**૫. માર્કની મા મરિયમ**

પ્રે.કૃ. ૧૨:૧૨માં આ પ્રમાણે લખવામાં આવ્યું છે : "પછી તે (પિતર) વિચાર કરીને યોહાન, જેનું બીજું નામ માર્ક હતું, તેની મા મરિયમને ઘેર આવ્યો." આ મરિયમ વિશે બીજું વધારાનું કંઈ લખવામાં આવ્યું નથી. એણે પોતાનું ઘર મંડળીના વપરાશ માટે આપ્યું હતું. પ્રભુ ઈસુએ છેલ્લું પાસ્ખા ખાધું અને પ્રભુભોજનની સ્થાપના કરી તે આ મેડી ઉપર જ. જેલમાંથી છૂટીને પિતર સીધો આ મેડી પર આવે છે, એ પરથી લાગે છે કે પિતરને આ કુટુંબ સાથે સારો સંબંધ હતો એટલે જ કદાચ પિતર ૧ પિતર ૫:૧૩માં માર્કને દીકરા તુલ્ય ગણે છે : "બાબિલોનમાંની મંડળી જેને તમારી સાથે પસંદ કરવામાં આવેલી છે તે તથા મારો દીકરો માર્ક તમને સલામ કહે છે."

આ મરિયમ બાર્નાબાસની કોઈક રીતે સગી થતી હતી (કલોસી ૪:૧૦). એનો દીકરો યોહાન માર્ક "માર્કની સુવાર્તાનો લેખક હતો, અને પાઉલ તથા બાર્નાબાસની સાથે મિશનેરી સેવા કરવા ગયો હતો (પ્રે.કૃ. ૧૨:૨૫, ૧૩:૫),પણ પેર્ગામાં એ બંનેને મૂકીને તે પાછો

આવતો રહ્યો હતો. (પ્રે.કૃ. ૧૩:૧૩). તેથી પાઉલ એને બીજી મુસાફરીમાં લઈ જવા ના પાડે છે, જ્યારે બાર્નાબાસ તેને લઈ જવા માગતો હતો. આથી પાઉલ અને બાર્નાબાસ વચ્ચે તકરાર થઈ હતી (પ્રે.કૃ. ૧૫:૩૬-૩૯). પણ પાછળથી પાઉલ અને માર્ક વચ્ચેના સંબંધો આનંદકારક બન્યા હતા. એ વિશે આપણે કલોસી ૪:૧૦ અને ફિલેમોન ૧:૨૪માં જોઈ શકીએ છીએ. (વળી જુઓ ૨ તિમોથી ૪:૧૧).

માર્ક વિશે ઊતરી આવેલી વાર્તા છે કે પિતરે માર્કને મિશનેરી કામને માટે મિસર મોકલ્યો હતો ત્યાં એણે એલેકઝાન્ડ્રિયાની મંડળી બાંધી, અને એ ત્યાંનો બિશપ પણ બન્યો, અને નીરો બાદશાહના આઠમાં વર્ષમાં તે શહીદ બન્યો.

## ૬. રોમ શહેરની એક ખ્રિસ્તી સ્ત્રી, મરિયમ

રૂમી ૧૬:૬માં તેનું નામ આ પ્રમાણે આવે છે : "મરિયમ જેણે તમારે સારુ ઘણી મહેનત કરી તેને સલામ કહેજો." એથી વિશેષ એના વિષે કંઈ માહિતી નથી.

## ૭. પ્રભું ઈસુને અત્તર ચોળનારી સ્ત્રીઓ

પ્રભુ ઈસુને અત્તર ચોળવાની વાત ચારેય સુવાર્તાઓમાં આપવામાં આવી છે. એ બધીને વિગતો સહિત ગોઠવીએ તો સ્પષ્ટ થશે કે બે જુદા જુદા પ્રસંગોએ બે જુદી જુદી સ્ત્રીઓએ પ્રભુ ઈસુને અત્તર ચોળ્યું હતું. અને બે વચ્ચે ઘણો તફાવત છે. આ બે છે : (૧) કોઈ અજાણી, અનામી પાપણી સ્ત્રી, અને (૨) બેથાનિયાનાં લાજરસ અને માર્થાની બહેન મરિયમ.

ક. **પાપિણી સ્ત્રીએ ઈસુને અત્તર ચોળ્યું :** લૂક ૭:૩૬-૫૦. એની વિગતો આવી છે : ગામનું નામ નથી આપ્યું. જમણ આપનાર : "કોઈ એક ફરોશીએ," "ફરોશીના ઘરમાં જમવા બેઠો." એ શહેરમાં એક પાપી સ્ત્રી હતી, તેણે જાણ્યું કે ફરોશીના ઘરમાં તે

જમવા બેઠો છે, (સ્ત્રીને અગાઉથી ખબર નહોતી કે ઈસુ આ ફરોશીને ત્યાં એ દિવસે જમવા આવવાના છે.) "ત્યારે અત્તરની સંગમરમરની એક ડબ્બી લાવીને, તે તેના પગ પાસે રડતી રડતી પછવાડે ઊભી રહી, અને પોતાનાં આંસુઓથી તેમના પગ પલાળવા તથા પોતાના ચોટલાથી લૂછવા લાગી, તેણે તેના પગને ચૂમ્યા, અને તેમને અત્તર લગાડ્યું." બનાવનો સમય : પ્રભુ ઈસુની સેવાના પહેલા વર્ષ દરમિયાન.

ફરોશી એ સ્ત્રીને પાપિણી તરીકે ઓળખાવે છે (કલમ ૩૯): ઈસુ પણ જાણે છે કે સ્ત્રી પાપી હતી (કલમ ૪૭, ૪૮). બાઈબલ એને 'પાપી' તરીકે ઓળખાવે છે (કલમં ૩૭). ફરોશીએ હૃદયના ભાવથી ઈસુને આમંત્રણ નહોતું આપ્યું (કલમ ૪૪-૪૭). સ્ત્રીએ પ્રભુ ઈસુના ચરણોમાં નમીને પોતાનાં પાપનો પસ્તાવો કર્યો (કલમ ૩૮). એ એની ક્રિયાઓમાં જ પસ્તાવો, નવું અને પાપરહિત જીવન જીવવાની હૃદયના ઊંડાણથી અદમ્ય ઇચ્છા પ્રદર્શિત થતી હતી. અને પ્રભુ ઈસુએ એને માફ કર્યું. (કલમ ૪૭, ૪૮, ૫૦).

ખ. **બેથાનિયાનાં માર્થા અને લાજરસની બહેન મરિયમે ઈસુને અત્તર ચોળ્યું :** એની વિગતો યોહાન ૧૨:૧-૮, માથ્થી ૨૬:૬-૧૩ અને માર્ક ૧૪:૩-૯માં આપી છે. તેમ જ યોહાન ૧૧:૧-૨માં મરિયમની ઓળખ કરાવવા માટે એ બીના નોંધી છે. યોહાનની સુવાર્તાના બધા બનાવો બની ગયા પછી, એટલે કે ઈસુના સ્વર્ગારોહણ પછી યોહાનની સુવાર્તા લખાઈ. એટલે જ અધ્યાય ૧૧માં લાજરસની માંદગી, મરણ અને ઉત્થાનની વાત આવે છે, અને અધ્યાય ૧૨માં એ પછીના જમણ અને અત્તર ચોળવાની વાત આવે છે, છતાં ૧૨મા અધ્યાયની વાત ૧૧મા અધ્યાયમાં મરિયમની ઓળખ કરાવવા માટે આપી છે. મરિયમે અત્તર ચોળ્યું એની વિગતો પણ જોઈ લઈએ (અને મનોમન લૂક ૭:૩૬-૫૦ના બનાવ સાથે સરખાવી લઈએ.)

(i) **ગામ :** બેથાનિયા (૧૨:૧).

(ii) **કોના ઘેર જમણ :** સિમોન કોઢિયાના ઘેર (માથ્થી ૨૬:૧, માર્ક ૧૪:૩) સિમોન અગાઉ કોઢિયો હતો, અને કોઈ સમયે ઈસુએ એને સાજો કર્યો હતો, એટલે તેનું હ્રદય ઈસુ પ્રત્યે ખૂબ આભારભાવથી ભરેલું હતું તેને લીધે તેણે જમણ રાખ્યું હતું. જો હાલ તે કોઢિયો હોત તો ગામમાં વસ્તી ભેગો તે રહેતો ન હોત, પણ વસ્તી બહાર રહેતો હોત. પણ અગાઉ તે કોઢી હતો એઠલે કોઢિયો નામ પડી ગયું હતું. યોહાને સિમોન 'કોઢિયા'નું નામ આપવું પડતું મૂક્યું છે.

(iii) **જમનારા કોણ કોણ ?** બધાં મળી ઓછામાં ઓછાં પંદરેક જણ તો હશે જ. પ્રભુ ઈસુ, બાર શિષ્યો, લાજરસ (યોહાન ૧૨:૨બ), સિમોન પોતે. કોઈ સ્ત્રી જમનાર કદાચ નહિ હોય, કારણ, યહૂદીઓ અંગ્રેજી 'U' આકારના પલંગ કે 'કોચ' પર લાંબા થઈને અને આડા પડીને જમતા હતા, એટલે એવી શરીર સ્થિતિમાં સૂતાં સૂતાં પુરુષો સાથે જમવાનું ઘટિત લાગે નહિ. માર્થાને સરભરા માટે બોલાવી હશે. સિમોન લાંબા સમય સુધી કોઢિયો હોવાથી કદાચ એનું લગ્ન ના પણ થયું હોય, અને એટલેયે માર્થાને (અને કદાચ બીજાને પણ) જમવાનું બનાવવા કે સરભરા માટે બોલાવી હોય.

લાજરસ ખાસ મહેમાનોમાંનો એક હતો, એટલે થોડી જ મુદત પર એને જીવતો કરવામાં આવેલો એનો આનંદ અને આભારનું પણ કદાચ આ જમણ હોય ! ગમે તેમ પણ સિમોન અને લાજરસનાં ઘર નજદીક નજદીક પણ હોઈ શકે. (લેખક પોતે ૧૯૫૪માં બેથાનિયા ગયેલા ત્યારે આ બેનાં કહેવાતાં ઘર નજદીક નજદીક જોયેલાં !) એ રીતે પણ માર્થાને સરભરા માટે બોલાવી હોય.

(iv) **સમય :** "પાસ્ખા પર્વના છ દિવસ અગાઉ". આ "વાળું" (૧૨:૨)=રાત્રિ ભોજન આપણા કેલેન્ડર પ્રમાણે શનિવારની રાત, અને યહૂદી કેલેન્ડર પ્રમાણે સાંજે છ વાગ્યા પછી નવો દિવસ બેસી ચૂક્યો છે, – શનિવાર (સાબ્બાથ) સાંજે છ વાગ્યે પૂરો થયો, અને "અઠવાડિયાનો પહેલો દિવસ" (રવિવાર) બેસી ચૂક્યો છે. અને બેસી ચૂકેલા આ રવિવારની સવાર થયા પછી "યરુશાલેમની વિજયસવારી" શરૂ થવાની છે. એટલે ઈસુના મૃત્યુના માંડ છ દિવસ અગાઉ આ જમણ થયું. લૂક ૭:૩૬-૫૦ વાળી પાપિણી સ્ત્રીનો બનાવ તો પ્રભુ ઈસુની જાહેર સેવાના પહેલા વર્ષમાં બન્યો.

(v) **બંને બનાવોના બીજા વધુ તફાવતો :**

| લૂક ૭:૩૬-૫૦ | યોહાન ૧૨:૧-૮ |
|---|---|
| "રડતી રડતી" | મરિયમ રડતી નથી. |
| "પોતાનાં આંસુઓથી તેના (ઈસુના) પગ પલાળ્યા." | મરિયમે આંસુ પાડયાં નથી. |
| "એ શહેરમાં એક પાપી સ્ત્રી હતી" | મરિયમનાં પાપ તો લાંબા સમય પર માફ થયા હતાં, અને ખ્રિસ્તની સંગતમાં તે આનંદ પામતી હતી. |
| "એનાં પાપ ઘણાં છે તે તેને માફ થયાં છે." | |
| "તારા વિશ્વાસે તને બચાવી છે." | |
| "અત્તર" | ઘણું મૂલ્યવાન જટામાંસીનું એક શેર અત્તર" |
| | "ત્રણસો દીનાર જેટલી કિંમતનું" |
| પગે ચોળ્યું | "માથે" માંથ્થી, માર્ક. |

| | |
|---|---|
| | "પગે" યોહાન. (એક શેર એટલા આખા શરીર માટે પૂરતું) |
| પસ્તાવા તરીકે | "મારા દટાવાની તૈયારી સારુ તેણે કર્યું." માથ્થી ૨૬:૧૨. માર્ક ૧૪:૮. યોહાન ૧૨:૭. |
| — | "આખા જગતમાં જ્યાં કહી આ સુવાર્તા પ્રસિદ્ધ કરાશે ત્યાં એણે જે કર્યું છે તે પણ એની યાદગીરીને અર્થે કહેવામાં આવશે. માથ્થી ૨૬:૧૨, માર્ક ૧૪:૧૯. |

(vi) **તારણ :**

૧. લૂક ૭:૩૬-૫૦ની વાત એક પાપી સ્ત્રી વિષે છે, જેણે પસ્તાવા અને નવા જન્મ માટે અત્તર ચોળ્યું, જ્યારે મરિયમે આભારની લાગણી અને પ્રેમની ઊલટ તરીકે એ કર્યું.

૨. માથ્થી ૨૬:૬-૧૨, માર્ક ૧૪:૩-૯ અને યોહાન ૧૨:૧-૮ એ ત્રણે વૃત્તાંત માત્ર આ એક જ બનાવનાં છે.

(vii) **એક પ્રશ્ન-પાપી સ્ત્રી કોણ હતી ?** (લૂક ૭:૩૬-૫૦) "એ શહેરમાં એક પાપી સ્ત્રી હતી" (કલમ ૩૭). આ સ્ત્રી કોણ હતી ? સાચી વાત એ જ કે આપણે જાણતા નથી કે એ કોણ હતી. બાઇબલમાં ક્યાંયે એની કોઈ પણ જાતની માહિતી કે નામ આપ્યાં જ નથી. પણ કેટલાક લોકો કહે છે કે એ સ્ત્રી મરિયમ માગ્દાલેણ હતી, પણ એ માન્યતા બિલકુલ સાચી

નથી. આપણે એના કારણો જોઈએ :

૧. નવા કરારમાં પાપિણી સ્ત્રીઓ વિશેના ત્રણ હૃદયદ્રાવક બનાવો નોંધેલા છે, પણ આ ત્રણેય જગ્યાએ પાપિણી સ્ત્રીઓના નામ આપવામાં આવ્યાં નથી : (અ) વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રી (યોહાન ૮:૧-૧૧); (બ) સૈખારના કૂવાવાળી સ્ત્રી (યોહાન ૪:૧-૪૨); (ક) ઈસુને પગે અત્તર ચોળવા આવેલી અજાણી પાપી સ્ત્રી (લૂક ૭:૩૬-૫૦). આ ત્રણેય પાપી સ્ત્રીઓમાંથી કોઈનુંયે નામ દયાળુ પ્રભુ ઈસુએ આપ્યું નથી, જ્યારે મગ્દલાની મરિયમનું નામ તો વારેવારે આવે છે. એનું નામ વારે વારે આપવામાં આવ્યું છે એટલું જ નહિ, પણ ઈસુની સેવા કરનારી સ્ત્રીઓની નામાવળીમાં એનું નામ મોખરે હોય છે.

૨. લૂક ૭:૩૬-૫૦માં પાપી સ્ત્રી વિશે લખ્યું છે (નામ આપ્યું નથી). એ પછી તરત લૂક ૮:૧-૨માં મગ્દલાની મરિયમની ઓળખાણ આપવામાં આવી છે. એ બાબત બતાવે છે કે પેલી અજાણી પાપી સ્ત્રી અને મગ્દલાની આ મરિયમ બંને અલગ અલગ વ્યક્તિ છે.

૩. લૂક ૭:૩૬-૫૦ની પાપી સ્ત્રી વિષે આ પ્રમાણે લખ્યું છે: "એ શહેરમાં એક પાપી સ્ત્રી હતી." પણ એ શહેરની ઓળખ કે નામ આપવામાં આવ્યું નથી. જ્યારે મરિયમ માગ્દાલેણના નામમાં જ એના વતનનું નામ જોડેલું છે : મગ્દલાની મરિયમ યા મરિયમ માગ્દાલેણ. એમ, એ બંને અલગ અલગ સ્ત્રીઓ છે.

૪. મગ્દલાની મરિયમની ગણના સારી અને ખાતીપીતી ખાનદાન સ્ત્રીઓમાં થયેલી જોવા મળે છે. પ્રભુ ઈસુની

સેવા કરનારી સ્ત્રીઓમાં મરિયમનું નામ મોખરે હોય છે, એટલે "એક પાપી સ્ત્રી" અને મરિયમ માગ્દાલેણે એ બંને અલગ અલગ વ્યક્તિ છે.

૫. જ્યાં જ્યાં મરિયમ માગ્દાલેણની વાત આવે છે, ત્યાં એનું નામ છુપાવ્યા વગર સ્પષ્ટ આપવામાં આવ્યું હોય છે, અને તેયે એના ગામના નામ સાથે : "મગ્દલાની મરિયમ" અથવા મરિયમ માગ્દાલેણ. તો પછી એ બે વ્યક્તિ લૂક ૭:૩૬-૫૦, વાળી "એક પાપી સ્ત્રી" અને મરિયમ માગ્દાલેણ એ બે અલગ અલગ સ્ત્રીઓ છે.

# XVI સાન્હેદ્રિન, યહૂદી કાયદા અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત

## ૧. સાન્હેદ્રિન (ન્યાયસભા) :

પ્રભુ ઈસુના સમયમાં સાન્હેદ્રિન એ યહૂદીઓની વરિષ્ઠ અદાલત (સુપ્રીમ કોર્ટ) હતી. એની પાસે ધાર્મિક, સામાજિક અને અમુક અંશે રાજકીય સત્તા પણ હતી. એ છેક રાજા યહોશાફાટના સમયથી આવી ન્યાયસત્તાની કામગીરી બજાવતી આવી હતી. જોકે એ શરૂઆતના સમયમાં એનું સ્વરૂપ, એનું બંધારણ અને એની ન્યાય તોળવાની પદ્ધતિ કંઈક અંશે જુદી હતી, પણ એ મૂળમાંથી જ સાન્હેદ્રિન ઊતરી આવી હતી. યહોશાફાટે ગામડાંઓ, શહેરો અને યરુશાલેમમાં આવી ન્યાયસભાઓ સ્થાપી હતી, (૨ કા.વૃ. ૧૯:૫-૧૧). એઝરા-નહેમ્યાના સમયમાં (૪૫૦-૪૦૦ ઈ.પૂર્વે) જે **"મહાસભાગૃહ"** તરીકે ઓળખાતું હતું, તેને સાન્હેદ્રિનનું પૂર્વજ અથવા પૂર્વ-સ્વરૂપ ગણી શકાય.

એ 'મહાસભાગૃહ' મંડળનું અસ્તિત્વ ઈ.પૂ. ૨૫૦માં મટી ગયું અને એની જગાએ 'સાન્હેદ્રિન' અસ્તિત્વમાં આવી. સાન્હેદ્રિનમાં ૭૦ જણા ન્યાય તોળવા બેસતા. આરિમથાઈનો યોસેફ (જેની નવી જ કબરમાં ઈસુના શબને દાટવામાં આવ્યું હતું તે યોસેફ) પણ આ ન્યાયસભાનો એક સભ્ય હતો (માર્ક ૧૫:૪૨) 'સાન્હેદ્રિન' શબ્દ ગ્રીક શબ્દ 'સુનેદ્રિયોન' (= ભેગા બેસવું, યાં સભા)નું અરામી ભાષાનું રૂપ છે. એનું હિબ્રૂ નામ 'બેતદિન-હોમાદલ' હાઈકોર્ટની વડી કાઉન્સિલ. પ્રમુખયાજક હોદ્દાની રૂએ એનો પ્રમુખ બનતો. આ સાન્હેદ્રિન તે તમામ યહૂદીઓ માટેની ન્યાયસભા હતી, અને યરુશાલેમમાં એની બેઠકો યોજાતી. ગામડે ગામડે પણ આવી નાની નાની ન્યાયસભાઓ સ્થાનિક ચુકાદાઓ માટે હતી. વરિષ્ઠ સાન્હેદ્રિનમાં જે ૭૦ જણ બેસતા તેમાંના

મોટા ભાગના યાજકો, સાદુકીપંથી અમીરો, કેટલાક ફરોશીઓ, શાસ્ત્રીઓ અને કુળના અથવા કુટુંબના વડા વડીલો તરીકે હતા.

ઈસ્વીવન પૂર્વે ૫૫માં ગોબિનિયસે આખા યહૂદી પ્રદેશને એવી રીતે વિભાગી નાખ્યો કે પાંચ સાન્હેદ્રિનો એ બધા પર સત્તા ચલાવે, અને ચુકાદા આપે. આમાંની યહૂદિયા પ્રદેશ માટેની ત્રણ સાન્હેદ્રિનો યરુશાલેમમાં, ગઝારામાં અને યરેખોમાં હતી.

બીજાં દશ વર્ષ પછી રોમન કૈસરે મહાન હેરોદને રાજા નીમ્યો અને બધી સત્તા એને સોંપી. અગાઉ એક સમયે ખૂનના કેસમાં એ હેરોદનો જ કેસ સાન્હેદ્રિનમાં ચાલ્યો હતો. રાજા નિમાતાં એણે પહેલું કામ એ કર્યું કે સાન્હેદ્રિનના બધા સભ્યોને મારી નાખ્યા. એ પછી જે સાન્હેદ્રિન નીમવામાં આવી તેના સભ્યો લગભગ હેરોદના વળના કે એની હાએ હા ભણનારા હતા. પણ હેરોદના અને તેના પછી ગાદીએ આવેલા આર્ખેલાઉસના મૃત્યુ બાદ જે સાન્હેદ્રિન સત્તાધારી બની તે તો જૂના વડા પુરોહિતોની તેમ જ ધાર્મિક આગેવાનો (વડીલો)ની બનેલી હતી. અને એનું સંચાલન વડા પુરોહિત હસ્તક થતું. આમાં સાદુકીપંથી યહૂદીઓનું વર્ચસ્વ હતું. આમ તો સાન્હેદ્રિન એ જ સુપ્રીમ કોર્ટ હતી. પણ મૃત્યુદંડનો અધિકાર તેઓની પાસે નહોતો. એ અધિકાર તો રોમન ગવર્નરને હસ્તક જ હતો. રોમન ગવર્નર માન્ય રાખે તો જ મૃત્યુદંડનું સાન્હેદ્રિને આપેલું ફરમાન માન્ય બનતું.

**૨. યહૂદી કાયદા :**

બધા જ ફોજદારી ગુનાઓ અંગે અને ખાસ કરીને મૃત્યુદંડના કેસોમાં યહૂદી કચેરીના કાયદા ઘણા કડક હતા. ઘણા પ્રકારનાં જુદાં જુદાં કારણોસર મૃત્યુદંડ આપી શકાતો, જેમ કે ચેતવણી છતાં સાબ્બાથભંગ, જાદુ, મૂર્તિપૂજા, જૂઠા પયંગબર હોવું, હઠીલા અને બંડખોર પુત્ર હોવું, ઈશ્વરનિંદા કરવી, ઈત્યાદિ કારણોસર મૃત્યુદંડ ફરમાવવામાં આવતો.

યહૂદી કાયદામાં ગુનાના પ્રકાર પ્રમાણે ચાર પ્રકારના મૃત્યુદંડ દેવાતા: પથ્થરે મારવું, અગ્નિમાં બાળવું, ફાંસો દેવો, અને શિરચ્છેદ કરવો. હિબ્રૂ કાયદામાં વધસ્તંભનો મૃત્યુદંડ નહોતો. એ તો રોમન સજા હતી.

### ૩. માનવતાભર્યા યહૂદી કાયદા :

યહૂદી કાયદા પ્રમાણે ઓછામાં ઓછા બે સાક્ષી દ્વારા જ માણસનો ગુનો સાબિત કરવામાં આવતો. જ્યાં સાક્ષી ન હોય, એક જ સાક્ષી હોય, કે બે સાક્ષીઓની સાક્ષી મળતી આવતી ન હોય, એકબીજાની વિરુદ્ધ જતી હોય, ત્યાં ગુનો સાબિત થયો ન ગણાતો.

ઈસુની વિરુદ્ધ કોઈની સાક્ષી એકબીજા સાથે મળતી આવતી નહોતી તોયે એમને ગુનેગાર જ ઠરાવ્યા ! (બાઈબલ ૧૪:૫૯). જૂઠા સાક્ષીને મુખ્ય ગુનેગાર જેવી જ સજા થતી. કોઈ સાક્ષી અથવા અન્ય વ્યક્તિને કેસ કાઢી નાખવા કંઈ કારણ દર્શાવવાનું હોય તો કોઈ પણ ઘડીએ એનું સાંભળવામાં આવતું. આરોપીને પોતાના બચાવ માટે કંઈ મુદ્દો રજૂ કરવાનો હોય તો એ છૂટ તેને મળતી. (ઇંગ્લૅન્ડમાં ઈ.સ. ૧૮૯૮ સુધી એ હક નહોતો). ગુનો સાબિત કરવા બે જણાની સાક્ષી જરૂરી ગણાતી. પણ કેસ નિર્દોષ કાઢી નાખવા એક જણની સાક્ષી પૂરતી મનાતી. આરોપીને નિર્દોષ ઠરાવવા જુબાની એક વખતે આપી હોય તેને પોતાનો મત બદલવા પરવાનગી નહોતી. પણ જેણે ગુનાની સાબિતીમાં જુબાની આપી હોય તેને સજાનો અમલ થાય તે પહેલાં ગમે ત્યારે પોતાનો મત બદલવા અને એ મુજબ જુબાની આપવા છૂટ રહેતી.

નિર્દોષ વ્યક્તિને ગફલતથી મૃત્યુદંડ ન અપાઈ જાય માટે યહૂદી કાયદામાં ખૂબ કાળજી રખાતી. એવી વ્યક્તિને કોર્ટે ન્યાય ચૂકવી દીધો હોય અને ચૂકાદો સંભળાવી દીધો હોય તોયે એટલેથી એનો અંત નહોતો આવતો. ચુકાદો સંભળાવ્યા પછી એ જ દિવસે એનો અમલ કરવામાં આવતો. અને શહેરના કોટની બહાર મૃત્યુદંડ દેવાતો.

મૃત્યુની સજા પામેલા ગુનેગારને કચેરીએથી શહેરના કોટની બહાર લઈ જવામાં આવતો ત્યારે એક સંત્રીને હાથમાં રૂમાલ આપીને કચેરીના દ્વારે ઊભો રાખવામાં આવતો. ઘોડે પલાણેલા બીજા એક સંત્રીને રસ્તામાં એવી જગ્યાએ ઊભો રાખવામાં આવતો કે મૃત્યુદંડના સ્થળેથી તે બહુ વેગળો ન હોય, છતાં કચેરીના દ્વારે રૂમાલ પકડી ઊભેલા પેલા સંત્રીને તે બરાબર જોઈ શકે. સૈનિકો ગુનેગારને લઈને વધસ્થાન તરફ જતા હોય ત્યારે આગળ ઢંઢેરો પિટાવનાર ચાલતો હોય અને ગુનેગારનું નામ, તેનો ગુનો અને તેને ફરમાવવામાં આવેલી શિક્ષા પોકારતો હોય. વળી તેની સાથે સાથે એમ પણ પોકારતો હોય કે, "આ ગુનેગારને નિર્દોષ છોડી મૂકવામાં આવે એવું કારણ કે પુરાવો કોઈના જાણમાં હોય તો તે આવે અને બચાવનો રદિયો રજૂ કરે."

કોઈ રીતે આવા સાક્ષી વિશેની જાણ થાય એટલે કચેરીના હુકમથી રૂમાલ પકડીને ઊભેલો સંત્રી રૂમાલ ફરકાવે એટલે ઘોડા ઉપરનો સંત્રી ગુનેગારને લઈ જતા સરઘસને થોભાવે અને ગુનેગારને પાછો કચેરીએ લઈ જાય. પેલો સાક્ષી ગુનેગારના બચાવના મુદ્દા રજૂ કરે. એ સાક્ષી કચેરીનો સભ્ય હોય કે ન હોય, અગાઉ સાક્ષી પૂરનારો હોય કે ન હોય, છતાં એનું સાંભળવામાં આવતું એટલું જ નહિ, પણ ખુદ વધસ્થાને લઈ જવાતા ગુનેગારને પોતાના રસ્તામાં જ પોતાના બચાવનો કોઈ મુદ્દો સ્ફુરી આવે, તો કાયદો જણાવે છે કે, એને પોતાનો બચાવ રજૂ કરવા કચેરીએ પાછો લાવવામાં આવે, ભલે પછી એને ચાર કે પાંચ વખત એમ પાછો લાવવામાં આવ્યો હોય, એટલું જ કે એના બચાવમાં કંઈક તથ્ય હોવું જોઈએ. (સાન્હેદ્રિન ૬:૧).

ઓ મારા પ્રભુ, કેટકેટલા યહૂદી કાયદાની આવી આવી બચાવની માયાળુ કલમોમાંથી કોઈનોયે લાભ તમને મળ્યો નહિ ? કલંકરહિત ઓ મારા ત્રાતા, તમે તો સદાય નિર્દોષ જ છો એની સાબિતીઓ કયાં કયાં નથી દેખાતી ! વિશ્વાસઘાતી યહૂદાની વાણીમાં ("નિરપરાધીનું મેં

લોહી વહેવડાવ્યું છે"), મરતા ચોરના મુખ ઉપર ("એણે કંઈ ખોટું કર્યું નથી"), રોમન સૂબેદારની સાક્ષીમાં ("ખરેખર એ ઈશ્વર પુત્ર હતો"), પિલાતની જાહેરાતમાં ("મને એનામાં કંઈ દોષ માલૂમ પડતો નથી."), પિલાત-પત્ની ક્લૉડિયા પ્રોકુલાની સ્વપ્નિલ સાક્ષીમાં ("સદાચારી જનને કંઈ કરતા ના, કારણ આજે મને સ્વપ્નમાં તેમને લીધે ઘણું દુઃખ થયું છે") અને બીજા ક્યાં નહિ ? તોય તમને આ માયાળુ કલમોમાંથી કોઈનોયે લાભ મળ્યો નહિ ?

આવા માયાળુ કાયદા છતાં પ્રભુ ઈસુના કેસમાં સાન્હેડ્રિનનો છબરડો !

**૪. ઈસુ ઉપર ઓઢાડેલા આરોપ :**

ઘણા જૂઠા સાક્ષીઓ ઊભા કરવામાં આવ્યા હતા, અને તેઓએ તરેહ તરેહની જૂઠી જુબાનીઓ રજૂ કરી. એ બધી જુબાનીઓનો સાર આટલો જ હતો : (૧) ઈસુએ મંદિરને પાડી નાખી ત્રણ જ દિવસમાં પોતે ઊભું કરવાનું કહ્યું હતું.(૨) તેમણે પોતે ઈશ્વરપુત્ર હોવાનો એટલે કે ઈશ્વર સમાન હોવાનો દાવો કર્યો હતો; (૩) તેમણે લોકોને કૈસરની વિરુદ્ધ ઉશ્કેર્યા હતા.

પહેલો આરોપ ખરો હોય તો ઈસુ જાદુગર છે, અથવા બાલઝબુલની મદદથી આવાં કામ તે કરે છે. એટલે નિયમશાસ્ત્ર પ્રમાણે એવી વ્યક્તિને મારી નાખવી રહી (બાઈબલ : નિર્ગમન ૨૨:૧૮, લેવીય ૨૦:૨૭). વળી ઈશ્વરના મંદિરને પાડી નાખવાની હલકટ વાત કરવી એ ધર્મનિંદા કહેવાય, ઈશ્વરનિંદા કહેવાય અને નિયમશાસ્ત્ર પ્રમાણે એવી વ્યક્તિને પંથ્થરે મારવી રહી. પણ ઈસુએ તો પોતાના શરીરરૂપી મંદિર વિશે કહ્યું હતું. ત્રીજો આરોપ માત્ર બનાવટ હતી, અને ગવર્નર પિલાતની તરફદારી મેળવવા માટે જ ઉપજાવી કાઢેલો આરોપ હતો. આ બધી જુબાની અરસપરસ મળતી આવતી નહોતી, એટલે એ જૂઠી ઠરી.

## ૫. વડા પુરોહિતનો ચુકાદો :

પરોઢિયું થવા આવ્યું. હજી સાન્હેદ્રિન ઈસુને દોષિત ઠરાવી શકી નથી. યહૂદી કાયદા પ્રમાણે 'સાબ્બાથ'વાર વિશ્રામનો દિવસ હોઈને સાબ્બાથવારે એટલે શનિવારે અથવા તહેવારના દિવસોએ ન્યાયસભા બેસાડી શકાય નહિ ! એટલે શુક્રવારની સંધ્યા પહેલાં ચુકાદો અને ચુકાદાનો અમલ પતી જવો જોઈએ, પણ અહીં શુક્રવારનું મળસકુ થઈ ગયું છે. જૂઠા સાક્ષી બહુ ઊભા કર્યા, પણ કોઈની સાક્ષી એકબીજાને મળતી આવતી નથી (બાઈબલ : માર્ક ૧૪:૫૬-૫૯). હવે શું કરવું ? પ્રભાત પહેલાં ચુકાદો અપાઈ જવો જોઈએ ને ઈસુને મૃત્યુદંડ ફરમાવવો જોઈએ. પણ કયો ગુનો શોધી કાઢવો ? કયો દોષ મૂકવો ? એકેય જડતો નથી !

એટલે વડા પુરોહિત કાયાફાસે કાયદાને કોરે મૂકી દીધો. અને ન્યાયાધીશ તરીકે પોતે ભજવવાનો ભાગ છોડીને તે વકીલ બની બેઠો. કાયાફાસે પોતે ઈસુને પ્રશ્ન પૂછીને ઊલટતપાસ શરૂ કરી !

પણ એ તો કાયદાશાસ્ત્રથી બિલકુલ વિરુદ્ધ હતું. એમાં સાક્ષીઓની જુબાની મળતી આવતી ન હોય પણ જૂઠી ઠરતી હોય તો પણ ન્યાયાધીશ આરોપીની ઊલટતપાસ કરી શકે જ નહિ. ખરું તો આવા સંજોગોમાં આરોપીને છોડી મૂકવો જોઈએ અને જૂઠા સાક્ષીઓને યહૂદી કાયદા પ્રમાણે પથ્થરે મારવા જોઈએ. પણ તેમ ન કરતાં અહીં તો ન્યાયાધીશ પોતે જ ઈસુની ઊલટતપાસ કરવા મંડી જાય છે ! આ કેવું અંધેર ! આ કેવો હડહડતો અન્યાય !

યહૂદીઓની કાયંદા-કચેરીના તમામ નિયમોની વિરુદ્ધ આ થતું હતું. યહૂદી કાયદો તો નાગરિકનો રક્ષક હતો; નહિ કે ભક્ષક ! આ નિયમ પ્રમાણે આરોપી પર આરોપ મૂકવાનો અધિકાર સાક્ષીઓને રહેતો, નહિ કે ન્યાયાધીશને. કચેરીની જવાબદારી એ રહેતી કે આરોપીના હિતનો તે બચાવ કરે. અને જુબાનીઓ પરથી સમતોલ

ન્યાય તોળે. પણ અહીં તો 'વાડ જ ચીભડાં ગળવા લાગી.' પછી શું કહેવું ?

ઈસુ ગનેગાર છે એવી કોઈની જુબાની ખરી પડી નહોતી. કોઈ પુરાવો મળ્યો ન હતો. એટલે કચેરીની દૃષ્ટિએ ઈસુ હજી નિર્દોષ જ હતા. ત્યારે કાયાફાસ કેવી રીતે ઊલટતપાસ કરી શકે ! ગુનેગારની ઊલટતપાસ હોય, પણ જેની સામે તહોમત મુકાયું જ નથી એવા નિર્દોષની ઊલટતપાસ ન હોય, અને ન્યાયાધીશ પોતે ઊલટતપાસ કરી શકે જ નહિ.

ન્યાયાધીશ કાયાફાસે પ્રશ્ન કેવો પૂછ્યો ? પ્રશ્નનો હકારમાં જવાબ પણ ખતરનાક અને નકારમાં જવાબ પણ ખતરનાક ! વળી પ્રશ્નનો જવાબ કંઈ જ ન વાળે, મૂગા રહે તોયે આકરા 'સમ'ને લીધે ઈસુ ગુનેગાર ગણાય. કેવો ત્રિપાંખિયો સાણસો ! પ્રશ્ન હતો "ઈશ્વરનો પુત્ર જે ખ્રિસ્ત તે જ તું છે કે નહિ, એ અમને કહે (બાઈબલ : માથ્થી ૨૬:૬૩, વળી જુઓ માર્ક ૧૪:૬૨, લૂક ૨૨:૬૭:૭૦). જો જવાબ ન આપે તો ઈસુનું દૈવી સેવાકાર્ય નષ્ટ થાય. જો 'ના' કહે તો ઈસુ પોતાના જ શબ્દોથી જૂઠો પયગંબર ઠરે. અને એવા માટે કાયદામાં મૃત્યુદંડ જ હતો. જો 'હા' કહે તો આ લોકોના ન્યાય મુજબ ઈશ્વરનિંદા કરી કહેવાય ! અને યહૂદી કાયદા પ્રમાણે ઈશ્વરનિંદા માટે મૃત્યુદંડ જ હોય! કેવા ત્રેવડા સાણસાનો પ્રશ્ન ! ગમે તે જવાબ મળે પણ બોલનાર દોષિત જ ઠરે !

પણ યહૂદી કાયદામાં એક કલમ હતી કે કોઈ પણ વ્યક્તિના પોતાના એકલાના જવાબ પર જ એને ગુનેગાર ન ગણવામાં આવે. જ્યાં અન્ય સાક્ષી ન મળતી હોય ત્યાં વ્યક્તિના પોતાના બોલને ગુનાની સાબિતી તરીકે ન ગણી શકાય. પણ ઈસુએ આ પ્રશ્નના આપેલા જવાબમાં જ ઈસુને દોષિત ઠરાવ્યા ! કાયદો એવી કબૂલાત માન્ય રાખતો નહોતો, છતાં ઈસુને ગુનેગાર ઠરાવ્યા ! અને તેયે ન્યાયાધીશે પોતે ! કાયદા-કચેરીની આ કેવી બલિહારી !

અને ઈસુ મૂંગા ન રહે પણ જવાબ વાળે એ માટે કાયાફાસે ગંભીરમાં ગંભીર સમ દઈને તેમને પ્રશ્ન પૂછ્યા, જેથી ઈસુએ ઉત્તર વાળવો જ પડે. કાયાફાસે સમ દીધા : "હું તને ચેતનસ્વરૂપ પરમેશ્વરના સમ દઉં છું કે ઈશ્વરનો પુત્ર જે ખ્રિસ્ત તે તું જ છે કે નહિ, એ અમને કહે." કાયાફાસનું કેવું કપટ ! યહૂદીઓના કાનૂનગ્રંથ મિશ્નામાં આમ લખ્યું છે : "જો કોઈ એમ કહે કે સર્વસમર્થના નામમાં હું તને સમ દઉં છું, અથવા સૈન્યોના પ્રભુના નામે, કૃપાળુ અને દયાળુના નામે, ખામોશી રાખનારના નામે, અનુકંપાળુના નામે, કે પછી કોઈ પણ દૈવી નામ કે ખિતાબને નામે હું તને સમ દઉં છું, – તો પછી સામી વ્યક્તિએ જવાબ આપવો જ પડે." એ પરથી જ કાયાફાસે ઈસુ પાસેથી જવાબ કઢાવવા માટે આ જાતના આકરા સમ દીધા. કાયાફાસની કેટલી ખંધાઈ ! આવા આકરા સમની સામે કોઈ પણ માણસ મૂંગો રહી શકે નહિ.

ઈસુએ જવાબ વાળ્યો, "તમે જ કહો છો. વળી, હું તમને કહું છું કે, હવે પછી તમે માનવપુત્રને સર્વસમર્થ ઈશ્વરને જમણે હાથે બિરાજમાન તથા આકાશનાં વાદળો ઉપર આરૂઢ થઈને આવતાં જોશો."

આ જવાબથી કાયાફાસ ખુશ થઈ ગયો. ઈસુના પોતાના જ શબ્દોથી એમને ગુનેગાર ઠરાવી દીધા ! બાઈબલમાં લખ્યું છે : "વડા પુરોહિતે પોતાનાં વસ્ત્ર ફાડીને કહ્યું કે એણે ઈશ્વરનિંદા કરી છે; હવે આપણને બીજા સાક્ષીઓની શી જરૂર છે ? જુઓ તમે એ ઈશ્વરનિંદા સાંભળી છે. તમે શું ધારો છો ? અને તેઓએ ઉત્તર દીધો કે એ મરણદંડને પાત્ર છે" (બાઈબલ : માથ્થી ૨૬:૬૫-૬૬).

નરદમ જૂઠું ઉપજાવી કાઢીને ઈસુને દોષિત જાહેર કર્યા. ન્યાયસભાના મત પણ લેવાયા નહિ. કાયદામાંનો વસ્ત્રો ફાડવાનો વિધિ પણ કાયાફાસે જ પતાવી દીધો. કાયાફાસનો બોલ નીકળ્યો પછી કોની મગદૂર હોય કે એથી ઊલટાં વેણ વદી શકે ! એટલે જ સહુ બોલ્યાઃ "હા એ મરણદંડને પાત્ર છે."

યહૂદી કાયદામાં બીજી એક કલમ હતી કે કોઈને પણ ધીમે ધીમે રિબાતા મૃત્યુથી મારવો નહિ. છતાં યહૂદીઓએ પોકાર્યું : "એને વધસ્તંભે જડાવો." વધસ્તંભનું મોત એ રિબાઈ રિબાઈને આવતું મોત હતું. યહૂદી કાયદાની બીજી પણ કલમ હતી કે જેને મૃત્યુદંડ ફરમાવ્યો હોય તેને અગાઉ ફટકા મારવા નહિ (આલ્ફ્રેડ અન્ડરશેઈમ, 'ધી લાઈફ એન્ડ ટાઈમ્સ ઑફ જીસસ ધ મસાયા', લંડન પિકરિંગ ઍન્ડ ઈન્જલીસ, ૧૯૫૯, II પૃ. ૫૬૩). છતાંયે તેઓ ઈસુના મુખ પર થૂંક્યા, મુક્કીઓ મારી અને લપડાકો ચોડી, અને ફટકાયે માર્યા.

યહૂદી કાયદાનું ડગલે ને પગલે ખૂન કરવામાં આવ્યું. પણ એકાદ નાના નિયમને ન્યાયસભા ચુસ્ત વળગી રહી. મળસકે કચેરી બરખાસ્ત થઈ, જેથી કાયદાની માગ પ્રમાણે સવારે જ ફરી કચેરી બોલાવી શકાય. કાયદો હતો ને કે એ ને એ જ દિવસે ચુકાદો ના સંભળાવાય ! પણ મળસકા અને સવારની વચ્ચે કેટલોક સમય હોય છે ! એટલા સમયને બીજો દિવસ કહેવાય ખરો ? કાયદો તો એમ કહેતો હતો કે, આરોપી દોષિત છે એવું સાબિત થયા પછી એ ને એ જ દિવસે ચુકાદો ન આપવામાં આવે. કચેરી બરખાસ્ત થયા બાદ ન્યાયસભાના સભ્યો બબ્બેની જોડીમાં જાય, ઘેર જઈ નહિ જેવું જમે અગર ઉપવાસ કરે. દ્રાક્ષારસ બિલકુલ ન પીએ, અને આખી રાત બંને જણા જાગતા રહે અને કેસની ચર્ચા ચલાવે. એ પછી સવારે આખી ન્યાયસભા (સાન્હેદ્રિન) મળે, અને દરેક જણ પોતાનો અભિપ્રાય આપે. સૌથી પ્રથમ નાનો સભ્ય જ અભિપ્રાય આપે, અને એવા ક્રમમાં બધા અભિપ્રાય આપે જેથી બુઝુર્ગોના અભિપ્રાયોનો જુવાનોના અભિપ્રાય પર પ્રભાવ ન પડે. એમ આરોપીને ફરી દોષિત ઠરાવી આખરે ફેંસલો આપે. ઈસુના કેસમાં આ કાયદો પણ નેવે જ મુકાયો ને !

# XVII ગેથસેમાનેમાં લોહીનાં ટીપાં

આ કેટલી વેદના ! પરસેવા વાટે લોહી ઝર્યું ! શરીરશાસ્ત્ર અને માનસશાસ્ત્રની ભાષામાં તો પારાવાર મનોવેદના અને માનવમનથી ખમી શકાય તે કરતાં અધિક ત્રાસનું આ પરિણામ હોય ! હાય, મારા પ્રભુ, મારાં પાપોને કારણે તમને આવું કષ્ટ ! શરમિંદું મારું મુખ હું બીજે ક્યાં સંતાડું ? સિવાય કે તમારા ક્રૂસની ઓથમાં - જેમ માના પ્રેમની સાથે ઊઠેલું બાળક પાછું રડતું રડતું માની સોડે સંતાય તેમ.

વૈદકીય ઈતિહાસમાં આવા લોહીભર્યા પરસેવાના કિસ્સા નોંધાયેલા છે. એને વૈદકીય ભાષામાં 'હેમાતીડ્રોસિસ' કહે છે. લાંબી શારીરિક નબળાઈ, તીવ્ર માનસિક યાતના અને મૃત્યુના ઘેરા ઓળા નીચે ક્વચિત્ માણસોને પરસેવા માટે જરાતરા લોહી ઝર્યું હોય એવા કિસ્સા નોંધાયેલા છે. સામાન્ય રીતે તો એવા ઘેરા શોકમાં માણસ બેભાન બની જાય છે. અને શોકની પરમ માત્રા અનુભવતો નથી. એવી ઘડીએ બેભાનપણું એ ઈશ્વરનો આશીર્વાદ છે. પણ માણસ બેભાન ન બને તો 'હેમાતીડ્રોસિસ' શક્ય બને. પણ ઈસુનો કિસ્સો અનોખો છે. તે સશક્ત અને પૂર્ણ તંદુરસ્ત હતા. મોતથી પણ ડરતા નહોતા. શું તેમણે ચકમક ખડકની જેમ યરુશાલેમ જવા પોતાનું મુખ દૃઢ રાખ્યું નહોતું ?

અહીં **'ટીપાં'**ને બદલે મૂળ ગ્રીક ભાષામાં **'થ્રોમ્બોસ'** શબ્દ વાપર્યો છે (બાઈબલ : લૂક ૨૨:૪૪). વૈદકીય વિજ્ઞાન પ્રમાણે લોહીની વિકૃત અવસ્થાને કારણે હૃદયમાં, મગજમાં કે અન્યત્ર નસોમાં લોહીનો ગઠ્ઠો બાઝે છે. એ જીવલેણ દરદને **થ્રોમ્બોસિસ** કહે છે. એટલે કે **લોહીના ગઠ્ઠા બાઝવા.** ઈસુને પરસેવે પ્રવાહી લોહીનાં ટીપાં નહિ, પણ બાઝેલા લોહીની કણીઓ કે ગઠ્ઠા ઝર્યા એવું કંઈક આ ગ્રીક શબ્દ કહે છે. તેથી,

અંગ્રેજી ઑથોરાઈઝ્ડ આવૃત્તિમાં અને રિવાઈઝ્ડ સ્ટાન્ડર્ડ આવૃત્તિમાં પણ 'ગ્રેટ ડૉપ્સ' (મોટાં ટીંપા),. ન્યૂ ઇંગ્લિશ બાઇબલ આવૃત્તિમાં 'ક્લોટ્સ' (ગઠ્ઠા), 'શુભસંદેશ'માં 'મોટાં ટીપાં' વાપર્યું છે. ભલે આપણી આવૃત્તિમાં 'ટીપાં' વાપર્યું હોય, લૂક સિવાય બીજી સુવાર્તાઓમાં આ બીના આપવામાં આવી નથી. લૂકની સુવાર્તાનો લેખક લૂક ડૉકટર હતો. એણે વૈદકીય તપાસની સ્પષ્ટ વિગતો પ્રમાણે રજૂઆત કરી.

### કોરડા અથવા ફટકાની સજા

કોરડાની શિક્ષા ઘણી ઘાતકી શિક્ષા હતી. પુનર્નિયમ ૨૫:૨-૩ પ્રમાણે **યહૂદી રીત** મુજબ ગુનેગારને સુવાડીને પીઠ ઉપર ફટકા મારવામાં આવતા. "જો દુષ્ટ માણસ ફટકા યોગ્ય હોય તો એમ થાય કે ન્યાયાધીશ તેને સુવાડીને તેના ગુના પ્રમાણે ગણીને તેને પોતાના દેખતાં ફટકા મરાવે. ચાળીસ સુધી તે તેને મારે, પણ તે ઉપરાંત નહિ." રખેને ભૂલથી ચાળીસ કરતાં વધારે ફટકા મરાઈ જાય, અને કાયદાનો ભંગ થાય એમ સમજીને સામાન્ય રીતે ઓગણચાળીસ ફટકા મારવામાં આવતા (બાઈબલ : ૨ કોરિંથી ૧૧:૨૪). ચામડાની વાધરીઓનો ચાબુક બનાવવામાં આવતો. એમાં બળદના ચામડાની એક અને ગધેડાના ચામડાની બે વાધરી લેવામાં આવત, તેર ફટકા જમણા ખભા તરફ, પર પીઠ ઉપર, બીજા તેર ફટકા ડાબા ખભા તરફ પીઠ ઉપર, અને આખરે બાકીના તેર ફટકા કમરની આસપાસ મારવામાં આવતા.

### રોમન ફટકાની શિક્ષા

આ શિક્ષા તો ઘણી જ ઘાતકી અને ત્રાસજનક હતી. લાકડાનો ગોળ કકડો લઈ એની આસપાસ ચામડાની સંખ્યાબંધ વાધરીઓ બાંધવામાં આવતી. પ્રત્યેક વાધરીને છેડે તીક્ષ્ણ અણીદાર હાડકાંના કે પછી સીસા, તાંબા કે લોખંડના કકડા ગૂંથી લેવામાં આવતા. ફટકાની સંખ્યા નક્કી નહોતી. પીઠ ઉપર ફટકા પડતા ત્યારે માત્ર ચામડી ઉપર સોળ ઊઠતા એમ નહિ, પણ હાડકાંના કે ધાતુના કકડા માંસને વીંધી

નાખતા. અને માંસના નાના નાના ટુકડા લઈને બહાર આવતા. ગુનેગારની પીઠ રેંસાઈ જતી, છૂંદાઈ જતી. બહાર નીકળેલું માંસ અને લોહી તેની પીઠ ઉપર વેરવિખેર પથરાતાં. ગુનેગાર બેસુમાર યાતના પામતો. સામાન્ય માણસ તો થોડાક ફટકામાં મૂર્છા ખાઈ જતો. આવા રોમન ફટકા 'અર્ધુ મોત' ગણાતા. ગુનો કબૂલ કરાવવા કે સાક્ષી પુરવાર કરાવવા પણ આ શિક્ષા વપરાતી. ઈ.સ. ૧૨૩માં અને ૨૪૮માં પોર્શિયન અને સિન્દ્રોનિયન કાયદાની રૂએ રોમન નાગરિકને આ સજા કરવામાં આવતી નહોતી. યહૂદી રીતે કોરડાની શિક્ષામાં ગુનેગારને સુવાડીને ફટકા મારવામાં આવતા. જ્યારે રોમન રીતે કોરડાની શિક્ષામાં ગુનેગારને નમાવવામાં આવતો, એના હાથ પીઠ પાછળ રાખી એને થાંભલે બાંધવામાં આવતો. સામાન્ય રીતે તદ્દન નીચા, ત્રણ ફૂટ ઊંચાઈને થાંભલે ગુનેગારને બાંધતા, પછી ફટકા મારવામાં આવતા. રોમન સૈનિક પોતે ફટકા લગાવતા. ફટકાના ઘાથી થતી વેદના અસહ્ય બનતી. શરીર ભયંકર રીતે ચિરાઈ જતું.

સૈનિકોએ ઈસુનાં વસ્ત્રો ઉતારી લીધાં. અને તેમના હાથ થાંભલા સાથે પાછળ બાંધી દીધા. આશરે ચારસો સૈનિકોની ટુકડી ત્યાં ખડી હતી. ઈસુની સાથે જડવામાં આવનાર પેલા બે બહારવટિયાને ફટકા મારવામાં આવ્યા નહોતા. ઈસુની ઉઘાડી પીઠ ઉપર ક્રૂર કોરડાનો માર પડયો. પ્રત્યેક કોરડે ઈસુના પગ અને સઘળાં ગાત્રો ધ્રૂજી ઊઠયાં હશે. અને ફટકા ફક્ત પીઠ પર જ નહોતાં પડતા; પીઠ પર ઝીંકેલી લાંબી વાધરીઓ પેલી બાજુ છાતી પર પણ વિચિત્ર અવાજ સાથે ફરી વળતી, અને છાતી પણ વીંધાઈ જતી.

આવે સમયે ભલભલા ગુનેગારો બૂમાબૂમ કરી મૂકતા અને પછી બેભાન બની જતા. આ પારાવાર વેદનામાં ઈસુએ બૂમ પાડી કે નહિ એ તો ખબર નહિ. પણ મૂંગી પ્રાર્થના તો કરી જ હશે. એમના આખા જીવનની રસમ પ્રમાણે એ જ નૈસર્ગિક હતું.

પેલો રોમન સૂબેદાર ત્યાં જ ઊભો હતો અને બધું નિહાળતો હતો. એની ફરજ હતી કે ગુનેગાર બેભાન બની જાય, અને એનું ભાન પાછું આવનાર નથી એમ લાગે, તો કોરડાની સજા બંધ કરવા હુકમ આપવો. આમ ઈસુને કોરડાની સજા પૂરી થઈ. તેમને થાંભલેથી છોડવામાં આવતાં તે ધરણી પર ઢળી પડયા હશે. આજે પણ યરુશાલેમમાં ખોદી કાઢેલું આ સ્થળ જોવા મળે છે. પેલો ટૂંકો થાંભલો પણ છે. પયંગબરે કેવું ભવિષ્યકથન લખ્યું હતું ! "આપણા અપરાધોને લીધે તે વીંધાયો. આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ. અને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે." (બાઈબલ : યશાયા : ૫૩:૫). મારા વહાલા વાચક, તને આ સજાપણું મળ્યું છે ? તને શાંતિ થઈ છે ?

## XVIII ક્રૂસની સજા વિશે માહિતી

ક્રૂસની સજા બહુ ભયંકર, ઘાતકી અને લાંબી વેદનાભરી હતી. ગુલામો અને બંડખોરો માટે રોમન સરકાર આ પ્રકારની સજા ફટકારતી. રોમન નાગરિકને એ સજા કદી દેવાતી નહિ. પથ્થરે મારવાની, આગમાં બાળી નાખવાની, ફાંસો દેવાની કે માથું કાપી નાખવાની સજાઓ વધસ્તંભની સજા આગળ બહુ સૌમ્ય ગણાય. ક્રૂસની સજામાં ગુનેગારને લાકડાના થાંભલે ખીલા મારીને લટકાવી દેવામાં આવતો. અને એ થંભ ઉપર ગુનેગાર બે-ત્રણ દિવસ સુધી જીવતો પીડાયા કરતો. ખીલાની તીવ્ર વેદના ઉઘાડા ઘાઓમાં ઊઠતી, નસો બધી ગરમ ગરમ થઈને તતડી ઊઠતી. તાવથી શરીર ભાંગી જતું. તરસ બેસુમાર લાગતી, – અને પાણી તો મળે નહિ ! વિશ્રામ મેળવવા શરીરની સ્થિતિ જરીયે ન

બદલી શકાય. જરાકેય હલનચલન ભયંકર વેદના ઉપજાવે. ખીલાના ઘાથી હાથોમાં ઊઠતી તીવ્ર વેદનાને શાંત પાડવા ગુનેગાર પોતાના પગ ઊંચા કરી હાથોમાં ઢીલ મૂકવા જતો, તો પગોના ખીલાને લીધે પારાવાર વેદના ઊઠતી. એમ પગને રાહત આપવા જતાં હાથોમાં કાળી વેદના ઊઠતી, અને શ્વાસ લેવામાં ભારે મુશ્કેલી પડતી. એકેય સ્થિતિમાં શાંતિ મળતી નહિ. ઉઘાડા ઘા પર લચકાબંધ માખો અને મચ્છરો બણબણ્યા કરે, – ઉડાડી શકાય નહિ !

વધસ્તંભની શિક્ષામાં મોટે ભાગે હાથો અને પગોમાં ખીલા મારી વંધના લાકડા સાથે ગુનેગારને જડી દેવામાં આવતો. ઈસુના વધસ્તંભમાં મોટા ભાગના ચિત્રોમાં એમની હથેલીઓમાં ખીલા મારેલા દેખાડવામાં આવે છે. પણ ઘણાનું કહેવું છે કે હથેલીઓમાં ખાસ માંસ કે મોટાં હાડકાં હોતાં નથી. અને અદ્ધર લટકેલા શરીરના સાઠ-સિત્તેર કિલો વજનને કારણે કાણાં પડી ગયેલી હથેલીઓ ફાટી જાય. અને વધસ્તંભેથી હાથ છૂટી જાય શરીર લબડી પડે. એટલે જ એ ખીલા કાંડામાં માર્યા હશે. કેટલાક કેસોમાં ખીલા નહિ, પણ શણના દોરડાથી કસીને હાથો અને પગો સ્તંભ સાથે જકડી દેવાતા.

ત્રણ ત્રણ દિવસ સુધી એવી કારમી વેદના થતી કે જડાયેલા ગુનેગારો શાપ, ગાળો અને ભયંકર અપશબ્દો ઉચ્ચારતા, બૂમાબૂમ કરતા. જીભ કચડી નાંખતા, પોતાના જન્મદિનને શાપ આપતા, કરુણ આક્રંદ સાથે મોતને ઝંખતા, પણ મોત ઝટ આવતું નહિ. એક વધસ્તંભની આવી ભયંકર વેદનાએ ગ્રીક તેમજ અંગ્રેજી ભાષાને એક શબ્દ આપ્યો છે. ભયંકરમાં ભયંકર એવી તીવ્ર વેદના માટે ગ્રીક ભાષામાં શબ્દ છે : 'ક્રૂસિયાતસ.' અને એ પરથી અંગ્રેજીમાં છે. એકસ્ક્રુશિયેટિંગ (excruciating). એ બંને શબ્દો 'ક્રૂસ' ઉપરથી બનેલા છે.

ક્રૂસની સજા ઈરાનમાં શરૂ થઈ. ઈરાનીઓના દેવ અહુરમઝ્દ માટે બધી જમીન પવિત્ર મનાતી હોવાથી ભયંકર ગુનેગારને અદ્ધર

ટાંગવામાં આવતો, જેથી ભૂમિ અપવિત્ર ન થાય. ઈરાનની આ સજા કાર્થેજ ગઈ અને ત્યાંથી રોમનોની પાસે આવી. ત્યારથી રોમનો એ સજા વાપરતા થયા.

સામાન્ય રીતે કોઈ માણસના માત્ર પગ ભાંગવાથી ત્રણ-ચાર કલાકમાં મોત નથી આવતું. અકસ્માતમાં પગ કપાઈ જતાં એટલું જલદી મોત નથી આવતું. પણ ક્રૂસે જડાયેલા માણસના પગ ભાંગવાથી તે એકદમ મરી જાય છે. એની પાછળ કારણ છે. એ કારણને ક્રૂસે જડવાની રીત સાથે સંબંધ છે.

ક્રૂસ પર પગ નીચે ટેકા માટે એક પાટિયું રાખવામાં આવતું. એ પાટિયા પર ખીલા વડે બંને પગ જડી દેવામાં આવતા. કોઈ વાર પાટિયા વગર પણ ક્રૂસના ઊભા લાકડા પર પગ જડી દેવામાં આવતા. ક્રૂસના આડા લાકડે બંને હાથો ખૂબ પહોળા કરીને અદ્ધર ખીલા દ્વારા જડી દેવામાં આવતા. હાથો ખૂબ ખેંચાયેલા રહેતા હોવાથી છાતીની પાંસળીઓ ઉપર તરફ ખેંચાયેલી રહેતી. તંગ છાતીને કારણે શ્વાસ લેવામાં ખૂબ તકલીફ ઊભી થતી; પરાણે શ્વાસ લેવાતો. એટલે ક્રૂસ પર જડાયેલો માણસ પારાવાર બેચેની અનુભવતો.

હાથ તેમ જ છાતી ઢીલાં થાય તો શ્વાસ લેવામાં રાહત મળે, એ હેતુથી ગુનેગાર માણસ પગ માટે ટેકાના લાકડા પર પગ બને તેટલાં ઊંચા કરતો. એમ હાથ અને છાતી ઢીલાં પડતાં શ્વાસ લેવામાં કંઈક રાહત મળતી. પણ ઊંચા થયેલા પગોમાં ખીલાને કારણે હવે કપરી વેદના ઊભી થતી. એટલે ગુનેગાર પાછો પગ નીચા કરતો. એટલે પાછી શ્વાસ લેવામાં તકલીફ થતી. ગુનેગાર આમ વારાફરતી હાથ અને પગોની સ્થિતિ બદલતો રહેતો.

પણ પગો વજનદાર હથોડા વડે ભાંગી નાખવામાં આવે, એટલે લબડી પડેલા પગોને ઊંચા કરી શકાય જ નહિ. એને લીધે હાથો તથા છાતી સતત તણાટ અનુભવ્યા કરતાં, અને શ્વાસ મહામહેનતે પારાવાર

વેદના સાથે જ લઈ શકાતો, અને એકાદ કલાક કરતાંયે ઓછા સમયમાં, શ્વાસ ન લેવાવાને કારણે, ગુનેગાર મરણશરણ થતો. આમ, પેલા બે બહારવટિયાના પગો ભાંગવામાં આવ્યા, એટલે સાંજના સાડાચાર કે પાંચ પહેલાં તેઓ મરી ગયા હશે, ને પછી તેમનાં શબ ઉતારી લીધાં હશે.

પ્રભુ ઈસુએ તો સાંજના ત્રણ વાગ્યે પ્રાણ છોડયો હતો, એ આપાણે અગાઉ જોઈ ગયાં. તેમણે પોતે જ "ઓ પિતા, હું મારો આત્મા તમારા હાથમાં સોંપું છું," એમ કહીને પ્રાણ છોડયો (લૂક ૨૩:૪૬). એટલે સિપાઈઓ જોવા આવ્યા ત્યારે તો પ્રભુ ઈસુ મૃત્યુ પામેલા હતા. તેથી તેમના પગ ભાંગવામાં આવ્યા નહિ, અને એમ ભવિષ્યકથન પૂરું થયું.

## XIX પ્રભુ ઈસુના દુઃખસહન સપ્તાહની વિગતો

**(એપ્રિલ ઈ.સ. ૩૨)**

**ખુલાસો :** આપણી ગણતરી પ્રમાણે નવો દિવસ મધરાતે બાર પછી શરૂ થાય છે. યહૂદી કૅલેન્ડર પ્રમાણે નવો દિવસ દરરોજ સાંજે છ વાગ્યે શરૂ થાય છે.

**શનિવાર ૫-૪-૩૨**

બેથાનિયમાં રાત્રિ-ભોજન (આપણી ગણતરી પ્રમાણે શનિવારની રાત. યહૂદી ગણતરી પ્રમાણે શનિવાર સાંજે છ વાગ્યે રવિવાર બેસી ચૂક્યો છે).

**રવિવાર ૬-૪-૩૨**

શિષ્યો ગધેડીનો વછેરો લઈ આવે છે. ઈસુની વિજયવંત સવારી.

યરુશાલેમને જોઈને ઈસુનું રુદન. ઈસુ યરુશાલેમમાં, અને મંદિરમાં એક નજરે નિરીક્ષણ કરે છે. રાત બેથાનિયામાં ગાળે છે. (યહૂદી ગણતરી પ્રમાણે સાંજે છ વાગ્યે સોમવાર બેસી ગયો છે.)

**સોમવાર ૭-૪-૩૨**

નિષ્ફળ અંજીરીને શાપ.

બીજી વખત મંદિરનું શુદ્ધીકરણ (કોરડા વગર). (પહેલી વારનું શુદ્ધીકરણ સેવાની શરૂઆતે કોરડા સહિત).

મંદિરમાં આંધળા, લંગડા, વગેરેને સાજા કર્યાં.

**મંગળવાર ૮-૪-૩૨**

સુકાઈ ગયેલી અંજીરી પરથી શિષ્યોને વિશ્વાસની પ્રાર્થના વિશે શિક્ષણ, - પહાડો પણ ખસેડી શકાય.

મંદિરમાં છેલ્લી વખત.

ખ્રિસ્તના અધિકારને પડકાર.

**દૃષ્ટાંતો :**

૧. બે દીકરા - દ્રાક્ષાવાડીમાં જવા 'હા' અને 'ના'નું દૃષ્ટાંત.
૨. દ્રાક્ષાવાડીના દુષ્ટ ખેડૂતોનું દૃષ્ટાંત.
૩. નકારાયેલા પથ્થરનું દૃષ્ટાંત.
૪. લગ્ન-જમણનું દૃષ્ટાંત.
૫. અંજીરી પરથી શીખવા વિશે.
૬. જાગ્રત ચોકીદાર.
૭. વિશ્વાસુ અને બુદ્ધિમાન ચાકર.
૮. ભૂંડો ચાકર.

"કાઈસારને કર આપવો ઉચિત છે કે નહિ ?"

પુનરુત્થાન અંગે સાદુકીઓનો પ્રશ્ન : (એક સ્ત્રી, વારાફરતી સાત

પતિ) બધા નિઃસંતાન મરી ગયાં, પુનરુત્થાનમાં એ કોની પત્ની ?

પંડિતનો પ્રશ્ન : "સૌથી મોટી આજ્ઞા કઈ ?"

દાવિદનો પુત્ર જ દાવિદનો પ્રભુ હોઈ શકે !

શાસ્ત્રીઓ અને ફરોશીઓને અફસોસ. તેમના ખમીરથી દૂર રહો. યરુશાલેમને જોઈને વિલાપ. એનું ભાવિ કેવું થનાર છે તેની આગાહી.

ભંડારમાં વિધવા બે દમડીનું દાન આપે છે.

ગ્રીક લોકો ઈસુને જોવા માગે છે.

સાન્હેદ્રિન ઈસુને પકડવાની કોશિશ.

ઈસુ પ્રાર્થના કરે છે, અને પિતા સ્વર્ગેથી ઉત્તર આપે છે.

યહૂદી ઈસ્કારિયોત યહૂદીઓના આગેવાનો સાથે મસલત કરે છે. સાન્હેદ્રિનના કેટલાક જણ ઈસુ પર વિશ્વાસ કરે છે.

યુગના અંત વિશે અને પોતાના પુનરાગમન વિશે આગાહીઓ દૃષ્ટાંતો (ચાલુ) :

દશ કુમારિકાઓનું દૃષ્ટાંત.

તાલંતના હિસાબનું દૃષ્ટાંત.

દેશ જાતિઓના ન્યાયકાળમાં ઘેટાં-બકરાંનું દૃષ્ટાંત.

બુધવાર ૯-૪-૩૨

શાંતિમાં બેથાનિયામાં પસાર કરેલો દિવસ.

ગુરુવાર ૧૦-૪-૩૨

પાસ્ખાની તૈયારી માટે બે શિષ્યોને મોકલ્યા.

પાસ્ખા જમવાના ઓરડામાં ઈસુ શિષ્યો સાથે આવ્યા.

પાસ્ખાનું ભોજન જમે છે. (આપણા કેલેન્ડર પ્રમાણે ગુરુવાર સાંજના છ વાગ્યા પછી. યહૂદી કેલેન્ડર પ્રમાણે ગુરુવાર સાંજે છ વાગ્યા

પછી શુક્રવાર બેઠો છે ત્યારે).

પોતાને યહૂદા પકડાવશે એ વિશે ઈસુનો સંકેત.

આપણામાં સૌથી મોટું કોણ એ વિશે શિષ્યોમાં ચડભડ.

શિષ્યોના પગ ધોયા.

પ્રભુભોજનની સ્થાપના.

પ્રભુભોજન પછી યહૂદા બહાર જાય છે.

ઈસુની આગાહી : પિતર ત્રણ વાર નકાર કરશે, અને શિષ્યો ઈસુને મૂકીને ભાગી જશે.

મેડી ઉપર ઈસુનું સંભાષણ અને પ્રાર્થના (યોહા. ૧૩:૧૭).

પ્રભુની ઈસુની મધ્યસ્થીની પ્રાર્થના (યોહા. ૧૭).

ગેથસેમાનીમાં ભારે કષ્ટ સહિતની પ્રાર્થના.

યહૂદાનું ચુંબન અને ઈસુની ધરપકડ.

પિતર માલ્ખસનો કાન કાપે છે; ઈસુ સમો કરે છે.

શુક્રવાર (શુભ) ૧૧-૪-૩૨

યહૂદી તપાસ નં. ૧ - આન્નાસ પાસે રાતે લઈ ગયા.

બે વાર મરઘો બોલ્યા અગાઉ પિતરે ત્રણ વાર કરેલો નકાર.

યહૂદી તપાસ નં.૨ - પ્રભાતે પ્રભુ ઈસુને કાયાફાસ પાસે લઈ જવાયા.

યહૂદી તપાસ નં. ૩ - સાન્હેદ્રિન આગળ.

ઈસુ પોતાના મસીહપણા અને ઈશ્વરત્વ વિશે એકરાર કરે છે.

દુર્ભાષણ માટે ઈસુને અપરાધી ઠરાવવામાં આવ્યા.

રોમન તપાસ નં. ૧ - મૃત્યુદંડ માટે પિલાતની આગળ. પિલાતની સ્ત્રીનો સંદેશો.

રોમન તપાસ નં. ૨ - પિલાતે ઈસુને ગાલીલના હેરોદ આન્તિપાસ પાસે મોકલ્યા (તે યરુશાલેમમાં જ હતો.)

હેરોદ અને તેના સિપાઈઓએ ઈસુની ઠઠ્ઠામશ્કરી કરી, અને પાછા મોકલ્યા.

રોમન તપાસ નં. ૩ - હેરોદ ઈસુને પિલાત પાસે પાછા મોકલે છે. પિલાત ઈસુને નિર્દોષ જાહેર કરે છે, તેથી ઈસુને કે બારાબાસને ? - કોને છોડું ? - કહે છે. યહૂદીઓ ઈસુને ક્રૂસે જડવા કહે છે. “આખરે તેઓના ઘાંટા ફાવ્યા.”

આખરે પિલાત ઈસુને યહૂદીઓના હાથમાં સોંપી દે છે.

સિપાઈઓ ઈસુને ફટકા મારે છે; (કાંટાનો મુગટ, જાંબુડો ઝભ્ભો, હાથમાં સોટી)

ક્રૂસ ઊંચકીને કાલવરીને માર્ગે.

યહૂદાનો આપઘાત.

## XX ક્રૂસ પરના બનાવોનો ક્રમ

**શુક્રવાર (ચાલુ) ૧૧-૪-૩૨**

૧. કાલવરીએ પ્રભુ ઈસુ ક્રૂસ ઊંચકીને આવ્યા. માથ્થી ૨૭:૩૩, માર્ક ૧૫:૨૧, લૂક ૨૨:૩૩, યોહા. ૧૯:૧૭.

**સવારના ૯ થી ૧૨ સુધી**

૨. પિત ભેળવેલો સરકો પ્રભુ ઈસુને ધર્યો. ચાખીને ઈસુએ ના પાડી. માથ્થી ૨૭:૩૪.

૩. ક્રૂસારોહણ (સવારના ૯ વાગ્યે). માથ્થી ૨૭:૩૫.

૪. **પહેલી વાણી :** "ઓ પિતા, તેઓને માફ કરો, કેમ કે તેઓ જે કંઈ કરે છે તે તેઓ જાણતા નથી." લૂક ૨૩:૩૪.

૫. પ્રભુ ઈસુનાં વસ્ત્રો સિપાઈઓએ વહેંચી લીધાં. ઝભ્ભા માટે ચિઠ્ઠીઓ નાંખી. માથ્થી ૨૭:૩૫.

૬. લોકોએ ઈસુની મશ્કરી કરી. માથ્થી ૨૭:૩૯-૪૪, માર્ક ૧૫:૨૯.

૭. ડાબા હાથના ચોરે કરેલી મશ્કરી/નિંદા. પણ જમણી તરફના ચોરની વિનંતી. માથ્થી ૨૭:૪૪.

૮. **બીજી વાણી :** "હું તને ખચીત કહું છું કે, આજે તું મારી સાથે પારાદૈસમાં હોઈશ." લૂક ૨૩:૪૩.

૯. **ત્રીજી વાણી :** "બાઈ, જો તારો દીકરો." જો તારી મા." યોહા. ૧૯:૨૬-૨૭.

## બપોરના ૧૨ થી ૩ સુધી

૧૦. લગભગ બપોરે બાર વાગ્યે આખા દેશ પર અંધકાર છવાયો. માથ્થી ૨૭:૪૫. માર્ક ૧૫:૩૩.

૧૧. **ચોથી વાણી :** "મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ મૂકી દીધો છે?" માથ્થી ૨૭:૪૬, ૪૭, માર્ક ૧૫:૩૪-૩૬.

૧૨. **પાંચમી વાણી :** "મને તરસ લાગી છે." યોહા. ૧૯:૨૮.

૧૩. સરકાથી ભરેલી વાદળી ઝૂફા પર ભેરવીને ઈસુને ચૂસવાને આપી. યોહા. ૨૯:૨૯-૩૦.

૧૪. લગભગ સાંજે ત્રણ વાગ્યે અંધકાર દૂર થયો. માર્ક ૧૫:૩૩.

૧૫. **છઠ્ઠી વાણી :** "સંપૂર્ણ થયું." યોહા. ૧૯:૩૦.

૧૬. **સાતમી વાણી :** "પિતા, હું મારો આત્મા તમારા હાથમાં સોંપું છું." (સાંજે ત્રણ વાગ્યે). લૂક ૨૩:૪૬.

૧૭. પ્રભુ ઈસુએ પ્રાણ છોડયો. માથ્થી ૨૭:૫૦, માર્ક ૧૫:૩૭.

૧૮. મંદિરનો પડદો ઉપરથી નીચે સુધી ફાટી ગયો, અને તેના બે ભાગ

થઈ ગયા. માથ્થી ૨૭:૫૧, માર્ક ૧૫:૩૭.

૧૯. ધરતી કાંપી, ખડકો ફાટ્યા, કેટલીક કબરો ઊઘડી ગઈ. માથ્થી ૨૭:૫૧, ૫૨.

| |
|---|
| ઈસુનું શરીર કબરમાં (પાછળથી).<br>ઈસુનો આત્મા હાડેસના પારાદૈસ વિભાગમાં (પિતાની ગોદમાં). |

**સાંજના ૩ અને ૬ વચ્ચે**

દફન : આરીમથાઈના યૂસફની નવી કબરમાં. માથ્થી ૨૭:૫૭-૬૨.

(સાંજના ૬ પછી સાબ્બાથ-શનિવાર - બેસે, એટલે તે પહેલાં બધો વિધિ પતાવવો પડે.)

**શનિવાર ૧૨-૪-૩૨**

કબર ઉપર મહોર - મુદ્રા, ચોકીપહેરો.

**રવિવાર ૧૩-૪-૩૨**

**મળસકે મૃત્યુંજય બની ઊઠેલા પ્રભુ ઈસુ ખ્રિસ્ત.**

**આ કર્યા વર્ષમાં બન્યું તે સંબંધી અલગ અલગ મતો :**

**પહેલો મત :** (સર રોબર્ટ ઍન્ડરસન) : ઈસુનો જન્મ ઈ. પૂર્વે ૪માં ગણે છે. પામ સન્ડે (વિજયવંત પ્રવેશ દિન)ની તારીખ ૯-૪-૩૨ ગણે છે. શુભ શુક્રવાર તા. ૧૧-૪-૩૨ ગણે છે, અને ઈસ્ટર તા. ૧૩-૪-૩૨ ગણે છે.

**બીજો મત :** (ફ્રેન્ક આર. કલાસન) : ઈસુનો જન્મ ઈ.પૂર્વે એપ્રિલ ૧, ૫ રોજ ગણે છે. અને પામ સન્ડે તા. ૧૦-૪-૨૯ રોજ ગણે છે, શુભ શુક્રવાર તા. ૧૫-૪-૨૯ રોજ, અને પુનરુત્થાનનો રવિવાર તા. ૧૭-૪-૨૯ રોજ ગણે છે.

**ત્રીજો મત :** (રેવ. કલેરેન્સ લાર્કિન્સ) : તા. ૨-૪-૩૦ રોજ પામ

સન્ડે; ૭-૪-૩૦ રોજ શુભ શુક્રવાર અને પુનરુત્થાનનો રવિવાર તા. ૯-૪-૩૦ રોજ ગણે છે.

**ચોથો મત** (ઑક્સફર્ડના વિજ્ઞાનીઓ કોલિન જે. હમફ્રે અને ડબલ્યુ જી. વેડિંગ્ટન, અને બીજા કેટલાક) : પામ સન્ડે ૨૯-૩-૩૩, શુભ શુક્રવાર તા. ૩-૪-૩૩ અને પુનરુત્થાનનો રવિવાર તા. ૫-૪-૩૩ ગણે છે.

# XXI ઈસુના મૃત્યુનું કારણ

ક્રૂસનું મોત અતિ કારમું છે. સામાન્ય રીતે ક્રૂસે જડેલો માણસ બે - ત્રણ - ચાર દિવસ સુધી રિબાયા પછી તદ્દન નિર્ગત બનીને મરી જતો, પણ ક્રૂસે જડેલો માણસ બેએક કારણોને લઈને થોડા જ કલાકમાં પણ મરી જતો.

એમાંનું એક કારણ આ છે : જો પગ નીચે ટેકાનું લાકડું ન હોય તો ક્રૂસે જડાયેલો માણસ હાથો, ફેફસાં અને હૃદયની તંગ સ્થિતિને આરામ આપવા પગ ઉપર શરીર ભાર ઝીલી શકતો નહિ. એમ અદ્ધર રહેવાથી ગુંગળામણ (એસ્ફીકિસિયા asphyxia)ને કારણે, યા (ઑર્થોસ્ટેટિક કૉલાપ્સ Orthostatic Colaplse) દ્વારા થોડા જ કલાકમાં મરી જતો. પગ નીચે ટેકાનું લાકડું આપેલું હોય તો ગુનેગાર કેટલાય દિવસ ઝઝૂમી શકતો. એમાં માણસ બેભાન બની જાય, અને લોહી શરીરના ઉપરના ભાગો (મગજ, હાથો, વગેરે)માંથી શરીરના નીચલા ભાગોમાં (પેટ, પગ) જમા થાય, રુધિરાભિસરણમાં ભારે ખામી ઊભી થાય, અને એ પરિસ્થિતિ ત્રણચાર કલાક ચાલે તો મગજ અને હૃદયમાં લોહી ન પહોંચવાથી માણસ મૃત્યુ પામે. પ્રભુ ઈસુને ક્રૂસે જડયા ત્યારે તેમના

પગો નીચે ટેકાનું લાકડું હતું કે નહિ એ કોઈ જગાએ દર્શાવ્યું નથી. ક્રૂસારોહણના કેટલાંક ચિત્રોમાં આવું લાકડું ચીતરેલું જોવા મળે છે, અને કેટલાંક ચિત્રોમાં એ નથી હોતું.

બીજું કારણ એના જેવું જ છે. કેટલાક ગુનેગારના પગ ભાંગવામાં આવતાં, ઘૂંટણો પર હથોડા મારીને ઘૂંટણની ઢાંકણી અને હાડકું ભાંગી નાખતા. આથી માણસ પગો ઉપર ઊભો રહી શકતો નહિ. એટલે જાણે કે કોથળો બનીને ઢળી પડતો. આથી તો ગંભીર સ્થિતિ સર્જાતી; તે શ્વાસ લઈ શકતો નહિ કે પાછો કાઢી શકતો નહિ. એટલે મગજે, માથે, હૃદયે અને હાથોમાં લોહી પહોંચતું નહિ, પ્રાણવાયુ (ઑક્સિજન) એ બધાંને પહોંચતો નહિ, આથી પ્રથમ મગજ મરી જતું, પછી હૃદય, એમ એકદમ મોત નીપજતું.

નાઝી કૉન્સન્ટ્રેશન કેમ્પોમાં કેદીને હાથો બાંધીને દોરડે અદ્ધર (પગને અદ્ધર રાખીને) લટકાવવામાં આવતા. થોડા જ કલાકોમાં માણસો મરી જતા. આ સંબંધીના અખતરા મૉડરે (Modder) માણસો (મેડિકલ વિદ્યાર્થીઓ) પર કર્યા છે.

સાબ્બાથવારે ગુનેગારોનાં શબ વધસ્તંભો પર ન રહે માટે બંને બહારવટિયાના પગ ભાંગવામાં આવ્યા. પણ ઈસુ તો ક્યારનાયે મરી ગયા હોવાથી તેમના પગ ભાંગવામાં ન આવ્યા. આમ છતાં તે ખરેખર અને સંપૂર્ણપણે મૃત્યુ પામ્યા છે કે નહિ, એ જોવા એક સિપાઈએ તેમની કૂખમાં ભાલો માર્યો ત્યારે ઘામાંથી લોહી તથા પાણી વહી નીકળ્યાં. આ પરથી રોમન સૂબેદાર વગેરેને ખાતરી થઈ કે ઈસુ મૃત્યુ પામ્યા છે.

મરેલા માણસમાંથી લોહી નીકળે નહિ, કારણ, મૃત્યુ નીપજતાં થોડા સમયમાં લોહી નળીઓમાં થીજી જાય છે, અને રુધિરાભિસરણ બંધ પડે છે. મૃત્યુ પછી માત્ર ફિક્કા રતૂમડા રંગનું પાણી એટલે 'સીરમ' જ નીકળે.

માણસના હૃદયની આસપાસ ત્વચાની કોથળી હોય છે. આ કોથળીને 'પેરિકાર્દિયમ' કહે છે. (પેરિ = આસપાસ; કાર્દિયમ = હૃદય). સામાન્ય રીતે હૃદયના સ્નાયુ ભાગ્યે જ તૂટે છે કે ફાટે છે. પરંતુ માનવી પર સહનશક્તિની બહારની મનોવેદના આવી પડે ત્યારે હૃદયના સ્નાયુ તૂટી કે ફાટી જાય છે, અને હૃદયનું લોહી 'પેરીકાર્દિયમ'માં (એટલે પેલી કોથળીમાં જમા થાય છે. આમ કોથળી ફૂલીને તંગ બનવાને કારણે હૃદય પર દબાણ આવતાં એ ધબકારા લઈ શકતું નથી, અને બંધ પડી જાય છે. અને માણસ મૃત્યુ પામે છે. આને મેડિકલ સાયન્સમાં 'એકસ્ટ્રા વાશેશન ઑફ ધી હાર્ટ' કહે છે.

ભયંકર રિબામણને લઈને હૃદયના સ્નાયુ ફાટ્યા હશે. અને હૃદયની આસપાસની થેલીમાં લોહી જમા થયું હશે. પણ એ લોહી જમા થવું ક્યારે શરૂ થયું તે વિશે ખાતરીપૂર્વક કહી શકાય નહિ; કાલવરીને રસ્તે ક્રૂસ ઊંચકીને લઈ જતાં એ બન્યું ? કે વધસ્તંભ પર બન્યું ? - કે ગેથસેમાને બાગમાં અતિ કષ્ટાતાં તેમનું લોહી પરસેવા જેમ ટપક્યું ત્યારે ? ડો. મૉડરનું માનવું છે કે ક્રૂસ પર એમ બન્યું.

આ પ્રકારના મૃત્યુમાં બંને હાથ ફેંકાઈને ખૂબ પહોળા અને ઊંચા થઈ જાય છે, માણસ મોટી બૂમ પાડી ઊઠે છે, હૃદયની દીવાલ તૂટી પડે છે, 'પરિકાર્દિયમ'માં લોહીનો જમાવ થાય છે, હૃદય બંધ પડે છે, અને માણસ મરી જાય છે. સામાન્ય માણસ તો અતિશય મનોવેદનામાં મૂર્છિત થઈ જતો હોવાથી ભયંકર ભયની પળમાંથી ઉગરી જાય છે. પણ પ્રભુ ઈસુએ મૃત્યુ અને દુઃખનો પૂરેપૂરો પરચો અનુભવ્યો. તે આવા પ્રકારના મૃત્યુ દ્વારા મર્યા.

ઈસુ ભાલો વાગવાથી નહોતા મર્યા. જો ભાલાને કારણે એમનું મૃત્યુ નીપજ્યું હોત તો હૃદયમાંથી તાજા લોહીની ધસારાબંધ ધાર વહી નીકળી હોત. ઈસુ તો ભાલાના ઘા પૂર્વે મૃત્યુ પામેલા હતા. ભાલો તો મૃત્યુની ખાતરી કરવા માટે મારવામાં આવ્યો હતો. જો હૃદય ફાટયું ન

હોત અને ભાલો 'પેરિકાર્દિયમ'ની કોથળીને જ વાગ્યો હોત – અને હૃદયને નહિ – તો સામાન્ય રીતે નહિવત્ પ્રવાહી આ કોથળીમાંથી વહ્યું હોત અને તેની ખબર પણ ન પડી હોત.

હૃદય ફાટવાથી કે તૂટવાથી ઈસુ મૃત્યુ પામ્યા, એનો અર્થ એવો નથી કે ઈસુ હતાશા અને નિરાશાના માર્યા મર્યા. ઈસુ તો વિજેતા હતા, એમની આખરી બૂમ વિજેતાની હતી; વળી પ્રભુ ઈસુએ કહેલું, "હું મારો જીવ આપું છું કે તે હું પાછો લઉં. કોઈ મારી પાસેથી તે લેતો નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છું." (યોહાન ૧૦:૧૭, ૧૮). આ વાક્યને તેના મૃત્યુના કારણ સાથે સંબંધ નથી. પોતે પોતાનો પ્રાણ બીજાઓની પાપમુક્તિ માટે આપવા ઈસુ આવ્યા હતા. તેમણે ધાર્યું હોત તો ક્રૂસનું કારમું મોત પોતે ટાળ્યું હોત, પણ તેમણે પોતે જ સ્વૈચ્છિક રીતે અન્ય લોકોના હકમાં મૃત્યુને પસંદ કર્યું. એમનું મૃત્યુ સ્વૈચ્છિક બલિદાન હતું.

(ઈસુના મૃત્યુના આ પ્રકારના કારણ વિશે વધુ જાણવું હોય કે ખાતરી મેળવવી હોય તો વાંચો : (૧) ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બાઈબલ એન્સાઈક્લોપીડિયા, ગ્રાન્ડ રેપિડ્સ, યુ.એસ.એ., ૧૯૪૩, (૨) ડૉ. સ્ટુઅર્ટ બર્ગસ્માનો 'કેલ્વિન ફોરમ'માં ૧૯૪૮માં પ્રગટ થયેલો લેખ; (૩) સર જેમ્સ સિમ્પસન (ક્લોરોફોર્મના શોધક)ની પુસ્તિકા; અને બીજા અનેક ડૉકટરોનાં લખાણો.) વળી જુઓ ગી.શા. ૬૯:૨૦-૨૧.

# XXII પ્રભુ ઈસુના પુનરુત્થાનને પુરવાર કરતાં પ્રમાણો

૧. **પ્રમાણો :**

૧. ખાલી કબર. યોહા. ૨૦:૧-૨.

૨. કબરમાં વ્યવસ્થિત કપડાં. યોહા. ૨૦:૩-૮.
જેમ સાપ કાંચળીમાંથી નીકળી જાય અને કાંચળી આખી વ્યવસ્થિત પડી રહે, તેમ પ્રભુ કપડાના વીંટામાંથી નીકળી ગયેલા, અને સુગંધી દ્રવ્યોની ચીકાશને લીધે કપડાના વીંટા હતા તેમ જ પડી રહેલા. માથાનો વીંટો એક બાજુ વાળીને મૂકેલો.

૩. ઉત્થાન પછી અનેકને દર્શન આપ્યાં. (જુઓ નીચે આપેલી યાદી).

૪. પિલાતે પોતે કબરને મહોર-મુદ્રા માર્યા હતા. માથ્થી ૨૭:૬૨-૬૬.

૫. દૂતે કબરનો ભારે પથ્થર ખસેડ્યો. માથ્થી ૨૮:૧-૩.

૬. ખ્રિસ્તના પુનરુત્થાનને લીધે રોમન ચોકીદારોનો ભારે ગભરાટ. માત્થી ૨૮:૪.

૭. દૂતે સ્ત્રીઓને આપેલો સંદેશો : "ત્યારે દૂતે તે સ્ત્રીઓને કહ્યું, બીઓ નહિ, કેમકે હું જાણું છું કે વધસ્તંભે જડાયેલા ઈસુને તમે શોધો છો. તે અહીં નથી, કેમ કે તેના કહ્યા પ્રમાણે તે ઊઠયો છે. આવો, ને જ્યાં પ્રભુ સૂતો હતો તે જગા જુઓ. માથ્થી ૨૮:૫-૬.

૮. ચોકીદારોએ મુખ્ય યાજકોને આપેલો સંદેશો : "જે જે થયું તે બધું મુખ્ય યાજકોને કહી દીધું." માથ્થી ૨૮:૧૧.

૯. મુખ્ય યાજકોએ તથા વડીલોએ ચોકીદારોને લાંચ આપી. જેથી તેઓ જૂઠાણું ફેલાવે કે અમે ઊંઘતા હતા એટલામાં તેના શિષ્યો શબ ચોરી ગયા. માથ્થી ૨૮:૧૨-૧૫.

ક. બધા જ ચોકીદારો એકસામાટા ઊંઘી ગયા ? શું એ શક્ય છે?

ખ. ચોકીદારો ઊંઘી ગયા હોય તો તેમને કેવી રીતે ખબર પડી કે શિષ્યો જ શબ ચોરી ગયા ?

ગ. ચોકીદારો ઊંઘી ગયા હોય અને શબ ચોરાઈ જાય, તો રોમન હાકેમ એ રોમન ચોકીદારોના શા હાલહવાલ કરી નાંખે ? એટલે તો મુખ્ય યાજકોએ તેમને કહ્યું કે, "જો એ વાત હાકેમને કાને પહોંચશે તો અમે તેને સમજાવીને તમને બચાવી લઈશું" (માથ્થી ૨૮:૧૪). એમને બચાવી લેવાની આટલી બધી ઉત્સુકતા મુખ્ય યાજકોમાં ક્યાંથી આવી ? કારણ, ઈસુ ઊઠયા છે એ સત્ય વાત જગજાહેર થાય એવું મુખ્ય યાજકોને પસંદ નહોતું, તેથી ચોકીદારોને લાંચ આપીને પણ જૂઠાણું ફેલાવવાનું તેઓએ પસંદ કર્યું. એટલે જ ચોકીદારોને બચાવવાની ઉત્સુકતા.

ઘ. જો ખરેખર ચોકીદારો બધા જ ઊંઘી ગયા હોત અને શિષ્યો આવીને ઈસુના શબને ચોરી લઈ ગયા હોત, તો આ મુખ્ય યાજકો પોતે જ ચોકીદારો પર કેવા ગુસ્સે થઈ ગયા હોત ! અને તેમને શિક્ષા કરાવત.

ચ. પાસ્ખાના દિવસો હોવાથી પૂર્ણ ચંદ્ર પ્રકાશતો હતો ! અને કેટલાયે ચોકીદારો ચોકી કરતા હતા ! તો શિષ્યો કેવી રીતે છાનામાના (ખબર ન પડે તેવી રીતે) શબ ચોરી જાય ?

છ. ગભરાઈ ગયેલા શિષ્યો રોમન ચોકીદારોની હાજરીમાં શબ ચોરી જઈ શકે ? સૌથી વધુ હિંમતવાન પિતર હતો, તે પણ સામાન્ય દાસીથી ડરી ગયો હતો, અને ઈસુનો નકાર કર્યો હતો. એ શિષ્ય શબ ચોરવા જઈ શકે ખરો ?

૧૦. રોમન ચોકીદારોએ બધે જૂઠાણાનો પ્રચાર કર્યો કે, ઈસુના શબને શિષ્યો ચોરી લઈ ગયા. ૨૮:૧૫.

૧૧. ઈસુ ખરેખર મરી ગયા હતા. યોહા. ૧૯:૩૪-૪૨.

સિપાઈએ ઈસુની કૂખમાં ભાલો માર્યો, ત્યારે લોહી તથા પાણી નીકળ્યાં. અનુભવી સિપાઈ જાણતો હતો કે મરી ગયેલા માણસમાંથી જ લોહી તથા પાણી નીકળે. (આ સંબંધી વધારે જાણવા - સમજવા માટે જુઓ આ જ લેખકનું પુસ્તક 'બાઇબલ અભ્યાસ', ભાગ-૧, પ્રશ્ન 'ઈસુના મૃત્યુનું કારણ શું?' 'બાઇબલ અભ્યાસ'. ભાગ-૩, પ્રશ્ન : "લોહી તથા પાણી કેમ નીકળ્યાં ?")

ક. મુસ્લિમ ભાઈઓ એમ કહે છે કે ઈસુ ક્રૂસ પર મરી ગયા નહોતા, પણ ખુદાએ ઈસુને બદલે બીજા કોઈને ત્યાં ઊભો રાખ્યો હતો. પણ આ વાત ગળે ઊતરે તેવી નથી. ઈસુ તો પૃથ્વી પર મરવા માટે જ દેહધારી થઈને આવ્યા હતા.

ખ. કેટલાક કહે છે કે ઈસુએ પ્રાણાયામ કરીને પ્રાણને ઘૂંટી રાખ્યો હતો, પણ બીજાઓને લાગ્યું કે એ મરી ગયા છે. પછી રાત્રે પ્રાણ પાછો દેહમાં લાવીને કબરમાંથી નીકળી આવ્યા. આ વાત પણ માનવા જેવી નથી. (જેમના પગોમાં ને હાથોમાં કાણાં પડી ગયાં છે, કૂખ વીંધાયેલી છે, પીઠ લોહી અને માંસથી ખરડાયેલી છે, અને માથામાં કાંટાની તીવ્ર વેદના છે, તેવા ઈસુ કબર પરના વજનદાર પથ્થરને હડસેલીને કેવી રીતે બહાર નીકળી શકે, અને ચાલીને શહેરમાં જઈ શકે ?) બાઇબલ કહે છે કે, "ઈસુએ સરકો લીધા પછી કહ્યું કે, સંપૂર્ણ થયું. અને માથું નમાવીને તેણે પ્રાણ છોડયો" યોહા. ૧૯:૩૦. ધારો કે, ઈસુ મરી ગયા ન હોત તો પણ સિપાઈનો ભાલો કૂખમાં અને હૃદયમાં વાગવાથી તે મરી ગયા હોત.

૧૨. પ્રભુ ઈસુને સાચે સાચ દફનાવવામાં આવ્યા હતા. માર્ક ૧૫:૪૨-૪૭.

૧૩. પ્રભુ ઈસુનું શબ ચોરવામાં આવ્યું નહોતું.

ક. ઈસુના વેરીઓએ ધારો કે શબ ચોર્યું હોત તો, "ઈસુનું શબ આ રહ્યું ! તે ઊઠયા નથી જ"એમ પુરવાર કરવા તેઓએ જ શબ હાજર કર્યું હોત.

ખ. ઈસુના સંબંધીઓએ ધારો કે શબ ચોર્યું હોત તો 'ઈસુ ઉઠયા છે' તે પ્રકારના જૂઠાણાનો તેઓ પ્રચાર કરી શક્યા ન હોત, અને ઈસુના નામને લીધે તથા સુવાર્તાની સત્યતાને લીધે મરવા તૈયાર થયા ન હોત.

૧૪. કેટલાક કહે છે કે ઈસુ ઊઠયા નહોતા, અને લોકોને થયેલા દર્શન માત્ર **આભાસ** હતો. પણ અવિશ્વાસી થોમાને **આભાસ** કેવી રીતે દેખાય ? અને એકસામટા ૫૦૦ જણને **આભાસ** એક સાથે દેખાય ખરો ?

૧૫. કેટલાક કહે છે કે ઈસુના પુનરુત્થાનની વાત એક બનાવટ છે. તો પછી નિરાશકળણમાં ડૂબી ગયેલા શિષ્યોમાં ત્રણ જ દિવસમાં અજાયબ પરિવર્તન કેવી રીતે આવ્યું ? તેઓ મહા આનંદ કેવી રીતે પામ્યા ? તદ્દન ડરપોક બની ગયેલા શિષ્યો એકદમ આસમાની હિંમતવાળા કેવી રીતે બની ગયા ? – એટલે સુધી કે અધિકારીઓ અને આગેવાનો આગળ તેઓ હિંમતથી બોલી શકતા કે 'તમે ઈસુને મારી નાખ્યા !' બીકણપણામાંથી તેઓ કેવા અણનમ સાક્ષીઓ બની ગયા !

૧૬. વ્યક્તિઓને નવો જન્મ પમાડીને નવા જ બનાવે, પાપમય જીવન ગાળનારાઓને વિજયવાન જીવન બક્ષે એવા ખ્રિસ્તીમાર્ગનું આ એક જ રહસ્ય છે કે પ્રભુ ઈસુ મૃત્યુંજય બનીને કબરમાંથી ઊઠયા.

૧૭. તારસસના શાઉલને પલટી નાખનાર ખ્રિસ્તના પુનરુત્થાનનું સામર્થ્ય જ છે.

**૨. પ્રભુ ઈસુએ પુનરુત્થાન પછી કોને કોને દર્શન આપ્યાં :**

૧. માગ્દાલાની મરિયમને. યોહા. ૨૦:૧૧-૧૮, માર્ક ૧૬:૯.

૨. કબરેથી પાછી ફરતી સ્ત્રીઓને. માથ્થી ૨૮:૮-૧૦.

૩. એ જ દિવસે પાછળથી પિતરને. લૂક ૨૪:૩૪, ૧ કોરિંથી ૧૫:૫.

૪. ઐમાઉસ જતા બે શિષ્યોને. લૂક ૨૪:૧૩-૩૩.

૫. થોમા સિવાયના પ્રેરિતો (શિષ્યો)ને. લૂક ૨૪:૩૬-૪૩. યોહા. ૨૦:૧૯-૨૪.

૬. થોમા સહિત બધા પ્રેરિતો (શિષ્યો)ને. યોહા. ૨૦:૨૬-૨૯.

૭. તિબેરિયસ સમુદ્રને કાંઠે સાત શિષ્યોને. યોહા. ૨૧:૧-૨૩.

૮. ગાલીલના એક પર્વત પર મોટા સમુદાયને. ૧ કોરિંથી ૧૫:૬.

૯. યાકોબને. ૧ કોરિંથી ૧૫:૭.

૧૦. અગિયાર શિંષ્યોને. માથ્થી ૨૮:૧૬-૨૦, માર્ક ૧૬:૧૪-૨૦, લૂક ૨૪:૩૩-૫૩, પ્રે.કૃ. ૧:૩-૧૨.

૧૧. સ્વર્ગારોહણ સમયે ઊભેલાઓને. પ્રે.કૃ.૧૩:૩-૧૨.

૧૨. પાઉલને દમસ્કને રસ્તે. પ્રે.કૃ. ૯:૩-૬, ૧ કોરિંથી ૧૫:૮.

૧૩. સ્તેફનને. પ્રે.કૃ. ૭:૫૫.

૧૪. મંદિરમાં પાઉલને પ્રે.કૃ. ૨૨:૧૭-૨૧, ૨૩:૧૧.

૧૫. યોહાનને પાત્મસ ટાપુ પર. પ્રકટી. ૧:૧૦-૧૯.

## XXIII પ્રભુ ઈસુ વિશેની ભવિષ્યવાણીઓ અને તેઓનું પૂર્ણ થવું

| વિષય | ભવિષ્યવાણી | પરિપૂર્ણતા |
|---|---|---|
| સ્ત્રીનું સંતાન | ઉત્પ. ૩:૧૫<br>"તારી અને સ્ત્રીની વચ્ચે, તથા તારા સંતાનની ને તેના સંતાનની વચ્ચે હું વેર કરાવીશ. તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે." | ગલાતી ૪:૪ (લૂક ૨:૭)<br>"પણ સમય પૂરો થયો,ત્યારે ઈશ્વરે સ્ત્રીથી જન્મેલો, અને નિયમને આધીન જન્મેલો, એવો પોતાનો પુત્ર મોકલ્યો." |
| અબ્રાહમનું સંતાન | ઉત્પ. ૧૨:૩<br>"જેઓ તને આશીર્વાદ આપે તેઓને હું આશીર્વાદ આપીશ, ને જેઓ તને શાપ આપે, તેઓને હું શાપ આપીશ; ને તારામાં પૃથ્વીનાં સર્વ કુટુંબ આશીર્વાદ પામશે." | માથ્થી ૧:૧<br>"ઈસુ ખ્રિસ્ત જે દાવિદનો દીકરો, જે અબ્રાહમનો દીકરો, તેની વંશાવળી." |

| | | |
|---|---|---|
| **ઈસહાકનું સંતાન** | ઉત્પ. ૧૭:૧૯<br>અને ઈશ્વરે કહ્યું કે, તારી સ્ત્રી સારાહ ખરેખર તારે માટે દીકરાને જન્મ આપશે, અને તું તેનું નામ ઈસહાક પાડશે અને તેની સાથે તેના પછીના તેના વંશજોને માટે હું મારો કરાર સદાના કરાર તરીકે કરીશ." | લૂક ૩: ૩૪<br>"જે યાકોબનો (દીકરો), જે ઈસહાકનો, જે અબ્રાહમનો..." |
| **યાકોબનો દીકરો** | ગણના ૨૪:૧૭<br>"હું તેને જોઉં છું, પણ હમણાં નહિ ! હું તેને દેખું છું, પણ સન્નિધ નહિ. યાકોબમાંથી તારો ઝબકી નીકળશે, અને ઈઝરાયલમાંથી રાજદંડ ઊભો થશે, અને મોઆબના ખૂણાઓને વીંધી નાખશે, અને શેથના સર્વ દીકરાઓનો નાશ કરશે." | **માથ્થી ૧:૨** (ઈસુની વંશાવળી)<br>"અબ્રાહામથી ઈસહાક થયો, અને ઈસહાકથી યાકોબ થયો, અને યાકોબથી યહૂદા તથા તેના ભાઈઓ થયાં." |
| **યહૂદાના કુળનો** | ઉત્પ. ૪૯:૧૦<br>શીલોહ (ઈસુ ખ્રિસ્ત) નહિ આવે ત્યાં સુધી યહૂદામાંથી રાજદંડ ખસશે નહિ, ને તેના પણ | લૂક. ૩:૩૩-૩૪ (ઈસુની વંશાવળી)<br>જે અમીનાદાબનો, જે અરનીનો, જે હેઝરોનનો, જે પેરેસનો, જે યહૂદાનો, જે |

| | | |
|---|---|---|
| | મધ્યેથી અધિકારીની છડી જતી રહેશે નહિ. | યાકોબનો, જે ઈસહાકનો, જે અબ્રાહમનો. |
| **દાવિદની ગાદીનો વારસદાર** | **યશાયા ૯:૭**<br>દાવિદના રાજ્યાસન ઉપર, ને તેના રાજ્ય ઉપર, તેને ઈન્સાફ તથા ન્યાયીપણાથી તે સમયથી તે સર્વકાળ માટે સ્થાપવા તથા દૃઢ કરવા માટે તેની સત્તાની વૃદ્ધિનો તથા શાંતિનો પાર રહેશે નહિ. સૈન્યોના ઈશ્વર યહોવાની ઉત્કંઠાથી આ થશે. | **લૂક ૩૧:૨, ૩૪**<br>“તે મોટો થશે, ને પરમોચ્ચ પરમેશ્વરનો દીકરો કહેવાશે અને પ્રભુ પરમેશ્વર તેમને તેમના પિતા દાવિદનું રાજ્યાસન આપશે. તે યાકોબના ઘર પર સર્વકાળ રાજ કરશે, ને તેમના રાજ્યનો અંત આવશે નહિ.” |
| **અભિષિકત અને સનાતન** | **ગી.શા. ૪૫:૬-૭**<br>હે ઈશ્વર, તારું રાજ્યાસન સનાતન છે. તારો દંડ તે યથાર્થ રાજદંડ છે. તને ન્યાયીપણા પર પ્રેમ છે, અને દુષ્ટતા પર દ્વેષ છે; માટે ઈશ્વરે, તારા ઈશ્વરે, તારા સાથીઓ કરતાં તને શ્રેષ્ઠ ગણીને આનંદના તેલથી તને અભિષિક્ત કર્યો છે. | **હિબ્રૂ ૧:૮-૧૨**<br>પણ પુત્ર વિશે તે કહે છે, “ઓ ઈશ્વર, તમારું રાજ્યાસન સનાતન છે; અને તમારો રાજદંડ ન્યાયીપણાનો દંડ છે. તમે ન્યાયીપણા પર પ્રેમ રાખ્યો છે, અને અન્યાય પર દ્વેષ કર્યો છે, એ માટે ઈશ્વરે, એટલે તારા ઈશ્વરે, તને તારા સાથીઓ કરતાં અધિક ગણીને આનંદરૂપી તેલથી અભિષિક્ત કર્યો છે. વળી, |

| | | |
|---|---|---|
| | | ઓ પ્રભુ, આરંભમાં તમે પૃથ્વીનો પાયો નાખ્યો, અને આકાશો તમારા હાથની કૃતિ છે. તેઓ નાશ પામશે, પણ તમે કાયમ રહો છો. વસ્ત્રની જેમ તેઓ સર્વ જીર્ણ થઈ જશે. તમે ઝભ્ભાની જેમ તેઓને વાળી લેશો, અને વસ્ત્રની જેમ તેઓને બદલવામાં આવશે, પણ તમે એવાને એવા જ છો. ને તમારાં વર્ષોનો અંત કદી આવશે નહિ.'' |
| **બેથલેહેમમાં જન્મ થશે** | **મીખાહ ૫:૨**<br>પણ હે બેથલેહેમ એફ્રાથાહ, જોકે તું એટલું બધું નાનું છે કે યહૂદાના ગોત્રોમાં તારી કંઈ ગણતરી નથી, તોપણ તારામાંથી મારે માટે એક એવો પુરુષ ઉત્પન્ન થશે કે, જે ઇઝરાયલમાં અધિકારી થવાનો છે. જેનો પ્રારંભ પુરાતનકાળથી, હા, અનાદિકાળથી છે. | **લૂક ૨:૪, ૫, ૭**<br>અને યોસેફ પણ ગાલીલના નાઝરેથ શહેરમાંથી યહૂદિયા મધ્યે દાવિદનું શહેર જે બેથલેહેમ કહેવાય છે તેમાં પોતાનું તથા પોતાની ગર્ભવતી વેવિશાળી પત્ની મરિયમનું નામ નોંધાવવા ગયો, કેમ કે તે દાવિદના વંશ તથા કુળમાંનો હતો... અને તેને પોતાનો |

| | | |
|---|---|---|
| | | પ્રથમ દીકરો જન્મ્યો, તેણે તેને વસ્ત્રમાં લપેટીને ગભાણમાં સુવાડયો, કારણ કે તેઓને માટે ધર્મશાળામાં કંઈ જગા નહોતી. |
| ક્યારે જન્મશે | **દાનિ. ૯:૨૫-૨૬**<br>એ માટે જાણ તથા સમજ કે, યરુશાલેમની મરામત કરવાનો તથા તેને ફરી બાંધવાનો હુકમ પ્રગટ થયાના વખતથી તે અભિષિક્ત સરદારના વખત સુધીમાં સાત અઠવાડિયાં વીતશે. અને બાસઠ અઠવાડિયામાં, શેરીઓ તથા ખાઈ સહિત, અંધાધૂંધીના સમયોમાં પણ તે ફરી બંધાશે. એ બાસઠ અઠવાડિયાં પછી અભિષિક્ત સરદાર કાપી નંખાશે, ને તેનું કંઈ પણ રહેશે નહિ. | **લૂક ૨:૧, ૨**<br>તે દિવસોમાં કૈસર ઓગસ્તસે એવો ઠરાવ બહાર પાડયો કે સર્વ દેશોના લોકોનાં નામ નોંધાય. કુરીનિયસ સિરિયા પ્રાંતનો હાકેમ હતો, તેના વખતમાં વસ્તીની એ પ્રથમ ગણતરી થઈ હતી. |
| કુંવારી ઉદરે જન્મ | **યશા. ૭:૧૪**<br>તે માટે પ્રભુ પોતે તમને ચિહ્ન આપશે. જુઓ, કુમારી ગર્ભવતી થઈને પુત્રને જન્મ આપશે, | **લૂક ૧:૨૬, ૨૭, ૩૦, ૩૧**<br>છઠ્ઠે મહિને ગ્રાબિયેલ દૂતને નાસરેથ નામે ગાલીલના એક શહેરમાં એક કુમારિકાની |

| | | |
|---|---|---|
| | અને તેનું નામ ઈમ્માનુએલ પાડશે. | પાસે ઈશ્વર તરફથી મોકલવામાં આવ્યો. દાવિદના વંશના, યોસેફ નામે, એક પુરુષ જોડે તેની સગાઈ થઈ હતી; તે કુમારિકાનું નામ મરિયમ હતું...<br>...દૂતે તેને કહ્યું કે, "હે મરિયમ, બી મા; કેમ કે તું ઈશ્વરથી કૃપા પામી છે. જો, તને ગર્ભ રહેશે ને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે." |
| **બાળકોનો સંહાર** | **યિર્મે. ૩૧:૧૫**<br>પ્રભુ કહે છે કે, રુદનનો, મોટા વિલાપનો સાદ રામામાં સાંભળવામાં આવે છે. રાહેલ પોતાનાં છોકરાંને લીધે રડે છે, અને તે પોતાનાં છોકરાં સંબંધી દિલાસો લેવા ના પાડે છે, કેમકે તેઓ હતાં નહોતાં થયાં છે. | **માથ્થી ૨:૧૬-૧૮**<br>જ્યારે હેરોદને માલૂમ પડયું કે માગીઓએ મને ઠગ્યો, ત્યારે તે ઘણો ગુસ્સે થયો, ને માણસો મોકલીને જે વેળા સંબંધી તેણે માગીઓની પાસેથી ચોકસાઈથી ખબર મેળવી હતી તે વેળા પ્રમાણે બે વર્ષનાં તથા તેથી નાનાં જેટલાં બાળકો બેથલેહેમમાં તથા તેની બધી સીમોમાં હતાં, તેઓ સર્વને તેણે મારી |

| | | |
|---|---|---|
| | | નંખાવ્યાં. ત્યારે યિર્મેયા પ્રબોધકે જે કહ્યું હતું તે પૂરું થયું કે રડવાનો તથા મોટા વિલાપનો પોકાર રામામાં સંભળાશે. એટલે રાહેલ પોતાનાં બાળકો માટે રડતી, ને તે દિલાસો પામવાને નહોતી ચાહતી, કેમ કે તેઓ નથી. |
| **મિસરમાં નાસી જવું** | **હોશિ. ૧૧:૧**<br>ઈઝરાયલ બાળક હતો ત્યારે હું તેના પર પ્રેમ રાખતો હતો, ને મારા પુત્રને મેં મિસરમાંથી બોલાવ્યો. | **માથ્થી ૨:૧૪, ૧૫**<br>ત્યારે તે ઊઠીને બાળક તથા તેની માને લઈને રાત્રે મિસરમાં ગયો અને હેરોદના મરણ સુધી તે ત્યાં રહ્યો, એ માટે કે પ્રભુએ પ્રબોધકની મારફતે જે કહાવ્યું હતું તે પૂરું થાય કે મિસરમાંથી મેં મારા દીકરાને બોલાવ્યો. |
| **માર્ગ તૈયાર કરવામાં આવ્યો** | **યશા. ૪૦:૩-૫**<br>સાંભળો, કોઈ એવું પોકારે છે કે, જંગલમાં પ્રભુનો માર્ગ તૈયાર કરો, અરણ્યમાં આપણા ઈશ્વરને માટે સડક સીધી કરો. સર્વ નીચાણ ઊંચું કરવામાં આવશે, ને સર્વ પર્વત તથા | **લૂક ૩:૩-૬**<br>તે યર્દનની આસપાસમાં આખા પ્રદેશમાં પાપની માફીને સારુ પસ્તાવાનું બાપ્તિસ્મા પ્રગટ કરતો આવ્યો. યશાયા પ્રબોધકનાં વચનોના પુસ્તકમાં લખેલું છે કે, અરણ્યમાં |

ડુંગર નીચે કરવામાં આવશે. ખરબચડી જગાઓ સરખી, ને ખાડાટેકરા સપાટ મેદાન થઈ જશે. પ્રભુનું ગૌરવ પ્રગટ થશે, ને સર્વ માણસો તે જોશે, કેમ કે એ પ્રભુના મુખનું વચન છે.

ઘાંટો પાડનારની વાણી કે, પ્રભુનો માર્ગ તૈયાર કરો, તેના રસ્તા સીધા કરો. હરેક નીચાણ પુરાશે, હરેક પહાડ તથા ટેકરો નીચા કરાશે, વાંકું સીધું કરવામાં આવશે, ખાડાટેકરાવાળા માર્ગ સપાટ થશે; અને સર્વ દેહધારી ઈશ્વરનો ઉદ્ધાર જોશે.

**છડીદાર પહેલો આવીને છડી પોકારશે.**

માલાખી ૩:૧

જુઓ, હું મારા દૂતને મોકલું છું ને તે મારી આગળ માર્ગ તૈયાર કરશે, અને જે પ્રભુને તમે શોધો છો, તે પોતાના મંદિરમાં અકસ્માત્ આવશે, એટલે કરારનો દૂત જેનામાં તમે આનંદ માનો છો, જુઓ, તે આવે છે, એમ સૈન્યોનો ઈશ્વર પ્રભુ કહે છે.

લૂક ૭:૨૪-૨૭

યોહાનના સંદેશવાહકો ત્યાં ગયા પછી તે લોકોને યોહાન સંબંધી પૂછવા લાગ્યો કે "તમે અરણ્યમાં શું જોવા ગયા હતા ? શું પવનથી હાલતા બરુને ? પણ તમે શું જોવા ગયા હતા?... જેના સંબંધી એમ લખેલું છે કે, જો, હું મારા દૂતને તારા મોં આગળ મોકલું છું કે, જે તારી આગળ તારો માર્ગ સિદ્ધ કરશે, તે એ જ છે."

| | | |
|---|---|---|
| **ઈસુની આગળ 'ઓલિયા' આવશે** | **માલાખી ૪:૫-૬**<br>જુઓ, પ્રભુનો મહાન તથા ભયંકર દિવસ આવે તે પહેલાં હું તમારી પાસે એલિયા પ્રબોધકને મોકલી દઈશ. તે પિતાઓનાં મન પુત્રો તરફ ને પુત્રોનાં મન પોતાનાં પિતૃઓ તરફ ફેરવશે, રખેને હું આવીને પૃથ્વીને શાપથી મારું. | **માથ્થી ૧૧:૧૩, ૧૪**<br>કેમ કે બધા પ્રબોધકોએ તથા નિયમશાસ્ત્રે યોહાન સુધી પ્રબોધ કર્યો છે. અને જો તમે માનવા ચાહો તો એલિયા જે આવનાર છે તે એ જ છે. |
| **તેમને ઈશ્વરના દીકરા તરીકે જાહેર કરવામાં આવશે** | **ગીતશાસ્ત્ર ૨:૭**<br>હું તો એ ઠરાવ જાહેર કરીશ : પ્રભુએ મને કહ્યું કે "તું મારો પુત્ર છે, આજે મેં તને જન્મ આપ્યો છે." | **માથ્થી ૩:૧૭**<br>અને જુઓ, એવી આકાશવાણી થઈ કે, "આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું." |
| **ગાલીલમાંની સેવા** | **યશા. ૯:૧-૨**<br>પરંતુ જે ભૂમિ પર સંકટ પડયું હતું તેમાં અંધારું રહેશે નહિ. પ્રથમ તેણે ઝબુલોન તથા નફતાલીના દેશને તિરસ્કારપાત્ર કરી નાખ્યો હતો પણ છેવટે તેને, એટલે સમુદ્ર તરફના | **માથ્થી ૪:૧૩-૧૬**<br>અને નાઝરેથ મૂકીને ઝબૂલોનની તથા નફતાલીની સીમમાંનો સમુદ્ર પાસેના કાપરનાહૂમમાં તે આવી રહ્યા, એ માટે કે યશાયા પ્રબોધકે જે કહ્યું હતું તે પૂરું થાય કે, |

રસ્તા પર યર્દનને પેલે પાર જે વિદેશીઓના પ્રાંત છે તેને તેણે પ્રતિષ્ઠિત કર્યો છે. અંધકારમાં ચાલનારા લોકોએ મહાન પ્રકાશ જોયો છે. મરણછાયાના દેશમાં વસનારા પર અજવાળું પ્રકાશ્યું છે.

'ઝબુલોનના પ્રાંતના તથા નફતાલીના પ્રાંતના યર્દન પાસેના સમુદ્રના રસ્તાઓમાં, એટલે વિદેશીઓના ગાલીલમાંના જે લોકો અંધકારમાં બેઠેલા હતા, તેઓને મોટો પ્રકાશ જોયો, ને મરણસ્થાનમાં તથા મરણછાયામાં જેઓ બેઠેલા હતા, તેમના પર અજવાળું પ્રકાશ્યું.

**તે દ્દષ્ટાંતોમાં બોલે છે**

**ગીતશાસ્ત્ર ૭૮:૨-૪**

હું દ્દષ્ટાંત કહીને મારું મુખ ઉઘાડીશ, હું પૂરાણી ગૂઢ વાતો ઉચ્ચારીશ, કે જે આપણે સાંભળી તથા જાણી છે, જે આપણા પૂર્વજોએ આપણને કહી છે. પ્રભુનાં સ્તોત્ર, તેનું સામર્થ્ય તથા તેના કરેલાં આશ્ચર્યકારક કામો આવતી પેઢીને જાહેર કરીને તેઓના દીકરાઓથી આપણે તે સંતાડીશું નહિ.

**માથ્થી ૧૩:૩૪, ૩૫**

એ બધી વાતો ઈસુએ લોકોને દ્દષ્ટાંતોમાં કહી. અને દ્દષ્ટાંત વગર તેમને તેઓને કંઈ કહ્યું નહિ; એ માટે કે પ્રબોધકે જે કહ્યું હતું તે પૂરું થાય કે "હું મારું મોં ઉઘાડીને દ્દષ્ટાંતો કહીશ, ને જગતનો પાયો નાખ્યાના વખતથી જે છાનાં રખાયાં છે તે હું પ્રગટ કરીશ."

| | | |
|---|---|---|
| **પ્રબોધક** | **પુનર્નિયમ ૧૮:૧૫**<br>પ્રભુ તારા પરમેશ્વર તારે માટે, તારી મધ્યેથી, તારા ભાઈઓમાંથી મારા જેવો એક પ્રબોધક ઊભો કરશે. તેનું તમારે સાંભળવું. | **પ્રે.કૃ. ૩:૨૦, ૨૨**<br>અને ખ્રિસ્ત, જેમને તમારે માટે ઠરાવવામાં આવ્યા છે, તેમને, એટલે ઈસુને, તે મોકલે. ..મોશેએ તો કહ્યું હતું કે "પ્રભુ પરમેશ્વર તમારા ભાઈઓમાંથી મારા જેવા એક પ્રબોધકને તમારે સારુ ઊભો કરશે, તે જે કંઈ તમને કહે તે બધી બાબતો વિશે તમારે તેનું સાંભળવું." |
| **ભગ્નહૃદયોને સાજાં કરનાર** | **યશા. ૬૧:૧,૨**<br>પ્રભુ પરમેશ્વરનો આત્મા મારા પર છે; કારણ કે દીનોને વધામણી કહેવા માટે પ્રભુએ મને અભિષિક્ત કર્યો છે; ભગ્ન હૃદયોવાળાને સાજા કરવા માટે, બંદીવાનોને છુટકારાની તથા કેદીઓને કેદખાનું ઉઘડવાની ખબર પ્રસિદ્ધ કરવા માટે... | **લૂક ૪:૧૮, ૧૯, ૨૧**<br>પ્રભુનો આત્મા મારા પર છે, કેમ કે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા માટે તેણે મારો અભિષેક કર્યો છે. બંદીખાનોને છૂટકો તથા આંધળાઓને દૃષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થયેલાઓને છોડાવવા તથા પ્રભુનું માન્ય વર્ષ પ્રગટ કરવા માટે તેણે મને મોકલ્યો છે... "આજે આ ધર્મલેખ તમારા સાંભળતા પૂરો થયો છે." |

| | | |
|---|---|---|
| **તેમના પોતાના યહૂદી લોકોએ તેમનો ત્યાગ કર્યો** | **યશા. ૫૩:૩**<br>તે માણસોથી ધિક્કારાયેલો તથા તજાયેલો હતો; દુ:ખી પુરુષ અને દરદનો અનુભવી, ને જેને જોઈને આપણે મુખ અવળું ફેરવીએ, એવો તે ધિક્કાર પામેલો હતો, ને આપણે તેની કદર બૂજી નહિ. | **યોહાન ૧:૧૧**<br>તે પોતાની પાસે આવ્યા, પણ પોતાના લોકોએ તેમનો અંગીકાર કર્યો નહિ.<br>**લૂક ૨૩:૧૮**<br>પણ તેઓએ સામટો મોટો ઘાંટો પાડીને કહ્યું કે, "એને લઈ જાઓ" અને બરબ્બાસને અમારે માટે છોડી દો." |
| **મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે સનાતન યાજક** | **ગીતશાસ્ત્ર ૧૧૦:૪**<br>પ્રભુએ સમ ખાધા, તે પસ્તાવો કરશે નહિ કે, તું મલ્ખીસેદેકના ધારા પ્રમાણે સનાતન યાજક છે. | **હિબ્રૂ ૫:૫-૬**<br>એ જ રીતે ખ્રિસ્તે પણ પ્રમુખ યાજક થવાનું માન પોતે લીધું નહિ, પણ જેમણે તેમને કહ્યું કે, "તું મારો દીકરો છે, આજે મેં તને જન્મ આપ્યો છે," તેમણે તેમને તે માન આપ્યું વળી તે જ પ્રમાણે બીજે સ્થળે પણ તે કહે છે કે, "મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે તું સનાતન યાજક છે." |

| | | |
|---|---|---|
| **વિજયવંત પ્રવેશ** | **ઝખાર્યા ૯:૯**<br>હે સિયોનની પુત્રી, બહું આનંદ કર; હે યરુશાલેમની પુત્રી, જય પોકાર કર. જો, તારો રાજા તારી પાસે આવે છે. તે ન્યાયી તથા ઉદ્ધાર સાધનાર છે. તે નમ્ર છે અને ગધેડા પર, હા, ખોલા એટલે ગધેડીના વછેરા પર સવાર થઈને આવે છે. | **માર્ક ૧૧:૭, ૯**<br>અને તેઓ વછેરાને ઈસુની પાસે લાવ્યા, ને તેના પર પોતાના વસ્ત્ર નાંખ્યા, ને તેના પર તે બેઠા.. અને આગળપાછળ ચાલનારાઓને બૂમ પાડીને કહ્યું કે, "હોસાન્ના પ્રભુને નામે જે આવે છે તેને ધન્ય છે... (જુઓ માથ્થી ૨૧:૧-૧૧). |
| **બાળકોને મુખે સ્તુતિ** | **ગીતશાસ્ત્ર ૮:૨**<br>તારા શત્રુઓને લીધે તેં બાળકોને તથા ધાવણાંઓને મોઢે તારું બળ પ્રગટ કર્યું છે કે, શત્રુને તથા વેરીને તું શાંત પાડે. | **માથ્થી ૨૧:૧૫, ૧૬**<br>પણ જે ચમત્કારો તેમણે કર્યા, તથા જે છોકરાં મંદિરમાં મોટે અવાજે દાવિદના દીકરાને હોસાન્ના કહેતા હતાં, તેઓને જ્યારે મુખ્ય યાજકોએ તથા શાસ્ત્રીઓએ જોયાં, ત્યારે તેઓ બહુ ગુસ્સે થયા. અને તેઓએ તેમને કહ્યું કે, "તેઓ શું કહે છે તે શું તમે સાંભળો છો ?" ત્યારે ઈસુ તેઓને કહે છે કે, "હા, બાળકોનાં તથા ધાવણાંઓના મોંથી તેં સ્તુતિ સંપૂર્ણ કરાવી |

| | | |
|---|---|---|
| | | છે એ શું તમે કદી નથી વાંચ્યું ?” |
| **વિશ્વાસ કર્યો નહિ** | **યશાયા ૫૩:૧**<br>આપણને જે કહેવામાં આવ્યું છે તે કોણે માન્યું છે ? અને પ્રભુનો હાથ કોની આગળ પ્રગટ થયો છે ? | **યોહાન ૧૨:૩૭, ૩૮**<br>તેમણે આટલા બધા ચમત્કારો તેઓના દેખતાં કર્યા હતા, તોપણ તેઓએ તેમના પર વિશ્વાસ કર્યો નહિ. યશાયા પ્રબોધકનું વચન પૂરું થાય કે, પ્રભુ, અમને જે કહેવામાં આવ્યું છે તે કોણે માન્યું છે? અને પ્રભુનો હાથ કોની આગળ પ્રગટ થયેલો છે ? |
| **ખાસ મિત્ર ઈસુને પરસ્વાધીન કરાવે છે** | **ગીતશાસ્ત્ર ૪૧:૯**<br>હા, મારો ખાસ મિત્ર, જેનો મને ભરોસો હતો, જે મારી રોટલી ખાતો હતો, તેણે મારી સામે લાત ઉગામી છે. | **લૂક ૨૨:૪૭, ૪૮**<br>તે હજી બોલતા હતા એટલામાં તો ઘણા લોકો આવ્યા અને યહૂદા કરીને બારમાંનો એક તેઓની આગળ ચાલતો હતો, તે ઈસુને ચુંબન કરવા માટે તેની પાસે આવ્યો. પણ ઈસુએ તેને પૂછ્યું, “યહૂદા, શું તું માણસના દીકરાને ચુંબન કરીને પરસ્વાધીન કરે છે ?” (વળી જુઓ યોહાન ૧૩:૨૪-૨૭). |

| | | |
|---|---|---|
| **ત્રીસ રૂપિયામાં પરસ્વાધીન** | **ઝખાર્યા ૧૧:૧૨, ૧૩**<br>મેં તેઓને કહ્યું, "જો તમને ઠીક લાગતું હોય તો મને મારો પગાર આપો. અને જો ન લાગતું હોય, તો રહેવા દો." ત્યારે તેઓએ મારા પગારના ત્રીસ રૂપિયા તોળી આપ્યા. પછી પ્રભુએ મને કહ્યું કે, "તેઓએ તારું મોટું મૂલ્ય કર્યું છે તે કુંભારની પાસે ફેંકી દે." અને મેં તે ત્રીસ રૂપિયા લઈ તેમને કુંભારની પાસે પ્રભુના મંદિરમાં ફેંકી દીધા. | **માથ્થી ૨૬:૧૪, ૧૫**<br>ત્યારે યહૂદા ઈશ્કારિયોત નામે તે બારમાં એકે મુખ્ય યાજકોની પાસે જઈને કહ્યું કે, "હું તેને તમારે સ્વાધીન કરું તો તમે મને શું આપવા રાજી છો ?" અને તેઓએ તેને ત્રીસ રૂપિયા તોળી આપ્યાં. પ્રેરિતોના કૃત્યો ૧:૧૮, માથ્થી ૨૭:૭, ૮. |
| **જૂઠા સાક્ષીઓએ તહોમત મૂક્યાં** | **ગીતશાસ્ત્ર ૩૫:૧૧**<br>જૂઠા સાક્ષીઓ ઊભા થાય છે. હું જાણતો નથી તે બાબત વિશે તેઓ મને પૂછે છે. | **માર્ક ૧૪:૫૭, ૫૮, ૫૯**<br>કેટલાકે ઊભા રહીને તેમની વિરુદ્ધ જૂઠી સાક્ષી પૂરતા કહ્યું કે, "અમે તેને એમ કહેતાં સાંભળ્યો કે, હાથે બનાવેલા આ મંદિરને હું પાડી નાખીશ, અને ત્રણ દિવસમાં વગર હાથે બનેલું હોય એવું બીજું મંદિર બાંધીશ." એમાં પણ તેઓની સાક્ષી મળતી નહોતી. |

| | | |
|---|---|---|
| જૂઠા સાક્ષીઓ સામે ઈસુ મૂંગા રહ્યા | **યશાયા ૫૩:૭**<br>તેના પર જુલમ ગુજારવામાં આવ્યો તો પણ તેણે નમ્ર થઈને પોતાનું મોં ઉઘાડયું નહિ. હલવાન વધ કરવા માટે લઈ જવામાં આવે છે તેના જેવો, અને ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે, તેના જેવો તે હતો. તેણે તો પોતાનું મોં ઉઘાડયું જ નહિ. | **માર્ક ૧૫:૪, ૫**<br>પિલાતે ફરી તેમને પૂછ્યું કે, "તું કંઈ જ ઉત્તર દેતો નથી ? જો, તેઓ તારા પર કેટલાં બધા તહોમત મૂકે છે !" પણ ઈસુએ બીજો કંઈ ઉત્તર આપ્યો નહિ, જેથી પિલાતને આશ્ચર્ય લાગ્યું. |
| મોં ઉપર થૂંક્યા અને લપડાકો મારી | **યશાયા ૫૦:૬**<br>મેં મારનારની આગળ મારી પીઠ, તથા વાળ ખેંચી કાઢનારાની આગળ મારા ગાલ ધર્યા; અપમાન તથા થૂ કરતા છતાં મેં મારું મુખ ઢાંકી દીધું નહિ. | **માથ્થી ૨૬:૬૭**<br>ત્યારે તેઓએ તેમના મોં પર થૂંકીને તેમને મુક્કીઓ મારી; અને બીજાઓએ તેમને થબડાકો મારી.. |
| વિના કારણ દ્વેષ રાખ્યો | **ગીતશાસ્ત્ર ૩૫:૧૯**<br>જેઓ ગેરવાંજબી રીતે મારા શત્રુઓ થયા છે, તેઓ મારા પર આનંદ ન કરો. જેઓ વિના કારણ મારો દ્વેષ કરે છે તેઓ આંખના | **યોહાન ૧૫:૨૪, ૨૫**<br>"...જે કામો બીજા કોઈએ કર્યાં નથી, તે જો મેં તેઓ મધ્યે ન કર્યાં હોત, તો તેઓને ખપ ન લાગત. પણ હવે તેઓએ મને તથા મારા |

| | | |
|---|---|---|
| | મિચકારા ન મારો. | પિતાને પણ જોયા છે, અને દ્વેષ રાખ્યો છે પણ તેઓના નિયમશાસ્ત્રમાં લખેલું છે કે, તેઓએ વિનાકારણ મારા પર દ્વેષ રાખ્યો છે, તે પૂર્ણ થવા માટે એમ થયું.'' |
| **બીજાંઓની ખાતર બલિદાન બન્યા** | **યશાયા ૫૩:૫**<br>પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે. | **રોમન ૫:૬, ૮**<br>કેમ કે આપણે હજી નિર્બળ હતા, એટલામાં યોગ્ય સમયે ખ્રિસ્ત અધર્મીઓને માટે મરણ પામ્યા... પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે માટે મરણ પામ્યા. |
| **અપરાધીઓની સાથે ક્રૂસે જડાયો** | **યશાયા ૫૩:૧૨**<br>તે માટે હું મહાન પુરુષોની સાથે તેને હિસ્સો વહેંચી આપીશ, અને પરાક્રમીઓની સાથે તે લૂંટ વહેંચશે; કારણ કે તેણે પોતાનો આત્મા મરણ પામતાં સુધી રેડી દીધો, અને તે અપરાધીઓમાં ગણાયો... | **માર્ક ૧૫:૨૭, ૨૮**<br>તેમની સાથે તેઓએ બે લૂંટારાને ક્રૂસે જડયા; એકને તેમની જમણી તરફ ને બીજાને તેની ડાબી તરફ. તે અપરાધીઓમાં ગણાયો, એવું જે શાસ્ત્રવચન તે પૂરું થયું. |

| | | |
|---|---|---|
| **હાથો અને પગો વીંધાયા** | **ઝખાર્યા ૧૨:૧૦**<br>હું દાવિદના વંશજો પર તથા યરુશાલેમના રહેવાસીઓ પર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ, અને મને, જેને તેઓએ વીંધ્યો છે, તેની તરફ તેઓ જોશે... | **યોહાન ૨૦:૨૫**<br>પણ તેણે (થોમાએ) તેઓને કહ્યું કે તેમના હાથમાં ખીલાઓના વેહ જોયા વિના તથા મારી આંગળી ખીલાઓના વેહમાં મૂક્યા વિના તથા તેમની કૂખમાં મારો હાથ ઘાલ્યા વિના હું વિશ્વાસ કરવાનો જ નથી. (વળી જુઓ યોહા. ૨૦:૨૭). |
| **ઈસુના ઠઠ્ઠા અને મશ્કરી કર્યાં** | **ગીતશાસ્ત્ર ૨૨:૭, ૮**<br>જેઓ મને જુએ છે તેઓ બધા મારી હાંસી કરે છે. તેઓ મોં મરડીને અને ડોકું ધુણાવીને કહે છે, "તું પોતાને પ્રભુના હાથમાં સોંપ; તે તને છોડાવે. તે તેના પર રાજી છે, માટે તે તેને બચાવે." | **લૂક ૨૩:૩૫, ૩૬**<br>લોકો જોતા ઊભા હતા. અધિકારીઓ પણ તેમનો તુચ્છકાર કરીને કહેતા હતા કે, "તેણે બીજાઓને બચાવ્યા. જો તે ઈશ્વરનો ખ્રિસ્ત એટલે તેમનો પસંદ કરેલો હોય તો તે પોતાને બચાવે." સિપાઈઓએ પણ ઠઠ્ઠા કર્યા. |
| **ઈસુની નિંદા કરવામાં આવી** | **ગીતશાસ્ત્ર ૬૯:૯**<br>તારી નિંદા કરનારાઓની નિંદા મારા પર આવી પડી છે. | **રોમન ૧૫:૧૩ક**<br>કેમ કે ખ્રિસ્ત પોતે પણ પોતાની મરજી પ્રમાણે કરતા નહોતા; પણ લખ્યા પ્રમાણે તેમને થયું, |

| | | |
|---|---|---|
| | | એટલે, "તારી નિંદા કરનારાઓની નિંદા મારા આવી પડી. |
| **પોતાના વેરીઓ માટે પ્રાર્થના કરી** | **ગીતશાસ્ત્ર ૧૦૯:૪**<br>મારા પ્રેમના બદલામાં તેઓ મારા શત્રુ થયા છે. પણ હું તો પ્રાર્થના જ કર્યા કરું છું. | **લૂક ૨૩:૩૪**<br>ઈસુએ કહ્યું, "હે પિતા, તેઓને માફ કરો કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી." |
| **ઈસુનાં વસ્ત્રો માટે સિપાઈઓ ચિઠ્ઠી નાખે છે** | **ગીતશાસ્ત્ર ૨૨:૧૮**<br>તેઓ અંદર અંદર મારા વસ્ત્ર વહેંચી લે છે, અને મારા ઝભ્ભાને માટે તેઓ ચિઠ્ઠી નાખે છે. | **માથ્થી ૨૭:૩૫, ૩૬**<br>અને તેમને ક્રૂસે જડયા પછી તેઓએ ચિઠ્ઠી નાખીને તેમના વસ્ત્ર અંદર અંદર વહેંચી લીધાં. પછી તેઓએ ત્યાં બેસીને તેમની ચોકી કરી. |
| **ઈશ્વરે ઈસુને તજી દીધા** | **ગીતશાસ્ત્ર ૨૨:૧**<br>હે મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ તજી દીધો છે ? મને સહાય કરવાને તથા મારો વિલાપ સાંભળવાને તમે એટલે છેટે કેમ રહો છો ? | **માથ્થી ૨૭:૪૩**<br>અને આશરે નવમા કલાકે ઈસુએ મોટે અવાજે બૂમ પાડી કે, "એલી, એલી, લમા શબક્થની" એટલે, "ઓ મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ મૂકી દીધો છે ?" |
| **તેમને પિત્ત અને સરકો આપ્યાં** | **ગીતશાસ્ત્ર ૬૯:૨૧**<br>વળી તેઓએ મને ખાવા માટે પિત્ત આપ્યું | **યોહાન ૧૯:૨૯**<br>હવે ત્યાં સરકાથી ભરેલું એક વાસણ મૂકેલું |

| | | |
|---|---|---|
| | અને મને તરસ લાગતાં તેઓએ સરકો પાયો. | હતું માટે તેઓએ એક વાદળી સરકાથી ભરીને ઝૂફા પર મૂકીને તેમના મોં આગળ ધરી. માટે ઈસુએ સરકો લીધા પછી કહ્યું કે, "સંપૂર્ણ થયું..."<br>**માથ્થી ૨૭:૩૪, ૪૮**<br>ત્યારે તેઓએ પિત્ત ભેળવેલો સરકો તેમને પીવાને આપ્યો. પણ ચાખ્યા પછી તેમણે તે પીવા ના પાડી. (જુઓ કલમ ૪૮) |
| **ઈસુનું એક પણ હાડકું ભાંગવામાં આવ્યું નહિ** | **ગીતશાસ્ત્ર ૩૪:૨૦**<br>તે તેના સર્વ હાડકાનું રક્ષણ કરે છે. તેમનામાંનું એકે ભાંગવામાં આવતું નથી. | **યોહાન ૧૯:૩૨, ૩૩, ૩૬**<br>એથી સિપાઈઓએ આવીને તેમની સાથે ક્રૂસે જડાયેલા પહેલાના તથા બીજાના પગ ભાંગ્યા, પણ જ્યારે તેઓ ઈસુની પાસે આવ્યા ત્યારે તેઓએ મરણ પામેલા જોઈને તેમના પગ ભાંગ્યા નહિ... કેમ કે, "તેનું એક પણ હાડકું ભાંગવામાં આવશે નહિ." એ શાસ્ત્રવાચન પૂર્ણ થવા માટે જ એમ બન્યું. |

| | | |
|---|---|---|
| **ઈસુની કુંખ વીંધવામાં આવી** | ઝખાર્યા ૧૨:૧૦<br>હું દાવિદના વંશજો પર તથા યરુશાલેમના રહેવાસીઓ પર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ; અને મને, જેને તેઓએ વીંધ્યો છે, તેની તરફ તેઓ જોશે, અને જેમ કોઈ પોતાના એકના એક પુત્રને માટે શોક કરે તેમ તેઓ તેને માટે શોક કરશે અને જેમ કોઈ પોતાના જયેષ્ઠ પુત્રને માટે દુ:ખી થાય તેમ તેઓ તેને લીધે દુ:ખી થશે. | **યોહાન ૧૯:૩૪**<br>તોપણ એક સિપાઈએ ભાલાથી તેમની કૂખ વીંધી એટલે તરત તેમાંથી લોહી અને પાણી નીકળ્યાં. |
| **ઈસુની કબર દ્રવ્યવાન સંગાથે** | **યશાયા ૫૩:૯**<br>તેની કબર દુષ્ટોની ભેગી ઠરાવેલી હતી, અને તેની મરણાવસ્થામાં તે દ્રવ્યવાનની સંગાથે હતો, કેમકે તેણે અપરાધ કર્યો નહોતો, ને તેના મુખમાં કપટ નહોતું. | **માથ્થી ૨૭:૫૭-૬૦**<br>અને સાંજ પડી ત્યારે યોસેફ નામે અરિમથાઈનો એક દ્રવ્યવાન માણસ, કે જે પોતે પણ ઈસુનો શિષ્ય હતો, તે આવ્યો. તેણે પિલાત પાસે જઈને ઈસુની લાશ માગી. ત્યારે પિલાતે તે તેને સોંપવાની આજ્ઞા આપી. પછી યોસેફે લાશ લઈને શણના સફેદ વસ્ત્રમાં |

| | | |
|---|---|---|
| | | વીંટાળી, અને ખડકમાં ખોદાવેલી પોતાની નવી કબરમાં તેને મૂકી. અને એક મોટો પથ્થર કબરના મોં પર ગબડાવીને તે ચાલ્યો ગયો. |
| **મૃત્યુમાંથી સજીવન થવું** | **ગીતશાસ્ત્ર ૧૬:૧૦**<br>કેમકે તમે મારા આત્મા શેઓલને સોંપશો નહિ અને તમારા ભક્તને કબરમાં જવા દેશો નહિ.<br>**ગીતશાસ્ત્ર ૪૯:૧૫**<br>પણ ઈશ્વર મારા આત્માને શેઓલના કબજામાંથી છોડાવી લેશે, કેમ કે તે મારો સ્વીકાર કરશે. | **માર્ક ૧૬:૬, ૭**<br>પણ તે તેઓને કહે છે કે, “અચરત ન થાઓ; ક્રૂસે જડાયેલા ઈસુ નાઝારીને તમે શોધો છો તે ઉઠયા છે. તે અહીં નથી. જુઓ જે જગાએ તેમને મૂક્યા હતા તે આ છે. પણ તમે જાઓ, તેમના શિષ્યોને તથા પિતરને કહો કે, તે તમારી અગાઉ ગાલીલમાં જાય છે, જેમ તેમણે તમને કહ્યું હતું તેમ તમે ત્યાં તેમને જોશો.” |
| **ઈસુનું સ્વર્ગારોહણ અને પિતાને જમણે હાથે બિરાજવું** | **ગીતશાસ્ત્ર ૬૮:૧૮**<br>તું ઉચ્ચસ્થાનમાં ગયો છે,તું બંદીવાનોને લઈને આવ્યો. તેં માણસો પાસેથી નજરાણાં લીધાં, બંડખોરો પાસેથી પણ લીધાં, જેથી પ્રભુ પરમેશ્વર તેઓમાં રહે. | **માર્ક ૧૬:૧૯**<br>પ્રભુ ઈસુ તેઓની સાથે બોલી રહ્યા પછી આકાશમાં લઈ લેવાયા, ને ઈશ્વરને જમણે હાથે બેઠા. |

**૧ કોરિંથી ૧૫:૪**

અને ધર્મશાસ્ત્ર પ્રમાણે તેમને દાટવામાં આવ્યા, અને ત્રીજે દિવસે તેમનું ઉત્થાન થયું.

**એફેસી ૪:૮**

એ માટે તે કહે છે કે, "ઊંચાણમાં ચઢીને તે બંદીવાનોને લઈ ગયા, અને તેમણે માણસોને દાન આપ્યાં."

## નવા કરારનાં પુસ્તકો ક્યારે લખાયાં

| ક્રમ | પુસ્તક | લેખક | ક્યારે લખાયું |
|---|---|---|---|
| ૧. | માથ્થી | પ્રેરિત માથ્થી | ઈ.સ. ૬૦-૬૫ |
| ૨. | માર્ક | માર્ક | ઈ.સ. ૬૦-૬૫ |
| ૩. | લૂક | ડૉ. લૂક | ઈ.સ. ૫૮-૬૫ |
| ૪. | યોહાન | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૦-૧૦૦ |
| ૫. | પ્રેરિતોનાં કૃત્ય | ડૉ. લૂક | ઈ.સ. ૫૮-૬૫ |
| ૬. | રોમનોને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૮ |
| ૭. | કોરિંથીઓને પહેલો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૭ |
| ૮. | કોરિંથીઓને બીજો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૭ |
| ૯. | ગલાતીઓને પ્રત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૬ |
| ૧૦. | એફેસીઓને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૨-૬૩ |
| ૧૧. | ફિલિપીઓને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૮-૬૦ |
| ૧૨. | કોલોસ્સીઓને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૧-૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | થેસ્સાલોનિકીઓને પ્રહેલો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૨ |
| ૧૪. | થેસ્સાલોનિકીઓને બીજો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૫૩ |
| ૧૫. | તિમોથી પહેલો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૨-૬૫ |
| ૧૬. | તિમોથીને બીજો પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૫-૬૬ |
| ૧૭. | તિતસને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૫ |
| ૧૮. | ફિલેમોનને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૫ |
| ૧૯. | હિબ્રૂઓને પત્ર | પ્રેરિત પાઉલ | ઈ.સ. ૬૩-૬૪ |
| ૨૦. | યાકોબનો પત્ર | ઈસુનો ભાઈ યાકોબ | ઈ.સ. ૬૩-૬૪ |
| ૨૧. | પિતરનો પહેલો પત્ર | પ્રેરિત પિતર | ઈ.સ. ૬૪ |
| ૨૨. | પિતરનો બીજો પત્ર | પ્રેરિત પિતર | ઈ.સ. ૬૫ |
| ૨૩. | યોહાનનો પહેલો પત્ર | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૦-૧૦૦ |
| ૨૪. | યોહાનનો બીજો પત્ર | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૦-૧૦૦ |
| ૨૫. | યોહાનનો ત્રીજો પત્ર | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૦-૧૦૦ |
| ૨૬. | યહૂદાનો પત્ર | ઈસુનો ભાઈ યહૂદા | ઈ.સ. ૬૬-૮૦ |
| ૨૭. | પ્રક્ટીકરણ | પ્રેરિત યોહાન | ઈ.સ. ૯૬-૯૮ |

# XXIV સુવાર્તાઓની સંવાદિતા

| નં. | વિગતો | માથ્થી | માર્ક | લૂક | યોહાન |
|---|---|---|---|---|---|
| | **પ્રાથમિક બીનાઓ** | | | | |
| ૧. | પ્રસ્તાવના (લૂકની); અને યોહાન પ્રમાણે ઈસુની વંશાવળી | .... | .... | ૧:૧-૪ | ૧:૧-૧૪ |
| ૨. | વંશાવળીઓ : માથ્થી (કાયદાની દષ્ટિએ), લૂક(કુદરતી) | ૧:૧-૧૭ | .... | ૩:૨૩-૩૮ | .... |
| ૩. | યોહાનના જન્મ સંબંધી ઝખાર્યાને આગાહી | .... | .... | ૧:૫-૨૫ | .... |
| ૪. | છ મહિના પછી ઈસુના જન્મની ગ્રાબિયલે મરિયમને નાઝરેથમાં આપેલી આગાહી | .... | .... | ૧:૨૬-૩૮ | .... |
| ૫. | મરિયમ એલિસાબેતને ત્યાં જાય છે; | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| મરિયમનું ગાયન | .... | .... | ૧:૩૯-૫૬ | .... |
| ૬. યોહાન બાપ્તિસ્તનો જન્મ, અને ઝખાર્યાનું ગાયન | .... | .... | ૧:૫૭-૮૦ | .... |
| ૭. યૂસફને સ્વપ્રમાં દૂતે આપેલું દર્શન | ૧:૧૮-૨૫ | .... | .... | .... |
| **પ્રભુ ઈસુનો જન્મ અને તેમનું બાળપણ** | | | | |
| ૮. બેથલેહેમમાં ઈસુનો જન્મ | .... | .... | ૨:૧-૭ | .... |
| ૯. દૂતોએ ભરવાડોને મહા આનંદની સુવાર્તા સંભળાવી. | .... | .... | ૨:૮-૨૦ | .... |
| ૧૦. ઈસુની સુન્નત (૮મે દિવસે), મંદિરમાં ઈસુનું અર્પણ (જન્મ પછી ૪૧માં દિવસે (લેવી. ૧૨:૩, ૪), ત્યાં સિમયોન અને અન્નાનું અભિવાદન. | .... | .... | ૨:૨૧-૩૮ | .... |
| ૧૧. માગીઓએ ઈસુનાં દર્શન કર્યાં (ઘરમાં, હવે તેઓ ગભાણમાં નહોતા); | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| (વિદેશીઓને દર્શન : એપીફની) | ૨:૧-૧૨ | .... | .... | .... |
| ૧૨. મિસર ચાલ્યા જવું. | ૨:૧૩-૧૫ | .... | .... | .... |
| ૧૩. હેરોદે બેથલેહેમનાં બાળકોનો સંહાર કરાવ્યો | ૨:૧૬-૧૮ | .... | .... | .... |
| ૧૪. મિસરથી નાઝરેથ પાછાં ફર્યા. (આર્ખેલાઉસની બીકથી યહૂદિયા ન ગયાં) | ૨:૧૯-૨૩ | .... | ૨:૩૯-૪૦ | .... |
| ૧૫. બાર વર્ષની ઉંમરે ઈસુ પાસ્ખાપર્વ માટે યરુશાલેમમાં; મંદિરમાં પંડિતો સાથે. એ પછી ઈસુનાં ૧૮ અજ્ઞાત વર્ષો | .... | .... | ૨:૪૧-૫૨ | .... |
| **ખ્રિસ્તની જાહેર ધર્મસેવાની શરૂઆત** | | | | |
| ૧૬. યોહાન બાપ્તિસ્તની બોધવાણી | ૩:૧-૧૨ | ૧:૧-૮ | ૩:૧-૧૮ | .... |
| ૧૭. યર્દન નદીમાં ઈસુનું બાપ્તિસ્મા | ૩:૧૩-૧૭ | ૧:૯-૧૧ | ૩:૨૧-૨૩ | .... |
| ૧૮. યહૂદિયાના ઉજ્જડ પ્રદેશમાં પવિત્ર આત્મા ઈસુને દોરી જાય છે; ત્યાં શેતાન | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| તેમનું પરિક્ષણ કરે છે. | ૪:૧-૧૧ | ૧:૧૨-૧૩ | ૪:૧-૧૩ | .... |
| ૧૯. યોહાન બાપ્તિસ્ત ઈસુ વિષે સાક્ષી પૂરે છે. | .... | .... | .... | ૧:૧૫-૩૪ |
| ૨૦. યોહાનના બે શિષ્યો ઈસુની પાછળ જાય છે; આન્દ્રિયા પોતાના ભાઈ સિમોનને લાવે છે. | .... | .... | .... | ૧:૩૫-૪૨ |
| ૨૧. ઈસુ ગાલીલ પાછા આવે છે, ફિલિપને તેડે છે, અને ફિલિપ નાથાનાએલને લાવે છે. | .... | .... | .... | ૧:૪૩-૫૧ |
| ૨૨. કાનામાં પહેલો ચમત્કાર, એ પછી ઈસુ કાપરનાહૂમ જાય છે. | .... | .... | .... | ૨:૧-૧૨ |

**પહેલા પાસ્ખા પર્વથી બીજા પાસ્ખાપર્વ સુધીની ઈસુની જાહેર સેવા**

૨૩. ઈસુ પાસ્ખાપર્વ માટે યરુશાલેમ જાય છે, અને કોરડો બનાવીને મંદિરમાંથી નાણાવટીઓને તથા વેચતા-સાટતા

| | | | | |
|---|---|---|---|---|
| લોકોને બહાર કાઢે છે; ચમત્કારો કરે છે, અને ઘણા લોકો વિશ્વાસ કરે છે. | .... | .... | .... | ૨:૧૩-૨૫ |
| ૨૪. નિકોદિમસ રાત્રે ઈસુને મળવા આવે છે. | .... | .... | .... | ૩:૧-૨૧ |
| ૨૫. ઈસુ યરુશાલેમ છોડીને જાય છે, અને યહૂદિયાના ઈશાન વિસ્તારમાં ૮ મહિના ગાળે છે. એમના શિષ્યો બાપ્તિસ્મા આપે છે. | .... | .... | .... | ૩:૨૨;૪:૨ |
| ૨૬. યોહાન એનોન આગળ યર્દનમાં બાપ્તિસ્મા આપે છે, તે ફરીથી ઈસુ વિષે સાક્ષી આપે છે. | .... | .... | .... | ૩:૨૩-૩૬ |
| ૨૭. યોહાન બાપ્તિસ્ત કેદમાં | .... | .... | ૩:૧૯-૨૦ | .... |
| ૨૮. યોહાનને કેદમાં પૂરવામાં આવ્યો એટલે પ્રભુ ઈસુ યહૂદિયા છોડીને ગાલીલમાં આવ્યા; યોહાનનું માથું કાપી નાંખવામાં આવ્યું (ઈ.સ. ૨૮ પહેલાં નહિ માથ્થી | . | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪:૧૨-૨૧). | ૪:૧૨ | ૧:૧૪ | ૪:૧૪-૧૫ | ૪:૧-૩ |
| ૨૯. સમરૂનમાં થઈને પસાર થતાં સૈખારની સ્ત્રીને નવું જીવન બક્ષે છે; અને તેની સાક્ષી દ્વારા બીજા કેટલાય સમરૂનીઓનું બદલાણ થાય છે. (કાપણી અગાઉ ચાર મહિના પૂર્વે). | .... | .... | .... | ૪:૪-૪૨ |
| ૩૦. ગાલીલમાંની ઈસુની જાહેર સેવાની શરૂઆત | ૪:૧૭ | ૧:૧૪-૧૫ | ૪:૧૪-૧૫ | ૪:૪૩-૪૫ |
| ૩૧. કાના ગામની ફરી મુલાકાત; કાપરનાહૂમના એક અમીરના દીકરાને સાજો કર્યો. | .... | .... | .... | ૪:૪૬-૫૪ |
| **બીજા પાસ્આપર્વથી ઈસુના ત્રીજા પાસ્આપર્વ સુધી** | | | | |
| ૩૨. પાસ્આ ("પર્વ") વખતે ઈસુ યરુશાલેમમાં પાછા. આ એમનું બીજું પાસ્આ. બીજાથી | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ત્રીજા પાસ્ખા સુધી તેમની ગાલીલમાંની જાહેર સેવા. ઈસુ બેથેસ્દાના કુંડ આગળ ૩૮ વર્ષના બીમારને સાબ્બાથે સાજો કરે છે. ઈસુએ પોતાને પિતાની સમાન કામ કરતો જણાવ્યો માટે યહૂદીઓએ તેમને મારી નાખવા શોધ્યું. | .... | .... | .... | ૫:૧-૪૭ |
| ૩૩. ઈસુ ગાલીલમાં પાછા આવ્યા. ઈસુ પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામીને તાજા જ ગાલીલ આવ્યા હતા, એ પહેલી વખતના કરતાં આ બીજી મુલાકાતમાં ભારે તફાવત, નાઝરેથમાં એમનું બોધભાષણ (લૂક ૪:૨૩ બતાવે છે તેમ) | .... | .... | ૪:૧૪-૩૦ | .... |
| ૩૪. તે કાપરનાહૂમમાં રોકાય છે, અને જાહેરમાં શિક્ષણ આપે છે. | ૪:૧૩-૧૭ | ૧:૨૧-૨૨ | ૪:૩૧-૩૨ | .... |
| ૩૫. માછલાંનો મોટો જથ્થો પકડાયાનો | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ચમત્કાર; સિમોન, આન્દ્રિયા, યાકોબ અને યોહાનનું તેડું | ૪:૧૮-૨૨ | ૧:૧૬-૨૦ | ૫:૧-૧૧ | .... |
| ૩૬. ઈસુ અશુદ્ધ આત્મા વળગેલાને સાજો કરે છે. | .... | ૧:૨૩-૨૮ | ૪:૩૩-૩૭ | .... |
| ૩૭. સિમોન પિતરની સાસુને સાજી કરે છે, અને બીજાં માંદાંઓને પણ સાજાં કરે છે. | ૮:૧૪-૧૭ | ૧:૨૯-૩૪ | ૪:૩૮-૪૧ | .... |
| ૩૮. ઈસુ શિષ્યોની સાથે ગાલીલમાં ચોતરફ ફરે છે. | ૪:૨૩-૨૫ | ૧:૩૫-૩૯ | ૪:૪૨-૪૪ | .... |
| ૩૯. ઈસુ કોઢીને શુદ્ધ કરે છે. અને પ્રસિદ્ધતા ટાળવા માટે ઉજ્જડ પ્રદેશમાં ચાલ્યા જાય છે. | ૮:૧-૪ | ૧:૪૦-૪૫ | ૫:૧૨-૧૬ | .... |
| ૪૦. કાપરનાહૂમ પાછા આવીને, છાપરામાં થઈને ઉતારેલા પક્ષઘાતીને સાજો કરે છે. | ૯:૨-૮ | ૨:૧-૧૨ | ૫:૧૭-૨૬ | .... |
| ૪૧. માથ્થી દાણીનું તેડું, તેના ઘેર જમણ અને બોધવચન: નવું લૂગડું અને નવો દ્રાક્ષારસ. | ૯:૯-૧૩ | ૨:૧૩-૧૭ | ૫:૨૭-૩૨ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૨. ઈસુના શિષ્યો ઉપવાસ કેમ નથી કરતા ? - એવા પ્રશ્નનો જવાબ અને દલીલો | ૯:૧૪-૧૭ | ૨:૧૮-૨૨ | ૫:૩૩-૩૯ | .... |
| ૪૩. ગાલીલ તરફ પાછા ફરતાં શિષ્યો સાબ્બાથે કણસલાં તોડીને ખાવા લાગ્યા તે સંબંધી. | ૧૨:૧-૮ | ૨:૨૩-૨૮ | ૬:૧-૫ | .... |
| ૪૪. ઈસુએ સુકાયેલા હાથવાળાને સાબ્બાથે સાજો કર્યો. ફરોશીઓએ, હેરોદીઓની સાથે મસલત કરીને ઈસુને મારી નાખવા આયોજ્યું. | ૧૨:૯-૧૪ | ૩:૧-૬ | ૬:૬-૧૧ | .... |
| ૪૫. ઈસુ પોતાના શિષ્યોની સાથે નીકળીને સમુદ્ર પાસે ગયા, અને ત્યાં ઘણાંને સાજા કર્યાં. | ૧૨:૧૫-૨૧ | ૩:૭-૧૨ | .... | .... |
| ૪૬. ઈસુ સમુદ્રની પશ્ચિમે આવેલા કોઈ એક પહાડ ઉપર ગયા, અને આખી રાત પ્રાર્થના કર્યા પછી તેમણે બાર શિષ્યોને પસંદ કર્યા. | ૧૦:૧-૪૨ | ૩:૧૩-૧૯ | ૬:૧૨-૧૯ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૭. ગિરિપ્રવચન | ૫:૧-૮:૧ | .... | ૬:૨૦-૪૯ | .... |
| ૪૮. સૂબેદારના ચાકરને સાજો કર્યો. | ૮:૫-૧૩ | .... | ૭:૧-૧૦ | .... |
| ૪૯. નાઈન નગરની વિધવાના દીકરાને જીવતો કર્યો. | .... | .... | ૭:૧૧-૧૭ | .... |
| ૫૦. માખીરસના કેદખાનામાંથી યોહાન બાપ્તિસ્તે ઈસુ પાસે તપાસ માટે પોતાના શિષ્યો મોકલીને તપાસ કરાવી કે, "આવનાર તે તમે જ છો કે અમે બીજાની રાહ જોઈએ ?" | ૧૧:૨-૧૯ | .... | ૭:૧૮-૩૫ | .... |
| ૫૧. ઈસુ ખોરાજીન, બેથસાઈદા અને કાપરનાહૂમને ઠપકો આપે છે અને હાય! હાય ! પોકારે છે. | ૧૧:૨૦-૩૦ | .... | .... | .... |
| ૫૨. એક પાપી (પણ માફી પામેલી) સ્ત્રી સિમોન ફરોશીના ઘરમાં આવીને ઈસુના પગોને અત્તર ચોળે છે. | .... | .... | ૭:૩૬-૫૦ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૩. ગાલીલમાં બે દિવસ માટે બધે ફરીને ઈસુએ ઉપદેશ આપ્યો; સ્ત્રીઓ તેમની સેવા કરતી હતી. | .... | .... | ૮:૧-૩ | .... |
| ૫૪. ઈસુ કાપરનાહૂમ પાછા આવીને એક અશુદ્ધ આત્મા વળગેલા આંધળા-મૂંગા માણસને સાજો કરે છે. બાલઝબૂલની મદદથી ઈસુએ આ ચમત્કાર કર્યો એવો ફરોશીઓનો આરોપ. | ૧૨:૨૨-૩૭ | ૩:૨૨-૩૦ | ૧૧:૧૪-૧૫, ૧૭-૨૩ | .... |
| ૫૫. નિશાની શોધતા શાસ્ત્રીઓ તથા ફરોશીઓને ઈસુએ આપેલો જવાબ | ૧૨:૩૮-૪૫ | .... | ૧૧:૧૬,૨૪-૩૬ | .... |
| ૫૬. ઈસુનાં કુટુંબીજનો તેમને 'ઘેલા' ગણીને પકડવા આવ્યાં. | ૧૨:૪૬-૫૦ | ૩:૧૯-૨૧, ૩૧-૩૫ | ૮:૧૯-૨૧ | .... |
| ૫૭. ઈસુએ હોડીમાં ચઢીને 'આકાશના રાજ્ય'ના સાત દૃષ્ટાંતો લોકોને કહ્યાં, આમાનું પહેલું 'બી વાવનારનું હતું. | ૧૩:૧-૫૩ | ૪:૧-૩૪ | ૮:૪-૧૮ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૮. ઈસુ પોતાના શિષ્યોની સાથે સમુદ્ર પાર જાય છે, સમુદ્રના તોફાનને શાંત પાડે છે. | ૮:૧૮-૨૦ | ૪:૩૫-૪૧ | ૮:૨૨-૨૫ | .... |
| ૫૯. ગાડરેનોના દેશમાં ઈસુ અશુદ્ધ આત્મા વળગેલા બે જણને સાજા કરે છે, એમાંનો એક વધુ તરી આવતો હતો. | ૮:૨૮-૩૪ | ૫:૧-૨૦ | ૮:૨૬-૪૦ | .... |
| ૬૦. પશ્ચિમ કિનારે પાછા આવતાં ઈસુ યાઈરસની દીકરીને જીવતી કરે છે, અને લોહીવાવાળી સ્ત્રીને સાજી કરે છે. | ૯:૧,૧૮-૨૬ | ૫:૨૧-૪૩ | ૮:૪૦-૫૬ | .... |
| ૬૧. ઈસુ બે આંધળાઓને દેખતા કરે છે, અને અશુદ્ધ આત્મા વળગેલા એક મૂંગા માણસને સાજો કરે છે. | ૯:૨૭-૩૪ | .... | .... | .... |
| ૬૨. ફરીથી ઈસુ નાઝરેથમાં આવે છે, પણ તેમના દેશબંધુઓ તેમના પર વિશ્વાસ કરતા નથી. | ૧૩:૫૪-૫૮ | ૬:૧-૬ | .... | .... |
| ૬૩. ગાલીલભરમાં ઈસુ ફરી ફરીને શિક્ષણ | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| આપે છે. | ૯:૩૫-૩૮ | ૬:૬ | .... | .... |
| ૬૪. ઈસુ બાર શિષ્યોને ઈઝરાયલીઓનાં નગરોમાં મોકલે છે. | ૧૦:૧-૧૧:૧ | ૬:૭-૧૩ | ૯:૧-૬ | .... |
| ૬૫. હેરોદ જેણે યોહાન બાપ્તિસ્તને મારી નંખાવ્યો, તે એમ માને છે કે આ ઈસુ તે મરણમાંથી પાછો ઊઠીને આવેલો યોહાન છે. | ૧૪:૧-૧૨ | ૬:૧૪-૨૯ | ૯:૭-૯ | .... |
| ૬૬. બાર શિષ્યો પાછા આવીને પોતે જે જે કર્યું હતું અને શીખવ્યું હતું તે બધું ઈસુને જણાવે છે. ઈસુ શિષ્યોને લઈને ગાલીલના સમુદ્રની પેલી બાજુએ ઉજ્જડ સ્થળે જાય છે. અને ૫૦૦૦ને જમાડે છે. | ૧૪:૧૩-૨૧ | ૬:૩૦-૪૪ | ૯:૧૦-૧૭ | ૬:૧-૧૪ |
| ૬૭. ઈસુ પોતાના શિષ્યોને સમુદ્રની પશ્ચિમ તરફ બેથસાઈદા મોકલી આપે છે, અને પોતે રાતે પાણી પર ચાલતા તેઓ પાસે | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| આવે છે. (આ બેથસાઈદા તે કાપરનાહૂમની નજદીક આવેલું છે, અને સમુદ્રની ઈશાને આવેલા બેથસાઈદા જુલિયાસથી એ જુદું છે. | ૧૪:૨૨-૩૩ | ૬:૪૫-૫૬ | .... | ૬:૧૫-૨૧ |
| ૬૮. ચમત્કાર દ્વારા જમાડેલું લોકોનું ટોળું ઈસુને શોધે છે, અને કાપરનાહૂમમાં ઈસુને શોધી કાઢે છે. કાપરનાહૂમના સભાસ્થાનમાં ઈસુ બોધ કરે છે, અને સિમોન પિતરની ઈસુ વિષેની કબૂલાત. | .... | .... | .... | ૬:૨૨-૭૧ |
| **ત્રીજા પાસ્ખા પર્વથી છેલ્લા પાસ્ખાપર્વના સપ્તાહની શરૂઆત સુધી** | | | | |
| ૬૯. ગીન્નેસારેતના પ્રદેશમાં ઈસુ થોડા દિવસ માટે રહે છે, અને ઘણાં માંદાને સાજાં કરે છે. | ૧૪:૩૪-૩૬ | ૬:૫૫-૫૬ | .... | .... |
| ૭૦. યરુશાલેમથી આવેલા ફરોશીઓ ઈસુના | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| શિષ્યો હાથ ધોયા વગર ખાય છે તેનો વાંધો લે છે. | ૧૫:૧-૨૦ | ૭:૧-૨૩ | .... | .... |
| ૭૧. ઈસુ ઉત્તરમાં તૂર તથા સિદોન તરફ જાય છે. ત્યાં એક કનાની સ્ત્રીના વિશ્વાસને લીધે તેની દીકરી સાજી થાય છે. | ૧૫:૨૧-૨૮ | ૭:૨૪-૩૦ | .... | .... |
| ૭૨. ઈસુ દકાપોલિસ (દશ શહેરો)માં થઈને પાછા આવે છે, અને ગાલીલના સમુદ્ર પાસેનો એક પહાડ ચઢીને ઘણાંને સાજાં કરે છે, અને ૪૦૦૦ને જમાડે છે. | ૧૫:૨૯-૩૮ | ૭:૩૧-૮:૯ | .... | .... |
| ૭૩. તે ગાલીલનો સમુદ્ર ઓળંગીને દાલ્માનુથાની સીમમાં આવે.છે. (માર્કમાં દાલ્માનુથા, માથ્થીમાં 'માગદાન'; अ. 'માગદાલા (A.V.). અન્ય अ. માગદાન | ૧૫:૩૯ | ૮:૧૦ | .... | .... |
| ૭૪. ફરોશીઓ અને શાસ્ત્રીઓ નિશાની માગે છે. | ૧૬:૧-૪ | ૮:૧૧-૧૨ | .... | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૫. ઈસુ હોડીમાં બેસીને બેથસાઈદા (બેથસાઈદા જુલિયાસ) આવે છે. તે શિષ્યોને ફરોશીઓ અને સાદુકીઓના ખમીરથી સાવધ રહેવા કહે છે. | ૧૬:૪-૧૨ | ૮:૧૩-૨૧ | .... | .... |
| ૭૬. એક આંધળાને દેખતો કરે છે. | .... | ૮:૨૨-૨૬ | .... | .... |
| ૭૭. કાઈસારિયા ફિલિપીના પ્રદેશમાં જાય છે. પિતરની કબૂલાત | ૧૬:૧૩-૨૦ | ૮:૨૭-૩૦ | ૯:૧૮-૨૧ | .... |
| ૭૮. ઈસુ પોતાના મૃત્યુ અને પુનરુત્થાનની આગાહી કરે છે. પિતર ઠપકો આપે છે. | ૧૬:૨૧-૨૮ | ૯:૧ | ૯:૨૨-૨૭ | .... |
| ૭૯. છ દિવસ પછી હેર્મોન પર્વત પર ઈસુનું રૂપાંતર. | ૧૭:૧-૧૩ | ૯:૨-૧૩ | ૯:૨૮-૩૬ | .... |
| ૮૦. પહાડ પરથી ઊતરીને ઈસુ એક જુવાન-માંથી અશુદ્ધ આત્મા કાઢે છે. (શિષ્યો એ કાઢી શક્યા ન હતા.) | ૧૭:૧૪-૨૧ | ૯:૧૪-૨૯ | ૯:૩૭-૪૩ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૮૧. ઈસુ ફરીથી પોતાના મૃત્યુ અને પુનરુત્થાનની આગાહી કરે છે. | ૧૭:૨૨-૨૩ | ૯:૩૦-૩૨ | ૯:૪૪-૪૫ | .... |
| ૮૨. કાપરનાહૂમમાં મંદિરના કર માટેનું નાણું માછલીના મોંમાંથી મેળવે છે. | ૧૭:૨૪-૨૭ | .... | .... | .... |
| ૮૩. પોતામાં સૌથી મોટો કોણ એ વિષે શિષ્યોમાં વાદવિવાદ. બાળક બતાવીને ઈસુ શીખવે છે કે બાળક જેવો દીન અને માફીના આત્માવાળો સૌથી મોટો છે. ઈસુને નામે અશુદ્ધ આત્મા કાઢનાર વિશે યોહાન ઈસુને કહે છે. ઈસુના ત્રીજા પાસ્ખા પર્વ પછી છ મહિને આવતા માંડવાપર્વમાં ઈસુ યરુશાલેમ છાની રીતે જાય છે. (આ વિભાગનો અંત ઈસુ પોતાના છેલ્લા પાસ્ખા પર્વ અગાઉ બેથાની જાય છે ત્યારે આવે છે). | ૧૮:૧-૩૫ | ૯:૩૩-૫૦ | ૯:૪૬-૫૦ | .... |
| | .... | .... | .... | ૭:૧-૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮૪. માંડવા પર્વ અધવારતાં ઈસુ મંદિરમાં જઈને બોધ કરે છે. | .... | .... | .... | ૭:૧૪ |
| ૮૫. ઈસુ કોણ છે એ વિશે લોકોમાં ચર્ચા; અધિકારીઓ ઈસુને પકડવા યત્ન કરે છે; નીકોદેમસ તેમને ઠપકો આપે છે. | .... | .... | .... | ૭:૧૧-૫૩ |
| ૮૬. વ્યભિચારમાં પકડાયેલી સ્ત્રી પ્રત્યે ઈસુની અનુકંપા અને તેનો બચાવ (શારીરિક અને આત્મિક) | .... | .... | .... | ૮:૧-૧૧ |
| ૮૭. મંદિરમાં ઈસુ જાહેર કરે છે કે પોતે જગતનો પ્રકાશ છે, અને પોતે અબ્રાહમની અગાઉ હયાત હતો. યહૂદીઓએ તેમને પથ્થર મારવા શોધ્યાં. | .... | .... | .... | ૮:૧૨-૫૯ |
| ૮૮. જન્મથી આંધળા ભિખારીને ઈસુ દેખતો કરે છે. | .... | .... | .... | ૯ |
| ૮૯. પોતે ઉત્તમ ઘેટાંપાળક છે, અને ઘેટાંનું | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| બારણું છે, એ સંબંધી ઈસુ બોધવચનો કહે છે. | .... | .... | .... | ૧૦:૧-૨૧ |
| ૯૦. યરુશાલેમ તરફ આખરી પ્રયાણ માટે ગાલીલમાંથી નીકળી સમરૂનમાં થઈને. | .... | .... | ૯:૫૧-૫૬ | .... |
| ૯૧. પોતાની પાછળ આવવા માગતા કેટલાકને ઈસુ ચેતવણી આપે છે. | .... | .... | ૯:૫૭-૬૨ | .... |
| ૯૨ સિત્તેર શિષ્યોને બબ્બે બબ્બે મોકલી આપ્યા. | .... | .... | ૧૦:૧-૧૬ | .... |
| ૯૩. તે સિત્તેર હરખાતા હરખાતા પાછા આવ્યા, અને ભારે સફળતાનો હેવાલ આપ્યો. | .... | .... | ૧૦:૧૭-૨૪ | .... |
| ૯૪. 'અનંતજીવનનો વારસો પામવા મારે શું કરવું ' એવા એક પંડિતના પૂછેલા પ્રશ્નમાંથી ઉદ્ભવેલા બીજા પ્રશ્ન 'મારો પાડોશી કોણ ?'ના જવાબમાં ઈસુએ ભલા સમરૂનીનું આપેલું દૃષ્ટાંત. | .... | .... | ૧૦:૨૫-૩૭ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૯૫. ઈસુ બેથાનીમાં માર્થા અને મરિયમને ત્યાં. | .... | .... | ૧૦:૩૮-૪૨ | .... |
| ૯૬. પ્રાર્થના કરવા સબંધી તે ફરીથી શિષ્યોને શીખવે છે. | .... | .... | ૧૧:૧-૧૩ | .... |
| ૯૭. અશુદ્ધ આત્મા વળગેલા મૂંગા માણસને ઈસુ બોલતો કરે છે. ઈસુએ આ ચમત્કાર બાલઝબુલની મદદથી કર્યો એવો ફરોશીઓને ફરીથી આક્ષેપ. | .... | .... | ૧૧:૧૪-૫૪ | .... |
| ૯૮. શિષ્યોને બોધ | .... | .... | ૧૨:૧-૧૨ | .... |
| ૯૯. ભાઈ પાસેથી વારસાનો ભાગ અપાવવા એક જણની વિનંતી. | .... | .... | ૧૨:૧૩-૨૧ | .... |
| ૧૦૦. ઈસુનાં કેટલાંક બોધવચનો : | | | | |
| શિષ્યોને : | .... | .... | ૧૨:૨૨-૫૩ | .... |
| લોકોને પણ : | .... | .... | ૧૨:૫૪-૫૯ | .... |
| ૧૦૧. ઈશ્વરનો ન્યાય; પસ્તાવો કરવાનો હેતુ. | .... | .... | ૧૩:૧-૫ | .... |
| ૧૦૨. નિષ્ફળ અંજીરીનું દૃષ્ટાંત | .... | .... | ૧૩:૬-૯ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૩. અઢાર વર્ષથી મંદવાડનો આત્મા વળગેલી સ્ત્રીને સાજી કરી. | .... | .... | ૧૩:૧૦-૧૭ | .... |
| ૧૦૪. ઈસુ પ્રતિષ્ઠા પર્વ પ્રસંગે પોતે તથા પિતા એક છે એમ જાહેર કરે છે. યહૂદીઓ ત્રીજી વાર તેમને મારી નાખવા પ્રયત્ન કરે છે. આથી ઈસુ પેરિયા ચાલ્યા ગયા. | .... | .... | .... | ૧૦:૨૨-૪૨ |
| ૧૦૫. લાજરસ બીમાર છે એ સાંભળીને ઈસુ બેથાની તરફ બીજી વાર મુસાફરી કરે છે. | .... | .... | ૧૩:૨૨ | ૧૧:૧-૧૬ |
| ૧૦૬. હેરોદ ઈસુને મારી નાખવા માગે છે એમ જણાવીને ફરોશીઓએ ઈસુને પેરિયા છોડીને જતા રહેવા કહ્યું. તેઓને ઈસુએ આપેલો જવાબ. | .... | .... | ૧૩:૩૧-૩૫ | .... |
| ૧૦૭. જલંદરવાળા માણસને સાજો કર્યો. | .... | .... | ૧૪:૧-૬ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૮. લગ્ન જમણમાં મુખ્ય આસન ન શોધવા વિષે, જમણનાં નોતરામાં ગરીબોને પણ યાદ રાખવા વિષે, મોટા વાળુમાં નોતરાયલાઓનાં બહાના વિષે દૃષ્ટાંત. | .... | .... | ૧૪:૭-૨૪ | .... |
| ૧૦૯. શિષ્યપણામાં ત્યાગની કિંમત ગણી જોવા ઈસુ લોકોના સમૂહનું ધ્યાન દોરે છે. | .... | .... | ૧૪:૨૫-૩૫ | .... |
| ૧૧૦. ઘણા દાણીઓ તથા પાપીઓ ઈસુનું સાંભળવા આવતા હતા એ સામે ફરોશીઓની કચકચ. અને એ માટે ઈસુએ આપેલાં ત્રણ દૃષ્ટાંત : ખોવાયેલું ઘેટું, ખોવાયેલો સિક્કો, અને ખોવાયેલો દીકરો. | .... | .... | ૧૫:૧-૩૨ | .... |
| ૧૧૧. ઈસુએ શિષ્યોને અન્યાયી કારભારીનું દૃષ્ટાંત કહ્યું તેમજ ધનવાન માણસ અને ભિખારી લાજરસની વાત કરી. | .... | .... | ૧૬:૧-૩૧ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧૨. ઠોકર આવવા વિષે (ઘંટીનું પડ), એકબીજાને માફ કરવા વિષે, ફરજ કરતાં વિશ્વાસુપણું ઉત્તમ છે તે વિષે ઈસુનાં બોધવચનો. | .... | .... | ૧૭:૧-૧૦ | .... |
| ૧૧૩. બેથાની આવીને લાજરસને સજીવન કરે છે. | .... | .... | .... | ૧૧:૧૭-૪૬ |
| ૧૧૪. કાયાફાસ અને સાન્હેદ્રીને ઈસુને મારી નાખવાનો નિર્ધાર કર્યો, પ્રમુખ યાજકે અજાણપણે ભવિષ્ય કથન કર્યું. | .... | .... | .... | ૧૧:૪૭-૫૩ |
| ૧૧૫. ઈસુ સમરૂન પ્રાંતની સરહદે આવેલા એફ્રાઈમ શહેરમાં ચાલ્યા ગયા. | .... | .... | .... | ૧૧:૫૪ |
| **સમરૂન અને ગાલીલ પ્રાંતોમાં થઈને યરુશાલેમ તરફ ઈસુની છેલ્લી મુસાફરી** | | | | |
| ૧૧૬. ઈસુ સમરૂનની સરહદ ઉપર દશ કોઢીને શુદ્ધ કરે છે. આભાર માનવા આવેલો એક સમરૂની. | .... | .... | ૧૭:૧૧-૧૯ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧૭. ફરોશીઓએ પૂછેલા પ્રશ્ન : 'ઈશ્વરનું રાજ્ય ક્યારે આવશે ?' તેનો ઈસુએ આપેલો જવાબ. | .... | .... | ૧૭:૨૦-૩૭ | .... |
| ૧૧૮. ઈસુનાં બે દૃષ્ટાંતો : વારંવાર માગણી કરતી વિધવા; અને દાણી તથા ફરોશીની પ્રાર્થના. | .... | .... | ૧૮:૧-૧૪ | .... |
| ૧૧૯. ગાલીલમાંથી નીકળી પેરિયા થઈને ઈસુની મુસાફરી | ૧૯:૧-૨ | ૧૦:૧ | .... | .... |
| ૧૨૦. કયાં કારણોસર ફારગતી આપી શકાય? એવા ફરોશીઓના પ્રશ્નનો ઈસુએ આપેલો જવાબ | ૧૯:૩-૧૨ | ૧૦:૨-૧૨ | .... | .... |
| ૧૨૧. માબાપો પોતાનાં બાળકોને ઈસુ પાસે લાવે છે, એટલા માટે કે તે તેઓને આશીર્વાદ આપે. | ૧૯:૧૩-૧૫ | ૧૦:૧૩-૧૬ | ૧૮:૧૫-૧૭ | .... |
| ૧૨૨. એક ધનવાન જુવાન અધિકારી બધું | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| આપી દઈ શિષ્ય બનવા ના પાડે છે. 'અમે બધું છોડી દઈને આવ્યા છીએ, તો અમને શું મળશે ?' એવો પિત્તરનો પ્રશ્ન અને ઈસુનો જવાબ. | ૧૯:૧૬-૩૦ | ૧૦:૧૭-૩૧ | ૧૮:૧૮-૩૦ | .... |
| ૧૨૩. દ્રાક્ષાવાડીમાં કામ કરતા મજૂરોના દૃષ્ટાંત દ્વારા ઈસુ ભાડૂતી સેવા કરનારાઓ વિષે ચેતવણી આપે છે. | ૨૦:૧-૧૬ | .... | .... | .... |
| ૧૨૪. ઈસુ યરુશાલેમ તરફ જઈ રહ્યા છે, અને ત્રીજી વખત પોતાના મૃત્યુ અને પુનરુત્થાન વિષે આગાહી કરે છે. | ૨૦:૧૭-૧૯ | ૧૦:૩૨-૩૪ | ૧૮:૩૧-૩૪ | .... |
| ૧૨૫. યાકોબ અને યોહાન ઈસુના પૃથ્વી પરના રાજ્યમાં ઈસુને જમણે તથા ડાબે બેસવા માગે છે. | ૨૦:૨૦-૨૮ | ૧૦:૩૫-૪૫ | .... | .... |
| ૧૨૬. યરેખો પાસે તે બે આંધળાને દેખતા કરે છે. | ૨૦:૨૯-૩૪ | ૧૦:૪૬-૫૨ | ૧૮:૩૫-૧૯:૧ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨૭. જાખી ઈસુને જોવા ગુલ્લર ઝાડ ઉપર ચડી જાય છે. ઈસુ તેને નીચે ઊતરવા કહે છે, ઉદ્ધાર તેને ઘેર આવે છે. | .... | .... | ૧૯:૨-૧૦ | .... |
| ૧૨૮. યરુશાલેમ નજદીક આવ્યું હતું, અને લોકો એમ માનતા હતા કે ઈશ્વરનું રાજ્ય હમણાં જ પ્રગટ થશે, એટલે ઈસુએ તેમને સુધારવા એક કુલીન માણસનું દૃષ્ટાંત કહ્યું, જેણે દૂર દેશ જઈ આવતાં પહેલાં ચાકરોને દશ મહોરો આપી. | .... | .... | ૧૯:૧૧-૨૭ | .... |
| **છેલ્લો સાબ્બાથ (શનિવાર) શુક્રવાર સાંજે સૂર્ય આથમતાં બેસે છે.** | | | | |
| ૧૨૯. પર્વમાં આવેલા યહૂદીઓ ઈસુને યરુશાલેમમાં શોધતા હતા; ફરોશીઓ અને પ્રમુખ યાજકોએ લોકોને હુકમ | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| આપ્યો હતો કે ઈસુ કયાં છે એની કોઈને ખબર પડે તો અમને ખબર કરવી. | .... | .... | .... | ૧૧:૫૫-૫૭ |
| ઈસુ પાસ્ખાના છ દિવસ અગાઉ બેથાનિયામાં આવે છે. સિમોન કોઢીના ઘરમાં લાજરસની બહેન મરિયમ ઈસુના માથે અને પગે અત્તર ચોળે છે. | ૨૬:૬-૧૩ | ૧૪:૩-૯ | .... | ૧૨:૧-૮ |
| ૧૩૦. ઈસુને જોવા યહૂદીઓ બેથાનિયા આવે છે. | .... | .... | .... | ૧૨:૯-૧૧ |

**ઈસુના છેલ્લા પાસ્ખા પર્વનું સપ્તાહ**
**અંતમાં ક્રૂસારોહણ સપ્તાહનો**
**પહેલો દિવસ (રવિવાર)**

૧૩૧. ઈસુ યરુશાલેમમાં વિજયપ્રવેશ કરે છે. નાશ પામનાર શહેરને જોઈને તે રુદન કરે છે પછી મંદિરમાં જઈને ઠપકાની નજરે આસપાસ જોયું, અને સાંજે

| | | | | |
|---|---|---|---|---|
| બેથાનીયા પાછા ફર્યા (સફા. ૧:૧૨). | ૨૧:૧-૧૭ | ૧૧:૧-૧૧ | ૧૯:૨૯-૪૪ | ૧૨:૧૨-૧૯ |
| **બીજો દિવસ** (સોમવાર) | | | | |
| ૧૩૨. બેથાનિયાંથી નીકળ્યા પછી રસ્તે નિષ્ફળ અંજીરીને શાપ આપે છે. સેવાની શરૂઆતે મંદિર સાફ કર્યું હતું તેમ સેવાની આખરે મંદિરનું શુદ્ધીકરણ કર્યું (કોરડા વગર) પછી બેથાનિયા પાછા ફર્યા. | ૨૧:૧૨-૧૬ ૧૮-૧૯ | ૧૧:૧૨-૧૯ | ૧૯:૪૫-૪૬ | .... |
| **ત્રીજો દિવસ** (મંગળવાર) | | | | |
| ૧૩૩. બેથાનિયાથી યરુશાલેમ જતાં રસ્તામાં સુકાયેલી અંજીરી જોઈને ઈસુ શીખવે છે કે વિશ્વાસથી કરેલી પ્રાર્થના અડચણરૂપ એવા પહાડોને પણ ખસેડી નાખે છે. | ૨૧:૨૦-૨૨ | ૧૧:૨૦-૨૬ | .... | .... |
| ૧૩૪. મંદિરમાં બોધ આપે છે. સાન્હેદ્રીન | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| તરફથી મોકલાયેલા પ્રતિનિધિઓ ઈસુના અધિકારને પડકાર આપે છે. ઈસુ બે દૃષ્ટાંત કહે છે : 'હા' અને 'ના' પાડનાર બે દીકરાઓનું, અને ચાકરોને અને દીકરાને પણ મારી નાખનારા દ્રાક્ષાવાડીના ઈજારે રાખેલા ખેડૂતોનું. | ૨૧:૨૩-૪૬<br>.... | ૧૧:૨૭-૩૩,<br>૧૨:૧-૧૨ | ૨૦:૧-૯<br>.... | ....<br>.... |
| ૧૩૫. લગ્નજમણનું દૃષ્ટાંત : (નોતરેલાઓએ ગણકાર્યું નહિ, લગ્નના પોશાક વગરનો). | ૨૨:૧-૧૪ | .... | .... | .... |
| ૧૩૬. ફરોશીઓ અને હેરોદીઓ ઈસુને તેમના જ શબ્દોમાં સપડાવવા કાઈસારને કર આપવા વિષે પૂછે છે; ઈસુ સિક્કો મંગાવી તે પરથી જવાબ આપે છે. | ૨૨:૧૫-૨૨ | ૧૨:૧૩-૧૭ | ૨૦:૨૦-૨૬ | .... |
| ૧૩૭. પુનરુત્થાન સંબંધીના સાદુકીઓના પ્રશ્નનો જવાબ (એક પછી એક સાત | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| પતિ થયેલી સ્ત્રી). | ૨૨:૨૩-૩૩ | ૧૨:૧૮-૨૭ | ૨૦:૨૭-૪૦ | .... |
| ૧૩૮. એક પંડિતે પૂછ્યું કે, સૌથી મોટી આજ્ઞા કઈ? ઈસુએ આપેલો જવાબ | ૨૨:૩૫-૪૦ | ૧૨:૨૮-૩૪ | .... | .... |
| ૧૩૯. ઈસુએ ફરોશીને પૂછેલો પ્રશ્ન : 'જો મસીહ દાવિદપુત્ર છે તો દાવિદ તેને પ્રભુ કેમ કહે છે?' તેઓ જવાબ આપી શક્યા નહિ. | ૨૨:૪૧-૪૬ | ૧૨:૩૫-૩૭ | ૨૦:૪૧-૪૪ | .... |
| ૧૪૦. શાસ્ત્રીઓ અને ફરોશીઓ સંબંધી ચેતવણી. યરુશાલેમને અફસોસ. | ૨૩:૧-૩૯ | ૧૨:૩૮-૪૦ | ૨૦:૪૫-૪૭ | .... |
| ૧૪૧. એક દરિદ્રી વિધવાએ ઈશ્વરના ભંડારમાં નાખેલી નજીવી રકમની ઈસુએ ભારે પ્રશંસા કરી. | .... | ૧૨:૪૧-૪૪ | ૨૧:૧-૪ | .... |
| ૧૪૨. કેટલાક ગ્રીકો ઈસુને જોવા માગે છે. એમાં, પોતાને મહિમાવંત થવાની અને વિદેશીઓ હવે પ્રભુમાં જોડાશે એવી ઘડી | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| આવી પહોંચી છે એવો ઈસુ પુરાવો જુએ છે. ઈસુની પ્રાર્થના અને પિતાએ એનો આપેલો જવાબ શિષ્યોએ સાંભળ્યાં. | .... | .... | .... | ૧૨:૨૦-૩૮ |
| ૧૪૩. મંદિરમાંથી નીકળીને ઈસુ પિતર, યાકોબ, યોહાન અને આન્દ્રિયા સાથે જૈતૂનપહાડ પર બેઠા છે, અને યરુશાલેમના નાશની, યુગના અંતની તથા પોતાના પાછા આવવાની નિશાનીઓની આગાહી કરે છે. | ૨૪:૧-૪૨ | ૧૩:૧-૩૭ | ૨૧:૫-૩૬ | .... |
| ૧૪૪. દૃષ્ટાંતો : ઘરધણી; વિશ્વાસુ તથા બુદ્ધિમાન; ચાકર, અને ભૂંડો ચાકર; દશ કુમારિકાઓ; તાલંતો. | ૨૪:૪૩-૫૧ | .... | .... | .... |
| દેશજાતિઓનો ન્યાય (ઘેટાં બકરાં) | ૨૫:૧-૪૬ | | | |
| **ચોથો દિવસ** (બુધવાર) | | | | |
| ૧૪૫. (સૂર્યાસ્ત સમયે નવો દિવસ શરૂ થાય). | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ઈસુ પાસ્ખાના બે દિવસ અગાઉ, પોતાને પરસ્વાધીન કરવામાં આવશે અને ક્રૂસે જડવામાં આવશે તે વિશે આગાહી કરે છે. સાન્હેદ્રીન ઈસુને છાની રીતે પકડી મારી નાખવા મસલત કરે છે. યહૂદા ઈસુને રૂપાના ત્રીસ કકડામાં પકડાવી દેવા મુખ્ય યાજકો સાથે મસલત કરે છે. કેટલાક ફરોશીઓ અને અધિકારીઓએ ઈસુ પર વિશ્વાસ કર્યો, પણ રખેને અમને નાત બહાર મૂકે એ બીકે જાહેરમાં ઈસુને કબૂલ્યા નહિ. ઈસુએ જાહેર કરેલો ન્યાય. | ૨૬:૧-૫<br>૧૪-૧૬ | ૧૪:૧-૨,<br>૧૦-૧૧ | ....<br>૨૨:૧-૬ | ....<br>૧૨:૩૬-૫૦ |
| **પાંચમો દિવસ** (ગુરૂવાર) | | | | |
| ૧૪૬. પાસ્ખાની તૈયારી માટે ઈસુ બે શિષ્યોને શહેરમાં મોકલે છે; બપોર પછી તે પોતાના શિષ્યોની સાથે જાય છે. | ૨૬:૧૭-૧૯ | ૧૪:૧૨-૧૬ | ૨૨:૭-૧૩ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| **છઠ્ઠો દિવસ (શુક્રવાર)** | | | | |
| ૧૪૭. સૂર્યાસ્ત સમયે : ઈસુ શિષ્યોની સાથે અગાઉથી પાસ્ખા ઊજવે છે (પાસ્ખાનું ભોજન લે છે.) | ૨૬:૨૦ | ૧૪:૧૭ | ૨૨:૧૪ | .... |
| ૧૪૮. બધામાં મોટા ગણાવાની શિષ્યોની મહત્ત્વાકાંક્ષા માટે તેમને ઠપકો આપે છે; છતાં રાજ્ય આપવાનું વચન આપે છે. | .... | .... | ૨૨:૨૪-૩૦ | .... |
| ૧૪૯. શિષ્યોના પગ ધોઈને તેમને પ્રેમ અને નમ્રતાનો પાઠ શીખવે છે. | .... | .... | .... | ૧૩:૧-૨૦ |
| ૧૫૦. ઈસુ પોતાને પરસ્વાધીન કરનારનો નિર્દેશ કરે છે, પણ પ્રભુભોજન લીધા પછી જ યહૂદા જાય છે. (લૂક ૨૨:૨૧). | ૨૬:૨૧-૨૫ | ૧૪:૧૮-૨૧ | ૨૨:૨૧-૨૩ | ૧૩:૨૧-૩૫ |
| ૧૫૧. શેતાન ઘઉંની પેઠે પિતરને ચાળશે; પણ ઈસુની મધ્યસ્થીને લીધે પિતર પુનઃસ્થાપિત થશે; બધા શિષ્યો ઈસુને | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| મૂકીને ચાલ્યા જશે,-એ સંબંધી ઈસુની આગાહી. | ૨૬:૩૧-૩૫ | ૧૪:૨૭-૩૧ | ૨૨:૩૧-૩૮ | ૧૩:૩૬-૩૮ |
| ૧૫૨. ઈસુ પ્રભુભોજનની સ્થાપના કરે છે (૧ કોરિંથી ૧૧:૨૩-૨૫). | ૨૬:૨૬-૨૯ | ૧૪:૨૨-૨૫ | ૨૨:૧૫-૨૦ | .... |
| ૧૫૩. પાસ્ખાના ઓરડામાં ઈસુનો વિદાય સંદેશ અને મધ્યસ્થીની પ્રાર્થના (બધા ઊભા ઊભા) (યોહાન ૧૪:૩૧). | .... | .... | .... | ૧૪:૧૭-૨૬ |
| ૧૫૪. ગેથસેમાનેમાંની ઈસુની વેદના | ૨૬:૩૦, ૩૬-૪૬ | ૧૪:૨૬, ૩૨-૪૨ | ૨૨:૩૯-૪૬ | ૧૮:૧,૪ |
| ૧૫૫. યહૂદાએ ચુંબનથી ઈસુની ઓળખ આપી, ઈસુની ધરપકડ, પિતરે તલવારથી માલ્ખસનો કાન કાપી નાખ્યો, ઈસુએ કાન સમો કરી દીધો. | ૨૬:૪૭-૫૬ | ૧૪:૪૩-૫૨ | ૨૨:૪૭-૫૩ | ૧૮:૨-૧૨ |
| ૧૫૬. રાતે ઈસુને સૌ પહેલાં આન્નાસ પાસે લઈ જવામાં આવ્યા, પિતરે ત્રણ વખત | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| કરેલો નકાર : (૧) દેહ (માર્ક ૧૪:૫૪); (૨) જગત (માથ્થી ૨૬:૭૦ - મરઘો પહેલી વાર બોલ્યો, માર્ક ૧૪:૬૮); (૩) શેતાન (માર્ક ૧૪:૭૧,૭૨, મરઘો બીજી વાર બોલ્યો, ગી.શા. ૧:૧). | ૨૬:૫૭,૫૮<br>૬૯-૭૫ | ૧૪:૫૩-૫૪,<br>૬૬-૭૨ | ૨૨:૫૪-૬૨ | ૧૮:૧૩,૧૮<br>૨૫-૨૭ |
| ૧૫૭. ઈસુને મળસકે કાયાફાસ પાસે લઈ ગયા. ઈસુ પોતે મસીહ છે તે અને પોતાનું ઈશ્વરત્વ કબૂલ કરે છે; ઈસુ પર દુર્ભાષણનો દોષ, એમની મશ્કરી કરવામાં આવે છે. | ૨૬:૫૯-૬૮ | ૧૪:૫૫-૬૫ | ૨૨:૬૩-૭૧ | ૧૮:૧૯-૨૪ |
| ૧૫૮. ઈસુને પિતાલની પાસે લાવવામાં આવ્યા - ક્રૂસે જડી દેવા માટે. | ૨૭:૧-૨<br>૧૧-૧૪, ૧૫:૧-૫ | .... | ૨૩:૧-૫ | ૧૮:૨૮-૩૮ |
| ૧૫૯. પિલાત ઈસુને હેરોદ પાસે મોકલે છે; હેરોદ તેમને પિલાત પાસે પાછા મોકલે છે. | .... | .... | ૨૩:૬-૧૨ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬૦. પિલાત ઈસુને છોડી મૂકવા ઈચ્છે છે, પણ યહૂદીઓ બારાબાસને છોડી મૂકવા બૂમો પાડે છે. તેમને સંતોષવા પિલાત ઈસુને ફટકા મરાવે છે; ઈસુએ પોતાને રાજા કહ્યો છે એ બહાના હેઠળ યહૂદીઓ ઈસુને ક્રૂસે જડાવવા પોકારે છે. પિલાતને તેની પત્નીએ આપેલી ચેતવણી છતાં તે ઈસુને ક્રૂસે જડવાની શિક્ષા ફરમાવે છે. | ૨૭:૧૫-૨૬ | ૧૫:૬-૧૫ | ૨૩:૧૩-૨૫ | ૧૮:૩૯ ૧૯:૧-૧૬ |
| ૧૬૧. રોમન સિપાઈઓ ઈસુને જાંબુડી ઝભ્ભો પહેરાવી, માથા પર કાંટાનો મુગટ પહેરાવીને તથા હાથમાં બરુ આપીને ઈસુની ઠઠ્ઠામશ્કરી કરે છે. | ૨૭:૨૭-૩૦ | ૧૫:૧૬-૧૯ | .... | .... |
| ૧૬૨. યહૂદાનો ખેદ : મંદિરમાં જઈને પેલી રકમ ત્યાં ફેંકી દે છે અને પોતે ગળે ફાંસો ખાય છે. (પ્રે.કૃ. ૧:૧૮-૧૯). | ૨૭:૩-૧૦ | .... | .... | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬૩. ઈસુ શહેરના દરવાજા સુધી પોતાનો ક્રૂસ ઊંચકીને જાય છે; ત્યાં સિમોન કુરેની ઈસુનો ક્રૂસ ઊંચકી લે છે; ઈસુએ પિત્ત ભેળવેલો સિરકો પીવા ના પાડી. | ૨૭:૩૧-૩૪ | ૧૫:૨૦-૨૩ | ૨૩:૨૬-૩૨ | ૧૯:૧૬-૧૭ |
| ૧૬૪. ઈસુને ગલગથાની ટેકરી ઉપર ક્રૂસે જડી દેવામાં આવ્યા (કદાચ દમસ્ક દરવાજા બહાર; ક્રૂસ પરની સાત વાણીઓ - ત્રણ બીજાં માટેની, અને ચાર પોતાને માટેની (૧) પોતાના ખૂનીઓ માટે – "પિતા, તેમને માફ કરો;" ઈ. | ૨૭:૩૫-૪૪ | ૧૫:૨૪-૩૨ | ૨૩:૩૩-૩૮ | ૧૯:૧૮-૨૭ |
| ૧૬૫. (૨) પશ્ચાત્તાપી ચોરને પારાદૈસનું વચન - "આજે તું..." ઈ. | .... | .... | ૨૩:૩૯-૪૩ | .... |
| ૧૬૬. તેમનાં વસ્ત્રો વહેંચી લેવામાં આવ્યાં, અને તેમના ડગલા માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવી; (૩) ઈસુએ પોતાની માની સોંપણી યોહાનને કરી - "જો | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| તારો દીકરો," ઈ. | .... | .... | .... | ૧૯:૨૩-૨૭ |
| ૧૬૭. દેશ પર છઠ્ઠી હોરાથી નવમી હોરા સુધી અંધકાર. ઈસુની મોટેથી બૂમ; (૪) "એલી, એલી, લામા," ઈ.. ઈસુ કહે છે, (૫) "મને તરસ લાગી છે," અને શાસ્ત્ર પૂર્ણ થાય માટે સિરકો લે છે; (૬) "સંપૂર્ણ થયું"; (૭) "પિતા, હું મારો આત્મા તમારા હાથમાં સોપું છું"; પ્રાણ છોડે છે; મંદિરનો પડદો ફાટી ગયો; જમાદારની સાક્ષી. | ૨૭:૪૫-૫૪ | ૧૫:૩૩-૪૧ | ૨૩:૪૪-૪૯ | ૧૮:૨૮-૩૦ |
| ૧૬૮. સિપાઈએ ભાલાથી ઈસુની કૂખ વીંધી. નીકળેલાં લોહી અને પાણી ઈસુના મૃત્યુની ખાતરી આપે છે, અને શાસ્ત્ર પૂર્ણ થયેલાની ખાતરી આપે છે (ઉત્પ. ૨:૨૧-૨૩, એફેસી ૫:૩૦, ૩૨, ૧ યોહાન ૫:૬, ઝખા. ૧૨:૧૦). | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ઉતારેલા શબને, નીકોદેમેસે આણેલા અગર તથા બોળના મિશ્રણને શણના લૂગડામાં નાખીને, વીંટાળ્યું, અને આરામથીઆના યૂસફની નવી કબરમાં મૂકવામાં આવ્યું. | ૨૭:૫૭-૬૧ | ૧૫:૪૨-૪૭ | ૨૩:૫૦-૫૬ | ૧૯:૩૧-૪૨ |
| **સાતમો દિવસ** (શનિવાર) | | | | |
| ૧૬૯. પિલાત કબર ઉપર ચોકીપહેરો મૂકવા મંજૂરી આપે છે, અને તેઓ કબરને મહોર મારે છે, - ચોકીપહેરો મૂકે છે. | ૨૭:૬૨-૬૬ | .... | .... | .... |
| **ઈસુનું પુનરુત્થાન, ચાલીસ દિવસ સુધી તેમણે આપેલાં દર્શન, અને તેમનું સ્વર્ગારોહણ** | | | | |
| **પહેલો દિવસ - ઈસ્ટર** (રવિવાર) | | | | |
| ૧૭૦. વહેલી સવારે પુનરુત્થાન | ૨૮:૨-૪ | .... | .... | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭૧. સ્ત્રીઓ સુગંધી દ્રવ્યો લઈને કબરે આવે છે; કબર ઉઘાડી અને ખાલી જુએ છે. માગ્દાલાની મરિયમ પિતર અને યોહાનને ખબર આપવા જાય છે. | ૨૮:૧ | ૧૬:૧-૪ | ૨૪:૧-૩ | ૨૦:૧-૨ |
| ૧૭૨. બીજી સ્ત્રીઓ કબરે જ થોભી છે; તેઓ બે દૂતને જુએ છે; દૂતો તેમને પ્રભુના પુનરુત્થાનની ખબર આપે છે. | ૨૮:૫-૭ | ૧૬:૫-૭ | ૨૪:૪-૮ | .... |
| ૧૭૩. માગ્દાલાની મરિયમ કબરે પાછી આવે છે; ઈસુ તેને પોતાનું દર્શન આપે છે, - ઓળખ આપે છે. મરિયમ શિષ્યોને જણાવે છે - પ્રથમ દર્શન. | .... | ૧૬:૯-૧૧ | .... | ૨૦:૧૧-૧૮ |
| ૧૭૪. ઈસુ સ્ત્રીઓને (યાકોબની મા મરિયમ, સાલોમી, અને યોહાન્ના) મળે છે, - તેઓ શહેરમાં પાછી ફરી રહી હતી ત્યારે - બીજું દર્શન. | ૨૮:૮-૧૦ | ૧૬:૮ | ૨૪:૯-૧૧ | .... |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭૫. પિતર અને યોહાન ખાલી કબર જુએ છે. | .... | .... | ૨૪:૧૨ | ૨૦:૩-૧૦ |
| ૧૭૬. ચોકીદારો જઈને મુખ્ય યાજકોને ખાલી કબર વિષે જાણ કરે છે; અને મુખ્ય યાજકો તેમને લાંચ આપે છે. | ૨૮:૧૧-૧૫ | .... | .... | .... |
| ૧૭૭. પિતર ઈસુને જુએ છે (કેફાસ. ૧ કોરિંથી ૧૫:૫) - ત્રીજું દર્શન. | .... | .... | ૨૪:૩૪ | .... |
| ૧૭૮. એમ્મોસ જતા બે શિષ્યોને ઈસુનું દર્શન - ચોથું દર્શન. | .... | ૧૬:૧૨-૧૩ | ૨૪:૧૩-૩૫ | .... |
| ૧૭૯. ઈસુ દશ શિષ્યોને દર્શન દે છે. થોમા આ વખતે હાજર નથી - પાંચમું દર્શન. | .... | ૧૬:૧૪ | ૨૪:૩૬-૪૯ | ૨૦:૧૯-૨૩ |
| **એ પછીનાં દર્શનો** | | | | |
| ૧૮૦. ઈસ્ટર રવિવાર પછીના રવિવારે, ઈસુએ ફરીથી શિષ્યોને દર્શન દીધું - આ વખતે થોમા પણ હાજર હતો. - છઠ્ઠું દર્શન. | .... | .... | .... | ૨૦:૨૪-૨૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮૧. અગિયારેય શિષ્યો ગાલીલ જાય છે, અને જે પર્વત કહ્યો હતો તે પર પહોંચે છે. ઈસુ તેઓને દર્શન દે છે, અને સૌ પ્રજાઓને શીખવવા આદેશ આપે છે - સાતમું દર્શન. | ૨૮:૧૬-૨૦ | ૧૮:૧૫-૧૮ | .... | .... |
| ૧૮૨. ઈસુ તિબેરિયસ સમુદ્રને કાંઠે દર્શન આપે છે. - આઠમું દર્શન. પિતરને ઈસુ પોતાનાં ઘેટાંને પાળવા - પોષવાની રખેવાળી સોંપે છે. | .... | .... | .... | ૨૧:૧-૨૪ |
| ૧૮૩. એકસાથે સામટાં ૫૦૦ કરતાં વધારેને ઈસુ દેખાયા. (૧ કોરિંથી ૧૫:૬), કદાચ અગિયાર શિષ્યોને દેખાયા તે જ સમયે - નવમું દર્શન. | ૨૮:૧૬ | .... | .... | .... |
| ૧૮૪. યાકોબને દેખાયા, એ પછી બધા પ્રેરિતોને (પ્રે.કૃ. ૧:૩-૮, ૧ કોરિંથી | | | | |

ઢૂંઢશો ત્યારે હું તમને મળીશ.

**ગ. વિશ્વાસ સહિતની પ્રાર્થના**

**માર્ક ૧૧:૨૪.** એ માટે હું તમને કહું છું કે, પ્રાર્થના કરતાં જે સર્વ તમે માગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો તો તમને મળશે.

**ઘ. ધાર્મિક કે ન્યાયી જીવન**

**યાકોબ ૫:૧૬.** તમે નીરોગી થાઓ માટે તમારાં પાપ એકબીજાની આગળ કબૂલ કરો, અને એકબીજાને સારું પ્રાર્થના કરો. ન્યાયી માણસની પ્રાર્થના પરિણામે બહુ સાર્થક થાય છે.

**ચ. આજ્ઞાધીનતા :**

**૧ યોહાન ૩:૨૨.** અને જે કાંઈ આપણે માગીએ છીએ, તેની તે પાસેથી આપણને મળે છે, કેમ કે આપણે તેની આજ્ઞાઓ પાળીએ છીએ, અને તેની નજરમાં જે પસંદ પડે છે તે કરીએ છીએ.

**૪. પ્રાર્થનાનો જવાબ મળશે તેની ખાતરીનું વચન :**

ક. ગી.શા. ૯૧:૧૫ : તે મને અરજ કરશે, એટલે હું તેને ઉત્તર દઈશ, હું સંકટ સમયે તેની સાથે થઈશ; હું તેને છોડાવીને માન આપીશ.

ખ. **યશા. ૪૧:૧૭ :** દુ:ખી તથા દરિદ્રીઓ પાણી શોધે છે, પણ તે મળતું નથી, તેમની જીભ તરસથી સુકાઈ ગઈ છે, હું યહોવા તેમને ઉત્તર આપીશ, હું ઈસ્રાએલનો દેવ તેમને તજીશ નહિ.

ગ. **યશા. ૫૮:૯ :** તું હાંક મારશે, ત્યારે યહોવા તને ઉત્તર આપશે, તું બૂમ પાડશે એટલે તે કહેશે, હું આ રહ્યો. જો તું જુલમની ઝૂંસરીને તથા ચેષ્ટા કરવાનું તથા ભૂંડું બોલવાનું તારામાંથી દૂર કરે;

ઘ. **યશા. ૬૫:૨૪ :** તેઓ હાંક મારે ત્યાર પહેલાં હું તેઓને ઉત્તર આપીશ; અને તેઓ હજી તો બોલતા હશે એટલામાં હું તેઓનું સાંભળીશ.

ચ. **ઝખા. ૧૩:૯ :** અને તે ત્રીજા ભાગને હું અગ્નિમાં નાખીને રૂપું ગળાય છે તેમ તેમને ગાળીશ, ને જેમ સોનાને શુદ્ધ કરવામાં આવે છે તેમ તેમને શુદ્ધ કરીશ; તેઓ મારા નામની વિનંતી કરશે, ને હું તેમનું સાંભળીશ; હું કહીશ કે, તે મારા લોકો છે; અને તેઓમાંનો દરેક કહેશે કે, યહોવા મારો દેવ છે.

છ. **લૂક ૧૧:૯, ૧૦ :** હું તમને કહું છું કે, માગો, તો તમને આપવામાં આવશે. શોધો, તો તમને જડશે. ઠોકો, તો તમારે સારુ ઉઘાડવામાં આવશે. કેમ કે જે કોઈ માગે છે તે પામે છે જે શોધે છે તેને જડે છે. અને જે ઠોકે છે તેને સારુ ઉઘાડવામાં આવશે.

જ. **યોહાન ૧૪:૧૪ :** જો તમે મારે નામે કંઈ મારી પાસે માગશો તો તે હું કરીશ.

ઝ. **યોહાન ૧૫:૭ :** જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, એટલે તે તમને મળશે.

૫. **ખરી પ્રાર્થનાઓ સંભળાય છે :**

ક. **અયૂબ ૩૪:૨૮ :** આમ તેઓએ ગરીબની બૂમ તેની પાસે પહોંચાડી, અને તેણે દુઃખીઓની બૂમ સાંભળી.

ખ. **ગી.શા. ૪:૩ :** પણ જાણો કે જે પવિત્ર છે તેને યહોવાએ પોતાને વાસ્તે પસંદ કર્યો છે; હું યહોવાને વિનંતી કરું, ત્યારે તે મારું સાંભળશે.

ગ. **ગી.શા. ૧૮:૬ :** મારા સંકટમાં મેં યહોવાને વિનંતી કરી, અને મારા દેવને અરજ કરી, તેણે પોતાના પવિત્ર સ્થાનમાંથી મારો અવાજ સાંભળ્યો અને તેની આગળ મારી અરજ તેને કાને પહોંચી.

ઘ. **ગી.શા. ૩૪:૧૭ :** ન્યાયીઓએ પોકાર કર્યો અને યહોવાએ સાંભળીને સર્વ સંકટમાંથી તેઓને છોડાવ્યા.

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫:૭) - દશમું દર્શન. બધાં મળીને ૫૩૮ (અને જો ૧૧ શિષ્યો ૫૦૦ કરતાં જુદા હોય - માથ્થી ૨૮:૧૬, - તો પછી કુલ ૫૪૯) જણાંને દર્શન થયાં, એવું બાઈબલ દર્શાવે છે. વળી સ્વર્ગગમન પછી પ્રેરિત પાઉલને પણ દર્શન થયાં (૧ કોરિંથી ૧૫:૮). | .... | ૧૬:૧૯-૨૦ | ૨૪:૫૦-૫૩ | .... |
| ૧૮૫. ઈસ્ટર પછી ૪૦ દિવસ બાદ સ્વર્ગારોહણ (પ્રે.કૃ. ૧:૯-૧૨). | .... | .... | .... | ૨૦:૩૦-૩૧ |
| ૧૮૬. હેતુ અને સમાપ્તિ. | .... | .... | .... | ૨૧:૨૫ |

## XXV શુભ શુક્રવાર (પાસ્ખાપર્વ) અને ઈસ્ટર કઈ તારીખોએ આવે ?

ઈસુનો મૃત્યુદિન 'ગુડ ફ્રાઈડે' (શુભ શુક્રવાર) યહૂદી પાસ્ખાપર્વના મુખ્ય દિવસે આવે છે. નિર્ગમન ૧૨:૧-૬ પ્રમાણે યહૂદી પાસ્ખા યહૂદી માસ 'નિસાન' (અથવા 'આબીબ')માં આવતો હતો. એ માસના દસમા દિવસે યહૂદી કુટુંબે પાસ્ખાનો હલવાન લેવાનો હતો. ચૌદમા દિવસની સાંજ સુધી તે રાખી મૂકવાનો હતો. અને ચૌદમા દિવસની સાંજે તે વધેરવાનો હતો. એ જ યહૂદી 'નિસાન' માસના ચૌદમા દિવસે ઈસુ ખ્રિસ્ત ક્રૂસ પર 'ઈશ્વરના ખરા બલિ' તરીકે હોમાઈ ગયા. એ પછીનો દિવસ તે પંદરમો દિવસ અથવા પૂનમ હતો.

યહૂદી માસ અને વર્ષની ગણતરી ચંદ્ર ઉપરથી થાય છે. એમનું વર્ષ ચાંદ્રવર્ષ ગણાય છે અને ૩૬૦ દિવસનું હોય છે. ઈસ્વીસનના મહિના અને વર્ષ સૂર્ય ઉપરથી નક્કી થાય છે અને એને સૌરવર્ષ કહે છે. એ ૩૬૫.૨૫ દિવસનું બનેલું હોય છે. આમ યહૂદી દિવસો અને પર્વો ચંદ્ર પરથી નક્કી થાય છે.

ઉપર જોયું તેમ, ઈસુના મૃત્યુ પછીનો દિવસ પૂનમનો હતો. અને એ શનિવાર હતો. એ પૂનમ પછીનો દિવસ રવિવાર હતો. અને એ દિવસે પ્રભુ ઈસુ મૃત્યુંજય બનીને ઘોરમાંથી ઊઠયા. એ જ ઈસ્ટરનો દિન.

ઇ.સ. ૩૨૫માં ખ્રિસ્તી મંડળીની મહાસભા એશિયા માઈનરમાં નિકિયા મુકામે મળી હતી. એ મહાસભામાં 'નિકિયાના વિશ્વાસ નામા' તરીકે ઓળખાતું 'ધર્મશ્રદ્ધાનામું' કે 'ધર્મસિદ્ધાંતનામું' તૈયાર કરવામાં આવ્યું હતું. આ જ મહાસભા વખતે ઇસ્ટરની તારીખ નક્કી કરવાની રીત પણ મંજૂરી પામી હતી.

યહૂદી 'નિશાન' (આબીબ) માસ આપણા માર્ચની ૧૫ અથવા ૨૦મીના ગાળાથી શરૂ થઈ એપ્રિલની ૧૫ થી ૨૦ સુધી પહોંચે છે. એટલે 'કષ્ટમય અઠવાડિયું' (પામ સન્ડે, ગુડ ફ્રાઈડે, ઈસ્ટર) આ ગાળામાં જ કાયમ આવે છે. આ અરસામાં જ વસંતઋતુ પણ આવે છે.

એટલે હવે ઈસ્ટરની ગણતરી આ પ્રમાણે થાય : વસંતસંપાત (માર્ચ ૨૧મી, એ દિવસે રાતદિન સરખાં હોય છે.) દિને આવતી કે તે પરથી તરત આવતી પૂનમ પછીનો રવિવાર તે ઈસ્ટર ગણાય. જો એ પૂનમ રવિવારે આવતી હોય તો તે પછીનો રવિવાર ઈસ્ટર ગણાય. દાખલા તરીકે ૧૯૮૯માં પૂનમ (ફાલ્ગુની પૂનમ) માર્ચ ૨૪મીએ શુક્રવારે આવે છે. અને એ પછી તરત આવતો રવિવાર ૨૬મીએ આવે છે. તેથી એ ૨૬મીએ ઈસ્ટર આવે. (વસંતસંપાતના દિન માર્ચ ૨૧મીએ જમશેદી નવરોઝ અથવા પારસી તહેવાર હોય છે).

આ સૈકું પૂરું થાય ત્યાં સુધીની ઈસ્ટરો આ પ્રમાણે આવે છે.

| સાલ | ઍશ બુધવાર | ઈસ્ટર | પચાસમાનો દિવસ | આગમનનો પહેલો રવિવાર |
|---|---|---|---|---|
| ૧૯૯૫ | માર્ચ ૧ | એપ્રિલ ૧૬ | જૂન ૪ | ડિસે. ૩ |
| ૧૯૯૬ | ફેબ્રુ. ૨૧ | એપ્રિલ ૭ | મે ૨૬ | ડિસે. ૧ |
| ૧૯૯૭ | ફેબ્રુ. ૧૨ | માર્ચ ૩૦ | મે ૧૮ | નવે. ૩૦ |
| ૧૯૯૮ | ફેબ્રુ. ૨૫ | એપ્રિલ ૧૨ | મે ૩૧ | નવે. ૨૯ |
| ૧૯૯૯ | ફેબ્રુ. ૧૭ | એપ્રિલ ૪ | મે ૨૩ | નવે. ૨૮ |
| ૨૦૦૦ | માર્ચ ૮ | એપ્રિલ ૨૩ | જૂન ૧૧ | ડિસે. ૩ |

ઈસ્ટર કદીયે માર્ચ ૨૨મી પહેલાં કે એપ્રિલ ૨૫મી પછી આવે જ નહિ.

# XXVI બાઈબલમાં પ્રાર્થના વિષે શિક્ષણ, માર્ગદર્શન અને નમૂનાઓ

**૧. પ્રાર્થનાનો પ્રથમ ઉલ્લેખ :**

ઉત્પત્તિ ૪:૨૬. "શેથને પણ દીકરો થયો; અને તેનું નામ તેણે અનોશ પાડ્યું; ત્યારે લોકો યહોવાને નામે પ્રાર્થના કરવા લાગ્યા."

**૨. પ્રાર્થનાની સાર્વત્રિક જરૂર :**

**ગીતશાસ્ત્ર ૬૫:૨.** "હે પ્રાર્થનાના સાંભળનાર, તારી પાસે સર્વ લોકો આવશે."

**યશાયા ૫૬:૭.** "તેમને તો હું મારા પવિત્ર પર્વત પર આણીશ, અને મારા પ્રાર્થનાના મંદિરમાં તેમને આનંદિત કરીશ, તેમના દહનાર્પણો તથા તેમના યજ્ઞો મારી વેદી પર માન્ય થશે; કેમકે મારું મંદિર સર્વ પ્રજાઓને સારું પ્રાર્થનાનું મંદિર કહેવાશે."

**લૂક ૧૧:૨.** "તેણે તેઓને કહ્યું કે, તમે પ્રાર્થના કરો, ત્યારે કહો કે ઓ આકાશમાંના અમારા પિતા, તારું નામ પવિત્ર મનાઓ; તારું રાજ્ય આવો, જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ."

**૩. પરિણામદાયી પ્રાર્થનાની શરતો :**

**ક. પસ્તાવો**

**૨ કાળ વૃ. ૭:૧૪.** ત્યારે જો મારા લોકો, જેઓ મારા નામથી ઓળખાય છે, તેઓ નમી જશે ને પ્રાર્થના કરીને મારું મુખ શોધશે ને પોતાના દુષ્ટ માર્ગોથી ફરશે; તો હું આકાશમાંથી તે સાંભળીને તેઓનાં પાપ માફ કરીશ, ને તેઓના દેશને સાજો કરીશ.

**ખ. સંપૂર્ણ હૃદયથી પ્રાર્થના**

યિર્મે. ૨૯:૧૩. તમે મને શોધશો, ને તમે તમારા ખરા હૃદયથી

ચ. **નીતિ. ૧૫:૨૯ :** યહોવા દુષ્ટથી દૂર છે; પણ તે સદાચારીની પ્રાર્થના સાંભળે છે.

છ. **મીખા. ૭:૭ :** પણ હું તો યહોવા તરફ જોઈ રહીશ; હું મારું તારણ કરનાર દેવની વાટ જોઈશ; મારો દેવ મારું સાંભળશે.

જ. **ઝખા. ૧૦:૬ :** હું યહૂદાના માણસોને બળવાન કરીશ, અને હું યોસેફના માણસોનો ઉદ્ધાર કરીશ, ને હું તેઓને તેમના વતનમાં પાછા લાવીશ, કેમ કે મને તેમના પર દયા આવે છે, અને જાણે મેં તેમને અગાઉ તજી દીધા ન હોય, એવા તેઓ થશે; કેમકે હું તેઓનો દેવ યહોવા છું, ને હું તેઓનું સાંભળીશ.

**૬. જવાબ મળ્યા હોય તેવી પ્રાર્થનાઓ :**

ક. **મોશે (મૂસા) : નિર્ગ. ૧૫:૨૪, ૨૫ :** અને લોકોએ મૂસાની વિરુદ્ધ કચકચ કરીને કહ્યું કે, અમે શું પીએ ; અને તેણે યહોવાની પ્રાર્થના કરી; અને યહોવાએ તેને એક વૃક્ષ દેખાડયું, અને તેણે પાણીમાં નાખ્યું, એટલે પાણી મીઠાં થઈ ગયાં. ત્યાં તેણે તેઓને વાસ્તે એક વિધિ તથા એક નિયમ ઠરાવ્યો, ને ત્યાં તેણે તેમની પરીક્ષા કરી.

ખ. **ગિદિયોન : ન્યાયા. ૬:૩૯-૪૦ :** અને ગિદિયોને દેવને કહ્યું, તારો કોપ મારા પર સળગી ન ઊઠે, તો હું માત્ર આ એક વખતે બોલું. કૃપા કરીને આ એક જ વખત મને ઊનથી ખાતરી કરવા દે; હવે એકલું ઊન કોરું રહે, ને બાકીની બધી ભૂમિ પર ઝાકળ પડે. તો તે રાત્રે દેવે તેમ કર્યું; કેમ કે એકલું ઊન કોરું રહ્યું હતું, ને બાકીની બધી ભૂમિ પર ઝાકળ હતું.

ગ. **હાન્ના : ૧ શમુ. ૧:૨૭ :** આ છોકરા સારુ હું પ્રાર્થના કરતી હતી; અને યહોવાને જે વિનંતી કરી તે તેણે ફળીભૂત કરી છે.

ઘ. **શમુએલ. ૧ શમુ. ૭:૯, ૧૩ :** અને શમુએલે એક ધાવણું હલવાન લઈને તેનું સકળ દહનાર્પણ યહોવાને કર્યું, અને તેણે ઈસ્ત્રાયલીઓને સારુ યહોવાને વિનંતી કરી; અને યહોવાએ તેનો

ઉત્તર આપ્યો. એમ પલિસ્તીઓ પરાજિત થયા, ને તેઓ ઈસ્ત્રાયલની સીમમાં ફરી આવ્યા નહિ; શમુએલના સર્વ દિવસોમાં યહોવાનો હાથ પલિસ્તીઓની વિરુદ્ધ હતો.

ચ. **શલોમોન (સુલેમાન) : ૧ રાજા ૩:૯ :** માટે તારા લોકનો ન્યાય કરવા સારુ તારા સેવકને વિવેકી હૃદય આપ કે, જેથી ખરાખોટાનો ભેદ હું પારખી શકું; કેમકે આ તારી મહાન પ્રજાનો ન્યાય કરવા કોણ શક્તિમાન છે ?

છ. **એલિયા : ૧ રાજા ૧૮:૩૭-૩૮ :** હે યહોવા, મારું સાંભળ, મારું સાંભળ કે, આ લોક જાણે કે, હે યહોવા, તું દેવ છે, અને તેં તેઓનાં હૃદય પાછાં ફેરવ્યાં છે. ત્યારે યહોવાના અગ્નિએ પડીને દહનાર્પણ, લાકડા, પથ્થર તથા ધૂળ બાળીને ભસ્મ કર્યાં, ને ખાઈમાં જે પાણી હતું તે શોષી લીધું.

જ. **હિઝકિયા : ૨ રાજા ૧૯:૧૯-૨૦ :** તો હવે હે અમારા દેવ યહોવા, હું તને કાલાવાલા કરું છું કે, તું અમને તેના હાથમાંથી બચાવ કે, પૃથ્વીના સર્વ રાજ્યો જાણે કે, તું, હે યહોવા, એકલો તું જ દેવ છે. ત્યારે આમોસના દીકરા યશાયાએ હિઝિક્યાને સંદેશો કહાવ્યો કે, ઈસ્ત્રાયલનો દેવ યહોવા આમ કહે છે કે, તેં આશ્શૂરના રાજા સાન્હેરીબ વિરુદ્ધ મારી આગળ પ્રાર્થના કરી છે, તો મેં તારું સાંભળ્યું છે.

ઝ. **યહોશાફાટ : ૨ કાળ ૧૮:૩૧ :** રથાધિપતિઓએ યહોશાફાટને જોયો ત્યારે તેઓએ એમ ધાર્યું કે, એ ઇઝરાયેલનો રાજા છે. માટે તેઓ તેની સાથે લડવાને આવ્યા; એટલે યહોશાફાટે બૂમ પાડી, ને યહોવાએ તેને સહાય કરી; અને દેવે તેઓનાં મન ફેરવ્યાં, જેથી તેઓ તેની પાસેથી જતા રહ્યા.

ટ. **એઝરા : એઝ. ૮:૨૩ :** માટે અમે ઉપવાસ કરીને દેવને વિનંતી કરી, તેણે અમારા કાલાવાલા સાંભળ્યા.

ઠ. **ઝખાર્યા : લૂક ૧:૧૨ :** પણ દૂતે તેને કહ્યું કે, ઝખાર્યા બી મા; કેમ કે તારી વિનંતી સાંભળવામાં આવી છે ને તારી પત્ની એલિસાબેતને દીકરો થશે, તેનું નામ તું યોહાન પાડશે.

ડ. **શરૂઆતની મંડળી : પ્રે.કૃ. ૪:૩૧ :** તેઓ પ્રાર્થના કરી રહ્યા ત્યારે જે મકાનમાં તેઓ ભેગા થયા હતા તે હાલ્યું; તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને દેવની વાત હિંમતથી બોલવા લાગ્યા.

**૭. પવિત્ર આત્મા પ્રાર્થના કરવામાં સહાય કરે છે :**

**રૂમી. ૮:૨૬-૨૭ :** તે પ્રમાણે પવિત્ર આત્મા પણ આપણી નિર્બળતામાં આપણને સહાય આપે છે; કેમ કે યથાયોગ્ય શી પ્રાર્થના કરવી એ આપણે જાણતા નથી, પણ આત્મા પોતે અવાચ્ય નિસાસાથી આપણે સારુ મધ્યસ્થતા કરે છે; અને આત્માની ઈચ્છા શી છે તે અંતર્યામી જાણે છે, કેમ કે તે પવિત્રોને સારુ દેવની ઈચ્છા પ્રમાણે વિનંતી કરે છે.

**૮. સંતોની પ્રાર્થના પ્રભુને પ્યારી અને કીમતી છે :**

**પ્રકટી. ૫:૮ :** અને જ્યારે તેણે તે ઓળિયું લીધું, ત્યારે ચારે પ્રાણી તથા ચોવીસે વડીલો હલવાનને પગે પડયાં; અને દરેકની પાસે વીણા તથા ધૂપે ભરેલા સોનાનાં પ્યાલાં હતાં, એ ધૂપ સંતોની પ્રાર્થનાઓ છે.

**૯. સંતોની પ્રાર્થનાઓ ઈશ્વરની આગળ ધૂપરૂપ ચઢે છે :**

**પ્રકટી. ૮:૩ :** ત્યાર પછી બીજો એક દૂત આવીને વેદીની પાસે ઊભો રહ્યો, તેના હાથમાં સોનાની ધૂપદાની હતી, અને તેને પુષ્કળ ધૂપદ્રવ્ય આપવામાં આવ્યું, જેથી સર્વ સંતોની પ્રાર્થનાઓ સાથે, રાજ્યાસનની સામેની સોનાની વેદી પર તે તેને અર્પણ કરે.

**૧૦. નિષ્ફળ જતી પ્રાર્થનાઓનાં કારણો :**

ક. **અનાજ્ઞાંકિતપણું : પુન. ૧:૪૫ :** અને તમે પાછા આવીને યહોવાની હજૂરમાં વિલાપ કર્યો; પણ યહોવાએ તમારી વાણી સાંભળી નહિ, ને તમારી દરકાર કરી નહિ.

ખ. **છૂપું પાપ : ગીતશાસ્ત્ર ૬૬:૧૮ :** જો હું મારા હૃદયમાં ભૂંડાઈ કરવાનો ઈરાદો રાખું છું, તો પ્રભુ મારું સાંભળે જ નહિ.

ગ. **બેકાળજી : નીતિ. ૧:૨૮ :** તે વખતે તેઓ મને હાંક મારશે, પણ હું ઉત્તર આપીશ નહિ; તેઓ ખંતથી મને ખોળશે, પણ હું તેઓને મળીશ નહિ.

ઘ. **કૃપા ત્યજવાથી : નીતિ. ૨૧:૧૩ :** જે કોઈ ગરીબની બૂમ સાંભળીને પોતાના કાન બંધ કરે છે, તે પોતે પણ બૂમ પાડશે, પરંતુ તેને સાંભળવામાં આવશે નહિ.

ચ. **બાઈબલનો તુચ્છકાર કરવાથી : નીતિ. ૨૮:૯ :** જે માણસ નિયમનું શ્રવણ કરતાં પોતાનો કાન અવળો ફેરવી નાખે છે, તેની પ્રાર્થના પણ કંટાળારૂપ છે.

છ. **લોહી વહેવડાવ્યું હોય તો : યશા. ૧:૧૫ :** જ્યારે તમે પોતાના હાથ જોડશો ત્યારે હું તમારી તરફથી મારી નજર અવળી ફેરવીશ; તમે ઘણી પ્રાર્થનાઓ કરશો, પણ તે હું સાંભળનાર નથી; તમારા હાથ રક્તથી ભરેલા છે.

જ. **દુરાચાર : યશાયા ૫૯:૨ :** પણ તમારા અપરાધો તમારા અને તમારા દેવની વચમાં ભિન્નતા કરતા આવ્યા છે, અને તમારાં પાપોએ તેનું મુખ તમારી તરફથી એવું ફેરવી નાખ્યું છે કે, તે સાંભળે નહિ.

**મીખાહ ૩:૪ :** એ વખતે તેઓ યહોવાની આગળ પોકાર કરશે, પણ તે તેઓને ઉત્તર આપશે નહિ; હા, તેઓએ દુષ્કર્મો કર્યાં છે તેને લીધે તે વખતે તેમનાથી વિમુખ થશે.

ઝ. **હઠીલાપણું : ઝખા. ૭:૧૩ :** અને જે પ્રમાણે તેણે પોકાર્યું ત્યારે તેઓએ સાંભળ્યું નહિ; તે પ્રમાણે તેઓ પોકારશે ત્યારે હું પણ સાંભળીશ નહિ, એવું સૈન્યોના દેવ યહોવાએ કહ્યું.

૮. **અસ્થિરપણું : યાકોબ ૧:૬, ૭ :** પરંતુ કંઈ પણ સંદેહ રાખ્યા વગર વિશ્વાસથી માગવું; કેમ કે જે કોઈ સંદેહ રાખે છે, તે પવનથી ઊછળતા તથા અફળાતા સમુદ્રના મોજાના જેવો છે. એવા માણસે પ્રભુ તરફથી તેને કંઈ મળશે એવું ન ધારવું.

૯. **અસંયમી જીવન** (મરજી મુજબ જીવવું). **યાકોબ ૪:૧ :** તમે માગો છો પણ તમને મળતું નથી, કેમ કે તમે તમારા મોજશોખ પર ખરચી નાખવાના ખોટા ઇરાદાથી માગો છો.

૧૦. **પ્રાર્થના ઈશ્વરની ઈચ્છા પ્રમાણે ન હોય તો હકારમાં જવાબ ન મળે** (ઈશ્વર ના પાડે છે). **નિર્ગ. ૩૩:૨૦ :** અને તેણે કહ્યું કે, તું મારું મુખ જોઈ શકતો નથી; કેમ કે મને જોઈને કોઈ માણસ જીવતો રહી શકે નહિ.

**પુન. ૩:૨૬ :** પણ તમારે લીધે મારા પર કોપાયમાન હોવાથી યહોવાએ મારી વિનંતી સાંભળી નહિ; અને યહોવાએ મને કહ્યું કે, તું આટલામાં જ સંતોષ માન; આ બાબત હવે પછી કદી મારી આગળ બોલીશ મા.

**૨ શમુ. ૧૨:૧૬ :** માટે દાવિદે તે બાળકને સારુ દેવની આગળ કાલાવાલા કર્યા; અને દાવિદે ઉપવાસ કર્યો, ને અંદર જઈને આખી રાત ભોંય પર પડી રહ્યો.

**હઝકિ. ૨૦:૩ :** હે મનુષ્યપુત્ર, ઈઝરાયલના વડીલો સાથે વાત કર, અને એમ કહે કે, પ્રભુ યહોવા કહે છે કે, શું તમે મારી પાસેથી ખબર કાઢવા આવ્યા છો; તો પ્રભુ યહોવા કહે છે કે, મારા જીવના સમ કે હું તમારા પ્રશ્નનો ઉત્તર આપીશ નહિ.

**૨ કોરિંથી ૧૨:૮ :** તે મારી પાસેથી દૂર જાય એ બાબત વિશે મેં ત્રણ વાર પ્રભુની પ્રાર્થના કરી.

૧૨. **જો ઈશ્વર ના કહે પણ માણસ માગ્યા જ કરે તો ઈશ્વર માણસની મરજી મુજબ આપે, પણ તેને આધ્યાત્મિક નુકશાન થાય.**

**ગીતશાસ્ત્ર ૧૦૬:૧૫.** તેણે તેઓની માગણી પ્રમાણે તેમને આપ્યું, પણ તેઓને આધ્યાત્મિક નુકસાન થયું.

**૧૩. બિન-ડહાપણ (કે ડહાપણ રહિત) પ્રાર્થનાઓના નમૂના :**

**ગણના ૧૧:૧૫ :** અને જો તું મારી સાથે એ પ્રમાણે વર્તે ત્યારે તો જો હું તારી દૃષ્ટિમાં કૃપા પામ્યો હોઉં, તો મને મારી નાખ, કે મને મારું દુ:ખ ફરી જોવું ન પડે.

**૧ રાજા ૧૯:૪ :** પણ પોતે એક દિવસની મજલ જેટલે દૂર અરણ્યમાં ગયો, ને જઈને એક રોતેમ વૃક્ષ★ તળે બેઠો; ત્યાં તેણે મોત માગ્યું; અને કહ્યું કે, હવે તો બસ થયું, હવે તો હે યહોવા, મારો જીવ લઈ લે; કેમ કે હવે હું મારા પિતૃઓ કરતાં સારો નથી.

**યૂના ૪:૩ :** તેથી, હે યહોવા, હવે કૃપા કરીને મારો જીવ લઈ લે, કેમ કે મારે જીવવા કરતાં મરવું બહેતર છે.

**માથ્થી ૧૦:૨૧ :** અને તેણે તેને કહ્યું કે, તું શું કરવા માગે છે ? તે તેને કહે છે કે, આ મારા બે દીકરા તારા રાજ્યમાં, એક તારે જમણે હાથે અને બીજો તારા ડાબા હાથે બેસે, એવી આજ્ઞા તું કર.

**૧૪. બાઈબલની નોંધપાત્ર પ્રાર્થનાઓ નમૂના**

ક. **અબ્રાહમ** – સદોમ માટે. **ઉત્પ. ૧૮:૨૩ :** અને અબ્રાહમ પાસે આવ્યો, ને બોલ્યો, શું તું દુષ્ટોની સાથે ન્યાયીઓનો પણ નાશ કરશે?

ખ. **યાકોબ** – પનૂએલ આગળ. **ઉત્પ. ૩૨:૨૪ :** અને યાકોબ એકલો રહી ગયો; અને અરુણોદય લગી એક પુરુષે તેની સાથે મલ્લયુદ્ધ કર્યું.

ગ. **દાવિદ** – મંદિર બાંધવા ઈશ્વરે ના પાડી ત્યારે. **૨ શમુ. ૭:૧૮ :** ત્યારે દાવિદ રાજા અંદર જઈને યહોવાની સંમુખ બેઠો; અને તેણે કહ્યું કે, હે પ્રભુ યહોવા, હું કોણ, તથા મારું કુટુંબ કોણ કે, આટલે

સુધી તું મને લાવ્યો છે ?

ઘ. **શલોમોન (સુલેમાન)** – ગિબિયોન આગળ. **૧ રાજા.** ૩:૬ : શલોમોને કહ્યું કે, તારો સેવક, મારો પિતા દાવિદ જે પ્રમાણે તારી આગળ સત્યતાથી, નેકીથી તથા તારી સાથે પ્રામાણિક હૃદયથી ચાલ્યો, તે પ્રમાણે તેં તેના પર મહેરબાની પણ મોટી કરી; અને તે તેના પર આ મોટી મહેરબાની રાખી છે એટલે જેમ આજે છે તેમ, તેના રાજ્યાસન પર બેસવા તેં તેને દીકરો આપ્યો છે.

ચ. **શલોમોન** – મંદિરની પ્રતિષ્ઠાક્રિયા વખતે. **૧ રાજા.** ૮:૨૨. શલોમોન યહોવાની વેદી આગળ ઇઝરાયલની આખી જમાત સમક્ષ ઊભો રહ્યો, ને પોતાના હાથ આકાશ તરફ પ્રસારીને.

છ. **હિઝકિયા** (સાન્હેરીબના હુમલા સમયે). **૨ રાજા. ૧૯:૧૫** (૧ કાળવૃ. ૧૭:૧૬) : અને હિઝકિયાએ યહોવા આગળ પ્રાર્થના કરી કે, હે ઇઝરાયલના દેવ યહોવા, કરુબો પર બિરાજમાન પૃથ્વીનાં સર્વ રાજ્યોનો તું, એકલો તું જ દેવ છે; તે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા છે.

પછી દાવિદ રાજા અંદર જઈને યહોવાની સંમુખ બેઠો, તેણે કહ્યું કે, હે યહોવા દેવ, હું કોણ અને મારું કુટુંબ કોણ કે, તું મને આટલે સુધી લાવ્યો છે ?

જ. **એઝરા** – (લોકોનાં પાપોને માટે). **એઝરા** ૯:૬ : મેં કહ્યું કે, હે મારા દેવ, હું મારું મુખ તમારી તરફ ઉઠાવતાં શરમાઉં છું, કેમ કે અમારાં પાપ અમારા માથા પર વધી ગયાં છે, અમારા અપરાધ વધીને આકાશ સુધી પહોંચ્યા છે.

ઝ. **દાનિયેલ** (બંદીવાન યહૂદીઓ માટે). **દાનિ.** ૯:૪ : મેં મારા દેવ યહોવાની પ્રાર્થના કરી, ને પાપ કબૂલ કરીને કહ્યું, હે પ્રભુ, તારા પર પ્રીતિ રાખનારાઓ પર તથા તારી આજ્ઞા પાળનારાઓ પર કરાર પાળીને દયા રાખનાર મહાન તથા ભયાવહ દેવ;

ટ. **હબાક્કુક** – હબા. ૩:૧ : હબાક્કુક પ્રબોધકની પ્રાર્થના. રાગ શિગ્યોનોથ.

પ્રભુ ઈસુ પાસે શીખવિત પ્રાર્થના : **માથ્થી ૬:૯** : માટે તમે આ પ્રમાણે પ્રાર્થના કરો. ઓ આકાશમાંના અમારા બાપ, તમારું નામ પવિત્ર મનાઓ.

પ્રભુ ઈસુની મધ્યસ્થીની પ્રાર્થના (જુઓ યોહાન ૧૭:૧ અને આગળ).

**૧૫. ખાસ કરેલી વિનંતીઓ :**

ક. **ઉત્પ. ૧૮:૩૨** : અને તેણે કહ્યું, પ્રભુને રોષ ન ચઢે તો હું ફરીથી એક જ વાર બોલું : કદાચિત્ ત્યાં દશ જ જડે તો ? તેણે કહ્યું કે, દશને લીધે પણ હું તેનો નાશ નહિ કરીશ.

ખ. **ઉત્પ. ૩૨:૯** : અને યાકૂબે કહ્યું, ઓ યહોવા, મારા બાપ અબ્રાહમના દેવ તથા મારા બાપ ઈસહાકના દેવ, તેં મને કહ્યું હતું કે, તું તારા દેશ તથા તારાં સગાંની પાસે પાછો જા, ને હું તારું ભલું કરીશ.

ગ. **ગણના ૧૪:૧૩** : અને મોશેએ યહોવાને કહ્યું, ત્યારે તો મિસરીઓ તે વાત સાંભળશે; કેમ કે તું તારા પરાક્રમ વડે તેઓ મધ્યેથી આ લોકને કાઢી લાવ્યો;

ઘ. **રાજા ૨૦:૩** : હે યહોવા, હું તારા કાલાવાલા કરું છું કે હું કેવી રીતે સત્યતાથી તથા સંપૂર્ણ હૃદયથી તારી સંમુખ ચાલ્યો છું, ને તારી દૃષ્ટિમાં જે સારું છે તે કર્યું છે, તેનું હમણાં તું સ્મરણ કર, પછી હિઝ્કિયા બહુ રડયો.

ચ. **ગી.શા. ૭૧:૧૮** : હે દેવ, હું ઘરડો અને પળિયાંવાળો થાઉં ત્યારે પણ તું મને મૂકી દેતો નહિ; હું આવતી પેઢીને તારું બળ જણાવું, અને સર્વ આવનારાઓને તારું પરાક્રમ પ્રગટ કરું, ત્યાં સુધી મારો ત્યાગ ન કરીશ.

છ. **યિર્મે. ૧૪:૨૦ :** હે યહોવા, અમે અમારી દુષ્ટતા, અમારા પૂર્વજોના અપરાધ કબૂલ કરીએ છીએ; કેમ કે તારી વિરુદ્ધ અમે પાપ કર્યું છે.

જ. **દાનિ. ૯:૧૮ :** હે મારા દેવ, તું કાન ધરીને સાંભળ; આંખો ઉઘાડીને અમારી પાયમાલી પર તથા તારા નામે ઓળખાતા નગર પર નજર કર; કેમ કે અમે અમારી ફરજો અમારાં પોતાનાં કૃત્યોને લીધે તો નહિ, પણ તારી મોટી દયાને લીધે તારી આગળ રજૂ કરીએ છીએ.

**૧૬. પ્રાર્થના ટૂંકી કરવા આદેશ :**

**સભા ૫:૨ :** તારે મોઢેથી અવિચારી વાત ન કર, અને ઈશ્વરની હજૂરમાં કંઈ પણ બોલવાને તારું અંતઃકરણ ઉતાવળું ન થાય; કેમ કે ઈશ્વર આકાશમાં છે; અને તું તો પૃથ્વી પર છે; માટે તારા શબ્દો થોડા જ હોય.

**માથ્થી ૬:૭ :** અને તમે પ્રાર્થના કરતાં વિદેશીઓની પેઠે અમથો લવારો ન કરો; કેમ કે તેઓ ધારે છે કે અમારા ઘણા બોલવાથી અમારું સાંભળવામાં આવશે.

**માથ્થી ૨૩:૧૪ :** ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ તમને અફસોસ છે કેમ કે વિધવાઓનાં ઘર તમે ખાઈ જાઓ છો, ને ઢોંગથી લાંબી પ્રાર્થનાઓ કરો છો, તે સારું તમે વત્તો દંડ ભોગવશો.

**૧૭. ટૂંકી પ્રાર્થનાઓની યાદી :**

ક. **એલિયા** (કાર્મેલ પર્વત ઉપર) : **૧ રાજા ૧૮:૩૬, ૩૭ :** સાંજના અર્પણ ચઢાવવાની વેળાએ એમ થયું કે એલિયા પ્રબોધક વેદીની પાસે આવ્યો, ને બોલ્યો કે, હે અબ્રાહમ, ઈસહાક તથા ઈઝરાયલના દેવ યહોવા, તું જ ઈઝરાયલમાં દેવ છે, ને હું તારો સેવક છું, ને મેં તારા કહેવાથી આ સઘળું કર્યું છે, એમ આજે જણાવા દે. હે યહોવા, મારું સાંભળ, મારું સાંભળ કે, આ લોક જાણે કે, હે

યહોવા, તું ઈશ્વર છે, અને તેં તેઓનાં હ્રદય પાછાં ફેરવ્યાં છે.

ખ. **યાબેસ – ૧ કાળ ૪:૧૦ :** યાબેસે ઈઝરાયલના ઈશ્વરને વિનંતી કરી કે, જો તું મને ખચીત જ આશીર્વાદ આપે, મારી સીમા વિસ્તારે, તારો હાથ મારી સાથે રહે ને તું મને આપત્તિમાંથી એવી રીતે બચાવે કે મારે માથે કંઈ દુઃખ આવી ન પડે, તો હું કેવો ભાગ્યવાન! અને તેણે જે માંગ્યું તે ઈશ્વરે તેને આપ્યું.

ગ. **હિઝિકયા** – (માંદો હતો ત્યારે) : **યશા. ૩૮:૨, ૩ :** ત્યારે હિઝિક્યાએ પોતાનું મુખ ભીત તરફ ફેરવીને યહોવાની પ્રાર્થના કરીને કહ્યું કે, હે યહોવા, હું તારા કાલાવાલા કરું છું કે હું કેવી રીતે સત્યતાથી તથા સંપૂર્ણ હ્રદયથી તારી સંમુખ ચાલ્યો છું, ને તારી દૃષ્ટિમાં જે સારું તે મેં કર્યું છે, એનું સ્મરણ કર. પછી હિઝિક્યા બહુ રડયો.

ઘ. **દાણી** – (મંદિરમાં પ્રાર્થના કરતાં) : **લૂક ૧૮:૧૩ :** પણ દાણીએ વેગળા ઊભા રહીને પોતાની આંખો આકાશ તરફ ઊંચી કરવા ન ચાહતાં છાટી ફૂટીને કહ્યું કે, ઓ દેવ, હું પાપી છું, મારા પર દયા કર.

ચ. **પ્રભુ ઈસુ** – (ક્રૂસ પર) : **લૂક ૨૩:૩૪ :** ઈસુએ કહ્યું, હે બાપ, તેઓને માફ કર, કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી.

છ. **મરતો ચોર** – (ક્રૂસ પર જમણી તરફનો) : **લૂક ૨૩:૪૨ :** અને તેણે કહ્યું કે, હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે.

જ. **સ્તેફન** – (મરતી વખતે) : **પ્રે.કૃ. ૭:૬૦ :** તેણે ઘૂંટણે પડીને મોટો ઘાંટો પાડીને કહ્યું કે, ઓ પ્રભુ, આ દોષ તેઓને માથે ન મૂક. એમ કહીને તે ઊંઘી ગયો.

**૧૮. કેટલીક ખાનગી પ્રાર્થનાઓ :**

ક. **મોશે** (મૂસા) : **પુન. ૯:૨૫ :** એ માટે હું અગાઉ જેટલા દિવસ

**કર્નેલિયસ : પ્રે.કૃ. ૧૦:૩૦ :** કર્નેલિયસે કહ્યું કે, ચાર દિવસ્ ઉપર હું આ ઘડી સુધી મારા ઘરમાં ત્રીજા પહોરની પ્રાર્થના કરતો હતો; ત્યારે જુઓ, ચળકતો પોશાક પહેરેલો એક માણસ મારી સામે આવી ઊભો રહ્યો.

**૨૦. આજીજી અને આગ્રહભરી પ્રાર્થનાઓના નમૂના :**

ક. **અબ્રાહમ :** ઉત્પ. ૧૮:૩૨ : અને તેણે કહ્યું, પ્રભુને રોષ ન ચડે તો હું ફરીથી એક જ વાર બોલું : કદાચિત્ ત્યાં દશ જ જડે તો ? તેણે કહ્યું કે, દશને લીધે પણ હું તેનો નાશ નહિ કરીશ.

ખ. **યાકોબ ઉત્પ. ૩૨:૨૬ :** અને તે બોલ્યો, અરુણોદય થાય છે, માટે મને જવા દે. અને તેણે તેને કહ્યું, મને આશીર્વાદ દે, નહિ તો હું તને જવા દેવાનો નથી.

ગ. **મોશે (મૂસા) : પુન. ૯:૧૮ :** અને યહોવાની નજરમાં ભૂંડું કરવાથી જે પાપો કરીને તમે તેને કોપાયમાન કર્યો હતો તે સર્વને લીધે હું યહોવાની સંમુખ આગળની પેઠે ચાળીસ રાતદિવસ ઊંધો પડી રહ્યો; અને મેં અન્ન ન ખાધું તેમ જ પાણી પણ ન પીધું.

ઘ. **સૂર-ફૈનિકી સ્ત્રી : માથ્થી ૧૫:૨૭ :** પણ તેણે કહ્યું કે, ખરું, પ્રભુ, કેમકે કૂતરાં તો પોતાના ધણીઓના મેજ પરથી જે કકડા પડે છે તે ખાય છે.

ચ. **પ્રભુ ઈસુ : લૂક ૨૨:૪૪ :** તેણે કષ્ટ સાથે વિશેષ આગ્રહથી પ્રાર્થના કરી; અને તેનો પરસેવો ભોંય પર પડતાં લોહીનાં ટીપા જેવો થયો.

છ. **કાપરનાહૂમનો અમીર : યોહાન ૪:૪૯ :** અમીર તેને કહે છે કે, પ્રભુ મારા દીકરાના મરવા અગાઉ આવ.

જ. **શરૂઆતની મંડળી : પ્રે.કૃ. ૧૨:૫ :** તેથી તેણે પિતરને બંદીખાનામાં રાખ્યો; પણ મંડળી તેને સારુ આગ્રહથી દેવની પ્રાર્થના કરતી હતી.

ઊંધો પડી રહ્યો હતો તેટલા દિવસ, એટલે ચાળીસ રાત-દિવસ યહોવાની આગળ ઊંધો પડી રહ્યો; કેમ કે યહોવાએ મને કહ્યું હતું કે હું તેઓનો નાશ કરીશ.

ખ. **શમુએલ : ૧ શમુ. ૧૫:૧૧ :** મેં શાઉલને રાજા ઠરાવ્યો છે એથી મને અનુતાપ થાય છે; કેમ કે મને અનુસરવાનું તેણે મૂકી દીધું છે, ને મારી આજ્ઞાઓ પાળી નથી, અને શમુએલને ક્રોધ ચઢ્યો; અને તેણે આખી રાત યહોવાને વિનંતી કરી.

ગ. **એલિયા. ૧ રાજા ૧૭:૧૯, ૨૦ :** તેણે તેને કહ્યું કે, તારો દીકરો મને આપ. તેણે તેની ગોદમાંથી લીધો, ને જે ઓરડીમાં પોતે રહેતો હતો ત્યાં તેને માળ પર લઈ જઈને પોતાના પલંગ પર તેને સુવાડ્યો. તેણે યહોવાને વિનંતી કરી કે, હે મારા દેવ યહોવા, જે વિધવાને ત્યાં હું ઊતરેલો છું તેના દીકરાને મારી નાખીને તેના પર પણ તે આપત્તિ આણી કે ?

ઘ. **દાનિયેલ ૬:૧૦ :** જ્યારે દાનિયેલે જાણ્યું કે ફરમાન ઉપર સહી કરવામાં આવી છે, ત્યારે તે પોતાને ઘેર ગયો; (તેના ઓરડાની બારીઓ તો યરુશાલેમ તરફ ઉઘાડી રહેતી હતી;) અને તે અગાઉ કરતો હતો તેમ, દિવસમાં ત્રણ વાર ઘૂંટણિયે પડીને તેણે પ્રાર્થના કરી, ને પોતાના દેવની આભારસ્તુતિ કરી.

**૧૯. પ્રભુ ઈસુનો એ માટેનો આદેશ :**

**માથ્થી ૬:૬ :** પણ જ્યારે તું પ્રાર્થના કરે, ત્યારે તારી ઓરડીમાં પેસ, ને તારું બારણું બંધ કરીને ગુપ્તમાંના તારા બાપની પ્રાર્થના કર, ને ગુપ્તમાં જોનાર તારો બાપ તને બદલો આપશે.

**પિતર : પ્રે.કૃ. ૧૦:૯ :** હવે તેને બીજે દિવસે તેઓ ચાલતાં ચાલતાં શહેરની પાસે આવી પહોંચ્યા, તેવામાં આશરે બપોરને સમયે પિત્તર પ્રાર્થના કરવા ઘરના ધાબા પર ચઢ્યો.

ઝ. **એલિયા : યાકોબ ૫:૧૭ :** એલિયા સ્વભાવે આપણા જેવો માણસ હતો, પણ વરસાદ ન વરસે તેવી તેણે પ્રાર્થના કરીને વિનંતિ કરી; અને સાડાત્રણ વરસ સુધી પૃથ્વી પર વરસાદ પડયો નહિ.

**૨૧. જુદી જુદી બાબતો માટેની કેટલીક પ્રાર્થના :**

**ખોરાક માટે : ઉત્પ. ૨૮:૨૦ :** અને યાકૂબે એવી માનતા લીધી કે, જો દેવ મારી સાથે રહેશે, જે માર્ગમાં હું જાઉં છું તેમાં મને સંભાળશે, ને મને ખાવાનું અન્ન ને પહેરવાને લૂગડાં આપશે.

**માથ્થી ૬:૧૧ :** દિવસની અમારી રોટલી આજ અમને આપ.

**મંડળીઓ માટે : યોહાન ૧૭:૨૦ :** વળી હું એકલો તેઓને સારુ નહિ, પણ તેઓના વચન દ્વારા જેઓ મારા પર વિશ્વાસ કરે તેઓને સારુ પણ વિનંતી કરું છું કે,

**રોમન ૧:૯ :** કેમ કે જે દેવની સેવા હું મારા આત્માએ તેના દીકરાની સુવાર્તામાં કરું છું, તે મારો સાક્ષી છે કે હું નિરંતર છે તમારું સ્મરણ કરું છું.

**એફેસી ૧:૧૬ :** તમારે વાસ્તે આભાર માનવાનું ચૂકતો નથી; મારી પ્રાર્થનાઓમાં તમારું સ્મરણ કરીને માગું છું કે,

**એફેસી ૩:૧૪-૧૫ :** એ કારણથી બાપ, જેના નામ પરથી આકાશમાંના તથા પૃથ્વી પરના દરેક કુટુંબને નામ આપવામાં આવે છે.

**ફિલિપી ૧:૪.:** નિત્ય આનંદથી તમો સર્વને સારું વિનંતી કરતાં મારી સર્વ પ્રાર્થનાઓમાં,

**કલોસી ૧:૩ :** અમે ખ્રિસ્ત ઈસુ પરના તમારા વિશ્વાસ વિશે, તથા તમારે સારુ આકાશમાં રાખી મૂકેલી આશાને લીધે સર્વ સંતો પરના તમારા પ્રેમ વિશે સાંભળ્યું.

**કલોસી ૪:૧૨ :** એપાફ્રાસ જે તમારામાંનો એક છે, અને ખ્રિસ્તનો દાસ છે, તે તમને ક્ષેમકુશળ કહે છે;તે હંમેશાં તમારે સારું આગ્રહ

પ્રાર્થના કરે છે કે, દેવની સર્વ ઇચ્છા વિશે પૂરેપૂરી ખાતરી પામીને તથા સંપૂર્ણ થઈને તમે દૃઢ રહો.

**૧ થેસ્સા. ૧:૨ :** અમારી પ્રાર્થનાઓમાં તમારું સ્મરણ કરીને, અમો સદા તમો સર્વ વિશે દેવની આભારસ્તુતિ કરીએ છીએ;

**૨૨. પ્રાર્થના માટે વિનંતી :**

**૧ શમુ. ૭:૮ :** અને ઇઝરાયલપુત્રોએ શમુએલને કહ્યું કે, આપણા દેવ યહોવાની આગળ અમારે માટે વિનંતી કરવાનું પડતું ન મૂક કે, તે અમને પલિસ્તીઓના હાથમાંથી છોડાવે.

**૧ શમુ. ૧૨:૧૯ :** અને સઘળા લોકોએ શમુએલને કહ્યું કે, આ તારા સેવકોને સારુ તારા દેવ યહોવાને વિનંતી કર કે, અમે માર્યા ન જઈએ; કેમ કે અમારા સઘળાં પાપમાં અમે આ ભૂંડાઈનો ઉમેરો કર્યો છે કે, અમે અમારે સારુ રાજા માગ્યો.

**૧ રાજા ૧૩:૬ :** રાજાએ ઈશ્વરભક્તને ઉત્તર આપીને કહ્યું કે, તારા દેવ યહોવાની કૃપા માટે આજીજી કરીને મારે માટે પ્રાર્થના કર કે, મારો હાથ ફરીથી સાજો થાય. અને ઈશ્વરભક્તે યહોવાને આજીજી કરી, એટલે રાજાનો હાથ સાજો થઈને અગાઉના જેવો થઈ ગયો.

**પ્રે.કૃ. ૮:૨૪ :** ત્યારે સિમોને ઉત્તર આપ્યો કે, તમારી કહેલી વાતોમાંની કોઈ પણ મારા મન પર ન આવે માટે તમે મારે સારુ પ્રભુને વિનંતી કરો.

**રોમન ૧૫:૩૦ :** હવે, ભાઈઓ, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની ખાતર તથા પવિત્ર આત્માના પ્રેમની ખાતર હું તમને વિનંતી કરું છું કે,

**એફેસી ૬:૧૯ :** મારે વાસ્તે પણ માગો કે, જે સુવાર્તાને લીધે હું સાંકળોથી બંધાયેલો એલચી છું, તેનો મર્મ જણાવવાને મને મોં ઉઘાડીને બોલવાની હિંમત આપવામાં આવે;

**૧ થેસ્સા ૫:૨૫.** ભાઈઓ, અમારે માટે પ્રાર્થના કરો.

**૨ થેસ્સા ૩:૧ :** છેવટે, ભાઈઓ, અમારે સારુ પ્રાર્થના કરો કે જેમ તમારે ત્યાં થાય છે તેમ પ્રભુની વાતનો ઝડપથી પ્રચાર થાય અને તેનો મહિમા વધે;

**હિબ્રૂ. ૧૩:૧૮ :** તમે અમારે સારું પ્રાર્થના કરો; કેમ કે અમારું અંતઃકરણ નિર્મળ છે, એવી અમને ખાતરી છે; અને અમે સઘળી બાબતોમાં પ્રામાણિકપણે વર્તવાની ઇચ્છા રાખીએ છીએ.

**૨૩. પ્રાર્થના કરવા બાઈબલ આદેશ આપે છે :**

**૧ કાળ. ૧૬:૧૧ :** યહોવાને તથા તેના સામર્થ્યને તમે શોધો; સદાસર્વદા તેના મુખને શોધો.

**માથ્થી ૭:૭ :** માગો, તો તમને અપાશે, શોધો તો તમને જડશે; ઠોકો, તો તમારે સારુ ઉઘાડાશે.

**માથ્થી ૨૬:૪૧ :** જાગતા રહો, ને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન આવો; આત્મા તત્પર છે ખરો, પણ આ શરીર અબળ છે.

**લૂક ૧૮:૧ :** સર્વદા પ્રાર્થના કરવી જોઈએ, અને કાયર થવું નહિ, તે શીખવવા સારું તેણે એક દૃષ્ટાંત કહ્યું કે,

**યોહાન ૧૬:૨૪ :** હજી સુધી મારે નામે તમે કંઈ માગ્યું નથી; તમારો આનંદ સંપૂર્ણ થાય માટે માગો, ને તમને મળશે.

**એફેસી ૬:૧૮ :** આત્મામાં સર્વ પ્રકારે તથા હરવખત પ્રાર્થના તથા વિનંતી કરો, અને તેને અર્થે સઘળા સંતોને માટે સંપૂર્ણ આગ્રહથી વિનંતી કરીને જાગ્રત રહો.

**૧ થેસ્સા ૫:૧૭ :** નિત્ય પ્રાર્થના કરો.

**યાકોબ ૫:૧૩ :** તમારામાં શું કોઈ દુઃખી છે ? તો તેણે પ્રાર્થના કરવી. શું કોઈ મગ્ન છે ? તો તેણે સ્તોત્ર ગાવાં.

## ૨૪. પ્રાર્થનામાં શરીરનાં આસનો કે શરીર-ભંગિ :

પ્રાર્થના શરીરની ગમે તે સ્થિતિમાં કરી શકાય છે. ગમે તે સ્થિતિમાં પ્રાર્થના કરી શકાય છે, અને ઈશ્વર સાંભળે પણ છે. પણ અમુક સ્થિતિમાં શરીર-ભંગિ પ્રાર્થનામાં અને પ્રાર્થનાના ભાવમાં મદદરૂપ થાય છે.

### ક. માથું નમાવીને

ઉત્પ.'૨૪:૨૬ : અને તે માણસે માથું નમાવીને યહોવાહનું ભજન કર્યું.

નિર્ગ. ૪:૩૧ : અને લોકોનો વિશ્વાસ બેઠો, અને જ્યારે તેઓએ સાંભળ્યું કે, યહોવાએ ઈસ્ત્રાએલપુત્રોની ખબર લીધી છે, ને તેઓના દુ:ખ જોયાં છે, ત્યારે તેઓએ માથાં નમાવીને ભજન કર્યું.

નિર્ગ. ૧૨:૨૭ : ત્યારે તમારે એમ કહેવું કે, એ યહોવાનો પાસ્ખાયજ્ઞ છે, કેમ કે જ્યારે તેણે મિસરીઓ ઉપર મારો આણ્યો ને આપણા ઘરો બચાવ્યાં ત્યારે તેણે મિસરમાં રહેનાર ઈઝરાયલપુત્રોનાં ઘરોને ટાળી મૂક્યાં, ત્યારે લોકોએ માથું નમાવીને ભજન કર્યું.

નિર્ગ. ૩૪:૮ : અને મૂસાએ જલદીથી જમીન સુધી માથું નમાવીને ભજન કર્યું.

### ખ. ઘૂંટણ/ઢીંચણ ઉપર

૧ રાજા ૮:૫૪ : અને એમ થયું કે, શલોમોન આ સઘળી પ્રાર્થના તથા યાચના યહોવા આગળ કરી રહ્યો, ત્યારે તે યહોવાની વેદી સામેથી ઊઠયો કે જ્યાં તે પોતાના હાથ આકાશની ગમ પસારીને ઘૂંટણે પડેલો હતો.

૨ કાળ ૬:૧૩ : (શલોમોને પિત્તળનો પાંચ હાથ લાંબો, પાંચ હાથ પહોળો તથા ત્રણ હાથ ઊંચો બાજઠ બનાવીને, તેને આંગણાની વચ્ચે મૂક્યો હતો; તેના ઉપર તે ઊભો રહ્યો, ને ઈસ્ત્રાએલની આખી જમાતની આગળ તેણે ઘૂંટણ ટેકવીને આકાશ તરફ પોતાના હાથ પસાર્યા;)

**એઝરા ૯:૫ :** સાંજના અર્પણની વેળાએ હું મારા ઉપવાસમાંથી ફાટેલાં વસ્ત્ર તથા ઝભ્ભા સહિત ઊઠીને ઘૂંટણિયે પડયો, ને મારા દેવ યહોવા તરફ હાથ પસાર્યો.

**ગી.શા. ૯૫:૬ :** આવો, તેને ભજીએ તથા નમીએ; આપણા કર્તા યહોવાની આગળ ઘૂંટણિયે પડીએ.

**યશા. ૪૫:૨૩ :** મેં મારા પોતાના સમ ખાધા છે, ફરે નહિ એવું ન્યાયી વચન મારા મુખમાંથી નીકળ્યું છે કે, મારી આગળ સર્વ લોકો ઘૂંટણે પડશે, ને સર્વ જીભ સમ ખાશે.

**દાનિ. ૬:૧૦ :** જ્યારે દાનિયેલે જાણ્યું કે ફરમાન ઉપર સહી કરવામાં આવી છે, ત્યારે તે પોતાના ઘેર ગયો; (તેના ઓરડાની બારીઓ તો યરુશાલેમ તરફ ઉઘાડી રહેતી હતી;) અને તે અગાઉ કરતો હતો, તેમ દિવસમાં ત્રણ વાર ઘૂંટણિયે પડીને તેણે પ્રાર્થના કરી, ને પોતાના દેવની આભારસ્તુતિ કરી.

**લૂક ૨૨:૪૧ :** આશરે પથ્થર ફેંકાય તેટલે છેટે તે તેઓથી દૂર ગયો, અને ઘૂંટણે ટેકવીને તેણે પ્રાર્થના કરીને કહ્યું કે,

**પ્રે.કૃ. ૭:૬૦ :** તેણે ઘૂંટણે પડીને મોટો ઘાંટો પાડીને કહ્યું કે, ઓ પ્રભુ,આ દોષ તેઓને માથે ન મૂક. એમ કહીને તે ઊંઘી ગયો.

**પ્રે.કૃ. ૯:૪૦ :** પણ પિતરે તે સર્વને બહાર કાઢીને ઘૂંટણે પડીને પ્રાર્થના કરી. પછી મુડદા તરફ ફરીને તેણે કહ્યું કે, ટબીથા, ઊઠ. ત્યારે તેણે પોતાની આંખો ઉઘાડી, અને પિતરને જોઈને તે બેઠી થઈ.

**પ્રે.કૃ. ૨૦:૩૬.** એ પ્રમાણે વાત કર્યા પછી તેણે ઘૂંટણે પડીને તેઓ સર્વની સાથે પ્રાર્થના કરી.

**પ્રે.કૃ. ૨૧:૫.** તે દિવસો પૂરા થયા પછી અમે નીકળીને આગળ ચાલ્યા ત્યારે તેઓ સર્વ, સ્ત્રી-છોકરાં સહિત, અમને શહેરની બહાર વળાવવા આવ્યા; સમુદ્રકાંઠે ઘૂંટણે પડીને પ્રાર્થના કર્યા પછી.

**એફેસી ૩:૧૬ :** તે બાપની આગળ હું ઘૂંટણે પડીને વિનંતી કરું છું કે;

ગ. દંડવત્ (લાંબા થઈને, સૂઈ જઈને એટલે કે ઊંધા પડીને)

ગણના ૨૦:૬ અને મૂસા તથા હારુન સભાની આગળથી નીકળીને મુલાકાતમંડપનાં દ્વાર પાસે ગયા. અને ઊંધા પડયા; અને તેઓને યહોવાના ગૌરવનું દર્શન થયું.

**યહોશુ. ૫:૧૪ :** ત્યારે તે બોલ્યો, ના; પણ યહોવાના સૈન્યના સરદાર તરીકે હું આવેલો છું. અને યહોશુઆ ભૂમિ ઉપર ઊંધો પડયો, અને ભજન કરીને તેને કહ્યું કે, મારો ધણી પોતાના દાસને શું કહે છે ?

**૧ રાજા ૧૮:૪૨ :** માટે આહાબ ખાવાપીવા સારુ ઉપર ગયો; અને એલિયા કાર્મેલના શિખર પર ચઢી ગયો; અને જમીન પર નીચા નમીને તેણે પોતાનું મુખ પોતાના ઘૂંટણો વચ્ચે રાખ્યું.

**૨ કા.વૃ. ૨૦:૧૮ :** એ સાંભળીને યહોશાફાટે ભૂમિ સુધી મુખ નમાવીને નમન કર્યું; અને સર્વ યહૂદિયા તથા યરુશાલેમના રહેવાસીઓએ યહોવાનું ભજન કરીને તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

**માથ્થી ૨૬:૩૯ :** પછી તેણે થોડે આઘે જઈને ઊંધે મોઢે પડીને એવી પ્રાર્થના કરી કે ઓ મારા બાપ, જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કરો; તોપણ મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ તમારી ઇચ્છા પ્રમાણે થાઓ.

**ઘ. ઊભા ઊભા**

**૧ રાજા ૮:૨૨ :** શલોમોન યહોવાની વેદી આગળ ઇઝરાયલની આખી જમાત સમક્ષ ઊભો રહ્યો, ને પોતાના હાથ આકાશ તરફ પ્રસારીને.

**માર્ક ૧૧:૨૫ :** અને જ્યારે જ્યારે તમે ઊભા રહીને પ્રાર્થના કરો

છો, ત્યારે ત્યારે જો કોઈ તમારો અપરાધી હોય, તો તેને માફ કરો; એ માટે કે તમારો બાપ જે આકાશમાં છે તે પણ તમારા અપરાધો માફ કરે.

**લૂક ૧૮:૧૧ :** ફરોશીઓએ ઊભા રહીને પોતાના મનમાં પ્રાર્થના કરી કે, ઓ દેવ, બીજા માણસોના જેવો જુલમી, અન્યાયી, વ્યભિચારી અથવા આ દાણીના જેવો હું નથી. માટે હું તારી આભારસ્તુતિ કરું છું.

## ૨૪. પ્રભુ ઈસુની પ્રાર્થનાઓ

પ્રભુ ઈસુ જોકે ઈશ્વરપુત્ર હતા, છતાં પોતાના દેહધારીપણાના સમયમાં એકાંતમાં લાંબો સમય પ્રાર્થનામાં ગાળતા હતા. પોતાના કરતાં અધિક ઊંચા સામર્થ્ય પર એટલે કે પિતાના સામર્થ્ય પર પૂરેપૂરા આધારિત હતા, એમ તે માનતા હતા, એટલે જ તે પ્રાર્થનામાં બહુ સમય ગાળતા હતા. પ્રવૃત્તિથી ભરપૂર એવા દિવસોએ પણ તે ઘણી વખત આખી રાત પ્રાર્થનામાં ગાળતા હતા. સુવાર્તાઓમાં નોંધવામાં આવેલી તેમની પ્રાર્થનાઓમાંની કેટલીક પ્રાર્થનાઓ નીચે આપી છે :

### i **પોતાના બાપ્તિસ્મા વખતે** (લૂક ૩:૨૧)

હવે સર્વ લોક બાપ્તિસ્મા પામી રહ્યા ત્યાર પછી ઈસુ પણ બાપ્તિસ્મા પામીને પ્રાર્થના કરતો હતો, એટલામાં આકાશ ઊઘડી ગયું.

### ii **એકાંત સ્થળે** (માર્ક ૧:૩૫)

અને સવારે **પોહ ફાટતાં પહેલાં ઘણો વહેલો ઊઠીને** તે બહાર ગયો, ને ઉજ્જડ ઠેકાણે જઈને તેણે ત્યાં પ્રાર્થના કરી.

### iii **અરણ્યમાં** (લૂક ૫:૧૬)

પણ પોતે એકાંતે રાનમાં જઈને પ્રાર્થના કરતો.

### iv **બાર શિષ્યોની પસંદગી પૂર્વે આખી રાત** (લૂક ૬:૧૨)

તે દિવસોમાં તે ઘેરથી નીકળીને કોઈ એક પહાડ પર પ્રાર્થના કરવા ગયો; અને તેણે દેવની પ્રાર્થનામાં આખી રાત કાઢી.

**v "મારી પાસે આવો" એવા તેમના આમંત્રણ પૂર્વે** (માથ્થી ૧૧:૨૫-૨૭)

તે વેળાએ ઈસુએ કહ્યું કે, ઓ બાપ, આકાશ તથા પૃથ્વીના પ્રભુ, હું તારી સ્તુતિ કરું છું, કેમ કે જ્ઞાનીઓ તથા તર્કશાસ્ત્રીઓથી તેં એ વાતો ગુપ્ત રાખી, ને બાળકોની આગળ પ્રગટ કરી છે. હા, ઓ બાપ, કેમ કે તને એવું સારું લાગ્યું. મારા બાપે મને સઘળું સોંપ્યું છે; અને બાપ વગર દીકરાને કોઈ જાણતો નથી, ને દીકરા વગર, તથા જેને દીકરો પ્રગટ કરવા ચાહે તેના વગર, બાપને કોઈ જાણતો નથી.

**vi ૫૦૦૦ને જમાડયા ત્યારે** (યોહાન ૬:૧૧)

ત્યારે ઈસુએ તે રોટલીઓ લીધી, અને સ્તુતિ કરીને બેઠેલાઓને પીરસી; માછલીઓમાંથી પણ જેટલું જોઈતું હતું તેટલું એ જ રીતે આપ્યું.

**vii પહાડ પર એકાંતમાં (૫૦૦૦ને જમાડ્યા પછી)** (માથ્થી ૧૪:૩૩; યોહાન ૬:૧૫).

અને લોકોને વિદાય કર્યા પછી તે પ્રાર્થના કરવાને પહાડ પર એકાંતે ગયો; અને સાંજ પડી ત્યારે તે ત્યાં એકલો હતો.

લોક આવીને મને રાજા કરવા સારુ જબરદસ્તીથી પકડવાના છે, એ જાણીને ઈસુ બીજી વાર પહાડ પર એકલો ચાલ્યો ગયો.

**viii 'પ્રભુની પ્રાર્થના' શીખવી તે અગાઉ** (લૂક ૧૧:૧-૪)

તે એક ઠેકાણે પ્રાર્થના કરતો હતો, તે કરી રહ્યા પછી તેના શિષ્યોમાંના એકે તેને કહ્યું કે, પ્રભુ, યોહાને પોતાના શિષ્યોને પ્રાર્થના કરતાં શીખવ્યું તેમ તું પણ અમને શીખવ. તેણે તેઓને કહ્યું કે, તમે પ્રાર્થના કરો, ત્યારે કહો કે, ઓ આકાશમાંના અમારા બાપ, તારું નામ પવિત્ર મનાઓ; તારું રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ; દિવસની અમારી રોટલી રોજ રોજ અમને

આપ, અને અમારાં પાપ અમને માફ કર; કેમ કે અમે પોતે પણ અમારા હરેક ઋણીને માફ કરીએ છીએ અને અમને પરીક્ષણમાં ન લાવ; પણ ભૂંડાઈથી અમારો છૂટકો કર.

**ix કાઈસારિયા - ફિલિપીમાં (લૂક ૯:૧૮)**

તે એકાંતમાં પ્રાર્થના કરતો હતો, ત્યારે તેના શિષ્યો તેની સાથે હતા. તેણે તેઓને પૂછ્યું કે, હું કોણ છું, તે વિશે લોકો શું કહે છે?

**x રૂપાંતરના પહાડ ઉપર; રૂપાંતર અગાઉ (લૂક ૯:૨૮-૨૯)**

એ વાતો કહ્યાને આશરે આઠ દહાડા પછી તે પિતર, યોહાન તથા યાકૂબને તેડીને પ્રાર્થના કરવા સારૂ પહાડ પર ગયો. તે પ્રાર્થના કરતો હતો ત્યારે તેના ચહેરાનું સ્વરૂપ બદલાઈ ગયું, અને તેનાં વસ્ત્ર ઊજળાં તથા ચળકતાં થયાં.

**xi નાનાં બાળકો માટે (માથ્થી ૧૯:૧૩-૧૫)**

ત્યાર પછી તેઓ બાળકોને તેની પાસે લાવ્યાં. એ માટે કે તે તેઓ પર હાથ મૂકીને પ્રાર્થના કરે; અને શિષ્યોએ તેઓને ધમકાવ્યાં. પણ ઈસુએ કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા, કેમ કે આકાશનું રાજ્ય એવાઓનું જ છે. પછી તેઓ પર હાથ મૂકીને તે ત્યાંથી ગયો.

**xii લાજરસને સજીવન કર્યા પૂર્વે (યોહાન ૧૧:૪૧-૪૨)**

ત્યારે તેઓએ પથ્થર ખસેડયો, અને ઈસુએ આંખો ઊંચી કરીને કહ્યું કે, હે બાપ, તેં મારું સાંભળ્યું છે, માટે હું તારો આભાર માનું છું. અને તું નિત્ય મારું સાંભળે છે, એ હું જાણતો હતો, પણ જે લોક આસપાસ ઉભા રહેલા છે, તેઓ વિશ્વાસ કરે કે, તેં મને મોકલ્યો છે, માટે તેઓને લીધે મેં એ કહ્યું.

**xiii મંદિરમાં (યોહાન ૧૨:૨૭-૨૮)**

હવે મારો જીવ વ્યાકુળ થયો છે; હું શું કહું? હે બાપ, મને આ

ઘડીથી બચાવ. પણ એ જ કારણને લીધે તો હું આ ઘડી સુધી આવ્યો છું. હે બાપ, તારા નામનો મહિમા પ્રગટ કર. ત્યારે એવી આકાશવાણી થઈ કે, મેં તેનો મહિમા પ્રગટ કર્યો છે, અને ફરી કરીશ.

**xiv છેલ્લું વાળુ લેવાના સમયે** (માથ્થી ૨૬:૨૬-૨૭)

અને તેઓ ભજન કરતા હતા ત્યારે ઈસુએ રોટલી લઈને, તથા આશીર્વાદ માગીને ભાંગી; અને શિષ્યોને તે આપીને કહ્યું કે, લો, ખાઓ; એ મારું શરીર છે. અને તેણે પ્યાલો લઈને તથા સ્તુતિ કરીને તેઓને આપીને કહ્યું કે તમે સૌ એમાંનું પીઓ.

**xv પિતરને માટે** (લૂક ૨૨:૩૨)

પણ મેં તો તારે સારુ વિનંતી કરી કે, તારો વિશ્વાસ ખૂટે નહિ; અને તું તારા ફર્યા પછી તારા ભાઈઓને સ્થિર કરજે.

**xvi શિષ્યોને માટે** (યોહાન ૧૭)

**xvii ગેથસેમાને બાગમાં** (માથ્થી ૨૬:૩૬, ૩૯, ૪૨, ૪૪).

ત્યારે ઈસુ તેઓની સાથે ગેથસેમાને નામે એક ઠેકાણે આવે છે, ને શિષ્યોને કહે છે કે, હું પણે જઈને પ્રાર્થના કરું ત્યાં સુધી તમે અહીં બેસો.

પછી તેણે થોડે આઘે જઈને ઊંધે મોઢે પડીને એવી પ્રાર્થના કરી કે, ઓ મારા બાપ, જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કર. તોપણ મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ.

વળી બીજીવાર તેણે જઈને પ્રાર્થના કરી કે, ઓ મારા બાપ, જો આ પ્યાલો મારા પીધા વગર મારાથી દૂર ન કરી શકાય તો તારી ઇચ્છા પ્રમાણે થાય.

અને તે ફરીથી તેઓને મૂકીને ગયો, ને ત્રીજી વાર તેની તે જ વાત કહેતાં તેણે પ્રાર્થના કરી.

**xviii ક્રૂસ ઉપર (શત્રુઓ માટે)** (લૂક ૨૩:૩૪).

ઈસુએ કહ્યું, હે બાપ, તેઓને માફ કર; કેમ કે તેઓ જે કરે છે તે

તેઓ જાણતા નથી. ચિઠ્ઠીઓ નાખીને તેઓએ તેના લૂગડાં માંહોમાંહે વહેંચી લીધાં.

**xix એમ્મૌસમાં જમવા ટાણે** (લૂક ૨૪:૩૦)

તે તેઓની સાથે જમવા બેઠો ત્યારે તેણે રોટલી લઈને સ્તુતિ કરીને ભાંગી, અને તેઓને આપી.

## ૨૫. પ્રભુ ઈસુની ખાનગી પ્રાર્થનાઓ

**ક. સવારની પ્રાર્થના** (માર્ક ૧:૩૫)

અને સવારે પોહ ફાટતાં પહેલાં ઘણો વહેલો ઊઠીને તે બહાર ગયો. ને ઉજ્જડ ઠેકાણે જઈને તેણે ત્યાં પ્રાર્થના કરી.

**ખ. સાંજની પ્રાર્થના** (માર્ક ૬:૪૬, ૪૭)

અને તેઓને વિદાય કરીને તે પહાડ પર પ્રાર્થના કરવા ગયો.અને સાંજ પડી ત્યારે હોડી સમુદ્ર મધ્યે હતી, અને તે જમીન પર એકલો હતો.

**એકાંતમાં પિતા સાથે સંગત** (લૂક ૫:૧૫-૧૬)

પણ ઈસુ સંબંધીની ચર્ચા ઊલટી વધારે ફેલાઈ ગઈ; અને ઘણા લોક સાંભળવા સારુ તથા પોતાના મંદવાડથી સાજા થવા સારુ તેની પાસે એકઠા થયા. પણ પોતે એકાંતે રાનમાં જઈને પ્રાર્થના કરતો.

**ગ. આખી રાતની પ્રાર્થના** (લૂક ૬:૧૨)

તે દિવસોમાં તે ઘેરથી નીકળીને કોઈ એક પહાડ પર પ્રાર્થના કરવા ગયો; અને તેણે દેવની પ્રાર્થનામાં આખી રાત કાઢી.

**ઘ. ફક્ત શિષ્યો જ નજદીક હતા** (લૂક ૯:૧૮)

તે એકાંતમાં પ્રાર્થના કરતો હતો, ત્યારે તેના શિષ્યો તેની સાથે હતા; તેણે તેઓને પૂછ્યું કે, હું કોણ છું, તે વિશે લોકો શું કહે છે?

**ચ. ગેથસેમાને બાગમાં (લૂક ૨૨:૪૧-૪૨)**

આશરે પથ્થર ફેંકાય તેટલે છેટે તે તેઓથી દૂર ગયો; અને ઘૂંટણ ટેકવીને પ્રાર્થના કરીને કહ્યું કે હે બાપ, જો તારી ઈચ્છા હોય તો આ પ્યાલો મારાથી દૂર કર; તોપણ મારી ઈચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ.

**૨૬. પ્રભુ ઈસુની જાહેર પ્રાર્થનાઓ**

ક. **માથ્થી ૧૧:૨૫ :** તે વેળા ઈસુએ કહ્યું કે, ઓ બાપ, આકાશ તથા પૃથ્વીના પ્રભુ. હું તારી સ્તુતિ કરું છું, કેમ કે જ્ઞાનીઓ તથા તર્કશાસ્ત્રીઓથી તેં એ વાતો ગુપ્ત રાખી, ને બાળકોની આગળ પ્રગટ કરી છે.

ખ. **લૂક ૩:૨૧ :** હવે સર્વ લોક બાપ્તિસ્મા પામી રહ્યા ત્યારપછી ઈસુ પણ બાપ્તિસ્મા પામીને પ્રાર્થના કરતો હતો, એટલામાં આકાશ ઊઘડી ગયું.

ગ. **યોહાન ૧૧:૪૧ :** ત્યારે તેઓએ પથ્થર ખસેડયો ને ઈસુએ આંખો ઊંચી કરીને કહ્યું કે, હે બાપ, તેં મારું સાંભળ્યું છે, માટે હું તારો આભાર માનું છું.

ઘ. **યોહાન ૧૭:૧ :** એ વાતો કહી રહ્યા પછી ઈસુએ આકાશ તરફ નજર ઊંચી કરીને કહ્યું કે, હે બાપ, સમય આવ્યો છે; તું તારા દીકરાને મહિમાવાન કર કે, દીકરો તને મહિમાવાન કરે.

# XXVII "જગતનો પાયો નાખ્યા અગાઉ" શું શું તૈયાર કરેલું છે?

૧. જગતનો પાયો નાખ્યાના વખતથી છાનાં રખાયાં છે. માથ્થી ૧૩:૩૫. ("તે હું પ્રગટ કરીશ.")

૨. જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે માટે તૈયાર કરેલું છે. માથ્થી ૨૫:૩૪. ('તેનો વારસો લો.")

૩. ("હે પિતા,) જગતનો પાયો નાખ્યા અગાઉ તમે મારા પર પ્રેમ કર્યો છે." યોહા. ૧૭:૨૪.

૪. જગતના મંડાણની અગાઉ આપણને એનામાં (ખ્રિસ્તમાં) પસંદ કર્યા છે. એફેસી ૧:૪.

૫. જગતના આરંભથી કામો પૂરાં થયેલાં હતાં. હિબ્રૂ. ૪:૩.

૬. તે (ખ્રિસ્ત)તો જગતના મંડાણ અગાઉ નિર્માણ થયેલો હતો. ૧ પિતર ૧:૨૦).

૭. (જેઓના નામ) સૃષ્ટિના મંડાણથી મારી નંખાયેલા હલવાનના જીવનપુસ્તકમાં લખેલાં નથી,... પ્રક્ટી. ૧૩:૮.

૮. (પૃથ્વી પર રહેનારાંઓ જેઓના નામ) સૃષ્ટિના મંડાણથી જીવનપુસ્તકમાં લખેલાં નથી... પ્રક્ટી. ૧૭:૮.

# XXVIII ખ્રિસ્તવિરોધી

નવા કરારમાં ૧ યોહાન ૨:૧૮માં આ ખિતાબ 'ખ્રિસ્ત વિરોધી' આવે છે. ગ્રીકમાં "આન્તીખ્રિસ્તોસ" અને અંગ્રેજીમાં "ઍન્ટીક્રાઈસ્ટ" લખ્યું છે. જેમ પ્રભુ ઈસુ આવનાર છે, તેમ 'ખ્રિસ્ત વિરોધી' પણ આવનાર છે. ભૂતકાળમાં શેતાને અનેક માણસોને જોરદાર રીતે વાપર્યા છે, પણ આખરને સમયે આ એક માણસ ઊભો થશે, જે ખરેખર શેતાનનો અવતાર બનશે. જેમ દૈવી ત્રિએકપણું (પિતા, પુત્ર અને પવિત્ર આત્મા) છે, તેમ એનું અનુકરણ કરીને શેતાને પણ પોતાનું શૈતાનિક ત્રિએકપણું રચ્યું છે : શેતાન (પિતા), ખ્રિસ્તવિરોધી (શેતાનનો અવતારી પુત્ર) અને જૂઠો પ્રબોધક (શેતાનનો આત્મા). પ્રકટીકરણના ૧૩માં અધ્યાયમાં સમુદ્રમાંથી નીકળતું શ્વાપદ, (૧૩:૧) તે ખ્રિસ્તવિરોધી છે, અને 'પૃથ્વી યા જમીનમાંથી નીકળતું બીજું એક શ્વાપદ' (૧૩:૧૧) તે 'જૂઠો પ્રબોધક' છે.

ઉત્પત્તિ ૩:૧૫માં સૂચવેલું "સ્ત્રીનું સંતાન" તે પુરુષ દ્વારા નહિ પણ પવિત્ર આત્મા દ્વારા ગર્ભે રહેલો અને 'સ્ત્રીથી જન્મેલો' પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. તેમ જ એ જ કલમમાં સૂચવેલું 'સાપનું' (એટલે કે શેતાનનું) સંતાન એ જ આવનાર ખ્રિસ્તવિરોધી ઓળખાય છે : 'બાબેલનો રાજા' (યશાયા ૧૪:૪); લ્યુસીફર (યશાયા ૧૪:૧૨) 'નાનું શિંગડું' (દાનિયેલ ૭:૮, ૮:૯); 'વિકરાળ ચહેરાનો તથા ગહન વાતો સમજનાર રાજા' (દાનિયેલ ૮:૨૩); 'આવનાર સરદાર' (દાનિયેલ ૯:૨૬); 'પોતાની મરજી પ્રમાણે વર્તનાર રાજા' (દાનિયેલ ૧૧:૩૬), જેના વિષે પ્રભુએ આ પ્રમાણે કહ્યું છે : "હું મારા બાપને નામે આવ્યો છું, પણ તમે મારો અંગીકાર કરતા નથી; જો કોઈ બીજો પોતાના નામે આવશે તો તેનો તમે અંગીકાર કરશો." (યોહાન ૫:૪૩); "તે પોતાની મરજી મૂજબ

વર્તશે" (દાનિયેલ ૮:૨૪). તે પણ એ જ ખ્રિસ્તવિરોધી છે; "પાપનો માણસ" (૨ થેસ્સા. ૨:૩); "વિનાશનો પુત્ર" (૨ થેસ્સા ૨:૨૩); 'તે અધર્મી" (૨ થેસ્સા ૨:૮), "ખ્રિસ્તવિરોધી" (૧ યોહાન ૨:૧૮); "શ્વાપદ" (પ્રક્ટી. ૧૩:૧).

ડૉ. ક્લેરેન્સ લારકિન્સે પોતાના પુસ્તક 'ડિસ્પેન્સેશનલ ટ્રુથ'માં પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને 'ખ્રિસ્તવિરોધી' વચ્ચેના ૧૪ જેટલાં તફાવત બતાવ્યાં છે, જે અહીં ટાંકું છું :

૧. ખ્રિસ્ત ઉપરથી આવ્યા. – યોહાન ૬:૩૮.
ખ્રિસ્તવિરોધી ઊંડાણમાંથી નીકળશે. – પ્રક્ટી. ૧૧:૭.

૨. ખ્રિસ્ત પોતાના પિતાનો નામે આવશે. – યોહાન ૫:૪૩.
ખ્રિસ્તવિરોધી પોતાના નામે આવશે. – યોહાન ૫:૪૩

૩. ખ્રિસ્તે પોતાને નમ્ર બનાવ્યા. – ફિલિપી ૨:૮.
ખ્રિસ્તવિરોધી પોતાને મોટો મનાવશે. – ૨ થેસ્સા. ૨:૪.

૪. ખ્રિસ્ત તુચ્છકારાયા. – યશાયા ૫૩:૩, લૂક ૨૩:૧૮.
ખ્રિસ્તવિરોધીની આરાધના થશે. – પ્રક્ટી. ૧૩:૩, ૪.

૫. ખ્રિસ્ત શ્રેષ્ઠ મનાયા. ફિલિપી. ૨:૯.
ખ્રિસ્તવિરોધી અગ્નિખાઈમાં નાખી દેવાશે.
– યશાયા ૧૪:૧૪, પ્રક્ટી. ૧૯:૨૦.

૬. ખ્રિસ્ત પોતાના પિતાની ઇચ્છા પૂર્ણ કરવા આવ્યા.
– યોહાન ૬:૩૮.
ખ્રિસ્તવિરોધી પોતાની મરજી પ્રમાણે વર્તશે.
– દાનિયેલ ૧૧:૩૬.

૭. ખ્રિસ્ત મુક્તિ આપવા (શોધવા તથા તારવા) આવ્યા.
– લૂક ૧૯:૧૦.
ખ્રિસ્તવિરોધી નાશ કરવા આવશે. – દાનિયેલ ૮:૨૪.

૮. ખ્રિસ્ત ભલા ભરવાડ છે. – યોહાન ૧૦:૧-૧૫.
ખ્રિસ્તવિરોધી નકામો (ચીરી નાખનાર) પાળક થશે.
– ઝખાર્યા ૧૧:૧૬, ૧૭.

૯. ખ્રિસ્ત ખરો 'દ્રાક્ષાવેલો' છે.– યોહાન ૧૫:૧.
ખ્રિસ્તવિરોધી પૃથ્વીનો દ્રાક્ષાવેલો છે જેને કાપીને ખૂંદી નાખવામાં આવશે.– પ્રકટી. ૧૪:૧૮.

૧૦. ખ્રિસ્ત સત્ય છે. – યોહાન ૧૪:૬.
ખ્રિસ્તવિરોધી જૂઠો છે. – ૨ થેસ્સા ૨:૧૧.

૧૧. ખ્રિસ્ત 'દેવનો પવિત્ર' છે. – માર્ક ૧:૨૪
ખ્રિસ્તવિરોધી અધર્મી છે.–૨ થેસ્સા. ૨:૮.

૧૨. ખ્રિસ્ત દુઃખી પુરુષ છે. – યશાયા ૫૩:૩.
ખ્રિસ્તવિરોધી 'પાપનો માણસ' છે. – ૨ થેસ્સા. ૨:૩.

૧૩. ખ્રિસ્ત ઈશ્વરપુત્ર છે.–લૂક ૧:૩૫.
ખ્રિસ્તવિરોધી 'વિનાશનો પુત્ર' છે. – ૨ થેસ્સા. ૨:૩.

૧૪. ખ્રિસ્ત મનુષ્યસ્વરૂપમાં પ્રગટ થયેલો 'સતધર્મનો મર્મ' છે.
– ૧ તિમોથી ૩:૧૬.
ખ્રિસ્તવિરોધી "અધર્મની ગુપ્ત અસર" અને મનુષ્યસ્વરૂપમાં પ્રકટ થયેલો શેતાન છે. – ૨ થેસ્સા. ૨:૭.

દાનિયેલ ૯:૨૬ પરથી જણાય છે કે યરુશાલેમનો નાશ કરનાર પ્રજામાંથી (રોમનોમાંથી) તે આવનાર છે. દાનિયેલ ૮:૮, ૯માં આપેલાં ૧૦ શિંગડાંમાનું "નાનું શિંગડું" તે આ ખ્રિસ્તવિરોધી છે. એટલે ભૂતકાળના રોમન સામ્રાજ્યના યુરોપીય વિસ્તારમાંથી આ ખ્રિસ્તવિરોધી આવશે. યુરોપના દશ રાજ્યો અત્યારે સંયુક્ત બન્યા છે, તેમાંથી જ તે આખરે આવશે.

પ્રભુ ઈસુ પોતાની મંડળીને લેવા ગગનમાં ઊતરશે, અને મંડળી

ઉપર ઊંચકાઈ જશે. તે પછી આ ખ્રિસ્તવિરોધી પોતાને જાહેર કરશે અને આખી દુનિયા ઉપર તે હકૂમત ચલાવશે, અને આખી દુનિયા તેની આરાધના કરશે (પ્રકટી. ૧૩:૭,૮). વળી દરેક જાતિ તથા પ્રજા તથા દેશ પર તેને (ખ્રિસ્તવિરોધીને) અધિકાર આપવામાં આવ્યો. જેઓનાં નામ સૃષ્ટિના મંડાણથી મારી નંખાયેલા હલવાનના જીવનપુસ્તકમાં લખેલાં નથી એવા પૃથ્વી પર રહેનારાં સર્વ તેની આરાધના કરશે, તે સમયે પૃથ્વી પર એક સરકાર થશે, અને ખ્રિસ્તવિરોધી આખા જગતનો અધિકારી બનશે. પ્રભુ ઈસુએ તેના વિષે આ પ્રમાણે કહ્યું હતું : "આ જગતનો અધિકારી" આવે છે અને મારામાં તેનું કાંઈ નથી (યોહાન ૧૪:૩૦; પ્રકટી. ૧૭:૧૩).

શરૂઆતમાં તે ઘણા યહૂદીઓ સાથે કરાર કરશે. એટલે યહૂદીઓ 'નિર્ભય' બનશે, અને યરુશાલેમનું મંદિર બાંધશે. પણ પ્રથમના સાડા ત્રણ વર્ષના અંતભાગમાં આ ખ્રિસ્તવિરોધી યહૂદી સાથેનો કરાર તોડી નાંખશે અને પોતાની મૂર્તિની સ્થાપના યરુશાલેમના મંદિરમાં પરમ પવિત્ર સ્થાનમાં કરશે તેમ જ યહૂદીઓની સામે ભારે સતાવણી લાવશે (દાનિયેલ ૯:૨૭; માથ્થી ૨૪:૧૫, ૨૧; ૨ થેસ્સા. ૨:૩-૪).

છેલ્લા આ ખ્રિસ્તવિરોધી સામે લડવા યહૂદીઓ આખી દુનિયાનાં લશ્કરો યરુશાલેમ પાસે યહોશાફાટની ખીણમાં એકઠાં કરશે. એ જ સમયે પ્રભુ ઈસુ સંતોની સાથે, યરુશાલેમ સામેના જૈતૂન પહાડ પર ઊતરશે. (ઝખાર્યા ૧૪:૪), અને "પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે" (૨ થેસ્સા ૨:૮).

# XXIZ પુનરુત્થાનો અને ન્યાયકાળો

(નોંધ : આ વિષે વિગતવાર અને ઝીણવટથી અભ્યાસ કરવા જુઓ લેખકનું પુસ્તક : 'પુનરુત્થાન, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન'.)

## i પુનરુત્થાનો

એક સામાન્ય પુનરુત્થાનની વાત બાઈબલમાં છે જ નહિ. બાઈબલ તો એક કરતાં વધારે પુનરુત્થાનની વાત કરે છે, અને દરેક પોતપોતાને અનુક્રમે થશે, એમ જણાવે છે. "કેમ કે આદમ દ્વારા સર્વ મરે છે, તેમ જ વળી ખ્રિસ્ત દ્વારા સર્વ સજીવન થશે. પણ દરેકને પોતપોતાને અનુક્રમે" (૧ કોરિંથી. ૧૫:૨૩-૨૪).

૧. **પ્રથમ ખ્રિસ્તનું પુનરુત્થાન : "પ્રથમફળ"**

ક. **પ્રકાર :** ખ્રિસ્ત એકલાનું પુનરુત્થાન. આ અગાઉ કોઈ પણ વ્યક્તિ મત્યુમાંથી ઊઠી નથી. મૃત્યુમાંથી પ્રથમફળ ખ્રિસ્ત જ છે.

ખ. **સમય :** ખ્રિસ્તના મૃત્યુ પછી ત્રીજે દિવસે.

ગ. **પરિણામ :** (૧) માણસના ઉદ્ધારકાર્ય પર મહોર વાગી. ખ્રિસ્ત ઊઠયા ન હોત તો ઉદ્ધારનું કાર્ય અધુરું રહેત. (૨) મરણ પર અને શેતાન પર જીત. (૩) બીજાઓનાં પુનરુત્થાન થશે તેની ખાતરી એમાં છે.

૨. **વિશ્વાસીઓનું પુનરુત્થાન**

"ત્યારપછી જેઓ ખ્રિસ્તના છે તેઓને તેના આવવાની વેળાએ સજીવન કરવામાં આવશે." (૧ કોરિંથી ૧૫:૨૩-૨૪).

ક. **પ્રકાર :** ખ્રિસ્તમાં મૃત્યુ પામેલાં તેમ જ જૂના કરારના સંતોનું

પુનરુત્થાન થશે.

ખ. **સમય :** ખ્રિસ્ત ગગનમાં ઊતરશે ત્યારે (ખ્રિસ્તના પુનરાગમન સમયે).

ગ. **પરિણામ :**

૧. જેઓ ખ્રિસ્તમાં મૃત્યુ પામેલાં છે તેઓ પ્રથમ ઊઠશે, અને મહિમાવંતા શરીરો પામશે.

૨. જેઓ ખ્રિસ્તમાં તે વખતે જીવંત હશે, તેઓનાં શરીરનું એકાએક રૂપાંતર થઈ જશે અને તેઓ મહિમાવંતાં શરીરો પામશે.

પછી આ બંને જૂથ પ્રભુ ઈસુને ગગનમાં મળવા ઊંચકાઈ જશે. ત્યાર પછી મૃત્યુ, વિયોગ, માંદગી, દુઃખ કે વિલાપ તેઓને ફરી કદી થશે નહિ. તેઓ સદાકાળ માટે પ્રભુ ઈસુ સાથે રહેશે.

૩. **વિપત્તિકાળના શહીદોનું પુનરુત્થાન** (જુઓ પ્રકટી. ૬:૯-૧૧, ૨૦:૪-૬)

ક. **પ્રકાર :** સાત વર્ષના વિપત્તિકાળના શહીદોનું પુનરુત્થાન.

ખ. **સમય :** વિશ્વાસીઓ ખ્રિસ્તને ગગનમાં મળવા ઊંચકાઈ જશે એ પછી સાત વર્ષે.

ગ. **પરિણામ :** નંબર ૨ના પરિણામમાં આપ્યું છે તેમ જ.

૪. **છેલ્લું પુનરુત્થાન અથવા પાપીઓનું પુનરુત્થાન** (પ્રકટી. ૨૦:૫, ૧૨).

ક. **પ્રકાર :** બાકી રહેલાં બધાં મનુષ્યોનું પુનરુત્થાન.

ખ. **સમય :** વિપત્તિકાળના શહીદોના પુનરુત્થાન પછી ૧૦૦૦ વર્ષે. ખ્રિસ્તના ૧૦૦૦ વર્ષના (સહસ્ત્રાબ્દી) રાજ્ય પછી. આકાશ તથા પૃથ્વી તે વખતે જતાં રહ્યાં હશે.

ગ. **પરિણામ :** પુસ્તકમાં લખેલી તેઓની કરણીઓ પ્રમાણે તેઓનો ન્યાય થશે અને તેઓ સર્વ અનંતકાલિક સજા પામશે.

## ii ન્યાયકાળો

૧. **વિશ્વાસ કરનારાંનો ન્યાયકાળ** (યોહાન ૧૨:૩૧).

ક. **પ્રકાર :** વિશ્વાસ કરનારાં સર્વનાં પાપ ઈસુએ ક્રૂસ પર માથે લીધાં (ભૂતકાળનાં કે ભવિષ્યકાળનાં વિશ્વાસ કરનારાં). યશાયા ૫૩:૫, ૬. ૨ કોરિંથી ૫:૨૧, હિબ્રૂ ૯:૨૬-૨૮, ૧ પિત. ૨:૨૪, ૩:૧૮.

ખ. **સમય :** વધસ્તંભ પર. યોહા. ૧૨:૩૧.

ગ. **પરિણામ :** પ્રભુ ઈસુનું મૃત્યુ; વિશ્વાસ કરનારાંનું ન્યાયીકરણ અને તેમના અનંતકાળિક ઉદ્ધારની જામીનગીરી. યોહા. ૫:૨૪, રોમન ૫:૯, ૮:૧, ૨ કોરિંથી ૫:૨૧, ગલાતી ૩:૧૩.

૨. **વિશ્વાસ કરનારાંનાં કૃત્યોનો ન્યાય** (ખરું જોતાં ન્યાય નહિ પણ તુલના) ૧ કોરિંથી ૩:૧૧-૧૫, ૨ કોરિંથી ૫:૧૦.

ક. **પ્રકાર :** સેવક તરીકે વિશ્વાસ કરનારાંની સેવાની સફળતા-નિષ્ફળતા. ૧ કોરિંથી. ૩:૧૧-૧૫, ૨ કોરિંથી. ૫:૧૦. માથ્થી ૧૨:૩૬. હિબ્રૂ. ૧૦:૧૭. (અહીં વિશ્વાસ કરનારાંનાં પાપોનો ન્યાય છે જ નહિ. તેઓનાં પાપની સજા તો ઈસુએ ઉઠાવી છે. અને તેઓ આ સમયે પ્રભુ ઈસુ સાથે ગગનમાં છે. તેઓ પારાદૈસનાં ભાગીદાર બની ચૂક્યાં છે.)

ખ. **સમય :** પ્રભુ ઈસુના પુનરાગમન સમયે ગગનમાં મૃત્યુ પામેલાં વિશ્વાસીઓ પુનરુત્થાન પામી ગગનમાં ગયાં હશે. અને જીવતાં વિશ્વાસીઓ મહિમાવંત શરીરો ધારણ કરીને ગગનમાં તણાઈ ગયાં હશે. ૧ કોરિંથી. ૪:૧-૫, ૯:૨૪-

૨૭, રોમન ૧૪:૧૦, ગલાતી ૬:૭, કલો. ૩:૨૪, ૨૫, ૨ તિમો. ૪:૮.

ગ. **પરિણામ :** વિશ્વાસુ સેવકોને ઇનામ-બદલો. અવિશ્વાસુ સેવકોને ઇનામ મળશે નહિ. કામોની પારખ અગ્નિથી થશે, – કેટલાંકનાં કામ બળી જશે, કેટલાંકના કામ ટકી રહેશે (અહીં કોઈ વ્યક્તિના નાશની વાત છે જ નહિ). ૧ કોરિંથી ૩:૮, ૧૪-૧૫, પ્રકટી. ૨૨:૧૨.

૩. **વિશ્વાસ કરનારાં પોતપોતાનો ન્યાય કરે છે** (વિશ્વાસ કરનારાંના જીવનની દરરોજની આ વાત છે). ૧ કોરિંથી ૧૧:૩૧-૩૨, ૨ શમુ. ૭:૧૪-૧૫.

ક. **પ્રકાર :** વિશ્વાસીજન પોતાના જીવનમાં પાપી આચરણ પ્રવેશવા દે છે તે માટે તે ઈશ્વરની આગળ કબૂલાત કરે છે. એણે આમ દરરોજ પોતાનો ન્યાય કરવાનો હોય છે. ૨ શમુ. ૧૨:૧૩-૧૪.

ખ. **સમય :** દરરોજ પુત્ર તરીકે તેણે પોતાનો આ ન્યાય કરવાનો હોય છે, જેથી આકાશી પિતા તરફથી તેને પુત્ર તરીકે આ જીવનમાં શિક્ષા ન થાય. હિબ્રૂ. ૧૨:૭.

ગ. **પરિણામ :** જો વિશ્વાસીજન જાતે ઈશ્વરની આગળ પાપકબૂલાત કરવાનું પડતું મૂકે, અને ઈશ્વરની શિક્ષાની અવગણના કર્યા કરે, તો ઈશ્વર તેને શિક્ષા કરવાનું ચાલુ રાખે, અને આખરે ઘેર બોલાવી લે (મૃત્યુ નીપજે). પણ ઈશ્વરે અને દત્તકપુત્રપણાના હકમાંથી કદી કાઢી નહિ મૂકે. ૧ કોરિંથી ૧૧:૩૨, ૫:૫.

૪. **પ્રજાઓનો ન્યાય.** માથ્થી ૨૫:૩૧-૪૬, યોએલ ૩:૧૧-૧૬.

આ જીવતી પ્રજાઓ (દેશજાતિઓ)નો ન્યાયકાળ; મૃત્યુમાંથી પુનરુત્થાન પામેલા કોઈના ન્યાયકાળની વાત અહીં છે જ નહિ.

ક. **પ્રકાર :** પારખ અથવા 'પારખાં' આ પ્રકારનાં થશે : "આ મારા ભાઈઓ (= યહૂદીઓ) પ્રત્યે તમે કેવો વર્તાવ કર્યો છે તે." અંતના સમયના યહૂદીઓ પ્રત્યેનો પ્રજાઓનો વર્તાવ. આ મારા ભાઈઓમાંના બહુ નાનાને જે કર્યું તે મને કર્યા બરાબર છે.

ખ. **સમય :** પ્રભુ ઈસુ મંડળી સાથે ગગનમાંથી નીચે પૃથ્વી ઉપર ઉતરશે, અને ૧૦૦૦ વર્ષનું (સહસ્ત્રાબ્દી) રાજ્ય પૃથ્વી ઉપર સ્થાપે તે અગાઉ.

ગ. **પરિણામ :** 'ઘેટાં' પ્રજાઓ સહસ્ત્રાબ્દી રાજ્યમાં પ્રવેશશે, પણ 'બકરાં' પ્રજા આ રાજ્યમાં પ્રવેશશે નહિ, પણ તેઓનો નાશ થશે. પ્રજાઓમાં વ્યક્તિઓ આવી જાય.

૫. **ઈઝરાયલનો-એટલે કે યહૂદીઓનો ન્યાય.** હઝકિ. ૨૦:૩૩-૩૪.

ક. **પ્રકાર :** અંત સમયે દાનિ. ૯:૨૭ના એક અઠવાડિયાનાં એટલે કે 'સાત વર્ષ'નાં પાછલાં સાડા ત્રણ વર્ષ દરમિયાન જીવંત યહૂદી પ્રજા પર "યાકોબના સંકટનો સમય" આવનાર છે. દુનિયાભરમાંથી યહૂદીઓ ઈઝરાયલમાં લવાયા હશે, અને તેઓ પર આ 'મહાવિપત્તિ' (માથ્થી ૨૪:૨૧) આવી પડશે. એ ન્યાયરૂપી તાવણીમાં ઈશ્વર તેમને તાવશે.

ખ.) **સમય :** (ઉપર 'પ્રકાર'માં સમય આપ્યો છે.) સાત વર્ષનો પાછળો અડધો સમય, બાઈબલમાં એને કાળ, કાળો અને અર્ધો કાળ, અથવા "સમય, સમયો અને અર્ધો સમય" અથવા "બેંતાલીસ મહિના" અથવા "બારસો સાઠ દિવસ" કહ્યા છે.

ગ. **પરિણામ :** ઇઝરાયલનો શેષ ભાગ સહસ્ત્રાબ્દી રાજ્યમાં પ્રવેશશે, બાકીના ઇઝરાયલીઓ મહાવિપત્તિમાં નાશ પામશે.

૬. **પતિત દૂતોનો ન્યાય :** યહૂદા. ૬, ૨ પિતર ૨:૪, ૧ કોરિંથી. ૬:૩.

ક. **પ્રકાર :** શેતાને ઈશ્વર સામે બળવો કર્યો ત્યારે તેની સાથે જે બધા દૂતોએ બળવામાં ભાગ લીધો (પ્રકટી. ૧૨:૩,૪) તેઓનો ન્યાય.

ખ. **સમય :** સહસ્ત્રાબ્દી રાજ્ય પછી, અને દુષ્ટોના ન્યાય અગાઉ. ઇતિહાસ એ સમયે પૂરો થઈ ગયો હશે.

ગ. **પરિણામ :** શેતાન અને આ બધા પતિત દૂતોને અગ્નિની ખાઈમાં - ગેહેન્નામાં - નાખી દેવામાં આવશે. પ્રકટી. ૨૦:૧૦.

૭. **દુષ્ટોનો ન્યાય.** પ્રકટી. ૨૦:૧૧-૧૫.

એમાં ઘણા 'સારા' અને નામાંકિત માણસો હશે. 'દુષ્ટો' એટલે જેમણે ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો નહિ તે બધાંનો સમાવેશ થશે.

ક. **પ્રકાર :** વિશ્વાસ કરનારાંના પુનરુત્થાન પછી એક હજાર વર્ષ પછી આ 'દુષ્ટો' મૃત્યુમાંથી ઊઠશે, અને તેઓનો ન્યાય 'પુસ્તકો'માં લખ્યા પ્રમાણે થશે. (કેટલાકનું એમ માનવું છે કે શેતાન અને પતિત દૂતોની પણ તુલના આ સમયે થશે. પણ તેઓ સંબંધી છઠ્ઠા ન્યાયમાં આવી ગયું છે.)

ખ. **સમય :** હાલનાં પૃથ્વી અને આકાશ ટળી ગયાં હશે તે પછી (પ્રકટી. ૨૦:૧૧).

ગ. **પરિણામ :** પુસ્તકો પ્રમાણે તેઓનો ન્યાય થશે. આમાંથી કોઈ સ્વર્ગમાં લેવાશે નહિ. ન્યાય તો એટલા માટે કે એમને સજાની તીવ્રતા અને ઉત્કટતા કેટલી માત્રાની હશે તે તેમના કામ પ્રમાણે નક્કી થશે. સજા તો સદાકાળ માટેની હશે. (આ વિશે વધુ માહિતી માટે જુઓ લેખકના પુસ્તક :

'પુનરુત્થાનો અને ન્યાયકાળો'). આને 'બીજું મૃત્યુ' કહે છે. અગ્નિની ખાઈમાં તેઓને સદાકાળ માટે નાખી દેવાશે. પ્રકટી. ૧૯:૨૦, ૨૦:૧૦, ૧૪-૧૫.

## XXX નરક

**હાડેસ, નરક, ગેહેન્ના, તાર્તારસ અને શેઓલ તે બધામાં શો ફરક છે ?**

આ બધા શબ્દોને લીધે બાઈબલ વાચકને જરૂર મૂંઝવણ યા ગૂંચવાડો થાય છે. અને આ ગૂંચવાડો થવાનું કારણ છે. ગ્રીકમાં ત્રણ જુદા જુદા શબ્દો આપવામાં આવ્યા છે. (નવો કરાર ગ્રીક ભાષામાં અસલ લખાયો હતો) પણ તે ત્રણે શબ્દોનો અનુવાદ ગુજરાતીમાં ઠેકાણે ઠેકાણે 'નરક' કરવામાં આવ્યો છે. આ ત્રણ ગ્રીક શબ્દો આ પ્રમાણે છે : (૧) તાર્તારિસ (૨) હાડેસ અને (૩) ગેહેન્ના. આપણે એ ત્રણે શબ્દો એક પછી એક તપાસી લઈએ.

**તાર્તારસ :**

નવા કરારમાં આ શબ્દ એક જ જગ્યાએ આવે છે : (૨ પિતર ૨:૪). "કેમ કે જે દૂતોએ પાપ કર્યું તેઓને ઈશ્વરે છોડયા નહિ પણ તેઓને નરક (તાર્તારિસ)માં નાખીને ન્યાયકરણ થતાં સુધી અંધકારના ખાડાઓમાં રાખ્યા." જે દૂતોએ પાપ કર્યું તેઓને ન્યાયના દિવસ સુધી ઈશ્વરે તાર્તારિસમાં બંધનમાં રાખ્યા છે. કેદી તરીકે રાખ્યા છે. અહીં તાર્તારિસનો અર્થ નરક કર્યો છે. (જૂના કરારમાં આ શબ્દ આવતો જ નથી).

**હાડેસ :**

નવા કરારમાં અસલ મૂળ ભાષા ગ્રીકમાં 'હાડેસ' શબ્દ અગિયાર

વખત વપરાયો છે. ગુજરાતીમાં ૯ જગ્યાએ એનો એજ શબ્દ 'હાડેસ' રહેવા દીધો છે; જ્યારે એક જગાએ 'પાતાળ' કર્યું છે (માથ્થી ૧૧:૨૩), શુભસંદેશમાં પણ 'પાતાળ' કર્યું છે. અને એક જગ્યાએ 'મરણ' કર્યું છે (૧ કોરીંથી ૧૫:૫૫). ત્યાં શુભસંદેશે 'મૃત્યુ' કર્યું છે. શુભસંદેશે બે જગ્યાએ 'પાતાળ' કર્યું છે (માથ્થી ૧૧:૨૩, લૂક ૧૦:૧૫). બે જગ્યાએ 'મૃત્યુ' કર્યું છે (માથ્થી ૧૬:૧૮; ૧ કોરીંથી ૧૫:૫૫). છ જગ્યાએ 'મૃત્યુલોક કર્યું છે (પ્રે.કૃ. ૨:૨૭, ૩૧; પ્રકટી. ૧:૧૮, ૬:૮, ૨૦:૧૩, ૧૪). અને એક જગાએ 'દૂર' કર્યું છે (લૂક ૧૬:૨૪). આપણા ગુજરાતી બાઈબલમાં ૧ કોરિંથી ૧૫:૫૫માં 'ઘોર' શબ્દ વાપર્યો હતો હવે એને બદલીને અત્યારે 'મૃત્યુ' વાપર્યો છે.

'હાડેસ' એ મૃત્યુલોક છે, જ્યાં મરેલા માણસોના આત્મા જાય છે. દુષ્ટ આત્માઓ માટે હાડેસમાં પીડા છે, જ્યારે શુભાત્માઓ માટે વિશ્રાંતિ છે. પણ માણસોના આત્માઓનું એ આખરી અને કાયમનું સ્થળ નથી. એક દિવસ આ હાડેસ યા મૃત્યુલોક પોતાનાં મૃતોને પાછાં સોંપી દેશે. એ પછી તેઓનો ન્યાય થશે અને પછી તેઓને અનંત અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવશે. જ્યાં અનંતકાળ માટે 'રડવું' તથા દાંત પીસવું થશે.

**શેઓલ :**

આ હિબ્રૂ શબ્દ છે અને માત્ર જૂના કરારમાં જ વપરાયો છે. જૂના કરારમાં આ શબ્દ 'શેઓલ' ૬૫ વખત વપરાયો છે: અને આપણા ગુજરાતી બાઈબલમાં બધે એ શબ્દનો તરજુમો કર્યા વગર એમનો એમ 'શેઓલ' જ રાખ્યો છે. ગીતશાસ્ત્ર ૧૬:૧૦માં 'શેઓલ' શબ્દ છે. પણ એ જ કલમ નવા કરારમાં અવતરણ તરીકે પ્રે.કૃ. ૨:૩૧માં વાપરી છે, ત્યાં ગ્રીકમાં હાડેસ કર્યું છે અને ગુજરાતીમાં પણ હાડેસ રહેવા દીધું છે. એ પરથી સમજાય છે કે એ બંને શબ્દો (હિબ્રૂ 'શેઓલ' અને ગ્રીક 'હાડેસ') એક જ અર્થમાં વપરાયા છે. નીતિવચન ૧૫:૨૪માં

'નીચાણમાં' વાપર્યું છે. યશાયા ૧૪:૯ અને હઝકિયેલ ૩૨:૨૧ પ્રમાણે ત્યાં સભાનતા છે, અને ઓળખાણ-પિછાણ પણ છે. બધાં મરણ પામેલાં માણસોના આત્માઓ 'શેઓલ'માં એટલે કે 'હાડેસ'માં જાય છે. ન્યાયકાળ સુધી એ આત્માઓ ત્યાં રહેશે. એટલે શુભસંદેશે મૃત્યુલોક કર્યું છે. એ કદાચ ઠીક લાગે છે. પણ પાછી મુશ્કેલી પણ ઊભી કરે છે. ગુજરાતી ભાષામાં અને હિંદુ સંસ્કૃતિમાં 'મત્યુલોક' આ પૃથ્વી પરના લોકો માટે વાપરવામાં આવ્યું છે. સ્વર્ગમાં રહેતા દેવલોક માટે 'સ્વર્ગલોક'. પૃથ્વી પર રહેતા કાળા માથાના માનવી માટે 'મૃત્યુલોક' વપરાતું આવ્યું છે. અને જમીનમાં ઊંડાણમાં રહેતા વેંતિયા લોકો અને અન્યોને માટે હિંદુ સંસ્કૃતિમાં તેમ જ લોકકથાઓમાં કે દંતકથાઓમાં 'પાતાળલોક' વપરાયું છે. એટલે જ કદાચ આપણા ગુજરાતી બાઈબલમાં 'હાડેસ'નો તરજુમો ન કરતાં 'હાડેસ' જ રહેવા દીધું છે.

જૂના કરારમાં અને નવા કરારમાં આ બંને શબ્દો માત્ર મૃત્યુની સ્થિતિ દર્શાવતા શબ્દો જ નથી. પણ મરેલાંના આત્માઓના રહેઠાણ તરીકે વપરાયા છે એ નક્કી વાત છે. શેઓલમાં બધી પ્રવૃત્તિઓ વિરમી જાય છે. શેઓલ મૃત શરીરોનું સ્થળ નથી, પણ મરેલાંના આત્માઓ જીવંત રૂપમાં રહે છે.

'શેઓલ' અથવા 'હાડેસ'ના બે ભાગ છે. જૂના કરારમાં અને પછી પ્રભુ ઈસુના મૃત્યુ અને પુનરુત્થાન સુધી મરનારાં બધાંના આત્માઓ 'શેઓલ' યા હાડેસમાં જતાં. પણ એ 'સ્થળ'ના બે ભાગ હતા – એક ભાગમાં પ્રભુ પર વિશ્વાસ રાખનારા લોકોના આત્મા, બીજા ભાગમાં પાપીઓ તથા ઈશ્વરને વીસરી જનારા લોકોના આત્મા જતા. અને એ બંને ભાગ વચ્ચે મોટી ખાઈ આવેલી હતી (લૂક ૧૬:૧૯-૨૧). "અમારી તથા તમારી વચમાં એક મોટી ખાઈ આવેલી છે. તેથી જેઓ અહીંથી તમારી પાસે આવવા ચાહે, તેઓ આવી ન શકે, અને ત્યાંથી કોઈ અમારી પાસે આ પાર પણ આવી શકે નહિ" (લૂક ૧૬:૨૬).

**'પારાદૈસ' :**

'શેઓલ' અથવા હાડેસના જે ભાગમાં પ્રભુના લોકોના આત્મા જતા, એ ભાગને 'પારાદૈસ' અથવા 'અબ્રાહમ પિતા'ની ગોદ કહેવામાં આવતો. ઈસુ જમણી તરફના ચોરને કહે છે : "આજે તું મારી સાથે પારાદૈસમાં હોઈશ." (લૂક ૨૩:૪૩). ધનવાને "હાડેસમાં પીડા ભોગવતાં પોતાની આંખો ઊંચી કરીને વેગળેથી અબ્રાહમને તથા તેની ગોદમાં બેઠેલા લાજરસને જોયા" લૂક ૧૬:૨૩).

જૂના કરાર તેમ જ નવા કરારના સમયોમાં સર્વ મરનારાંના આત્માઓ "શેઓલ'માં એટલે કે 'હાડેસ'માં જતાં. પરંતુ પ્રભુ ઈસુના મૃત્યુ અને પુનરુત્થાન પછી વિશ્વાસ કરનારાંના એકેયના આત્માને ત્યાં જતો આપણે વાંચતા નથી. પ્રભુ ઈસુ મૃત્યુ પામતાં અધઃસ્થાનમાં (પારાદૈસમાં, શેઓલમાં, ન્યાયી લોકોના ભાગમાં) ઊતર્યા. જમણી તરફનો મરતો ચોર પણ ઈસુની માથે ત્યાં જ ઊતર્યો (લૂક ૨૩:૪૩). એ પછી પ્રભુ ઈસુ પારાદૈસના લોકોને 'ઉપર' સ્વર્ગમાં લઈ ગયા. "તે બંદીવાનોને લઈ ગયા" (હિબ્રૂ ૨:૧૫). એનો અર્થ એ જ છે (એફેસી ૪:૮-૯). (સરખાવો ગી.શા. ૬૮:૧૮ અને એફેસી ૪:૭-૧૧).

એટલે જ પાઉલ કહે છે : "શરીરથી વિયોગી થવું તથા પ્રભુની પાસે વાસો કરવો, એ અમને વધારે પસંદ છે." (૨ કોરિંથી. ૫:૮). વળી "કેમ કે આ બે વચ્ચે હું ગૂંચવણમાં છું : દેહમાંથી નીકળવાની તથા ખ્રિસ્તની સાથે રહેવાની મારી ઇચ્છા છે. કેમ કે તે ઘણે દરજ્જે વધારે સારું છે (ફિલિપી. ૧:૨૩).

**ગેહેન્ના :**

આ શબ્દ નવા કરારમાં બાર વખત મૂળ ગ્રીકમાં વપરાયો છે. અગિયાર વખત પ્રભુ ઈસુએ વાપર્યો છે. (માથ્થી ૫:૨૨, ૨૯, ૩૦, ૧૦:૨૮, ૧૮:૯, ૨૩:૧૫, ૩૩, માર્ક ૯:૪૩, ૪૫, ૪૭, લૂક ૧૨:૫) અને અન્ય એક ઠેકાણે યાકોબે વાપર્યો છે (યાકોબ ૩:૬). એ બારે

જગાએ વપરાયેલા 'ગેહેન્ના' શબ્દનો તરજુમો આપણા ગુજરાતી નવા કરારમાં અનુક્રમે આ પ્રમાણે કર્યો છે : ગેહેન્ના,નરક, નરક, નરક, નરકાગ્નિ, નરક, નરક, નરક, નરકાગ્નિ, નરકાગ્નિ, નરક, નરક, શુભસંદેશે આ પ્રમાણે તરજુમો કર્યો છે : નરકના અગ્નિમાં, નરક, નરક, નરકાગ્નિ, નરકાગ્નિ, નરક, નરક, નરક, નરક, નરક, નરક,નરક.

'ગેહેન્ના' શબ્દ કેવી રીતે અસ્તિત્વમાં અવ્યો એ વિષે એ શબ્દની પાછળ રસિક ઈતિહાસ પડયો છે. યરુશાલેમના અગ્નિખૂણે એક ખીણ આવેલી હતી, જેને 'હિન્નોમના પુત્રની ખીણ' (યહોશુ ૧૫:૮) તરીકે ઓળખવામાં આવતી હતી. અને 'ગેહેન્ના' પણ કહેવામાં આવતી. કારણ એ હિબ્રૂ શબ્દ 'ગેહિન્નોમ'ને અર્થ થાય છે : 'હિન્નોમની ખીણ'. જૂના કરારના સમયમાં આ ખીણમાં મોલોખ દેવ (વિધર્મી દેવતા) આગળ જીવતાં બાળકો વધેરવામાં આવતાં (૨ કાળવૃતાંત ૩૩:૧-૬, યિર્મે. ૭:૩૧). પાછળથી આ વિધર્મી મૂર્તિપૂજક રિવાજ બંધ થયો. એ પછી યહૂદીઓ શહેરનો કચરો ઠાલવવા આ ખીણ વાપરવા લાગ્યા. એટલું જ નહિ, પણ મરેલા જાનવરો અને જેમને દફનાવતા નહિ એવા ગુનેગારોનાં શબ ફેંકવા પણ આ ખીણ વપરાતી. આ બધો કચરો અને મુડદાં અહીં આ ખીણમાં બાળવામાં આવતાં. અને અહીં અગ્નિ સતત ચોવીસે કલાક સળગ્યા કરતો. એટલે આ ખીણને અગ્નિની ગેહેન્ના તરીકે ઓળખવામાં આવતી. આ ગેહેન્નાના અગ્નિમાં પડવું એ માનવી ખ્યાલ પ્રમાણે ભયંકરમાં ભયંકર યાતના ગણાતી. એમ, પ્રભુ ઈસુએ જાણીતી ખીણના અખંડ બળ્યા કરતા અગ્નિને ઉપમા તરીકે વાપરીને મહાન સત્ય શીખવ્યું. જેઓ તારનારનો અસ્વીકાર કરે છે તેવાઓનું અનંતકાળનું યાતનાનું જે સ્થળ બનવાનું છે, એ નરકાગ્નિ માટે આ 'ગેહેન્ના' શબ્દ વાપર્યો.

કેટલાક કહે છે કે નરક કોઈ સ્થળ નથી. પણ બાઈબલ સ્પષ્ટ

ગ્રીસ અને એશિયા માઈનર પાછો આવ્યો. પણ પાછળથી ફરીથી એની ધરપકડ થઈ, પાછો રોમ લઈ જવામાં આવ્યો, અને ઈ.સ. ૬૭ અથવા ૬૮માં એને મારી નાંખવામાં આવ્યો.

## XXXII પ્રભુ ઈસુ ખ્રિસ્તનું એક હજાર વર્ષનું રાજ્ય : આકાશનું રાજ્ય

પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના પુનરાગમનના સમયે એક હજાર વર્ષનું (સહસ્ત્રાબ્દી) રાજ્ય પૃથ્વી પર સ્થાપશે. પ્રભુ ઈસુ મંડળીને લેવા ગગનમાં આવશે, ત્યારે મંડળી ગગનમાં ઊંચકાઈ જશે (ગગનગમન). એ પછી સાત વર્ષ સુધી પૃથ્વી પર 'ખ્રિસ્ત વિરોધી'ની સત્તા સર્વત્ર પ્રવર્તતી હશે. અને સાત વર્ષનાં પાછલાં સાડાત્રણ વર્ષ માટે પૃથ્વી પર મહા વિપત્તિનો સમય હશે (માથ્થી ૨૪:૨૧). અને એ સમયમાં યહૂદીઓ ઉપર ભયંકરમાં ભયંકર વિપત્તિ આવશે (યિર્મે. ૩૦:૭). સાત વર્ષના અંત ભાગમાં 'ખ્રિસ્ત વિરોધી' આખી દુનિયાના લશ્કરો એકત્ર કરીને યરુશાલેમની સામે ચઢી આવશે. બરાબર તે જ સમયે પ્રભુ ઈસુ સંતોની સાથે પૃથ્વી પર ઊતરશે (પ્રાગટ્ય), અને ખ્રિસ્ત વિરોધીનો તથા તેનાં લશ્કરોનો નાશ કરી નાખશે. એમ યહૂદીઓનો અજાયબ છૂટકારો થશે. પ્રભુ ઈસુએ આમ યહૂદીઓનો અદ્‌ભુત રીતે બચાવ કર્યો, તેથી યહૂદીઓની આંખો ઊઘડી જશે, અને તેઓ ખ્રિસ્તને સાચી રીતે ઓળખતા થશે, અને એકેએક યહૂદી ભારે વિલાપ અને પશ્ચાત્તાપ સહિત એક જ દિવસમાં ખ્રિસ્તનો સ્વીકાર કરશે (જુઓ યશા. ૬૬:૮,૯ અને ઝખાર્યા ૧૨:૯-૧૧).

એ પછી પૃથ્વી પરની જીવંત પ્રજાઓનો પ્રભુ ઈસુ ન્યાય કરશે (માથ્થી ૨૫:૩૧-૪૬; યોએલ ૩:૧૨; ઝખાર્યા ૧૪:૧૨). અને 'બકરાં

પ્રજાઓ'નો તે નાશ કરી દઈને પૃથ્વી ઉપર એક હજાર વર્ષ માટે રાજ્ય કરશે.

**૧. "તારું રાજ્ય આવો"**

(માથ્થી ૬:૧૦) અનેક સૈકાંના જુદા જુદાં સંતોની પ્રાર્થનાઓ આખરે ફળી કે "તારું રાજ્ય આવો." હવે સ્ત્રીના સંતાને (ઈસુ ખ્રિસ્તે) સર્પના (શેતાનના) શિરને છૂંદી નાંખ્યું છે. પૃથ્વીનું આધિપત્ય પચાવી પાડનાર ખ્રિસ્તવિરોધીને તથા ચમત્કારો કરતાં જૂઠા પ્રબોધકને અગ્નિ-ખાઈમાં નાખી દેવામાં આવ્યા છે. અને પૃથ્વીનો અધિકાર એના ખરા રાજા, દાવિદપુત્ર ઈસુ ખ્રિસ્તની કાંધ પર છે. કાંટાથી ખરડાયેલા શિર ઉપર હવે સુવર્ણમુગટ શોભે છે, ખીલાથી વીંધાયેલા પગો સુવર્ણ પાયાસને છે. ખીલાથી વીંધાયેલા હાથોએ હવે રત્નોજડિત સુવર્ણ રાજદંડ ધારેલ છે. આ જગતનાં રાજ્યો આપણે પ્રભુ ખ્રિસ્તનાં થયાં છે. હવે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ તરીકે તે સદાસર્વદા રાજ્ય કરશે. તે યરુશાલેમથી આખી પૃથ્વી પર એક હજાર વર્ષનું રાજ્ય કરશે.

**લૂક ૧:૩૨-૩૩ :** "તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે. અને ઈશ્વર પ્રભુ તેને **તેના પિતા દાવિદનું રાજ્યાસન આપશે.** તે યાકોબના ઘર પર સર્વકાળ રાજ કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ."

**દાનિયેલ ૭:૧૩-૧૪ :** "રાતના સંદર્શનોમાં હું જોતો હતો, તો જુઓ, આકાશમાંના મેઘો સાથે મનુષ્યપુત્રના જેવો એક પુરુષ પેલા વયોવૃદ્ધ પુરુષની (પ્રભુ પિતાની) પાસે આવ્યો, તેને સત્તા, મહિમા તથા રાજ્ય આપવામાં આવ્યાં કે જેથી બધા લોકો, પ્રજાઓ તથા સર્વ ભાષાઓ બોલનાર માણસો તેના તાબેદાર થાય. તેની સત્તા સનાતન તથા અચળ છે, ને તેનું રાજ્ય અવિનાશી છે."

**૨. આ રાજ્યમાં કોણ કોણ હશે ?**

પ્રભુ ઈસુ રાજગાદી પર રાજા તરીકે હશે અને પ્રજાઓમાં ઉપર

જણાવી તે દુનિયાની **"ઘેટાં પ્રજાઓ"** હશે, અને શેષ બચેલી **યહૂદી પ્રજા** હશે. આ યહૂદીઓએ ખ્રિસ્તનો એક જ દિવસમાં સ્વીકાર કર્યો હશે, એટલે કે **એક જ દિવસમાં એક સામટો** તેમનો નવો જન્મ થયેલો હશે.

**ઝખાર્યા ૧૨:૯-૧૧**માં આપ્યું છે : "વળી **તે દિવસે** જે સર્વ પ્રજાઓ યરુશાલેમ વિરુદ્ધ ચઢી આવશે તેઓનો વિનાશ કરવાની કોશિશ હું કરીશ. હું દાવિદના વંશજો પર તથા યરુશાલેમના રહેવાસીઓ પર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ. અને મને, જેને તેઓએ વીંધ્યો છે તેની તરફ તેઓ જોશે; અને જેમ કોઈ પોતાના એકના એક પુત્રને માટે શોક કરે તેમ તેઓ તેને માટે શોક કરશે. ને જેમ કોઈ પોતાના જ શ્રેષ્ઠ પુત્રને માટે દુઃખી થાય તેમ તેઓ તેને લીધે દુઃખી થશે..."

**યશા. ૬૬:૮-૯ :** "આ પ્રમાણે કોણે સાંભળ્યું છે ? આ પ્રમાણે કોણે જોયું છે ? શું એક દિવસમાં દેશનો પ્રસવ થાય ? શું પ્રજા એકાએક જન્મ પામે ? પરંતુ સિયોનને પ્રસવવેદના થઈ કે તરત જ તેણે પોતાનાં છોકરાંને જન્મ આપ્યો...." (વળી જુઓ હઝકિ. ૩૬:૨૪-૨૯). આમ યહૂદી પ્રજા એક સામટી એક જ દિવસે ખ્રિસ્તનો સ્વીકાર કરશે. તેઓ બધાં સહસ્ત્રાબ્દી રાજ્યમાં **અગ્રસ્થાને** હશે, કેમ કે પુનર્નિયમ ૨૮:૧૩માં તેમના વિશે લખેલું છે કે, "અને યહોવા તને સર્વનું શિર બનાવશે, પણ પુચ્છ નહિ."

**૩. તેઓને રહેઠાણ માટે વિશાળ પ્રદેશ મળશે :**

અત્યારનો ઈઝરાયલ દેશ તો તેમનો જ હશે, પણ ઈશ્વરે અબ્રાહમને જે મહા મોટો દેશ અથવા વિસ્તાર વિશે વચન આપ્યું હતું તે બધો પ્રદેશ આ સહસ્ત્રાબ્દી રાજ્ય વખતે તેમને મળશે. એ વચન ઉત્પત્તિ ૧૫:૧૮-૨૧માં આપવામાં આવ્યું છે. આ વિશાળ વિસ્તારમાં આટલા મુલકો આવી જાય છે : હાલનો ઈઝરાયલી દેશ; આખો સિરિયા; આખો લબાનોન; ઈરાક (આશ્શૂર)નો મોટો ભાગ - છેક ઉર શહેર અને

યુફ્રેતિસ નદી સુધી; સાઉદી અરેબિયાનો ઉત્તરનો ભાગ; મોઆબ, જોર્ડન અને મિસરની નાની નદી સુધી. સહસ્ત્રાબ્દી રાજ્ય દરમિયાન આ મહાવિશાળ પ્રદેશમાં યહૂદીઓ રહેશે.

**૪. આ સહસ્ત્રાબ્દી રાજ્ય દરમિયાન પૃથ્વી ઉપર કેવા કેવા ફેરફાર થયા હશે ?**

**ક. શેતાનને એક હજાર વર્ષ સુધી બાંધી રાખવામાં આવશે.**

**પ્રગટી. ૨૦:૧-૩ :** "તેણે (દૂતે) પેલા અજગરને, એટલે ઘરડો સર્પ, જે દોષ મૂકનાર તથા શેતાન છે, તેને પકડયો, અને હજાર વર્ષ સુધી તેને બાંધી રાખ્યો." એટલે તે કોઈને પરીક્ષણમાં નાખી શકે નહિ કે કોઈને ભમાવી શકે નહિ. આ એક હજાર વર્ષ દરમિયાન પ્રભુ ઈસુ માનવદેહમાં માણસોની મધ્યે રાજ કરતા હશે; પવિત્ર આત્માની પૂર્ણ અસરો માનવીને મળશે; અને શેતાન બાંધેલો હશે. હા, પ્રલોભનકારક જગત અને મૂળ-પાપની અસરવાળું હૃદય - એ બે બાબતો દૂર કરાઈ નહિ હોય.

**ખ. ભૂમિને આપેલો શાપ દૂર કરાશે, પૃથ્વી પોતાનું ફળ આપશે.**

ઉત્પ. ૩:૧૭-૧૯માં ભૂમિને શાપ છે કે, "તારે (આદમને) લીધે ભૂમિ શાપિત થઈ છે. તેમાંથી તું તારા આયુષ્યના સર્વ દિવસોમાં દુઃખે ખાશે. તે કાંટા તથા કંટાળી તારે સારું ઉગાવશે... તું તારા મોંનો પરસેવો ઉતારીને રોટલી ખાશે.." વળી રોમન ૮:૨૦-૨૨ પણ એ જ વાતનો ઉલ્લેખ કરે છે કે, "સૃષ્ટિ પોતાની ઈચ્છાથી નહિ, પણ સ્વાધીન કરનારની ઈચ્છાથી વ્યર્થપણાને સ્વાધીન થઈ. પણ તે એવી આશાથી સ્વાધીન થઈ કે સૃષ્ટિ પોતે પણ નાશના દાસત્વમાંથી મુક્ત થઈને દેવનાં છોકરાંના મહિમાની સાથે મુક્તિ પામે... આખી સૃષ્ટિ તમામ નિસાસા નાખીને પ્રસૂતિની વેદનાથી કષ્ટાય છે." આ ભૂમિને આપેલો શાપ ૧૦૦૦ વર્ષના રાજ્યમાં દૂર થશે. અને પૃથ્વી ભરપૂરપણે ફળફળાદિ, શાકભાજી, ઇત્યાદિ આપશે.

**ગ. ઈઝરાયલ દેશ ફરીથી દૂધમધની રેલંછેલવાળો દેશ બની જશે :**

યોએલ ૩:૧૮ કહે છે કે, "તે દિવસે પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે, ને ડુંગરોમાંથી દૂધ વહેશે, ને યહૂદિયાના સર્વ વહેળાઓમાં પાણી વહેશે. ને યહોવાના મંદિરમાંથી ઝરો નીકળશે, ને તે શીટ્ટીમની ખીણને પાણી પાશે." વળી **આમોસ ૯:૧૩** ભરપૂર ખેતીકામ વિશે કહે છે કે, "ખેડનારનું કામ કાપણી કરનારાના કામ સુધી ચાલશે, ને દ્રાક્ષા પીલનારનું કામ બી વાવનારના કામ સુધી ચાલશે, અને પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે, ને સર્વ ડુંગરો પીગળી જશે." જમીન એટલી બધી રસાળ અને ફળદ્રુપ થશે કે દ્રાક્ષાવેલાઓ અનહદ્ પ્રમાણમાં ફાલશે. તેથી અલંકારી ભાષામાં લખ્યું છે કે "પર્વતોમાંથી મીઠો દ્રાક્ષારસ ટપકશે." અને ઢોરોને માટે ઠેરઠેર ભરપૂર ચરાણો થશે, અને પાલતું પ્રાણીઓ ઘણું જ દૂધ આપશે, તેથી અલંકારી ભાષામાં લખ્યું છે કે, "ડુંગરોમાંથી દૂધ વહેશે." (વળી જુઓ યશા. ૩૦:૨૩-૨૫).

**ઘ. સૂર્ય સાગતણો પ્રકાશશે :**

**યશાયા ૩:૨૬ :** આ પ્રમાણે જણાવે છે કે, "ચંદ્રનું અજવાળું સૂર્યના અજવાળા સરખું થશે, ને સૂર્યનું અજવાળું સાતગણું, સાત દિવસના અજવાળા સમાન થશે. યહોવા પોતાના લોકોના ઘાને પાટો બાંધશે, ને તેના જખમનો ઘા સાજો કરશે તે દિવસે એમ થશે." એટલી ગરમી નહિ, પણ સાતગણો પ્રકાશ થશે. આથી ખેતીવાડી ભરપૂર થશે, ઝાડો પણ અલમસ્ત અને ફળોથી ઝળૂંબી ઝળૂંબી રહેલાં બનશે.

**ચ. સહસ્ત્રાબ્દી રાજ્યમાં યુદ્ધ નહિ થાય :**

અત્યારે પૃથ્વી પર રાજાઓ, પ્રજાઓ અને અધિકારીઓ શાંતિ, શાંતિ ઝાંખી રહ્યા છે, પણ શાંતિ થવાની નથી. પણ સહસ્ત્રાબ્દી રાજ્યમાં શાંતિનો સરદાર પ્રભુ ઈસુ પોતે રાજ્યાસને બિરાજશે ત્યારે આખી પૃથ્વી પર શાંતિ હશે. એટલે જ **મિખાહ ૪:૩** કહે છે કે "તેઓ (પ્રજાઓ)

પોતાની તરવારોને ટીપીને હળની કોશો બનાવશે, ને પોતાના ભાલાઓના ધારિયાં બનાવશે. પ્રજાઓ એકબીજાની વિરુદ્ધ તરવાર ઉગામશે નહિ, ને તેઓ ફરીથી કદી પણ યુદ્ધકળા શીખશે નહિ." **યશાયા ૨:૪** પણ એમ જ કહે છે : "તે (પ્રભુ ઈસુ) વિદેશીઓમાં ઇન્સાફ કરશે, તે ઘણા લોકોનો ફેંસલો કરશે. ને તેઓ પોતાની તરવારોને ટીપીને કોશો, અને પોતાના ભાલાઓનાં ધારિયાં બનાવશે. પ્રજાઓ એકબીજાની વિરુદ્ધ તરવાર ઉગામશે નહિ, અને તેઓ ફરીથી યુદ્ધકળા શીખશે નહિ." એટલે પાયદળો, નૌકાદળો અને હવાઈદળો રહેશે નહિ. એટમબૉમ્બ, હાઈડ્રોજન કે કૉબાલ્ટ બોમ્બ, કે મિસાઈલો નહિ હોય. સંરક્ષણ ખર્ચ માટે બજેટ બનાવવું નહિ પડે. માતાપિતાના જુવાનજોધ દીકરાઓ કે, કુમળાં બાળકોના પિતાઓ કે યુવાન પત્નીઓના પ્રેમાળ પતિઓ હવે રણમેદાનમાં મરશે નહિ.

**છ. હિંસક પશુઓની પ્રકૃતિ બદલાશે અને પશુઓ કે માણસો એકબીજાથી ડરશે નહિ.**

**(i) હિંસાત્મક સ્વભાવ બદલાશે :** તેથી જ યશાયા ૧૧:૬-૯ સહસ્ત્રાબ્દી રાજ્ય વિશે કહે છે કે "તે વખતે વરૂ તથા હલવાન સાથે રહેશે. ચિત્તો લવારા પાસે સૂશે. વાછરડું, સિંહ તથા માતેલાં ઢોર એકઠાં રહેશે, અને નાનું છોકરું તેઓને દોરશે. ગાય તથા રીંછ સાથે ચરશે. તેઓના બચ્ચાં ભેગાં સૂશે, અને સિંહ ઢોરની પેઠે કડબ ખાશે. ધાવણું બાળક સાપના દર પર રમશે, ને ધાવણ છોડાવેલું બાળક નાગના રાફડા ઉપર પોતાનો હાથ મૂકશે. મારા આખા પવિત્ર પર્વતમાં કોઈ પણ ઉપદ્રવ કરશે નહિ, તેમ વિનાશ કરશે નહિ." ઉત્પત્તિકાળે તેઓ હિંસક હતાં જ નહિ. પાપ અને શાપને લીધે એવાં કરાયેલાં પ્રાણીઓ પાછાં ઘાસચારો ખાશે. અરસપરસની બીક જતી રહેશે, માણસ પણ શાકાહારી બનશે.

**(ii) પશુ-પંખી વગેરેમાંથી માણસનો ડર જતો રહેશે :** જળપ્રલય

પછી ઈશ્વરે નૂહને કહ્યું હતું : "પૃથ્વીનાં સર્વ પશુઓ, તથા આકાશના સર્વ પક્ષીઓ, તથા પૃથ્વી પર સર્વ પેટે ચાલનારાં પ્રાણીઓ તથા સમુદ્રના સર્વ માછલાં, એ **સર્વ તમારાથી (માણસજાતથી) બીશે તથા ડરશે.** તેઓ તમારા હાથમાં આપેલાં છે. પૃથ્વી પર હરેક ચાલનાર પ્રાણી તમારે સારુ ખોરાકને માટે થશે. લીલા શાકભાજીની પેઠે મેં તમને સર્વ આપ્યાં છે." (ઉત્પ. ૯:૨-૩). માણસ તરફનો પ્રાણીઓ, વગેરેનો ડર તે સહસ્ત્રાબ્દી રાજ્ય વખતે જતો રહેશે. એનું શાસ્ત્ર-પ્રમાણ યશા. ૧૧:૬-૯માં આપણે જોઈ ગયા.

**૪. માનવી જીવનની વયમર્યાદા ફરી પાછી બહુ લાંબી થશે :**

ઉત્પત્તિકાળે મૃત્યુ હતું જ નહિ. જો પાપ પ્રવેશ્યું ન હોત તો આદમવંશજો સદાકાળ માટે અમર જ રહેત. પણ પાપ મૃત્યુ લાવ્યું. તો પણ જળપ્રલય સુધી આયુષ્ય કેટલું બધું લાંબું હતું ! આદમ ૯૩૦ વર્ષ જીવ્યો, શેથ ૯૬૨ વર્ષ, એનોશ ૯૦૫, કાઈનાન ૯૧૦, યારેદ ૯૬૨, મથુસેલાહ ૯૬૯, નૂહ ૯૫૦ વર્ષ જીવ્યો. પણ જળપ્રલય પછી આયુષ્યદોરી ટૂંકી થઈ ગઈ. અને દાવિદ ભક્ત તો **ગીતશાસ્ત્ર ૯૦:૧૦**માં લખે છે કે, 'અમારી વયના દિવસો સિત્તેર વર્ષ જેટલાં છે, અથવા બળના કારણથી તેઓ એંસી વર્ષ થાય." સહસ્ત્રાબ્દી રાજ્ય વખતે ફરીથી માનવીની આયુમર્યાદા ઘણી લાંબી થશે.

**યશાયા ૬૫:૧૯-૨૦** જણાવે છે કે, "તેમાં (યરુશાલેમમાં) ફરીથી રુદન કે વિલાપનો સાદ સાંભળવામાં આવશે નહિ. ત્યાંથી ફરી થોડા દિવસોનું ધાવણું બાળક, અથવા જેના દિવસ પૂરા થયા નથી એવો ઘરડો માણસ મળી આવશે નહિ; કેમ કે જુવાન (કિશોર) સો વરસની ઉંમરે મરશે, તથા પાપી સો વરસની વયનો તથા શાપિત થશે... કેમ કે ઝાડના આયુષ્ય જેટલું મારા લોકોનું આયુષ્ય થશે." થોડાક જ દિવસો જીવે ને પછી મરી જાય એવું કદી બનશે નહિ, અને લાંબુ આયુષ્ય જેણે ભોગવ્યું નથી, એવો ઘરડો માણસ પણ મળશે નહિ. મતલબ કે ઝાડ

જેટલું આયુષ્ય માણસનું થશે. જે માણસ જાહેરમાં ઈચ્છાપૂર્વક, જાણીસમજીને અને મર્યાદા મૂકીને પ્રભુ ઈસુ સામે બળવો ઉઠાવશે તે ૧૦૦ વર્ષ કે પછી કાચી ઉંમરે શાપિત બનીને મરશે. એવાં કવચિત કવચિત મરણ થશે. **યશાયા ૩૩:૨૪** બતાવે છે કે, "હું માંદો છું, એવું કોઈપણ રહેવાસી કહેશે નહિ; તેમાં વસનાર લોકોની દુષ્ટતા માફ કરવામાં આવશે." આ સહસ્ત્રાબ્દી રાજ્યના સમયમાં હોસ્પિટલો, દાકતરો કે નર્સો નહિ હોય (જરૂર નહિ પડે).

**ઝ. આપણે (વિશ્વાસીઓ) ખ્રિસ્તની સાથે રાજ્ય કરીશું :**

**(i) ખ્રિસ્ત યરુશાલેમમાં પોતાના રાજ્યાસન પર :** "જ્યારે માણસનો દીકરો (પ્રભુ ઈસુ ખ્રિસ્ત) પોતાના મહિમામાં સર્વ પવિત્ર દૂતો સહિત આવશે, ત્યારે તે પોતાના રાજ્યાસન પર બેસશે." (માથ્થી ૨૫:૩૧). (વળી જુઓ : પ્રક્ટી. ૧૯:૧૧-૧૬).

**(ii) બાર પ્રેરિતો બાર રાજ્યાસન પર બેસશે :** માથ્થી ૧૯:૩૮માં પ્રભુ ઈસુ પોતે આમ કહે છે : "ઈસુએ તેઓને કહ્યું કે હું તમને ખચીત કહું છુ કે જ્યારે પુનરુત્પત્તિમાં માણસનો દીકરો પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે, ત્યારે તમે, મારી પાછળ આવનારા ઇઝરાયલનાં બારે કુળોનો ન્યાય કરતા બાર રાજ્યાસનો પર બેસશો." (યહૂદા ઈસ્કારિયોતની જગાએ માથ્થિયસ ચૂંટાયો હતો (પ્રે.કૃ. ૨૩:૨૬). એટલે બારમાં રાજ્યાસન પર માથ્થિયસ બેસશે.

**(iii) પ્રભુ ઈસુની સાચી મંડળી પૃથ્વી પર ખ્રિસ્તની સાથે અધિકાર ચલાવશે :** વિશ્વાસીઓનું (મંડળીનું) ગગનગમન થશે, એ પછી તેઓ ખ્રિસ્તની સાથે પૃથ્વી પર પાછા ઊતરશે અને ખ્રિસ્તની સાથે પૃથ્વી પર અધિકાર ચલાવશે. જુઓ પ્રક્ટી. ૫:૧૦ "અમારા ઈશ્વરને સારુ તેમને રાજાઓ તથા યાજકો કર્યા છે, અને તેઓ પૃથ્વી પર રાજ્ય કરે છે." વળી જુઓ, પ્રક્ટી. ૨૦:૪ "તેઓ જીવતા થયા, અને ખ્રિસ્તની સાથે હજાર વર્ષ રાજ કર્યું." વળી જુઓ, ૧ કોરિંથી ૬:૨-૩, "સંતો જગતનો

ન્યાય કરશે એ શું તમે જાણતા નથી ?" વળી જુઓ, લુક ૧૯:૧૬-૧૯ "શાબાશ, ભલા ચાકર, માટે (તું) દશ શહેરોનો અધિકારી થા..." "તું પાંચ શહેરોનો અધિકારી થા."

**૮. યરુશાલેમ શહેર તેમ જ મંદિર ફરીથી મહિમાવંતાં બંધાશે :**

(i) પૃથ્વી પર કોઈ શહેર નહિ હોય એવું યરુશાલેમને મહિમાવંતું બનાવવામાં આવશે.

**(ii) મંદિર ફરી બંધાશે, અને તેને મહિમાવંતું બનાવાશે :** અત્યારે યરુશાલેમમાં મંદિર નથી, પણ મંડળીના ગગનગમન પછીનાં સાત વર્ષની શરૂઆતે બંધાશે. પણ સાત વર્ષના અંત ભાગમાં તોડી નંખાશે (જુઓ મારું પુસ્તક "યરુશાલેમનું મંદિર બંધાશે ? - ક્યાં ? ક્યારે ? - કેમ ?). એ પછી સહસ્ત્રાબ્દી રાજ્યકાળમાં યરુશાલેમમાં મંદિર ફરી બંધાશે. એનું વર્ણન હઝકિયેલ ૪૦:૧-૪૩:૭માં આપવામાં આવ્યું છે. સહસ્ત્રાબ્દી રાજ્યના મંદિર વિષેનું એ ભવિષ્યકથન છે. વળી હાગ્ગાય કહે છે : "સર્વ પ્રજાઓની કીમતી વસ્તુઓ આવશે, ને હું આ મંદિરને ગૌરવથી ભરીશ... આ મંદિરનું પાછળનું ગૌરવ આગળ કરતાં વિશેષ હશે" (હાગ્ગાય ૨:૭-૯).

દાવિદ રાજાએ શલોમોનના સમયમાં બંધાનાર મંદિર માટે રૂપિયા ૬૩,૭૦,૦૦,૦૦,૦૦૦નું સોનુરૂપું એકત્ર કરી રાખ્યું હતું, જ્યારે સહસ્ત્રાબ્દી મંદિર માટે તો એથીયે અઢળક દ્રવ્ય એકત્ર કરવામાં આવશે. (જુઓ યશા. ૬૦:૧-૩, ૫-૯, ૧૩, ૧૭).

**૫. પ્રજાઓના રાજાઓ પ્રભુ ઈસુને નમવા વર્ષોવર્ષ યરુશાલેમ આવશે.**

તેઓ "રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ"ની આરાધના કરવા વર્ષોવર્ષ યરુશાલેમ આવશે. (વાંચો ઝખાર્યા ૧૪:૧૬-૧૭)

# XXXIII નવું યરુશાલેમ (આકાશથી ઉતરતું)

**૧. નવા યરુશાલેમમાં લઈ જવાનું પ્રભુ ઈસુનું વચન**

"મારા પિતાના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત, કેમ કે તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. અને જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, તો હું પાછો આવીને તમને મારી પાસે લઈ જઈશ." યોહા. ૧૪:૨-૩.

**૨. જૂના કરારના સંતો નવા યરુશાલેમને ઝંખતા હતા :**

"કેમકે જે શહેરને પાયો છે, જેને યોજનાર તથા બાંધનાર ઈશ્વર છે, ~~તેની~~ આશા તે (અબ્રાહમ) રાખતો હતો." (હિબ્રૂ. ૧૧-૧૦).

"એ સર્વ વિશ્વાસમાં મરણ પામ્યાં, તેમને વચનોનાં ફળ મળ્યાં નહિ, પણ તેમને વેગળેથી જોઈને તેમનું અભિવંદન કર્યું, ને પોતા વિષે કબૂલ કર્યું કે અમે પૃથ્વી પર પરદેશી તથા પ્રવાસી છીએ. કેમકે એવી વાતો કરનારા સાફ દેખાડે છે કે, તેઓ સ્વદેશની શોધ કરે છે. જે દેશમાંથી તેઓ નીકળ્યા તે પર જો તેઓએ ચિત્ત રાખ્યું હોત, તો ત્યાં પાછા જવાનો પ્રસંગ તેઓને મળત ખરો. પણ હવે તેઓ વધારે સારા દેશની, એટલે સ્વર્ગીય દેશની, ઈચ્છા રાખે છે. માટે ઈશ્વર તેઓનો ઈશ્વર કહેવાતાં શરમાતો નથી, કેમ કે તેણે તેઓને સારુ એક શહેર તૈયાર કર્યું છે." હિબ્રૂ. ૧૧:૧૩-૧૬,.

"કેમ કે સ્થાયી રહે તેવું નગર અહીં આપણને નથી, પણ જે નગર આપણું થવાનું છે તેની આપણે આકાંક્ષા રાખીએ છીએ." હિબ્રૂ ૧૩:૧૪.

"પણ તમે તો... જીવતા ઈશ્વરના શહેરની પાસે, એટલે સ્વર્ગીય યરુશાલેમની પાસે... આવ્યા છો." (હિબ્રૂ ૧૨:૨૨-૨૪).

શીખવે છે કે, "દુષ્ટો એટલે ઈશ્વરને ભૂલનાર સર્વ લોકો શેઓલમાં જશે" (ગી.શા. ૯:૧૭). પ્રક્ટી. ૨૦:૧૪, ૧૫ કલમમાં બે વખત જણાવ્યું છે કે પાપીઓને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યા.

કેટલાકને પ્રશ્ન થાય છે કે, માનવી શરીરને અગ્નિમાં નાખવામાં આવે તો તે બળીને ખાખ થઈ જાય. તો પછી આ પાપીઓ જેમના આત્માઓને પુનરુત્થાનમાં શરીર આપવામાં આવ્યું હશે, અને એ શરીર 'અગ્નિની ખાઈ'માં બળીને ખાક નહિ થઈ જાય ? - અનંતકાળ સુધી માનવી શરીર કેવી રીતે બળ્યા કરે ? પરંતુ પુનરુત્થાનમાં ન્યાયીઓને તેમ જ પાપીઓને મળેલાં શરીરો હાલનાં જેવાં સ્થૂળ, ભૌતિક શરીરો નહિ હોય, પણ આત્મિક સૂક્ષ્મ શરીરો હશે, જે અગ્નિમાં બળ્યા કરે, પણ ખાખ ન થાય. આખરી પુનરુત્થાન અને આખરી ન્યાયકાળ (એટલે કે દુષ્ટોનું ઉત્થાન અને ન્યાયકાળ પ્રક્ટીકરણ ૨૦:૧૧-). એમાં એમને 'અમર' અથવા 'અવિનાશી' - જેનો નાશ અથવા હસ્તીલોપ નહિ થાય એવાં - શરીરો મળશે. એ શરીરો સાથે એમના આત્માઓ સદાકાળ સળગ્યા કરશે. શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને અગ્નિની ભઠ્ઠીમાં નાખ્યા ત્યારે તેઓનાં શરીરોને અગ્નિની આંચ પણ નહોતી આવી : કારણ, ઈશ્વરે એમ થવા દીધું. એવાં જ કંઈક આ શરીરો હશે. બળ્યા કરશે, પણ ખાખ નહિ થાય.

# XXXI પાઉલનું જીવન તથા સેવા

**શરૂઆતનું જીવન :**

તારસસમાં જન્મ. (પ્રે.કૃ. ૨૨:૩), આ. ઈ.સ. ૧૦.

યહૂદી ધર્મનું શિક્ષણ. (પ્રે.કૃ. ૨૨:૩), ઈીસ. ૨૦-૩૦.

સ્તેફનના મૃત્યુ વખતે હાજર (પ્ર.કૃ. ૭:૫૮) આ. ઈ.સ. ૩૫.

ખ્રિસ્તીઓની સતાવણી. (પ્રે.કૃ. ૯:૧-૨), ઈ.સ. ૩૫-૩૬.

દમસ્ક નજદીક બદલાણ. (પ્રે.કૃ. ૯:૩-૧૮) ઈ.સ. ૩૭.

અરબસ્તાનમાં કેટલોક સમય. (ગલા. ૧:૧૭).
ઈ.સ. ૩૭-૩૯.

યરુશાલેમની મુલાકાત. (પ્રે.કૃ. ૯:૨૬-૨૯), ઈ.સ. ૩૯.

તારસસ પાછો. (પ્રે.કૃ. ૯:૩૦), ઈીસ. ૪૯.

અંત્યોખમાં આવ્યો. (પ્રે.કૃ. ૧૧:૨૫-૨૬). ઈ.સ. ૪૩.

**પ્રથમ મુસાફરી :**

સૈપ્રસમાં ધર્મનો ફેલાવો અને બીજી કામગીરી
(પ્રે.કૃ. ૧૩:૪-૧૨), ઈ.સ. ૪૫

પેર્ગા. (પ્રે.કૃ. ૧૩:૧૩).

પિસિદિયાના અંત્યોખમાં (પ્રે.કૃ. ૧૩:૧૪-૫૦). ઈ.સ. ૪૬.

ઈકોનિયમ (પ્રે.કૃ. ૧૩:૫૧-૧૪:૫).

લુસ્ત્રા. (પ્રે.કૃ. ૧૪:૬-૧૯)

દેર્બે. (પ્રે.કૃ. ૧૪:૨૦).

પાછા ફરવું - લુસ્ત્રા, ઈકોનિયમ, પિસિદિયાના અંત્યોખમાં
(પ્રે.કૃ. ૧૪:૨૧-૨૪) ઈ.સ. ૪૭.

પેર્ગા, અતાલિયા (પ્રે.કૃ. ૧૪-૨૫), ઈ.સ. ૪૭.

સિરિયાના અંત્યોખમાં (પ્રે.કૃ. ૧૪:૨૬-૨૮) ઈ.સ. ૪૭-૫૦.

યરુશાલેમમાં મહાસભા (કાઉન્સિલ).(પ્રે.કૃ.૧૫). ઈ.સ. ૫૦.

**બીજી મુસાફરી :**

જમીન માર્ગે સિરિયા અને કિલકિયા થઈને અંત્યોખ.
(પ્રે.કૃ. ૧૫:૪૧), ઈ.સ. ૫૦.

દેર્બે અને લુસ્ત્રા. (પ્રે.કૃ. ૧૬:૧-૫).

ફ્રુગિયા અને ગલાતિયા (પ્રે.કૃ. ૧૬:૬).

ત્રોઆસ સામાથ્રાકે, નિયાપોલિસ, ફિલિપ્પી
(પ્રે.કૃ. ૧૬:૮-૪૦).

થેસ્સાલોનિકા. (પ્રે.કૃ. ૧૭:૧-૯).

બેરિયા. (પ્રે.કૃ. ૧૭:૧૦-૧૪).

આથેન્સ. (પ્રે.કૃ. ૧૭:૧૫-૩૪).

કોરિંથ (પ્રે.કૃ. ૧૮:૧-૧૭). **૧લો, ૨જો થેસ્સાલોનિકા લખ્યા.**

એફેસસ, કાઈસારિયા, યરુશાલેમ (પ્રે.કૃ. ૧૮:૧૮-૨૨).

અંત્યોખ પાછા ફર્યા. (પ્રે.કૃ. ૧૮:૨૨).
ઈ.સ. ૫૩ અથવા ૫૪.

**ત્રીજી મુસાફરી :**

ગલાતિયા અને ફ્રુગિયા (પ્રે.કૃ. ૧૮:૨૩), ઈ.સ. ૫૪.

એફેસસ (પ્રે.કૃ. ૧૯:૧-૪૧), ઈ.સ. ૫૪-૫૭.

**૧લો અને ૨જો કોરિંથી, રોમન, ગલાતી લખાયા :**

મકદોનિયા (માસિડોનિયા) અને અખાયા
(પ્રે.કૃ. ૨૦:૧-૫), ઈ.સ. ૫૭.

ત્રોઆસ. (પ્રે.કૃ. ૨૦:૬-૧૨) ઈ.સ. ૫૮.

મિલેતસ (પ્રે.કૃ. ૨૦:૧૩-૩૮).

યરુશાલેમ (પ્રે.કૃ. ૨૧:૧-૧૭), ઈ.સ. ૫૮.

યરુશાલેમમાં પાઉલની ધરપકડ. (પ્રે.કૃ. ૨૧:૨૭-૩૬), ઈ.સ. ૫૮.

**કેદી અને મૃત્યુ :**

કાઈસારિયામાં કેદ. (પ્રે.કૃ. ૨૩:૨૩-૨૬:૩૨), ઈ.સ. ૫૮-૬૦.

રોમની મુસાફરી. (પ્રે.કૃ. ૨૭), ઈ.સ. ૬૦.

રોમમાં આગમન. (પ્રે.કૃ. ૨૮:૧૬), ઈ.સ. ૬૧.

પ્રથમ જેલ ઈ.સ. ૬૧-૬૫.

**જેલમાં લખાયેલા પત્રો : ફિલેમોન, કલોસ્સી, એફેસી, ફિલિપ્પી.**

છુટકારો. ઈ.સ. ૬૪-૬૭ (?)

**પત્રો લખ્યા : ૧લો તિમોથી, તિતસ.**

સ્પેન (?), ક્રીત. (તિતસ ૧:૫).

આસિયા. (૨ તિમો. ૪:૧૩).

મકદોનિયા (માસિડોનિયા). (૧ તિમો. ૧:૩).

ગ્રીસ. (૨ તિમો. ૪:૨૦).

પુનઃ ધરપકડ (?) ઈ.સ. ૬૭.

**પત્ર લખાયો : ૨ તિમોથી.**

શહીદી. ઈ.સ. ૬૮.

પ્રેરિતોના કૃત્યોનું પુસ્તક એના છેલ્લા ભાગમાં જણાવે છે કે ઈ.સ. ૬૩માં પાઉલ રોમમાં કેદી તરીકે હતો. પ્રેરિતોના કૃત્યોનું પુસ્તક ત્યાં પૂરું થાય છે. પણ સામાન્ય માન્યતા એવી છે કે પાઉલને આખરે નિર્દોષ જાહેર કરવામાં આવ્યો, અને છોડી મૂકવામાં આવ્યો. એ પછી પાઉલ

૩. **'સત્ય નગર' :**

"પ્રભુ કહે છે કે, હું સિયોનમાં પાછો આવ્યો છું, ને હું યરુશાલેમમાં રહીશ. **યરુશાલેમ** સત્યનું નગર કહેવાશે." (ઝખા. ૮:૩)

૪. **ઈશ્વરનું નગર :**

"જેના વહેળા ઈશ્વરના નગરને, એટલે પરાત્પરના મંડપના પવિત્ર સ્થાનને આનંદમય કરે છે એવી એક નદી છે" (ગી.શા. ૪૬:૪). (અહીં નવા **યરુશાલેમ** વિષે ભવિષ્યકથન છે.) વળી : "આપણા **ઈશ્વરના નગરમાં,** તેના પવિત્ર પર્વતમાં, પ્રભુ મોટો તથા ઘણો સ્તુત્ય છે. **મોટા રાજાનું નગર,** ઉત્તર બાજુએ, ઊંચાઈમાં **ખૂબસુરત,** અને આખી પૃથ્વીના આનંદરૂપ સિયોન પર્વત છે. તેના મહેલોમાં ઈશ્વરે પોતાને આશ્રયરૂપે જાહેર કર્યો છે." (ગી.શા. ૪૮:૧,૨,૩). (અહીં પણ સહસ્ત્રાબ્દી રાજ્યના યરુશાલેમ વિષે ભવિષ્યકથન છે.) વળી : "આપણે સાંભળ્યું હતું તેમ સૈન્યોના સરદાર **પ્રભુના નગરમાં,** આપણા **ઈશ્વરના નગરમાં,** આપણે જોયું છે ઈશ્વર **તેને સદાકાળ સ્થિર રાખશે."** (ગી.શા. ૪૮:૮). (અહીં પણ ભવિષ્યકથન છે.) વળી : "**હે ઈશ્વરના નગર,** તારા વિષે ગૌરવની વાત બોલાય છે." (ગી.શા. ૮૭:૩). વળી : "પણ તમે તો... **જીવતા ઈશ્વરના શહેરની પાસે,** એટલે **સ્વર્ગીય યરુશાલેમની પાસે...** આવ્યા છો" હિબ્રૂ. ૧૨:૨૨-૨૪. વળી : "જે જીતે છે તેને હું મારા ઈશ્વરના મંદિરમાં સ્તંભ કરીશ.. અને તેના પર ઈશ્વરનું નામ તથા **મારા ઈશ્વરના શહેરનું નામ, એટલે જે નવું યરુશાલેમ** મારા ઈશ્વરની પાસેથી આકાશમાંથી ઊતરે છે તેનું, તથા મારું પોતાનું નામ લખીશ." પ્રકટી. ૩:૧૨.

૫. **નગરનો મહિમા :**

ક. **સૂર્ય, ચંદ્રના પ્રકાશની જરૂર નહિ :** "નગરમાં સૂર્ય કે ચંદ્રના પ્રકાશની જરૂર નથી, કેમ કે ઈશ્વરનો મહિમા તેને (નવા યરુશાલેમને) પ્રકાશિત કરે છે, અને હલવાન તેનો દીવો છે.

તેના પ્રકાશમાં સર્વ પ્રજાઓ ચાલશે, અને પૃથ્વીના રાજાઓ પોતાનું ગૌરવ તેમાં લાવે છે." પ્રક્ટી. ૨૧:૨૩-૨૪.

ખ. **"ફરીથી રાત પડશે નહિ."** તેઓને દીવાના અથવા સૂર્યના પ્રકાશની જરૂર નથી, કેમ કે પ્રભુ પરમેશ્વર તેઓ પર પ્રકાશ પાડશે, અને તેઓ સદા સર્વકાળ રાજ કરશે." પ્રક્ટી. ૨૨:૫. વળી : "કેમકે ત્યાં રાત પડશે નહિ." ૨૧:૨૫.

ગ. **શરણગારેલું :** "જેમ કન્યા પોતાના વરને માટે શણગારવામાં આવેલી હોય તેમ તે તૈયાર કરેલું હતું." પ્રક્ટી. ૨૧:૨.

૬. **નગરના દરવાજા :**

ક. **દરવાજા કદી બંધ રહેશે નહિ :** "દિવસે તેના દરવાજા કદી બંધ થશે નહિ, કેમ કે ત્યાં રાત પડશે નહિ." પ્રક્ટી. ૨૧:૨૫.

ખ. **"વળી તારા દરવાજા નિત્ય ઉઘાડા રહેશે.** તેઓ રાતદિવસ બંધ થશે નહિ, જેથી વિદેશીઓનું દ્રવ્ય તેમના (બંધનમાં) રાખેલા રાજાઓ સહિત તારી પાસે લાવવામાં આવશે." યશા. ૬૦:૧૧.

૭. **નગરનું સૌંદર્ય અને મહાકીમતીપણું :**

ક. **ઘરના કોટના પાયા :** બાર કીમતી પથ્થરના. તેઓ ઉપર હલવાનના બાર પ્રેરિતોનાં બાર નામ હતાં. પ્રક્ટી. ૨૧:૧૪.

"નગરના કોટના પાયા દરેક પ્રકારના મૂલ્યવાન પાષાણથી સુશોભિત હતા. પહેલો પાયો યાસપિસ, બીજો નીલમ, ત્રીજો પાનું, ચોથો લીલમ, પાંચમો અકીક, છઠ્ઠો લાલ, સાતમો તૃણમણી, આઠમો પિરોજ, નવમો પોખરાજ, દશમો લસણિયો, અગિયારમો શનિ, બારમો યાકુત" પ્રક્ટી. ૨૧:૧૯-૨૦.

ખ. **બાર દરવાજા - બાર મોતીના :** "તેને બાર દરવાજા હતા.

દરવાજા પાસે બાર દૂતો ઊભેલા હતા. અને દરવાજા ઉપર નામો લખેલાં હતાં, એ ઈઝરાયલપુત્રોનાં બાર કુળનાં નામ છે." પ્રક્ટી. ૨૧:૧૨.

"તે બાર દરવાજા બાર મોતી હતા. તેઓમાંનો દરેક દરવાજો એક એક મોતીનો હતો." પ્રક્ટી. ૨૧:૨૧.

ગ. **નગરનો કોટ :** યાસપીસનો. "તેનો કોટ મોટો તથા ઊંચો હતો." પ્રક્ટી. ૨૧:૧૨. (કોટનું માપ : પ્રક્ટી. ૨૧:૧૭). "તેના કોટનું ચણતર યાસપિસનું હતું" (પ્રક્ટી. ૨૧:૧૮) કીમતી પથ્થરનું.

ઘ. **નગરના રસ્તા :** "નગરનો રસ્તો ચોખ્ખા સોનાનો નિર્મળ કાચના જેવો હતો." પ્રક્ટી. ૨૧:૨૧.

**૮. નગરનું માપ :**

"નગર ચોખંડું છે, એટલે જેટલી તેની લંબાઈ છે તેટલી પહોળાઈ છે. તેણે છડીથી નગરનું માપ લીધું, તો તે દોઢ હજાર માઈલ થયું. તેની લંબાઈ તથા પહોળાઈ તથા ઊંચાઈ સરખી છે." પ્રક્ટી. ૨૧:૧૬.

એનો અર્થ ઓ થાય કે નગરની લંબાઈ દોઢ હજાર માઈલ; એની પહોળાઈ દોઢ હજાર માઈલ, અને એની ઊંચાઈ દોઢ હજાર માઈલ. એટલે ઘનમાપ બધી બાજુ સરખું. શલોમોનના મંદિરનું પરમ પવિત્રસ્થાન પણ સરખા ઘન માપનું હતું. ૩૦ ફૂટ ઊંચાઈ, ૩૦ ફૂટ લંબાઈ અને ૩૦ ફૂટ પહોળાઈ. મુલાકાત મંડપના પરમ પવિત્ર સ્થાનનું માપ સરખા ઘન માપનું હતું. નવું યરુશાલેમ 'પરમ પવિત્ર સ્થાન' સમુ જ છે, કારણ, તેમાં ઈશ્વરનો કાયમનો વાસ હશે. (જુઓ પ્રક્ટી. ૨૧:૩).

**૯. આ શહેર ક્યાંથી આવ્યું :**

"વળી મેં પવિત્ર નગર, નવું યરુશાલેમ, ઈશ્વરની પાસેથી આકાશમાંથી ઊતરતું જોયું." (પ્રક્ટી. ૨૧:૨). પ્રભુ ઈસુ આપણે માટે

જે જગા તૈયા કરવાને ગયા હતા તે એ જ નગર.

**૧૦. નવા યરુશાલેમના રહેવાસીઓ :**

**એફેસી** ૨:૧૯ "માટે તમે હવે પારકા તથા વિદેશી નથી, પણ **પવિત્રોની સાથેના એક નગરના રહેવાસી** તથા ઈશ્વરના કુટુંબના માણસો છો."

**ફિલિપી** ૩:૨૦ : "પણ આપણી નાગરિકતા આકાશમાં છે."

વળી જુઓ **હિબ્રૂ ૧૧:૨૨, ૨૩** (અહીં જ ઉપર આપ્યું છે)

**પ્રકટી.** ૨૧:૭ "જે જીતે છે તેને એ સર્વનો વારસો મળશે.".

**પ્રકટી.** ૨૧:૨૭ "જેઓના નામ હલવાનના જીવન પુસ્તકમાં લખેલાં છે તેઓ જ તેમાં પ્રવેશ કરશે." એટલે કે જૂના કરારના વિશ્વાસી સર્વ સંતો, અને નવા કરારના વિશ્વાસ દ્વારા નવો જન્મ પામેલા સર્વ.

**૧૧. એમાં કોણ પ્રવેશ નહિ પામે ?**

**પ્રકટી. ૨૧:૨૭ : "જે કંઈ અશુદ્ધ છે અને જે કોઈ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે, તથા અસત્ય આચરે છે, તે તેમાં કદી પ્રવેશ કરશે જ નહિ."**

**પ્રકટી. ૨૨:૧૫ :** "કૂતરા, જાદુગરો, વ્યભિચારીઓ, ખૂનીઓ, મૂર્તિપૂજકો તથા જે સર્વ અસત્ય ચાહે છે અને આચરે છે, તેઓ બહાર છે."

**પ્રકટી.** ૨૨:૧૯ : "વળી જો કોઈ આ ભવિષ્યવચનના પુસ્તકમાંથી કંઈ પણ કાઢી નાખશે, તો ઈશ્વર તેનો ભાગ જીવનના ઝાડમાંથી તથા પવિત્ર નગરમાંથી એટલે આ પુસ્તકમાં જે જે લખેલું છે તેમાંથી કાઢી નાખશે."

**૧૨.** "જીવનના પાણીની નદી" અને "જીવનનું વૃક્ષ" નવા યરુશાલેમમાં હશે : જુઓ **પ્રકટી.** ૨૨:૧-૨.

## XXXIV “એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ”

**માથ્થી ૫:૧૮માં** પ્રભુ ઈસુએ ઉપરના શબ્દો વાપર્યા છે. એને સમજવા માટે ૫:૧૭માં, એટલે કે આગલી કલમમાં તેમણે જ જણાવ્યું છે તેમ તે પોતે ઈશ્વરપુત્ર હોવા છતાં બાઈબલનું એકેય વચન રદ કરવા આવ્યા નહોતા; તે તો સૌ વચનો પૂર્ણ કરવા આવ્યા હતા. બાઈબલનાં બધા જ વચન ઈશ્વરપ્રેરિત છે, અને એક પણ વચન મનુષ્યપ્રેરિત નથી. એકેએક વચન પૂર્ણ થવા માટે જ અપાયેલું છે. હા, નિયમશાસ્ત્રમાં પશુઓનાં બલિદાનો વિષે આજ્ઞા આપવામાં આવી છે. એ યજ્ઞો અને બલિદાનોને પણ પ્રભુ ઈસુએ આ કૃપાના જમાનામાં રદબાતલ કર્યાં નથી, પણ પ્રભુ ઈસુમાં એ પૂર્ણ થયાં છે. નિર્દોષ પશુઓને બદલે ‘ઈશ્વરનો ખરો હલવાન’ વધેરાઈ ચૂક્યો છે. એમ એ બલિદાનો અને યજ્ઞોનો નિયમ પ્રભુ ઈસુમાં પૂરેપૂરો પૂર્ણ થઈ ચૂક્યો છે - પળાઈ ચૂક્યો છે.

આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ બાઈબલનું એક પણ વચન પૂર્ણ થયા વગર રહેવાનું નથી. એટલે કોઈ માણસને એ વચનોમાંથી કશું જ કાઢી નાંખવાનો અધિકાર નથી, કે કંઈ ઉમેરવાનો પણ અધિકાર નથી. બાઈબલમાં આ વચન પ્રભુ ઈસુએ બોલેલાં છે માટે એ ઉપયોગી છે; અને આ પાઉલે કે પિતરે બોલેલાં કે લખેલાં છે માટે એની કિંમત ઓછી છે, માટે એ પ્રમાણે ન વર્તીએ તો ચાલે, અથવા એ આપણને/અમને એ વચનો બાધિત નથી, એમ કોઈથી યે બોલી કે વર્તી શકાય નહિ. બાંઈબલની એકેએક કલમ, હા, એકેએક શબ્દ ઈશ્વર પ્રેરિત છે.

બાઈબલનું એકેએક વચન ઈશ્વરપ્રેરિત છે એમ કહીએ છીએ,

ત્યારે એ વાત મૂળ હિબ્રૂ અથવા ગ્રીકમાં અથવા અરામીમાં મૂળ પ્રથમ વખતે ઈશ્વરે જે આપ્યું તેને માટે એ સાચું છે. આમ છતાં મૂળ ઉપરથી ઊતરી આવેલી અન્ય આવૃત્તિઓ અથવા પ્રતોમાં કોઈ સિદ્ધાંત જોખમાય કે કોઈ ભવિષ્યકથનનો અર્થ પલટાઈ જાય, કે કોઈ શિક્ષણનો મૂળ અર્થ પલટાઈ જાય એવું એ નકલોમાં બનવા પામ્યું નથી. નકલો બનાવવામાં કોઈ મહત્વનો ફેરફાર થવા પામ્યો નથી.

હવે જુદી જુદી ભાષાઓમાં થયેલા તરજુમાઓની વાત લઈએ. જો પવિત્ર આત્માની સહાયથી તરજુમો કરવામાં આવે તો મૂળ અર્થ જાળવી રાખવામાં પવિત્ર આત્મા સહાય કરશે જ. અત્યાર સુધી આપણે જે ગુજરાતી તરજુમો વાપરતાં આવ્યાં છીએ તે તરજુમો ઘણી બીજી ભાષાઓના તરજુમાઓ કરતાં ચઢિયાતો અને વિશ્વાસુ છે. જમાના પ્રમાણે અને પલટાતી ભાષા પ્રમાણે તરજુમાઓમાં ફેરફાર કરવાની જરૂર રહે છે, જેથી લોકો સ્પષ્ટપણે અને સરળ રીતે બાઈબલ સમજી શકે. પણ એ તરજુમા પ્રાર્થના સાથે, અને પવિત્ર આત્માની સહાય શોધીને જ કરવામાં આવવા જોઈએ. પ્રભુની આગળ એ બહુ ગંભીર કામ છે.

**"કાનો અને માત્રા"** એટલે શું ? અસલ ભાષામાં હિબ્રૂ અક્ષરોનો ઉલ્લેખ છે : **"કાનો"** ત્યાં હિબ્રૂ 'યોધ' અક્ષર છે. વાક્યમાં વપરાતા અલ્પવિરામ જેવો અને જેટલો જ અક્ષર છે, અને **'માત્રા'**ની જગાએ મૂળમાં હિબ્રૂ અક્ષરોમાં તફાવત દર્શાવવા નાનું ઝીણું ટપકું કે તદ્દન નાની લીટી વપરાય છે તે વિષે ઉલ્લેખ છે. પ્રભુ ઈસુ આ બેનો ઉલ્લેખ કરીને કહેવા માગે છે કે તલમાત્ર (તલના દાણા જેટલુંયે) વચન પૂર્ણ થયા વગર મિથ્યા થશે નહિ.

ગુજરાતી તરજુમો કરવામાં હિબ્રૂ ભાષામાં કે ગ્રીકમાં કે અંગ્રેજીમાં 'આર્ટિકલો (હિબ્રૂ : 'હાઃ' **ગ્રીક :** 'એન', 'હો;' અંગ્રેજી : 'એ', 'એન,' 'ધી',) તરજુમામાં મૂકી શકાય નહિ, પણ એ ઉપરથી અર્થ

અથવા ભાવ તારવીને મૂકવો રહ્યો. જમાના પ્રમાણે અને પલટાતી ભાષા પ્રમાણે તરજુમામાં નવા શબ્દોની જરૂર છે, અથવા અર્થ વધારે સ્પષ્ટ કરવાની નવી શબ્દ-પસંદગી અને વાક્યરચનાની અવશ્ય જરૂર છે. એટલે શબ્દો ભલે બદલાય, પણ મૂળ અર્થ સચવાવો જોઈએ. એટલે જ તરજુમામાં પ્રાર્થના અને પવિત્ર આત્માની સહાય બહુ જરૂરનાં છે.

ખરો કે સાચો તરજુમો એટલે મૂળ લેખકનો પૂરેપૂરો અર્થ તરજૂમામાં ઊતરવો જોઈએ, એટલું જ નહિ પણ મૂળ લેખકની લાગણીનો પણ રણકાર તરજૂમામાં રણકવો જોઈએ; ભલે પછી તરજૂમામાં નવા શબ્દો હોય કે વાક્યરચના જુદી તરાહની હોય.

★ ★ ★

# BIBLENO VIVECHANPURNA MAHITIKOSH - PART II

BY : REV. DR. JAYANAND I. CHAUHAN



ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક-પથદર્શક

**રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો**

1852 2002

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાર્ધ શતાબ્દી

**Published and Distributed by :**

**GUJARAT TRACT AND BOOK SOCIETY**

**Sahitya Seva Sadan, Near Gujarat College,**
**Ellisbridge, Ahmedabad - 380006. INDIA.**

Designed & Printed by : JENSON COMPUTERS, MANINAGAR (E), AHMEDABAD-380 008. PH. 2162441